BAOU
Education
for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

દ્વિતીય વર્ષ બી.કોમ.

**BCTAX205**

# આવકવેરો અને જી.એસ.ટી.



| | | |
|---|---|---|
| લેખન : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર અને નિયામક,<br>સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મૅનેજમૅન્ટ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | શ્રી પંકજ રાવલ | એસોસિએટ પ્રોફેસર,<br>એચ. એ. કોલેજ ઓફ કોમર્સ, અમદાવાદ. |
| | ડૉ. દીપક રાસ્તે | એસોસિએટ પ્રોફેસર,<br>શ્રી સહજાનંદ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ. |
| | ડૉ. જયેન્દ્ર જાદવ | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાત કોલેજ, અમદાવાદ. |
| | ડૉ. પાર્થ ભટ્ટ | આસિસ્ટન્ટ પ્રોફેસર<br>સી. એસ. સમારિયા કોમર્સ કોલેજ ફોર ગર્લ્સ, અમદાવાદ. |
| | C. A. યશ શાહ | આસિસ્ટન્ટ પ્રોફેસર<br>એલ.જે. ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદ. |
| | C. A. ભાવિક ટાંક | આસિસ્ટન્ટ પ્રોફેસર<br>એલ.જે. ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદ. |
| પરામર્શક(વિષય) : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર અને નિયામક,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | ડૉ. નિલેશ સૂચક | એસોસિએટ પ્રોફેસર અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ,<br>આર. જે. ટીબરવાલ કોમર્સ કોલેજ, અમદાવાદ. |
| | ડૉ. મર્ઝુન જોખી | વાઈઝ પ્રિન્સિપાલ, ફેકલ્ટી ઓફ કોમર્સ,<br>જી.એલ.એસ. યુનિવર્સિટી, અમદાવાદ. |
| પરામર્શક(ભાષા) : | ડૉ. જિતલ રાઠોડ | આસિસ્ટન્ટ પ્રોફેસર (ગુજરાતી),<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| સંયોજક : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર અને નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મૅનેજમૅન્ટ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| પ્રકાશક : | ડૉ. ભાવિન ત્રિવેદી | કાર્યકારી કુલસચિવ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી<br>અમદાવાદ-382481. |


**સર્વાધિકાર સુરક્ષિત**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ-સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાધારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**દ્વિતીય વર્ષ બી.કોમ.**

**BCTAX205**

**આવકવેરો અને જી.એસ.ટી.**

# આવકવેરો અને જી.એસ.ટી.


| | |
|---|---|
| **એકમ : 1** | |
| આવકવેરા અધિનિયમ 1961 અને મૂળભૂત તત્વો | 1-10 |
| **એકમ : 2** | |
| પગારની આવક | 11-70 |
| **એકમ : 3** | |
| મકાન - મિલકતની આવક | 71-105 |
| **એકમ : 4** | |
| ધંધાની કે વ્યવસાયની આવક | 106-128 |
| **એકમ : 5** | |
| મૂડી નફો | 129-157 |
| **એકમ : 6** | |
| અન્ય સાધનોની આવક | 158-174 |
| **એકમ : 7** | |
| માલ અને સેવાકર – 1 | 175-189 |
| **એકમ : 8** | |
| માલ અને સેવાકર – 2 | 190-214 |

# એકમ 1 આવકવેરા અધિનિયમ 1961 અને મૂળભૂત તત્ત્વો

## : રૂપરેખા :

**1.1 આવકવેરા અધિનિયમ 1961 અને મૂળભૂત તત્ત્વો :**

**1.2 કાયદાનો પરિચય**

**1.3 મૂળભૂત ખ્યાલ**

**1.4 વ્યક્તિ, કરદાતા, કંપની આવક, ડિવિડન્ડ, ખેતીની આવક**

**1.5 કુલ આવક, પાછળનું વર્ષ, આકારણી વર્ષ**

**1.6 નિર્ધારિત કપાતો**

◆ **સ્વાધ્યાય**

## 1.1 આવકવેરા અધિનિયમ 1961 અને મૂળભૂત તત્ત્વો :

આવકવેરો એ દરેક દેશની સરકાર માટે આવકનું એક મહત્ત્વનું સાધન બની ચૂક્યું છે કારણ કે તેના દ્વારા રાષ્ટ્રની વિકાસની અને સંરક્ષણની જરુતિયાતોને પહોંચી વળવા માટે વધારાનાં નાણાં મેળવવાની પૂરતી શક્યતાઓ રહેલી છે. આવક પર કરવેરા લાદવાની રીત પ્રાચીન કાળથી અમલમાં છે તેના પુરતા પુરાવા પ્રાપ્ત છે.

કરવેરાના માધ્યમથી સરકારને ખૂબ મોટા પ્રમાણમાં આવક (revenue) પ્રાપ્ત કરવાની તક મળે છે અને તે માટે વ્યક્તિગત આવકવેરો, કોર્પોરેશન ટેક્સ વગેરે પ્રત્યક્ષ કરવેરા તથા કસ્ટમ ડ્યૂટી, જકાત મૂલ્યવર્ધિત વેરા વગેરે પરોક્ષ કરવેરાનો ઉપયોગ થાય છે.

કરવેરા અને ખર્ચ અંગે વિશદ ચર્ચા કરતી વખતે કૌટિલ્ય દ્વારા ભારત માટે ત્રણ મૂળભૂત સિદ્ધાંતો પર ભાર મૂકાયો છે : (અ) કરવેરા લાદવાની શક્તિ મર્યાદિત છે : (બ) કરવેરા ખૂબ ભારે છે કે વધુ પડતા છે તેવી લાગણી ન થવી જોઇએ : અને (ક) કરવેરામાં ક્રમશઃ વધારો કરવો જોઇએ. કૌટિલ્યના મત મુજબ આવકની વસૂલાત અને ખર્ચનું માળખું એવી રીતે તૈયાર કરવું જોઇએ કે જેથી અર્થતંત્રની આવકપ્રાપ્તિની ક્ષમતામાં કાયમી વધારો શક્ય બને કૌટિલ્યના આ સિદ્ધાંતને આધુનિક વિચારધારામાં Dupiet Laffer Curve નું નામ અપાયું છે, જે કરવેરાના દર અને એકત્રિત થનાર કરવેરાની આવક વચ્ચેના સંબંધનું નિરુપણ છે.

### 1. આવક પર કરવેરાના હેતુઓ

સામાન્યતઃ જે પ્રવૃત્તિઓ માલસામાનના વપરાશ અને સેવાઓ વધુ સારી રીતે સંતોષે છે તેમાં જ બજારનાં સ્પર્ધાત્મક પરિબળો વધુ સાધનોને આકર્ષી શકે છે. ખાનગી સાહસના નિર્ણયમાં સરકારી હસ્તક્ષેપનો અભાવ મુક્ત બજાર (Laissez faire) ની નીતિ દર્શાવે છે. પરંતુ આવી નીતિ પ્રવર્તમાન નથી. સરકારી હસ્તક્ષેપને પરિણામે હવે વપરાશકારોમાં સાધનોની વહેંચણી કે લોકો વચ્ચે આવકનું વિતરણ નિયંત્રિત કરવાના પ્રયત્નો થાય છે.

આવી નીતિઓમાં કરવેરા લાદવાની સત્તા એક પરિબળ ગણાય અને તેનો ઉપયોગ ફક્ત આવકની પુનઃ વહેંચણીથી જ નહિ પરંતુ અન્ય સામાજિક અને આર્થિક હેતુઓને હાંસલ કરવામાં મદદરૂપ થાય છે.

(અ) કરવેરાનો મૂળભૂત હેતુ સરકારી ખર્ચ માટે જરૂરી ભંડોળ ઊભું કરવાનો છે.

(બ) કરવેરાના અન્ય હેતુઓ પણ છે. તેને લીધે માલસામાન અને સેવાઓની કિંમત નિર્ધારણ પર અસર થાય છે અને પરિણામે શેનું ઉત્પાદન કરવું અને કેટલી માત્રામાં કરવું તે નિયંત્રિત થાય છે.

(ક) સમાજના ધનિક વર્ગ પર વધુ કરવેરા લાદવાથી આવક અને સંપત્તિની વહેંચણીને લગતી અસમાનતા દૂર કરવાનો હેતુ પરિપૂર્ણ થઈ શકે છે.

દેશના આર્થિક વિકાસ માટે કરવેરાનો એક મહત્ત્વના સાધન તરીકે ઉપયોગ થાય છે, જેના મુખ્ય હેતુઓ નીચે મુજબ ગણાવી શકાય :

1. પ્રાપ્ય સંશાધનોની ઈષ્ટ (Optimal) ફાળવણી થાય.
2. સરકારની આવક વધારી શકાય.
3. બચત તથા રોકાણોને પ્રોત્સાહન પૂરું પાડી શકાય.
4. આવક અને સંપત્તિની અસમાનતા ઘટાડી શકાય.
5. આર્થિક વિકાસને વેગ મળે.
6. કિંમત-સ્થિરતાને જાળવી શકાય.
7. નિયંત્રણની કામગીરીમાં સુગમતા રહે.

સામાન્યતઃ આવકવેરા જેવા કેન્દ્રીય કરવેરા પ્રગતિશીલ ગણાય છે, જ્યારે રાજ્ય અને સ્થાનિક સત્તાઓ કે જે મોટે ભાગે વેચાણવેરા અને મિલકત-વેરા પર આધાર રાખે છે તે વિકાસની ગતિ અટકાવનારા મનાય છે.

## 2. આવકવેરાનો ઈતિહાસ

3000 વર્ષ અગાઉ પણ ઈજિપ્ત અને ગ્રીસના રહીશો આવકવેરો, વપરાશકારો અને કસ્ટમ ડ્યૂટી ચૂકવતા હતા. આવી ચૂકવણી વિવિધ સ્વરૂપે થતી હતી જેમ કે માલના રુપમાં, વગર પગારે મજૂરી કામના રુપમાં અને દંડના રુપમાં. પ્રાચીન ભારતમાં ઢોર-ઢાંખર અને કિંમતી ઝવેરાત પર પણ કર લેવામાં આવતો હતો. એથેન્સમાં અનાજ ઉપર કર લેવાતો હતો. ઑગસ્ટસ નામના રાજાએ (ઈશુના જન્મથી 27 વર્ષ પહેલાં) માલ પર જકાત (Excise tax) લેવાનું દાખલ કર્યું હતું. ઈશુના જન્મથી 8 સદી પહેલાં રોમન યુગમાં સૉલ્ટ ટેક્સ ઉઘરાવવામાં શરુ કર્યું હતું.

ભારતમાં પણ પ્રાચીન કાળથી કરવેરા ઉઘરાવવામાં આવતા હતા. 'મનુસ્મૃતિ' અને 'અર્થશાસ્ત્ર' નામના પ્રાચીન ગ્રંથોમાં પણ તેનો ઉલ્લેખ જોવા મળે છે.

## 3. ભારતમાં કરવેરા અને બ્રિટિશ વારસો

19મી સદીમાં ભારતમાં બ્રિટિશ હકુમતની સ્થાપના થઈ હતી. 1957ની ભારતની સ્વતંત્રતા ચળવળને પરિણામે બ્રિટિશ સરકાર ભયંકર આર્થિક મુશ્કેલીઓમાં આવી ગઈ હતી અને સરકારી ખજાનો ભરવા માટે સૌ પ્રથમ ફેબ્રુઆરી, 1960માં આવકવેરા ધારો દાખલ કરવામાં આવ્યો હતો. ત્યાર પછી પણ વખતો વખત તેમાં સુધારા કરવામાં આવ્યા હતા – જે મુખ્યત્ત્વે બ્રિટનમાં પ્રવર્તમાન કરવેરા વ્યવસ્થા પર આધારિત હતા.

Guinnes Book on world records મુજબ વિશ્વમાં સૌથી વધુ આવકવેરાનો દર ડેનમાર્કમાં છે, જ્યાં મહત્તમ આશરે 56% લેખે આવકવેરો લેવાય છે. જો કે આની સાથે પ્રજાને અનેક પ્રકારની સગવડો મળે છે, જેમ કે મફત તબીબી સેવાઓ, મફત ઉચ્ચ શિક્ષણ, વિવિધ પ્રકારની સામાજિક સેવાઓ વગેરે. ડેનમાર્ક પછી, બેલ્જિયમ, જર્મની, ફિનલેન્ડ અને સ્વીડનમાં આવકવેરાના ઊંચા દર છે.

## 4. ભારતના બંધારણ હેઠળ કરવેરાની જોગવાઈ

**ભારતીય બંધારણની જોગવાઈ મુજબ :** (1) કેન્દ્ર સરકારને ખેતી આવક સિવાયની આવક પર વેરો લેવાની સત્તા છે તથા આબકારી જકાત (excise) અને કસ્ટમ (customs) ડ્યૂટી લેવાની સત્તા છે, (2) રાજ્ય સરકારોને વેચાણવેરો, મૂલ્ય-વૃદ્ધિ કર (VAT), આબકારી જકાત (Excise) અને ખેતીની આવક પર વેરો ઊઘરાવવાની સત્તા છે જ્યારે (3) મ્યુનિસિપાલિટીને જકાત (Octroi) તથા મકાન મિલકતો પર વેરો ઊઘરાવવાની સત્તા મળે છે.

આવકવેરો, કેન્દ્રીય આબકારી જકાત અને કસ્ટમનો વહીવટ કેન્દ્ર સરકારના હસ્તક છે અને વેચાણવેરાની બાબતમાં કેન્દ્રીય વેચાણવેરો (Central Sales Tax) મધ્યસ્થ સરકાર દ્વારા લાદવામાં આવે છે તેમ છતાં તેનો વહીવટ રાજ્ય સરકારો દ્વારા થાય છે અને ઉઘરાવેલ કેન્દ્રીય વેચાણવેરો જે તે રાજ્ય સરકાર પાસે જ રાખવામાં આવે છે.

## 1.2 કાયદાનો પરિચય

આવકવેરો એ પ્રત્યક્ષ વેરો છે, જેનો વહીવટ મધ્યસ્થ સરકાર દ્વારા થાય છે. આવકવેરાના નિયમન અને સંચાલન માટે 'સેન્ટ્રલ બૉર્ડ ઑફ ડાયરેક્ટ ટેક્સીસ'ની રચના કરવામાં આવી છે. આવકવેરાની વસૂલાત માટે બે કાયદાઓ ઉપરાંત અન્ય બે બાબતો પણ મહત્ત્વની છે : (1) આવકવેરા ધારો, 1961 (2) વાર્ષિક નાણાં ધારો (Annual Finance Act.) ઉપરાંત (3) પ્રત્યક્ષ કરવેરાનું મધ્યસ્થ પંચ જે નિયમો અને માર્ગદર્શન સૂચનો ઘડે તે તથા (4) હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ તથા અન્ય અધિકૃત સત્તામંડળના ચૂકાદાઓ.

**(1) આવકવેરા ધારો, 1961 :** આવકવેરા માટે મુખ્ય કાયદો છે, જે આવકવેરાનું માળખું અને વ્યવસ્થાતંત્ર પૂરું પાડે છે. આ કાયદાનો અભ્યાસ કરવાથી જ જાણી શકાય છે કે કઈ વ્યક્તિએ ક્યારે અને કેવી રીતે આવકવેરો ભરવાનો છે. ઉપરાંત, દરેક પ્રકારની આવકની વ્યાખ્યા, તેની ગણતરી, તેમાં મળતી કપાતો, આવકવેરા સત્તાવાળાઓના અધિકારો વગેરે આ કાયદા પરથી જાણી શકાય છે. આવકવેરા ધારો સમગ્ર ભારતમાં (જમ્મુ અને કાશ્મીર તથા સિક્કિમ સહિત) લાગુ થાય છે.

**(2) વાર્ષિક નાણાંધારો :** દર વર્ષે આ કાયદો સંસદમાં પસાર કરવામાં આવે છે. આ કાયદો સામાન્ય રીતે 'અંદાજપત્ર (Budget)' તરીકે ઓળખાય છે. અત્યારે તા. 1-4-2017 થી શરૂ થયેલ સરકારનું નાણાંકીય વર્ષ 2017-18 ચાલે છે અને તે સમય દરમિયાન 2017નો નાણાંધારો અમલમાં રહેશે.

વાર્ષિક નાણાંધારા સાથે સંલગ્ન પ્રથમ પરિશિષ્ટ (Schedule) ના ચાર ભાગમાં આવકવેરાના દર જણાવવામાં આવ્યા છે.

**(3) આવકવેરા નિયમો, 1962 :** આવકવેરાના કાયદા હેઠળ મળેલ સત્તા અન્વયે સેન્ટ્રલ બૉર્ડ ઑફ ડાયરેક્ટ ટેક્સીસ દ્વારા '1962ના આવકવેરાના નિયમો' મધ્યસ્થ સરકારના અંકુશ હેઠળ ઘડવામાં આવેલ છે, જેમાં હાલ 125 નિયમો છે. આ નિયમો પણ પરિવર્તનને આધીન છે. વળી, સેન્ટ્રલ બોર્ડને વખતો વખત, કાયદાના અમલ માટે નિયમો ઘડવાની અને માર્ગદર્શક સૂચનો તૈયાર કરવાની સત્તા છે, જેનો અમલ આવકવેરાના સત્તાવાળાઓ કરે છે. આવાં માર્ગદર્શક સૂચનો આવકવેરાના સત્તાવાળાઓ માટે બંધનકર્તા હોવા છતાં એસેસી અને અદાલતો માટે તે બંધનકર્તા નથી.

**(4) અદાલતી ચુકાદાઓ :** આવકવેરાના કાયદા કે નિયમો અર્થઘટનના પ્રશ્નો ટ્રિબ્યુનલ, હાઈકોર્ટ અને સુપ્રીમ કૉર્ટમાં આવે છે. તે અંગે ચુકાદાઓ આવે તેનો અમલ પણ કરવામાં આવે છે. ખાસ કરીને સુપ્રીમ કૉર્ટના ચુકાદાઓ સમગ્ર દેશમાં કાયદાના અમલ વખતે ધ્યાનમાં લેવાય છે, પરંતુ હાઈકૉર્ટના ચુકાદાઓ જે તે રાજ્યમાં તેની હકુમતના વિસ્તાર માટે લાગુ થાય છે.

## 1.3 મૂળભૂત ખ્યાલ

ભારતમાં અંગ્રેજ શાસકોએ પ્રથમ વખત 1860માં આવકવેરો દાખલ કર્યો. જેમ્સ વિલ્સને ભારતમાં પ્રથમ નાણાં સભ્ય (નાણામંત્રી) તરીકે આવકવેરો દાખલ કર્યો કારણ કે 1956-57માં ભારતમાં સૈન્ય રાખવાનો ખર્ચ રૂ. 17 કરોડ હતો જે 1858-59માં વધીને રૂ. 23 કરોડ થઈ ગયો હતો. આ વધારાનો ખર્ચ બ્રિટિશ ઑફિસરો અને સૈનિકોને ભારતમાં ગોઠવવા બદલ થયો હતો. ભારતમાં આવકવેરાના કાયદાના ઈતિહાસને ત્રણ ભાગમાં વહેંચી શકાય :

(1) 1860-1885 (2) 1886-1914 (3) 1914-આજ સુધી

પ્રથમ મુદ્દત એ પ્રયોગાત્મક મુદ્દત હતી. નાણા સભ્ય જેમ્સ વિલ્સને 1860નો આવકવેરાનો

કાયદો દાખલ કરતી વખતે મનુસ્મૃતિનો આધાર પણ દર્શાવ્યો હતો. 24મી જુલાઈ, 1860ના રોજ ગવર્નર જનરલે તે કાયદાને મંજૂરી આપતાં તે જ તારીખથી ભારતમાં તેનો અમલ શરૂ થયો હતો. આ કાયદો 21 ભાગમાં વહેંચવાયેલો હતો અને તેમાં 259 કલમો હતી. ભારતમાં સૌ પ્રથમ 31મી જુલાઈ, 1860 બ્રિટિશ સરકાર તરફથી પાંચ વર્ષ માટે એક કામચલાઉ મહેસૂલી પગલાં તરીકે આવકવેરો નાંખવામાં આવ્યો. 1865માં તે નાબૂદ કરવામાં આવ્યો. ફરી પાછો 1867માં એને License Tax તરીકે ચાલુ રાખવામાં આવ્યો. 1867 થી 1886 દરમિયાન આ અંગે સરકારે ઘણા અખતરા કર્યા. આવકવેરા દ્વારા પ્રાપ્ત થતી આવક સરકાર માટે મહત્ત્વની તેમ જ અનિવાર્ય બની ગઈ.

કામચલાઉ સ્વરૂપમાં નાખવામાં આવેલ આ વેરો સમય જતાં 1886માં કાયમી સ્વરૂપે દાખલ થયો અને વધુ વિસ્તૃત બનતો ગયો. 1886થી 1914 સુધીનો સમય એ સ્થિરતાનો સમય રહ્યો.

1918 માં પ્રથમ વખત બધી આવક ભેગી કરીને કુલ આવક પર આવકવેરો લેવાની પદ્ધતિ દાખલ કરવામાં આવી. 1922માં વિસ્તૃત આવકવેરાનો કાયદો પસાર કરવામાં આવ્યો. પ્રથમ વિશ્વયુદ્ધ પછીની નાણાંકીય તેમજ આર્થિક અસરોને કારણે 1922 નો ભારતીય આવકવેરાનો કાયદો પસાર કરવામાં આવ્યો તેમાં પ્રથમ વખત એવી જોગવાઈ કરવામાં આવી જે દ્વારા ઈન્કમટેક્સના દર પ્રત્યેક વર્ષે નાણાંધારા નક્કી કરવાનું ઠરાવવામાં આવ્યું. આ ધારામાં પણ વારંવાર અગત્યના ફેરફારો કરવામાં આવ્યા, જેના પરિણામે તેનું મૂળ સ્વરૂપ બદલાતું ચાલ્યું અને કાયદો ખૂબ જ ગૂંચવણભર્યો બની ગયો. આ કાયદો 31 માર્ચ, 1961 સુધી અમલમાં રહ્યો.

હાલમાં આવકવેરા અંગે સમગ્ર ભારતમાં 'આવકવેરા ધારો 1961' (Income Tax Act, 1961) અમલમાં છે. 1922 નો કાયદો અનેક સુધારા-વધારાને કારણે ખૂબ ગૂંચવણભર્યો બની ગયો હોવાથી તેને સુસંગત અને સરળ બનાવવા 'લૉ કમિશન' અને 'ડાયરેક્ટ ટેક્સીસ એડમિનિસ્ટ્રેશન ઈન્કવાયરી કમિટી' નાં સલાહ-સૂચનો મેળવીને 1961માં કાયદાનું સ્વરૂપ અસ્તિત્ત્વમાં આવ્યું છે, જેનો અમલ 1લી એપ્રિલ, 1962 થી કરવામાં આવ્યો. આ કાયદામાં ત્યારબાદ અનેક સુધારા વધારા કરવામાં આવ્યા છે. ઉપરાંત, ઈન્કમટેક્ષ રુલ્સ, 1962માં જણાવેલા નિયમો પણ આકારણી માટે ઘડવામાં આવ્યા છે. પ્રત્યક્ષ કરવેરા કાયદાઓમાં ફેરફારો કરવા માટે વખતો વખત જે ફેરફારો કરવામાં આવ્યા છે તેનું તાજું ઉદાહરણ Finance Act, 2017 તરીકે ગણાવી શકાય. કરવેરાના કાયદાઓ વધુ સરળ અને અસરકારક બનાવવાના આશયથી વખતોવખત નિમાયેલી કમિશનોની ભલામણો ધ્યાનમાં લેવામાં આવી છે. વર્તમાન કેન્દ્ર સરકારે પ્રત્યક્ષ કરવેરાના કાયદાઓમાં આમૂલ પરિવર્તન કરવા માટે નિષ્ણાંતોની એક સમિતિની રચના કરી હતી જેની ભલામણોનો સરકારે અંશતઃ સ્વીકાર કર્યો છે. પ્રત્યક્ષ કરવેરાના હેતુ માટે ભારતની દરિયાઈ સરહદ 200 દરિયાઈ માઈલ (Nautical Miles) સુધીની ગણાય છે. તેને પરિણામે આવા દરિયાઈ વિસ્તારમાં ખનીજ તેલ વગેરેનું ઉત્પાદન કરવાથી થતી આવક પણ કરપાત્ર ગણાય છે.

કાયદો સરળ બનાવવાના પ્રયત્નો સાથે (જે ખરેખર તો નિષ્ફળ જ ગયા છે) તેને સારી રીતે વિસ્તૃત પણ બનાવાયો છે. તેમાં 23 પ્રકરણોમાં 298 જેટલી કલમોનો સમાવેશ કરવામાં આવ્યો છે અને સાથે 14 પરિશિષ્ટો પણ સામેલ કર્યા છે. (આ પૈકી પરિશિષ્ટ 6, 9 અને 10 રદ કરવામાં આવેલ છે. આવકવેરા ધારા અન્વયે 'સેન્ટ્રલ બૉર્ડ ઑફ ડાયરેક્ટ ટેક્સીસ' (CBDT)ને કાયદાની બાબતો અંગે નિયમો ઘડવાની સત્તા આપવામાં આવી છે. આ બોર્ડમાં 5 થી 7 સભ્યોનો સમાવેશ થાય છે. બૉર્ડે ઘડેલ નિયમો પણ કાયદાની કલમ જેટલા જ અગત્યના છે.

**ભારતમાં આવકવેરાના કાયદાના સ્રોત**

**1961નો આવકવેરા ધારો**
↓
**આ કાયદા મુજબ :**
1. કરપાત્ર આવકની ગણતરી
2. કરની જવાબદારી
3. આકારણી, અપીલ વગેરે જોગવાઈ અને
4. આવકવેરાના સત્તા-વાળાઓના અધિકાર અને ફરજો

**1962ના આવકવેરાના નિયમો**
↓
આ નિયમો આવકવેરા ધારાના હેતુઓનો અમલ કરવા માટે ઘડવામાં આવ્યાં છે પણ તેમાં પણ દર વર્ષે જરૂરી સુધારા-વધારા થાય છે.

**અદાલતી ચુકાદાઓ**
↓
સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓનો કાયદા તરીકે જ અમલ થાય છે, જ્યારે રાજ્યની વડી અદાલતના ચુકાદાઓનો તેની હકુમતની વિસ્તારમાં અમલ થાય છે.

**વાર્ષિક નાણાધારો**
↓
દર વર્ષે નાણાધારાની મદદથી કરવેરાના કાયદાઓમાં સુધારા-વધારા કરવામાં આવે છે અને વધારામાં જરૂર હોય તો વર્ષમાં કોઇ તબક્કે Amendment Act દ્વારા તેમ થાય છે.

**સેન્ટ્રલ બોર્ડ ઑફ ડાયરેક્ટ ટેક્સીસનાં પરિપત્રો અને ખુલાસા**
↓
આવા પરિપત્રો અને ખુલાસા આવકવેરા સત્તાવાળાઓને બંધનકર્તા છે, પરંતુ એસેસી તેની સામે એપલેટ ટ્રિબ્યુનલ કે અદાલતમાં જઈ શકે છે.

## 1.4 વ્યક્તિ, કરદાતા, કંપની આવક, ડિવિડન્ડ, ખેતીની આવક

**1. શખ્સ (વ્યક્તિ) (Person) :**

આવકવેરા ધારાની કલમ 2(31)માં આવકવેરો ભરવાને જવાબદાર શખ્સોના પ્રકારની એક યાદી આપવામાં આવેલ છે, તેવા પ્રકારના શખ્સો જો તેમની આવક નાણાંધારની જોગવાઈ અનુસાર કરપાત્ર ઠરતી હોય તો તેઓ કર ભરવાને જવાબદાર છે. કલમ 2(31) મુજબ યાદી નીચે મુજબ છે :

(1) કોઇ પણ વ્યક્તિ (Individual : કુદરતી વ્યક્તિ)

(2) હિન્દુ અવિભક્ત કુટુંબ (H.U.F.)

(3) કંપની (Joint Stock company)

(4) પેઢી (Firm / LLP)

(5) શખ્સોનું મંડળ (AOP) અથવા વ્યક્તિઓનો સમૂહ (BOI) (તે સંસ્થાપિત હોય કે ન હોય)

(6) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા (એટલે કે ગ્રામપંચાયત, મ્યુનિસિપાલિટી વગેરે) (Local Authority)

(7) ઉપરની યાદીમાં આવી નહિ જતા દરેક કૃત્રિમ રીતે કાયદેસર ગણાતા શખ્સો (Artificial Jurisdical Persons)

'નફો કે આવક મેળવવાના હેતુથી' નહિ સ્થપાયેલ શખ્સોના મંડળ, વ્યક્તિઓના સમૂહ, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા કે કૃત્રિમ રીતે કાયદેસર ગણાતા શખ્સોનો પણ આવકવેરા ધારા હેઠળ શખ્સની વ્યાખ્યામાં સમાવેશ કરવામાં આવ્યો છે. સ્ટેચ્યુટરી કૉર્પોરેશન હિન્દુ દેવી-દેવતા (દા.ત. નિરુપતિ બાલાજી) વગેરેનો પણ આ જોગવાઈ મુજબ 'શખ્સ' શબ્દમાં સમાવેશ થાય છે.

**2. એસેસી અથવા કરદાતા અથવા કરભરનાર (Assessee) : (કલમ 2 (7))**

(અ) એસેસી એટલે આવકવેરાના કાયદા હેઠળ કોઇ કર અથવા નાણાંની બીજી કોઈ રકમ (દા.ત. વ્યાજ, દંડ, fringe benefits tax વગેરે) ભરવા માટે જવાબદાર શખ્સ. (આવી રકમ માટે કાયદા હેઠળ કોઇ કાર્યવાહી ન કરવામાં આવી હોય તો પણ તે શખ્સ એસેસી ગણાય.)

(બ) આવકવેરાના કાયદાના આધારે જે કોઇ શખ્સ સામે તેની આવકની (કે ફ્રિન્જ બેનિફિટની) આકારણી અંગે : (2) અન્ય શખ્સની આવકની – જો તે અંગે ટેક્સ ભરવા માટે તે જવાબદાર ગણાતા હોય અથવા (3) તેણે સહન કરેલ નુકસાન અંગે : અથવા (4) તેણે આપવાનાં નાણાંના રિફંડ અંગે કોઇ પગલાં લેવામાં આવ્યાં હોય તે એસેસી ગણાય છે.

(ક) આ ઉપરાંત, આવકવેરાના કાયદાની કોઈ જોગવાઈઓના આધારે જે કોઈ શખ્સને એસેસી તરીકે માની લેવામાં આવે તે શખ્સ (Deemed to be an assessee) પણ કાયદાના આધારે એસેસી બની જાય છે.

માની લેવામાં આવેલ એસેસી (deemed assessee) નીચેનાનો સમાવેશ થશે :

(1) કોઈ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ,

(2) મરહૂમ શખ્સના કાયદેસરના પ્રતિનિધિ (કલમ 159 હેઠળ)

(3) બિન-રહીશના પ્રતિનિધિ એસેસી (જે બિન-રહીશના એજન્ટ ગણાય) (કલમ 160(2) હેઠળ),

(4) સગીર, વિક્ષિપ્ત (ગાંડપણવાળી વ્યક્તિ) કે મૂર્ખ વતી તેના કાયદેસરના વાલી તરીકે કે મેનેજર તરીકે આવક મેળવનાર શખ્સ,

(5) કૉર્ટ ઑફ વોર્ડસ / ઑફિશિયલ ટ્રસ્ટી / રિસીવર તરીકે અન્ય વ્યક્તિ વતી આવક મેળવનાર શખ્સ

**3. કંપની (Company) :**

કલમ (17) હેઠળ 'કંપની' શબ્દમાં નીચેનાનો સમાવેશ થાય છે :

(1) કોઇ પણ ભારતીય કંપની, અથવા

(2) પરદેશના કાયદા હેઠળ સ્થપાયેલી કંપની, અથવા

(3) કોઇપણ સંસ્થા કે મંડળ કે જેની 1922ના ભારતીય આવકવેરા કાયદા હેઠળ કંપની તરીકે આકારણી થઈ હોય કે આકારણી થવાને પાત્ર હોય (આવી આકારણી 1લી એપ્રિલ, 1970 પહેલાંના સમયને લગતી હોવી જોઇએ અથવા)

(4) ભારતમાં સ્થપાયેલી કે બિનભારતીય સંસ્થા કે મંડળ, જેને બોર્ડ ઑફ ડાયરેક્ટર ટેક્સીસે સામાન્ય કે ખાસ આદેશ દ્વારા કંપની જાહેર કરેલ હોય. આવી સંસ્થાઓને બૉર્ડના આદેશ મુજબ તે નિશ્ચિત સમય માટે જ ધારી લીધેલી કંપની ગણવામાં આવશે.

કલમ 2(26)માં જણાવ્યા મુજબ જે કંપનીનું 1956ના કંપની કાયદા હેઠળ રજિસ્ટ્રેશન થયું હોય તે ભારતીય કંપની ગણાય.

આ ઉપરાંત, ભારતીય કંપનીમાં નીચેનાનો પણ સમાવેશ થાય છે :

(1) અગાઉના કોઇ પણ કાયદા હેઠળ, જમ્મુ અને કાશ્મીર તથા કેન્દ્રશાસિત પ્રદેશો સિવાય, ભારતના કોઇ પણ સ્થળે સ્થપાયેલી અને નોંધાયેલી કંપની :

(2) મધ્યસ્થ સરકાર કે રાજ્ય સરકારના કાયદા હેઠળ સ્થપાયેલ કૉર્પોરેશન

(3) પ્રત્યક્ષ કરવેરાના સેન્ટ્રલ બોર્ડ (CBDT) જાહેર કરેલ સંસ્થા કે મંડળ

(4) જમ્મુ અને કાશ્મીરમાં કોઇ પણ પ્રવર્તમાન કાયદા હેઠળ સ્થપાયેલ કંપની

(5) કેન્દ્રશાસિત પ્રદેશોમાં કોઇ પણ પ્રવર્તમાન કાયદા હેઠળ સ્થપાયેલ કંપની.

**નોંધ :** ઉપર જણાવેલ દરેક સ્થિતિમાં તે કંપનીની રજિસ્ટર્ડ ઑફિસ ભારતમાં હોવી જોઈએ. અહીં એ નોંધવું જરૂરી છે કે ભારતીય કંપનીની રજિસ્ટર્ડ ઑફિસ ભારતમાં જ કોઈ સ્થળે હોવી જોઇએ.

**4. ડિવિડન્ડ (Dividend) :**

રહીશ શેરહોલ્ડર્સની દૃષ્ટિએ ભારતીય કંપની પાસેથી મળતી ડિવિડન્ડની આવક કલમ 10 (33) હેઠળ આ.વ. 2002-03 સુધી કરમુક્ત હતી. આ.વ. 2003-04 માં તે આવક કરપાત્ર બનાવવામાં આવી હતી અને વળી આ.વ. 2004-05 થી કરમુક્ત ગણાશે. આપણે આકારણી વર્ષ 2017-18ને લગતી જોગવાઈઓનો અભ્યાસ કરવાનો છે, તેથી પા. વ. 2017-18 દરમિયાન ભારતીય કંપની પાસેથી રહીશને મળેલ ડિવિડન્ડની આવક કરમુક્ત છે.

આવકવેરા ધારાની કલમ 2(22)માં ડિવિડન્ડની વ્યાખ્યા આપેલી છે. આ વ્યાખ્યા સંપૂર્ણ (exhaustive) નથી. પરંતુ કેટલીક વહેંચણીઓ જે સામાન્ય રીતે ડિવિડન્ડ નથી તેનો આવકવેરાના હેતુ માટે ડિવિડન્ડની વ્યાખ્યામાં સમાવેશ કરેલ છે. માટે આ વ્યાખ્યા સમાવેશી (Inclusive) વ્યાખ્યા ગણાય. આ વ્યાખ્યા મુજબ ડિવિડન્ડમાં નીચે જણાવેલ ડીમ્ડ ડિવિડન્ડનો પણ સમાવેશ કરવામાં આવે છે :

(1) કંપનીએ એકત્રિત કરેલ નફાની કોઇ પણ પ્રકારે કરેલ વહેંચણી, જેનાથી કંપનીની મિલકત અથવા તો તેનો કોઇ ભાગ શૅરહોલ્ડરોને મળતો હોય.

બૉનસ શેરમાં કંપનીની મિલકતની વહેંચણી થતી નહિ હોવાથી તેનો સમાવેશ ડિવિડન્ડમાં થતો નથી.

(2) (1) કંપનીના શૅરહોલ્ડરોને વ્યાજ સહિત કે વ્યાજ વગર વહેંચેલ ડિબેન્ચર્સ, ડિબેન્ચર સ્ટૉક અથવા ડિપોઝીટ - સર્ટિફિકેટ્સ તેમ જ

(2) પ્રેફરન્સ શૅરહોલ્ડરોને વહેંચેલ બૉનસ શેર. આ વહેંચણી પણ કંપનીએ એકત્રિત કરેલ નફામાંથી કરેલી હોવી જોઇએ.

(3) ફડચામાં ગયેલ કંપની, ફડચાની તારીખ પહેલાંના ભેગા થયેલ નફામાંથી (મૂડીકૃત કર્યો હોય કે ન કર્યો હોય) શૅરહોલ્ડરોને વહેંચણી કરે તે.

(4) કંપની પોતાના એકત્રિત કરેલ નફાને મૂડીના રૂપમાં ફેરવી મૂડીમાં વધારો કરવાને બદલે તેનો ઉપયોગ મૂડી ઘટાડવામાં પણ કરી શકે છે. એટલે કે આવા એકત્રિત કરેલ નફામાંથી, જરુર કરતાં વધુ મૂડી હોય તો તેને પાછી આપી દેવા માટે ઉપયોગ કરી શકાય છે. આ અંગે જોગવાઈ કરવામાં આવી છે કે એકત્રિત કરેલ નફાનો ઉપયોગ મૂડીઘટાડા માટે કરવામાં આવ્યો હોય અને મૂડી પરત કરવામાં આવી હોય તો તે ડિવિડન્ડ ગણાશે. આ જોગવાઈનો હેતુ એકત્રિત કરેલ નફાને મૂડી ઘટાડવાનો દેખાવ કરી વહેંચવામાં આવે તો તેવા સંજોગોમાં પણ તેને કરપાત્ર બનાવવાનો છે.

**નોંધ :** મુદ્દા (ક) અને (ડ) માં જણાવેલ સંજોગોમાં એક અપવાદ ધ્યાનમાં રાખવો. જે શૅરહોલ્ડરોએ પૂરેપૂરો રોકડ અવેજ આપીને શેર મેળવ્યા હતા તે શૅરહોલ્ડરોને લિક્વિડેશન વખતે વધારાની મિલકતોમાં ભાગ લેવાનો હક ન હોય તો તેમને કરેલ વહેંચણી ડિવિડન્ડ ગણાશે નહિ.

(5) જાહેર જનતાને જેમાં સંગીન હિત ન હોય તેવી કંપનીઓ ઓછામાં ઓછા 10% મતાધિકાર ધરાવતા શૅરહોલ્ડરોને ગમે તે એક રકમ લોન અથવા એડવાન્સના રૂપમાં નાણાં ધીરે અથવા તો તેવા શૅરહોલ્ડરોને અંગત કામ માટે તેમના વતી બીજાને નાણાં આપે તો તેવી કંપનીઓના એકત્રિત કરેલા નફાની મર્યાદા સુધી ઉપર જણાવ્યા મુજબની કોઇપણ પ્રકારે વહેચાયેલ રકમ ધારી લીધેલ 'ડિવિડન્ડ' ગણવામાં આવે છે. પરંતુ નાણાં ધીરવાનું કામ કરતી કંપની દ્વારા આવા શૅરહોલ્ડરોને અપાયેલ લોન કે એડવાન્સ ડિવિડન્ડ જણાય નહિ.

કંપનીધારાની કલમ 77 એ ની જોગવાઈ મુજબ કંપનીએ શૅરહોલ્ડર્સ પાસેથી પોતાના શેર ખરીદવા (buy-back) માટે જે ચૂકવણી કરી હોય તે પણ ડિવિડન્ડ ગણાશે નહિ. એ જ રીતે ડિમર્જરની (કંપની છૂટી પાડવાની) યોજના હેઠળ અસ્તિત્ત્વમાં આવતી કંપની દ્વારા શૅરોની ફાળવણી ડિવિડન્ડ ગણાય નહિ.

**5. ખેતીની આવક (Agricultural Income) :**

ખેતીની આવક પર કેન્દ્ર સરકાર આવકવેરો લઈ શકતી નથી કારણ કે ભારતના બંધારણ મુજબ ખેતી એ રાજ્યનો વિષય છે અને તેના પર કર નાખવાની કેન્દ્ર સરકારને સત્તા નથી. તે દ્રષ્ટિએ ખેતીની આવકની વ્યાખ્યા મહત્ત્વની છે. 'ખેતીની આવક' ગણાવા માટે નીચેની બે શરતોનું પાલન થવું જરૂરી છે :

1. આવી આવક ભારતમાં સ્થિત જમીનમાંથી મળેલી હોવી જોઇએ, અને
2. તે જમીનનો ખેતીના હેતુઓ માટે ઉપયોગ થયો હોવો જોઇએ.

આવકવેરા ધારાની કલમ 2 (1) માં ખેતીની આવકની જે વ્યાખ્યા આપવામાં આવી છે તે નીચે મુજબ છે.

(અ) ભારતમાં આવેલી જમીન, જે ખેતીના હેતુ માટે ઉપયોગમાં લેવામાં આવતી હોય તેમાંથી મળતું ભાડું (ગણોત) કે મહેસૂલ (Rent or revenue)

(બ) આવી જમીનમાંથી ખેતીવાડીની પ્રક્રિયા દ્વારા મેળવેલ આવક :

(1) જેમાં ઉગાડેલી ખેતીની પેદાશને (અથવા વસ્તુના રુપમાં ભાડું મેળવનારે મેળવેલ ખેતીની પેદાશને) બજારમાં વેચાણયોગ્ય બનાવવા માટે પ્રોસેસિંગ કરવાનો સમાવેશ થાય છે. તેમજ (2) ખેતપેદાશના વેચાણમાંથી મળેલ આવકનો પણ સમાવેશ થાય છે.

(ક) ખેતીવિષયક મકાન (farm house) માંથી મળતી આવક-એ શરતે કે તે મકાન ખેડૂત કે મહેસૂલ (rent of revenue) મેળવનારના કબજામાં હોવું જોઇએ.

(1) તે મકાન ખેતીની જમીન પર જ અથવા તેની તદ્દન નજીક આવેલું હોવું જોઇએ. અને તેનો ઉપયોગ રહેવાના મકાન તરીકે કે ગોડાઉન તરીકે થતો હોવો જોઇએ તેમજ

(2) જે જમીન પર આ મકાન આવેલું હોય તેના પર જમીન મહેસૂલ કે સ્થાનિક વેરાની આકારણી થતી હોવી જોઇએ : અથવા

જો આ જમીન પર જમીન મહેસૂલ કે સ્થાનિક વેરાની આકારણી થતી ન હોય તો

(અ) તે જમીન પાછલા વર્ષની શરૂઆતની તારીખે છેલ્લામાં છેલ્લી વસ્તી-ગણતરી મુજબ 10,000 કે તેથી વધુ વસ્તીવાળા શહેરી વિસ્તારની કે નોટીફઆઈડ કેન્ટોનમેન્ટ બોર્ડની હદ બહાર આવેલી હોવી જોઇએ. અથવા

(બ) તે જમીન નીચે જણાવ્યા મુજબ હવાઈ દૂરી (aerial distance)ની મર્યાદામાં સ્થિત ન હોવી જોઇએ :

(1) મ્યુનિસિપલ કે કેન્ટોનમેન્ટ વિસ્તારની (કે જેની વસ્તી 1,00,000 થી વધુ હોય પરંતુ 1,00,000 થી વધુ ન હોય) હદથી 2 કિલોમીટરમાં સ્થિત ન હોય અથવા

(2) મ્યુનિસિપલ કે કેન્ટોનમેન્ટ વિસ્તારની (કે જેની વસ્તી 1,00,000 થી વધુ હોય પરંતુ 10,00,000 થી વધુ ન હોય) હદથી 6 કિલોમીટરમાં સ્થિત ન હોય અથવા

(3) મ્યુનિસિપલ કે કેન્ટોનમેન્ટ વિસ્તારની (કે જેની વસ્તી 10,00,000 થી વધુ હોય) હદથી 8 કિમોમીટરમાં સ્થિતિ ન હોય

## 1.5 કુલ આવક, પાછળનું વર્ષ, આકારણી વર્ષ

**1. કુલ આવક (Total Income) :**

આવકવેરા કાયદાની કલમ 2 (45) મુજબ કુલ આવકનો અર્થ કલમ 5 મુજબ ગણેલી આવક થાય છે. કુલ ગ્રોસ આવકમાંથી કલમ 80 સી થી 80 યુ સુધીની જોગવાઈ મુજબની કપાતો બાદ કર્યા પછી બાકી રહેતી આવક. આ રકમ કરપાત્ર આવક ગણાય છે અને તેના પર આવકવેરાની ગણતરી થાય છે. કુલ આવકની ગણતરી નીચે પ્રમાણે થાય છે :

(અ) કર ભરનાર શખ્સનું પાછલું વર્ષ નક્કી કરવું.

(બ) કર ભરનાર વ્યક્તિના રહેઠાણનો દરજ્જો નક્કી કરવો.

(ક) તેની કેટલી આવકો કરપાત્ર બને છે તે ગણો. આ આવકો આવકના અલગ અલગ મથાળા હેઠળ ગણીને તેનો સરવાળો કરવો. આવી ગણતરી વખતે અન્ય વ્યક્તિની જે આવકો અંગે એસેસીએ કર ચૂકવવો પડે છે તેનો પણ સમાવેશ (clubbing of income) કરવો.

(ડ) આ સરવાળામાંથી કોઇ પણ મથાળા હેઠળની ખોટ અને અગાઉનાં 8 વર્ષની આગળ ખેંચેલી ધંધાકીય ખોટ વગેરેની રકમ બાદ કરવી.

(ઈ) ઉપર પ્રમાણે ગણતરી કરીને જે રકમ આવે તેમાંથી કલમ 80 સી થી 80 યુ હેઠળ 'અમુક આવકો અને ચૂકવણી અંગેની કપાતો બાદ કર્યા પછી' જે રકમ વધે તે કાયદેસરની 'કુલ આવક' કે 'કુલ કરપાત્ર આવક' ગણાય. આ રીતે ગણેલ આવકને નજીકના રૂ. 10ની રકમમાં ફેરવો. દા.ત. રુ. 6,30,527 આવક હોય તો આવક રૂ. 6,30,530 ગણાશે.

(ફ) 'કુલ કરપાત્ર આવક' પર સંબંધિત આકારણી વર્ષને લગતા દર ધ્યાનમાં લઈ કુલ આવકવેરો નક્કી કરવો.

(ગ) આ રીતે ગણેલ કુલ આવકવેરાની રકમમાંથી કલમ 80 અને 89ની જોગવાઈઓ મુજબ આવકવેરામાંથી વળતર (Rabate) તથા રાહત (Relief) બાદ થશે.

(હ) ત્યાર પછી રહેતી આવકવેરાની રકમ પર 2% + 1% લેખે એજ્યુકેશન સેસ ઉમેરાશે તથા કલમ 234 A, 234 B અને 234 C હેઠળ ચૂકવવાપાત્ર વ્યાજ પણ ઉમેરાશે.

(લ) આ રીતે જ આવકવેરાની રકમ આવે તેમાંથી એસેસીએ ભરેલ વેરો (ઍડવાન્સ ટેક્સ તથા મૂળસ્થાને કપાયેલ ટેક્સ) બાદ કરીને બાકી ચૂકવવાની રકમ નક્કી કરવી (અથવા રિફંડની રકમ નક્કી કરવી.)

**2. પાછળનું વર્ષ (Previous Year) :**

પાછલું વર્ષ એટલે જે વર્ષે આકારણી કરવાની હોય તેની તરત આગળના તા. 31મી માર્ચના રોજ પૂરા થતા બાર માસનો સમય. દા.ત. 2018-19 ના આકારણી વર્ષ માટે પાછલું વર્ષ 2017-18નું વર્ષ ગણાય.

**3. આકારણી વર્ષ (Assessement Year) :**

જે વર્ષ દરમિયાન કરદાતાની પાછલા વર્ષની આવકની આકારણી કરવામાં આવે છે, તેને આકારણી વર્ષ કહે છે. 1961ના ધારામાં આ વ્યાખ્યાનો ઉમેરો કરવામાં આવ્યો છે. દર વર્ષે તારીખ 1લી એપ્રિલથી શરૂ થતો બાર માસનો સમય આકારણી વર્ષ તરીકે ઓળખાય છે. આકારણી વર્ષ 1લી એપ્રિલે શરૂ થાય છે અને ત્યાર પછીના વર્ષની 31મી માર્ચના રોજ પૂરું થાય છે. આ વર્ષ દરમિયાન આવકવેરાની આકારણી કરવામાં આવે છે. આવી આકારણી આ આકારણી વર્ષ દરમિયાન અમલમાં આવેલ આવકવેરાના દર મુજબ થાય છે. દા.ત. 2017-18ના પાછલા વર્ષ (આકારણી વર્ષ 2018-19)ની આવકની Finance Act 2017માં કરેલી જોગવાઈ મુજબ આકારણી કરવામાં આવશે.

## 1.6 નિર્ધારીત કપાતો

**પ્રાસ્તાવિક :**

આવકવેરા ધારામાં કુલ ગ્રોસ આવકમાંથી કેટલીક કપાતો બાદ આપવાની જોગવાઈ કરવામાં આવી છે. આવી કપાતો બે પ્રકારની છે :

1. **એસેસીએ કરેલી ચૂકવણી / રોકાણો અંગે કપાત કરવામાં આવે છે.** દા.ત. તેણે પી.પી.એફ. ખાતામાં રકમ ભરી હોય કે કોઈ સંસ્થાને દાન કર્યું હોય તો તે ચૂકવણી કહેવાય. આવી ચૂકવણીને ઉત્તેજન આપવા માટે અથવા અમુક ચૂકવણી એએસીએ ફરજિયાત કરવી પડે છે, તેથી તેને રાહત આપવા માટે આવી કપાતો આપવામાં આવે છે. અહીં અભ્યાસક્રમમાં જણાવ્યા મુજબની કપાતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે ઉપરાંત અમારી દ્રષ્ટિએ મહત્ત્વની લાગે એવી કેટલીક કપાતોની ચર્ચા કરી છે.

2. **બીજી કેટલીક કપાતો એસેસીની આવક અંગે મળે છે.** દા.ત. સાહિત્ય કે વિજ્ઞાનના પુસ્તકોના લેખકોને મળતી રૉયલ્ટીની આવક અંગે નિયત મર્યાદામાં કપાત તરીકે બાદ મળે છે. આમ, આવા લેખન કાર્યમાંથી મળતી આવક પર ઓછો આવકવેરો ભરવો પડે છે.

વળી, આવી કપાતો ઉપરાંત કેટલીક વાર એસેસીને કર ભરવામાં અન્યાય ન થાય અથવા તેના પર વધુ પડતો બોજ નહિ પડે તે માટે તેને આવકવેરામાંથી રાહતો આપવાની જોગવાઈ પણ આવકવેરા ધારામાં કરવામાં આવી છે.

અહીં એક બાબતની સ્પષ્ટતા કરી લઈએ. ઉપર જે કપાતો જણાવી છે તે આવકના કોઈ અમુક શીર્ષક હેઠળ બાદ મળે એવી વિશિષ્ટ કપાતો નથી. પરંતુ કુલ ગ્રોસ આવકમાંથી બાદ મળે એવી સામાન્ય કપાતો છે. તેથી બધા શીર્ષક હેઠળની કરપાત્ર આવકોનો સરવાળો એટલે કે કુલ ગ્રોસ આવક ગણ્યા પછી આવી સામાન્ય કપાતો બાદ કરવામાં આવે છે.

## <u>સ્વાધ્યાય</u>

**ટૂંકનોંધ લખો.**

1. પાછલું વર્ષ
2. કરવેરા આયોજન
3. કંપની
4. આકસ્મિક આવક
5. આકારણી વર્ષ
6. નિર્ધારીત કપાતો

**નીચેનાને શખ્સની વ્યાખ્યા હેઠળ વર્ગીકૃત કરો.**

1. અભિષેક – કુદરતી વ્યક્તિ
2. પટેલ બ્રધર્સ – ભાગીદારી પેઢી
3. બેંક ઓફ બરોડા – કંપની
4. ગુજરાત યુનિવર્સિટી – કાયદા દ્વારા અસ્તિત્ત્વમાં આવેલી કૃત્રિમ વ્યક્તિ
5. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન – સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા
6. સમીર એન્ડ સન્સ – ભાગીદારી પેઢી
7. ગુજરાત ચૅમ્બર ઑફ કોમર્સ – શખ્સોનું મંડળ
8. શાહરુખખાન – કુદરતી વ્યક્તિ
9. ટાટા લિમિટેડ – કંપની
10. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી – કાયદા દ્વારા અસ્તિત્ત્વમાં આવેલી કૃત્રિમ વ્યક્તિ
11. સુરત મહાનગરપાલિકા – સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા
12. ઈન્ડિયન મેડિકલ એસોસિએશન – વ્યક્તિઓનો સમૂહ

**સાચો વિકલ્પ પસંદ કરો.**

**1. ...................... એ પ્રત્યક્ષ કરવેરા છે.**

1. એક્સાઈઝ ડ્યુટી    **2. આવકવેરો**

3. વેટ    4. આ બધાજ

**2. નીચેનામાંથી ........................ એ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા છે.**

**1. નડિયાદ નગરપાલિકા**    2. અમિતાભ બચ્ચન

3. ઈન્ફોસિસ લિમિટેડ    4. મુકેશ પટેલ

**3. નીચેનામાંથી ........................ એ કૃત્રિમ વ્યક્તિ છે.**

1. નડિયાદ નગરપાલિકા    2. અમિતાભ બચ્ચન

**3. ગુજરાત યુનિવર્સિટી**    4. સુરેશ પટેલ

**4. નીચેનામાંથી ........................ એ પેઢી છે.**

**1. મેસર્સ કોટન સિરિજ ટ્રેડર્સ**    2. સચિન તેંદુલકર

3. સરદાર પટેલ યુનિવર્સિટી    4. ભૂજ મહાનગરપાલિકા

# એકમ 2 પગારની આવક (Salary Income)

## : રૂપરેખા :

2.1 પ્રસ્તાવના

2.2 પગાર એટલે શું ? પગારના નિયમો

2.3 પગારની વ્યાખ્યા

2.4 પગારમાં કઈ રકમનો સમાવેશ થાય છે ?

2.5 બોનસ અને કમિશન

2.6 ભથ્થાંઓ

2.7 સવલતો

2.8 પગારને બદલે મળતાં લાભ

2.9 ગ્રેજ્યુઈટી અને પેન્શન

2.10 પ્રોવિડન્ટ ફંડ

2.11 પગારની આવક સાથે સંકળાયેલ અન્ય જોગવાઈઓ

2.12 પગારની આવકમાંથી બાદ મળતી કપાતો

2.13 વિશિષ્ટ ઉદાહરણો

◆ સ્વાધ્યાય

## 2.1 પ્રસ્તાવના

ભારતના આવકવેરા કાયદો, 1961 પ્રમાણે જે આવકો કરપાત્ર છે તે વર્તમાન આવકવેરા કાયદા પ્રમાણે નીચે આપેલ જુદા જુદા શીર્ષક હેઠળ કરપાત્ર ગણાશે.

1. પગારની આવક
2. મકાન-મિલકતની આવક
3. ધંધા વ્યવસાયની આવક
4. મૂડી નફાની આવક
5. અન્ય સાધનોની આવક

એસેસીએ પાછલા વર્ષ દરમ્યાન કમાયેલ કે મેળવેલ પોતાની કુલ આવક જુદાં જુદાં શીર્ષક હેઠળ આવકના આધાર મુજબ દર્શાવવાની છે. જુદાં જુદાં શીર્ષક હેઠળ આવકની કરપાત્રતા નક્કી કરવાની ગણતરી તેમજ દરેક શીર્ષક હેઠળ મળતી ખાસ કપાતો અલગ અલગ છે.

આમ, જુદાં જુદાં શીર્ષક હેઠળ કરપાત્ર આવકની ગણતરી કેવી રીતે કરવી ? કુલ ગ્રોસ આવક કેવી રીતે શોધવી ? સામાન્ય કપાતોની રકમ કેવી રીતે શોધવી ? કુલ કરપાત્ર રકમ કેવી રીતે શોધવી ? વિગેરે જેવી વિવિધ બાબતોનો અભ્યાસ આ પ્રકરણમાં તેમજ આ પ્રકરણ પછીના પ્રકરણમાં કરીશું ?

વિદ્યાર્થીમિત્રોને જલ્દીથી સમજમાં આવે એટલે નીચેના ચાર્ટ દ્વારા ઉપરની વાત સમજીએ.

એસેસી (વ્યક્તિ) ની કુલ કરપાત્ર આવકની ગણતરી

| | | |
|---|---|---|
| 1. | કરપાત્ર પગારની આવક | ..... |
| 2. | કરપાત્ર મકાન-મિલકતની આવક | ..... |
| 3. | કરપાત્ર ધંધો કે વ્યવસાયની આવક | ..... |
| 4. | કરપાત્ર મૂડી નફાની આવક | ..... |
| 5. | કરપાત્ર અન્ય સાધનોની આવક | ..... |
| | ગ્રોસ આવક | ..... |
| | બાદ : સામાન્ય કપાતો (કલમ 80 C થી 80 U) | ..... |
| | કુલ કરપાત્ર આવક | ..... |

ભારતના આવકવેરા કાયદા હેઠળ જે આવકોનો પગારની આવકમાં સમાવેશ થાય છે તે કયા પ્રકારની અને કઈ આવકો છે ? તેમજ તેની કરપાત્ર રકમ કેવી રીતે ગણાશે ? તેની વિગતવાર ચર્ચા આ પ્રકરણમાં કરેલ છે.

પગારની આવકમાં કેટલીક આવકો સંપૂર્ણ કરપાત્ર છે, જ્યારે કેટલીક આવકો અંશતઃ કરપાત્ર છે અથવા સંપૂર્ણ કરમુક્ત છે. આમ, પગારની આવકમાં કઈ કઈ વિગતોનો સમાવેશ થાય છે તેમજ તેની કઈ ખાસ કપાતો છે વિગેરેની વિગતવાર ચર્ચા આ પ્રકરણના આગળના મુદ્દાઓમાં કરેલ છે. ભારતીય આવકવેરા કાયદામાં 'પગારની આવક' કલમ 17 થી 21 માં કરવામાં આવેલ છે.

## 2.2 પગાર એટલે શું ? પગારના નિયમો

કઈ આવકને પગારની આવક કહેવાય તે માટે નીચેના બે નિયમો હોવા જરૂરી છે.

(i) એક વ્યક્તિ દ્વારા બીજી વ્યક્તિને તેના કાર્ય કે સેવાના બદલામાં જે ચૂકવણી અને સગવડો આપવામાં આવે છે તે રકમ અને

(ii) આ બંને વ્યક્તિ વચ્ચે માલિક અને કર્મચારીનો સંબંધ હોવો જરૂરી છે.

ઉદાહરણો દ્વારા સમજીએ કે કોઈ વ્યક્તિ તેના કાર્યના બદલામાં મળતી રકમ પગાર ગણાય કે નહિ ;

**(1) એજન્ટને મળેલ કમિશન :** આ પગારની આવક ગણાશે નહિ કેમ કે એજન્ટ એ કર્મચારી નથી. એજન્ટને મળતું કમિશન 'ધંધા કે વ્યવસાયની આવક' કે 'અન્ય સાધનોની આવક' હેઠળ કરપાત્ર ગણાશે.

**(2) લોકસભા, રાજ્યસભા કે વિધાનસભા સભ્યોને મળતો પગાર :** લોકસભા કે રાજ્યસભાના સાંસદોને મળતો પગાર તેમજ વિધાનસભાના સભ્યોને મળતો પગાર પગારની આવક ગણાશે નહિ, કારણ કે આ સભ્યો સરકારના કર્મચારીઓ નથી, તેમને મળતો પગાર 'અન્ય સાધનોની આવક' હેઠળ કરપાત્ર ગણાશે.

(3) વિદેશી સરકાર પાસેથી ભારતમાં નોકરીની ફરજો નિભાવવા માટે મળતું મહેનતાણું પગારની આવક ગણાશે, પરંતુ ભારતમાં રહીશ વ્યક્તિએ વિદેશી સરકારને વિદેશમાં આપેલી સેવાઓ બદલ મળેલ મહેનતાણું 'અન્ય સાધનોની આવક' ના શીર્ષક હેઠળ ગણાશે.

(4) જો કોઈ કર્મચારીને તેના માલિક પાસેથી અન્ય કોઈ વ્યક્તિ કે સંસ્થાને આપેલ સેવાઓ માટે મળેલ મહેનતાણું 'પગારની આવક' ગણાશે નહિ.

## 2.3 પગારની વ્યાખ્યા (Definition of salary)

ભારતીય આવકવેરા કાયદામાં કલમ 17(1) મુજબ 'પગાર'માં નીચેનાનો સમાવેશ થાય છે :

1. મજૂરી
2. વર્ષાસન કે પેન્શન
3. ગ્રેચ્યુઇટી
4. પગાર કે મજૂરીને બદલે અથવા તે ઉપરાંત આપવામાં આવતી કોઇ પણ ફી, કમિશન, ભથ્થાં, સવલતો વિગેરે.
5. કર્મચારીની ચઢેલી રજાઓની અવેજમાં મળેલ રકમ
6. અગાઉથી મળેલ પગાર
7. માન્ય પ્રોવિડન્ટ ફંડમાં માલિકનો પગારના 12%થી વધુ ફાળો અને માન્ય પ્રોવિડન્ટ ફંડમાં વાર્ષિક 9.5% થી વધુ વ્યાજ
8. કેન્દ્ર સરકાર દ્વારા તેના કર્મચારીઓના નામે પેન્શન યોજના હેઠળ જમા થયેલ ફાળો
9. સામાન્ય પ્રોવિડન્ટ ફંડમાંથી માન્ય પ્રોવિડન્ટ ફંડમાં ફેરબદલી કરાયેલ રકમનો કરપાત્ર ગણાતો ભાગ.

## 2.4 પગારમાં કઈ રકમનો સમાવેશ થાય છે ?

પગારની આવકમાં નીચેની આવકોનો સમાવેશ થાય છે.

પગારની આવક

1. મૂળ પગાર
2. બોનસ અને કમિશન
3. ભથ્થાં
4. સવલતો
5. વર્ષાસન કે પેન્શન
6. ગ્રેચ્યુઈટી
7. પગારની અવેજમાં મળતો લાભ
8. માન્ય પ્રોવિડન્ટ ફંડમાં માલિકનો પગારના 12%થી વધુ ફાળો
9. માન્ય પ્રોવિડન્ટ ફંડમાં 9.5% થી વધારે જમા થયેલ વ્યાજ
10. રજાઓને બદલે મળતો પગાર

અહીં પગારમાં,

1. વર્તમાન માલિક કે ભૂતપૂર્વ માલિક પાસેથી પાછલા વર્ષમાં લેણી થયેલી પગારની રકમ પછી તે ખરેખર ચૂકવાઈ હોય કે ન ચૂકવાઈ હોય,
2. વર્તમાન માલિક કે ભૂતપૂર્વ માલિક દ્વારા પાછલા વર્ષમાં ચૂકવેલી કે મંજૂર રાખેલી રકમ જે લેણી થઈ નથી કે લેણી થયા પહેલાં ચૂકવાયેલી છે. (એડવાન્સ પગાર)
3. વર્તમાન માલિક કે ભૂતપૂર્વ માલિક દ્વારા પાછલા વર્ષમાં કર્મચારીને પાછલું વર્ષ કે પાછલાં વર્ષના અગાઉના વર્ષોમાં ચૂકવવાનો બાકી પગાર (arrears of salary) આપવામાં આવ્યો હોય તો તે (જેના પર આવકવેરો વસૂલ કરવામાં આવેલ ન હોવો જોઇએ.)
4. મૂળ પગાર તરીકે કર્મચારીને મળતી રકમ સંપૂર્ણ કરપાત્ર છે.

**અન્ય અગત્યની નોંધ :**

1. સામાન્ય રહીશ વ્યક્તિએ ભારતમાં કે ભારત બહાર કરેલ નોકરી અંગે જે પગાર લેણો થયો હોય તે પગાર ભારતમાં કરપાત્ર ગણાશે. આ પગાર ભારતમાં મળેલ હોય કે ભારત બહાર મળેલ હોય તો પણ કરપાત્ર ગણાશે.
2. ભારતમાં કે પરદેશમાં કરેલી નોકરી અંગે લેણી થયેલ પગારની રકમ કર્મચારીને સીધી ભારતમાં જ મળતી હોય તો તે કોઈપણ રહેઠાણનો દરજ્જો ધરાવતાં કર્મચારીને ભારતીય આવકવેરા હેઠળ કરપાત્ર ગણાશે.
3. માલિક પાસેથી કોઈપણ હેતુ માટે લીધેલી લોન પગાર ગણાશે નહિ. દા.ત. વાહન ખરીદવા કે મકાન ખરીદવા લીધેલ લોન.
4. ભાગીદારી પેઢીના ભાગીદારોને મળતો પગાર, બોનસ, કમિશન કે કોઇ ભથ્થાં પગારની આવક ગણાશે નહીં.

## 2.5 બોનસ અને કમિશન (Bonus and Commission)

**બોનસ :** 1965ના બોનસ ચૂકવણી ધારા હેઠળ માલિક દ્વારા કર્મચારીને આપવામાં આવતું બોનસ પગારનો એક ભાગ ગણાય છે. કર્મચારીને પાછલા વર્ષ દરમ્યાન બોનસ તરીકે મળતી રકમ સંપૂર્ણ કરપાત્ર છે.

**કમિશન :** માલિક અને કર્મચારી વચ્ચે થયેલ કરારની શરત મુજબ જો કમિશન પગારનો ભાગ ગણવામાં આવ્યો હોય તો તે કમિશનની રકમ પગારના શીર્ષક હેઠળ જ સંપૂર્ણ કરપાત્ર ગણાશે.

કમિશનના દર કે રકમ પહેલેથી નક્કી કરેલી હોય અથવા માલિકની ઇચ્છા અનુસાર ચૂકવાતું હોય તે પણ આ બંને સંજોગોમાં કમિશનની રકમ પગારની આવક હેઠળ સંપૂર્ણ કરપાત્ર ગણાશે.

**ઓવરટાઇમ અંગે ચૂકવણી :** માલિક દ્વારા કર્મચારીને વધારાની સેવાઓ આપવા બદલ કે ઑફિસ સમય ઉપરાંત વધારે સમય આપવા બદલ કોઈ મહેનતાણું આપવામાં આવે તો તે ઓવરટાઇમની રકમ પગારની આવકમાં ઉમેરાશે.

## 2.6 ભથ્થાંઓ

માલિક તરફથી તેના કર્મચારીને મૂળ પગાર ઉપરાંત નોકરીના સંજોગો અનુસાર વિવિધ ભથ્થાંઓ આપવામાં આવતાં હોય છે. આવા ભથ્થાંઓ સામાન્ય રીતે રોકડ સ્વરૂપમાં આપવામાં આવે છે. કર્મચારીઓને આવાં ભથ્થાંઓ મોંઘવારીને પહોંચી વળવા તેમજ તેમને રોજ-બરોજ કરવાં પડતાં ખર્ચને ધ્યાનમાં રાખીને માલિક તરફથી પગાર સાથે આપવામાં આવે છે. આવકવેરાની દૃષ્ટિએ આવાં ભથ્થાંઓને નીચે પ્રમાણે વર્ગીકરણ કરવામાં આવેલ છે :

1. **સંપૂર્ણપણે કરપાત્ર ભથ્થાં :** આ ભથ્થાંઓ પેટે મળતી રકમ સંપૂર્ણ કરપાત્ર છે જે કરપાત્ર પગારની ગણતરીમાં મૂળ પગારની સાથે ઉમેરાશે.
2. **અંશતઃ કરપાત્ર ભથ્થાં :** આ ભથ્થાંઓ પેટે મળતી રકમમાંથી આવકવેરાની જોગવાઈઓ મુજબ તેમાંથી કેટલીક રકમ કરપાત્ર પગારમાં ઉમેરાશે.
3. **સંપૂર્ણપણે કરમુક્ત ભથ્થાં :** આ ભથ્થાંઓ પેટે મળતી રકમ કરપાત્ર પગારની ગણતરીમાં ઉમેરાશે નહિ કારણ કે આવકવેરાની જોગવાઈઓ અનુસાર તે સંપૂર્ણપણે કરમુક્ત છે.

   ત્રણે પ્રકારનાં ભથ્થાંઓમાં કયા ભથ્થાંઓનો સમાવેશ થાય છે તેમજ આ ભથ્થાંઓ માટે આવકવેરાની જોગવાઈઓ કઇ છે તેનો વિગતવાર અભ્યાસ નીચે પ્રમાણે છે :

**1. સંપૂર્ણપણે કરપાત્ર ભથ્થાં (Fully Taxable Allowances) :**

**(i) મોંઘવારી ભથ્થું (Dearness Allowance) :**

માલિક તરફથી આ ભથ્થું તેના કર્મચારીઓને રોજબરોજ વધતાં મોંઘવારીની સામે

રક્ષણ મેળવવા મૂળ પગારની સાથે રોકડ સ્વરૂપમાં ચૂકવવાં આવતું હોય છે, જેની પૂરેપૂરી રકમ કરપાત્ર પગારની ગણતરીમાં ઉમેરાશે.

મોંઘવારી ભથ્થાંનો સંપૂર્ણ કે અંશતઃ ભાગ અન્ય ગણતરીમાં ઉપયોગમાં લેવાય છે જેમ કે પ્રોવિડન્ટ ફંડની ગણતરીમાં.

**(ii) સિટી કૉમ્પેન્સેટરી ભથ્થું (City Compensatory Allowance) :**

જ્યારે કર્મચારી કોઈ મોટા શહેરમાં નોકરી કરતો હોય ત્યારે સામાન્ય સંજોગોમાં તેનો ખર્ચ નાના શહેરમાં કે ગામડાં કામ કરતાં કર્મચારી કરતાં વધારે હોય છે. આવા ખર્ચાઓને પહોંચી વળવા માલિક તરફથી તેના કર્મચારી આ ભથ્થું આપવામાં આવતું હોય છે જે એક મોંઘવારી ભથ્થાંનો જ ભાગ ગણાય. આ ભથ્થાં પેટે મળતી રકમ સંપૂર્ણ કરપાત્ર છે.

**(iii) મેડિકલ ભથ્થું (Medical Allowance) :**

માલિક તરફથી તેના કર્મચારીને કોઈ નિશ્ચિત રકમ તબીબી ભથ્થાં / મેડિકલ ભથ્થાં તરીકે ચૂકવવામાં આવે તો આ રકમ સંપૂર્ણપણે કરપાત્ર છે. કર્મચારીએ આ ભથ્થાં સામે કેટલો તબીબી સારવાર પેટે ખર્ચ કર્યો તે ધ્યાનમાં લેવાશે નહિ.

**(iv) ટિફિન ભથ્થું (Tiffin Allowance) :**

કર્ચચારીને તેના માલિક તરફથી કોઇ નિશ્ચિત રકમ ટિફિન કે લંચ પેટે આપવામાં આવતી હોય તો આ રકમ સંપૂર્ણપણે કરપાત્ર છે. કર્મચારીએ કરેલ ખરેખર ખર્ચ ધ્યાનમાં લેવાશે નહિ.

**(v) નોકર ભથ્થું (Servant Allowance) :**

માલિક તરફથી તેના કર્મચારીને નોકરની સગવડ મળે તે હેતુથી કોઈ નિશ્ચિત રકમ તેના પગાર સાથે આપવામાં આવતી હોય તો આ ભથ્થું પણ સંપૂર્ણપણે કરપાત્ર છે.

**(vi) અન્ય ભથ્થાંઓ (Other Allowances) :**

કર્મચારીને જુદા જુદા નામથી રોકડમાં મળતાં આવાં ભથ્થાંઓ પણ સંપૂર્ણ કરપાત્ર છે જેવા કે ઓવરટાઈમ ભથ્થું, કુટુંબ ભથ્થું, વોર્ડન ભથ્થું વિગેરે.

**2. અંશતઃ કરપાત્ર ભથ્થાં (Partly Taxable Allowances) :**

માલિક તરફથી કર્મચારીઓને મળતાં કેટલાંક ભથ્થાંઓ આવકવેરાની જોગવાઈઓને આધારે અંશતઃ કરપાત્ર છે. એટલે કે જે રકમ કરપાત્ર થશે તે જ રકમ કર્મચારીના કરપાત્ર પગારની ગણતરીમાં મૂળ પગારમાં ઉમેરાશે.

**(i) ઘરભાડા ભથ્થું (House Rent Allowance) :**

જ્યારે કર્મચારીને માલિક તરફથી રહેઠાણની સગવડ માટે દર મહિને પગારની સાથે ઘરભાડા પેટે કોઈ નિશ્ચિત રકમ આપવામાં આવતી હોય તો આવકવેરા ધારાની કલ 10 (13 A) હેઠળ નીચે મુજબની જોગવાઈઓ અનુસાર અમુક રકમ કરમુક્ત થશે જ્યારે બાકીની રકમ કરપાત્ર ગણાશે.

ઘરભાડા ભથ્થાં અંગે નીચે મુજબની ત્રણ શરતો પરથી શોધેલ ત્રણ રકમમાંથી સૌથી ઓછી રકમ કરમુક્ત ગણાશે :

1. પાછલા વર્ષ દરમિયાન માલિક દ્વારા કર્મચારીને ઘરભાડા ભથ્થાં
   પેટે આપેલ કુલ રકમ (ખરેખર મળેલ ઘરભાડા ભથ્થું) ..........
2. કર્મચારીએ તેના ‘પગાર’ નાં 10% થી વધુ ચૂકવેલ ભાડું
   (ખરેખર ચૂકવેલ ભાડું - પગારના 10%) ..........

3. પગારના 40% (જો ભાડે રાખેલ મકાન મુંબઈ, કોલકત્તા, ..........
દિલ્હી કે ચેન્નાઈમાં હોય તો પગારના 50% લેવાં)

ઉપરની ત્રણે રકમમાંથી સૌથી ઓછી રકમ = કરમુક્ત ઘરભાડા ભથ્થું

કરપાત્ર ઘરભાડા ભથ્થું = કર્મચારીને મળેલ કુલ ઘરભાડા ભથ્થું બાદ કરમુક્ત ઘરભાડા ભથ્થુ.

અહીં, પગાર એટલે મૂળ પગાર. પરંતુ જો નોકરીની શરતો મુજબ પ્રોવિડન્ડ ફંડની ગણતરી માટે જો મોંઘવારી ભથ્થાંની જેટલી રકમ ગણવામાં લેવામાં આવતી હોય તે રકમ મૂળ પગારમાં ઉમેરવી. તે ઉપરાંત કર્મચારીએ પોતે કરેલ વેચાણમાં નિશ્ચિત ટકા કમિશન તરીકે ગણતા હોય તો કમિશનની રકમ પણ મૂળ પગારમાં ઉમેરવી.

જો કર્મચારી પાછલા વર્ષમાં ઘરભાડા પેટે એક પણ રકમ ચૂકવતો ન હોય તો તેને મળેલ ઘરભાડા ભથ્થું સંપૂર્ણ કરપાત્ર થશે.

**ઉદાહરણ-1 :** અમદાવાદના શ્રી ફોગટલાલને વાર્ષિક રૂ. 8,20,000 નો મૂળ પગાર મળે છે તથા મોંઘવારી ભથ્થું વાર્ષિક રૂ. 1,80,000 લેખે મળે છે. મોંઘવારી ભથ્થાંની સંપૂર્ણ રકમ પ્રોવિડન્ટ ફંડની ગણતરીમાં ધ્યાનમાં લેવાય છે. શ્રી ફોગટલાલને ઘરભાડા ભથ્થાં પેટે રૂ. 1,56,000 મળેલ છે જ્યારે તેમને રહેવાના મકાનનું ભાડું રૂ. 1,70,000 ચૂકવેલ છે.

પાછલા વર્ષ 2017-18 માટે કરપાત્ર ઘરભાડા ભથ્થાંની ગણતરી કરો.

**જવાબ :** પગારમાં મૂળ પગાર રૂ. 8,20,000 ની સાથે મોંઘવારી ભથ્થાંમાં રૂ. 1,80,000 પણ ઉમેરાશે.

| **શરતો :** | | **રૂ.** |
|---|---|---|
| (1) | ખરેખર મળેલ ઘરભાડા ભથ્થું | 1,56,000 |
| (2) | ખરેખર ચૂકવેલ ઘરભાડા ભથ્થું - પગારના 10% (રૂ. 1,70,000 – રૂ. 1,00,000) | 70,000 |
| (3) | પગારના 40% (રૂ. 10,00,000 × 40%) | 4,00,000 |

ઉપરની ત્રણે રકમમાંથી સૌથી ઓછી રકમ રૂ. 70,000 છે.

જે કરમુક્ત ઘરભાડું ભથ્થું ગણાશે.

કરપાત્ર ઘરભાડા ભથ્થુ = ખરેખર મળેલ ઘરભાડા ભથ્થુ
બાદ કરમુક્ત ઘરભાડા ભથ્થુ
= રૂ. 1,56,000 – રૂ. 70,000
= <u>રૂ. 86,000</u>

**ઉદાહરણ-2 :** નીચે આપેલ માહિતીના આધારે કરદાતાઓની ગ્રોસ પગારની ગણતરી કરો.

આકારણી વર્ષ 2018-2019 પાછલું વર્ષ 2017-2018

| **આવકની વિગત** | **કરદાતાનું નામ** | | | |
|---|---|---|---|---|
| | **અ** | **બ** | **ક** | **ડ** |
| મૂળ પગાર | 7,28,000 | 9,44,000 | 5,12,000 | 14,40,000 |
| બોનસ | – | 80,000 | 48,000 | 1,20,000 |
| મોંઘવારી ભથ્થું | 3,64,000 | 2,36,000 | 92,800 | 2,88,000 |
| ઘરભાડા ભથ્થું | 1,44,000 | 1,88,800 | 1,14,000 | પગારના 12% |
| ખરેખર ચૂકવેલ ભાડું | 1,68,000 | 2,36,000 | 1,80,000 | માસિક રૂ. 17,600 |
| નોકરીનું સ્થળ | મહેસાણા | મુંબઈ | દિલ્હી | અમદાવાદ |

**નોંધ :** (1) શ્રી કના પ્રોવિડન્ટ ફંડની ગણતરીમાં મૂળ પગાર સાથે મોંઘવારી ભથ્થાંની 100% રકમ લેવાય છે.

(2) શ્રી ડ તા. 1-1-2018 થી પોતે બંધાવેલ નવા મકાનમાં અંગત રહેઠાણ તરીકે ઉપયોગમાં લે છે.

**જવાબ :** **ગ્રોસ પગારની ગણતરી** **આ. વર્ષ 2018-2019**

**પા. વર્ષ 2017-2018**

| વિગત | | રકમ (રૂ.) |
|---|---|---|
| **કરદાતા અ : (મહેસાણા)** | | |
| મૂળ પગાર | | 7,28,000 |
| બોનસ | | – |
| મોંઘવારી ભથ્થું | | 3,64,000 |
| ઘરભાડા ભથ્થું | | 48,800 |
| | **ગ્રોસ પગાર** | **11,40,800** |
| કરપાત્ર ઘરભાડા ભથ્થાંની ગણતરી : | | |
| (1) ખરેખર મળેલ ઘરભાડા ભથ્થું | રૂ. 1,44,000 | |
| (2) ખરેખર ચૂકવેલ ઘરભાડું – પગારના 10% | રૂ. 95,200 | |
| (1,68,000 – 72,800) | | |
| (3) પગારના 40% (7,28,000 × 40%) | રૂ. 2,91,200 | |
| કરમુક્ત ઘરભાડા ભથ્થું = | રૂ. 95,200 | |
| કરપાત્ર ઘરભાડા ભથ્થું = | રૂ. 48,800 | |
| (રૂ. 1,44,000 – રૂ. 95,200) | | |
| **કરદાતા બ : (મુંબઈ)** | | **રૂ.** |
| મૂળ પગાર | | 9,44,000 |
| બોનસ | | 80,000 |
| મોંઘવારી ભથ્થું | | 2,36,000 |
| ઘરભાડા ભથ્થું | | 47,200 |
| | **ગ્રોસ પગાર** | **13,07,200** |
| કરપાત્ર ઘરભાડા ભથ્થાંની ગણતરી : | | |
| (1) ખરેખર મળેલ ઘરભાડા ભથ્થું | રૂ. 1,88,800 | |
| (2) ખરેખર ચૂકવેલ ઘરભાડું – પગારના 10% | રૂ. 1,41,600 | |
| (રૂ. 2,36,000 – રૂ. 94,400) | | |
| (3) પગારના 50% (9,44,000 × 50%) | રૂ. 4,72,200 | |
| કરમુક્ત ઘરભાડા ભથ્થું = | રૂ. 1,41,600 | |
| કરપાત્ર ઘરભાડા ભથ્થું = | રૂ. 47,200 | |
| (રૂ. 1,88,800 – રૂ. 1,41,600) | | |

| **કરદાતા ક : (દિલ્હી)** | | **રૂ.** |
|---|---|---|
| મૂળ પગાર | | 5,12,000 |
| બોનસ | | 48,000 |
| મોંઘવારી ભથ્થું | | 92,800 |
| ઘરભાડા ભથ્થું | | – |
| | **ગ્રોસ પગાર** | **6,52,800** |
| કરપાત્ર ઘરભાડા ભથ્થાંની ગણતરી : | | |
| (1) ખરેખર મળેલ ઘરભાડા ભથ્થું | રૂ. 1,14,000 | |
| (2) ખરેખર ચૂકવેલ ઘરભાડું – પગારના 10% | રૂ. 1,19,520 | |
| (રૂ. 1,80,000 – રૂ. 60,480) | | |
| (3) પગારના 50% (રૂ. 6,04,800 × 50%) | રૂ. 3,02,400 | |
| કરમુક્ત ઘરભાડા ભથ્થું = | રૂ. 1,14,000 | |
| કરપાત્ર ઘરભાડા ભથ્થું = | શૂન્ય | |
| (રૂ. 1,14,000 – રૂ. 1,14,000) | | |
| **કરદાતા ડ : (અમદાવાદ)** | | **રૂ.** |
| મૂળ પગાર | | 14,40,000 |
| બોનસ | | 1,20,000 |
| મોંઘવારી ભથ્થું | | 2,88,000 |
| ઘરભાડા ભથ્થું | | 1,22,400 |
| | **ગ્રોસ પગાર** | **19,70,400** |
| કરપાત્ર ઘરભાડા ભથ્થાંની ગણતરી : | | |
| (1) ખરેખર મળેલ ઘરભાડા ભથ્થું | | |
| (રૂ. 14,40,000 ના 12%) × 9 મહિનાના | રૂ. 1,29,600 | |
| (2) ખરેખર ચૂકવેલ ઘરભાડું – પગારના 10% | રૂ. 50,400 | |
| (રૂ. 1,58,400 (17,600 × 9)– રૂ. 1,08,000) | | |
| (3) પગારના 40% (રૂ. 14,40,000 × $\frac{9}{12}$ | રૂ. 4,32,000 | |
| = 10,80,000 × 40%) | | |
| કરમુક્ત ઘરભાડા ભથ્થું = | રૂ. 50,400 | |
| કરપાત્ર ઘરભાડા ભથ્થું = | | |
| (રૂ. 14,40,000 ના 12% = 1,72,800) = | 1,22,400 | |
| બાદ રૂ. 50,400 | | |

**(ii) મનોરંજન ભથ્થું (Entertainment Allowance) :**

(a) બિન સરકારી કર્મચારીઓને મળતું મનોરંજન ભથ્થું સંપૂર્ણ કરપાત્ર છે.

(b) સરકારી કર્મચારીઓને મળતું મનોરંજન ભથ્થું નીચેની શરતોના આધારે અમુક રકમ કરમુક્ત છે આ શરતો નીચે પ્રમાણે છે :

1. ખરેખર મળેલ મનોરંજન ભથ્થું ..........

2. મૂળ પગારના 20% ($\frac{1}{5}$) ..........

3. વધુમાં વધુ રકમ 5000

**નોંધ :** કરપાત્ર પગારની ગણતરી વખતે કર્મચારીને મળેલ મનોરંજન ભથ્થું પૂરેપુરું ગ્રોસ પગારની ગણતરીમાં ઉમેરવામાં આવશે. ત્યારબાદ ગ્રોસ પગારમાંથી કરમુક્ત મનોરંજન ભથ્થાંની રકમ કલમ 16(ii) મુજબ બાદ આપવામાં આવશે.

**ઉદાહરણ-3 :** શ્રી અમર ગુજરાત સરકારના કર્મચારી છે. પાછલા વર્ષ 2017-'18 માં તેમની આવકની માહિતી નીચે મુજબ છે :

| | |
|---|---|
| મૂળ પગાર | રૂ. 30,000 માસિક |
| બોનસ | રૂ. 7,500 વાર્ષિક |
| મોંઘવારી ભથ્થું | રૂ. 15,000 માસિક |
| મનોરંજન ભથ્થું | રૂ. 2000 માસિક |

વર્ષ દરમિયાન મળેલ મનોરંજન ભથ્થાંમાંથી તેમણે રૂ. 32,000નો ખર્ચ કરેલ છે.

આકારણી વર્ષ 2018-'19 માટે કરપાત્ર પગારની ગણતરી કરો.

**જવાબ : શ્રી અમરની કરપાત્ર પગારની ગણતરી**

**પા. વર્ષ 2017-'18** **આ. વર્ષ 2018-'19**

| વિગત | રકમ (રૂ.) |
|---|---|
| મૂળ પગાર (રૂ. 30,000 × 12) | 3,60,000 |
| બોનસ | 7,500 |
| મોંઘવારી ભથ્થું (રૂ. 15,000 × 12) | 1,80,000 |
| મનોરંજન ભથ્થું (રૂ. 2000 × 12) | 24,000 |
| **ગ્રોસ પગાર** | **5,71,500** |
| બાદ : કરમુક્ત મનોરંજન ભથ્થું (નોંધ મુજબ) | 5000 |
| કરપાત્ર પગાર | 5,66,500 |

**નોંધ :** મનોરંજન ભથ્થાંની કરમુક્ત રકમ શોધવા માટે :

(1) ખરેખર મળેલ મનોરંજન ભથ્થું રૂ. 24,000

(2) મૂળ પગારના 20% (3,60,000 × 20%) રૂ. 72,000

(3) વધુમાં વધુ રકમ રૂ. 5000

સૌથી ઓછામાં ઓછી રકમ એટલે કે કરમુક્ત મનોરંજન ભથ્થું.

આવકવેરા કાયદાની કલમ 10(14) હેઠળ કેટલાંક ભથ્થાંઓની કરમુક્તિની મર્યાદા આપેલી છે જેના આધારે કેટલી રકમ કરપાત્ર થશે અને કેટલી રકમ કરમુક્ત થશે તે જાણી શકાય છે. આવા, ભથ્થાંઓની વિગતો નીચે પ્રમાણે છે :

**(iii) શિક્ષણ ભથ્થું (Education Allowance) :**

કર્મચારીઓના સંતાનના શિક્ષણ માટે મળતું શિક્ષણ ભથ્થું નીચેની શરતો પ્રમાણે કરમુક્ત છે.

સંતાનદીઠ વધુમાં વધુ માસિક રૂ. 100 પરંતુ વધુમાં વધુ બે સંતાન માટે.

**(iv) હોસ્ટેલ ખર્ચ ભથ્થું (Hostel Expenditure Allowance) :**

કર્મચારીઓના સંતાન માટે માલિક દ્વારા હોસ્ટેલ ખર્ચ પેટે આપવામાં આવતું ભથ્થું નીચેની શરતોની આધીન કરમુક્ત ગણાશે :

સંતાનદીઠ માસિક રૂ. 300 લેખે પરંતુ વધુમાં વધુ બે સંતાન માટે.

**(v) વાહન વ્યવહાર ભથ્થું (Transpost Allowance) :**

જ્યારે માલિક દ્વારા કર્મચારીને તેના રહેઠાણના સ્થળેથી નોકરીના સ્થળે કે કામના સ્થળે આવવા-જવા માટે જે ખર્ચ થાય તે પેટે કોઈ નિશ્ચિત રકમ આપવામાં આવે તેને વાહનવ્યવહાર ભથ્થું કહેવાય છે. આવકવેરાના કાયદા મુજબ માસિક રૂ. 1600 ના દરે મળતી રકમ કરમુક્ત ગણાય છે. જો માસિક રૂ. 1600 થી વધુ રકમ આ ભથ્થાં પેટે આપવામાં આવે તો તે વધારાની રકમ કરપાત્ર ગણાશે. અંધ કે અપંગ કર્મચારીઓ માટે કરમુક્ત મર્યાદા માસિક રૂ. 3200 ની છે. અહીં ખરેખર ખર્ચ ધ્યાનમાં લેવામાં આવતો નથી.

**(vi) પ્રવાસ દરમ્યાન અંગત ખર્ચ માટે મળતું ભથ્થું (Running Allowance) :**

વાહન વ્યવહારના ધંધા જેવાં કે રેલ્વે, બસ ટ્રાન્સપોર્ટ, વિમાન વિગેરેમાં નોકરી કરનાર કર્મચારીને તેના પ્રવાસ દરમિયાન તેના અંગત ખર્ચ માટે મળતું ભથ્થું નીચેની મર્યાદા સુધી કરમુક્ત ગણાય છે.

1. મળેલ ભથ્થાંની 70% રકમ અથવા
2. વધુમાં વધુ માસિક રૂ. 10,000

**(vii) આદિવાસી વિસ્તારમાં ફરજો બજાવવા બદલ મળતું ભથ્થું (Tribal area & Scheduled Allowance) :**

ભારતમાં અમુક રાજ્યો જેવાં કે મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, ત્રિપુરા, પશ્ચિમ બંગાળ, આસામ, ઓરિસ્સા, કર્ણાટક અને તમિલનાડુના આદિવાસી વિસ્તારમાં ફરજો બજાવવા બદલ મળતા ભથ્થાંની રકમ માસિક રૂ. 200 લેખે થતી રકમ કરમુક્ત ગણાય છે.

**(viii) પહાડી વિસ્તાર, દુર્ગમ વિસ્તાર, સરહદી વિસ્તાર, આતંકવાદથી ગ્રસ્ત વિસ્તાર વગેરે સ્થળોએ નોકરી કરનારને મળતા વિશિષ્ટ વળતર ભથ્થું (Special Compensatory Allowance) :**

માસિક રૂ. 1060 થી રૂ. 1600 ની નિયત મર્યાદામાં કરમુક્ત ગણાય છે. ખાણમાં કે ભૂગર્ભમાં કામ કરતા કર્મચારીને મળતા ખાસ ભથ્થાં પૈકી માસિક રૂ. 800 અને આતંકવાદીઓ સામે લડનાર કર્મચારીઓને મળતા ભથ્થાં પૈકી માસિક રૂ. 3900 સુધીની રકમ કરમુક્ત ગણાય છે.

**(ix) વિદેશ ભથ્થું (Foreign Allowance) :**

ભારત સરકાર તરફથી જે કોઈ ભારતીય નાગરિક હોય તેવા કોઈ કર્મચારીને વિદેશમાં સેવાઓ આપતી વખતે આપવામાં આવતાં ભથ્થાંને સંપૂર્ણપણે કરમુક્ત છે. પરંતુ કોઈ બિનસરકારી કે ખાનગી સંસ્થા દ્વારા ભારતીય નાગરિક હોય તેવા તેના કર્મચારીને પરદેશમાં સેવા આપવા માટે આપવામાં આવતાં ભથ્થાં સંપૂર્ણ કરપાત્ર છે.

**(x) વિદેશી ટેક્નિશિયનને મળતું ભથ્થું :**

બિન-રહીશ વિદેશી ટેક્નિશિયનને મળતું ભથ્થું પૂરેપુરું કરપાત્ર ગણાય છે. તેમને મળતો પગાર પણ કરપાત્ર છે.

**(xi) વિદેશી નાગરિકને મળતું ભથ્થું :**

જે તે દેશની એમ્બેસી કે તેના જેવી કોઇ સંસ્થામાં કામ કરતાં વિદેશી નાગરિકોને મળતું ભથ્થું તેમજ તેમને મળતો પગાર સંપૂર્ણપણે કરમુક્ત છે.

(xii) હાઇકોર્ટ કે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશને મળતાં ભથ્થાં સંપૂર્ણપણે કરમુક્ત ગણાય છે.

(xiii) સંયુક્ત રાષ્ટ્રસંઘન (UNO)ના કર્મચારીને ભારતમાં મળતાં ભથ્થાં સંપૂર્ણપણે કરમુક્ત છે.

(xiv) સાર્ક (SAARC)ના સભ્ય દેશમાંથી શિક્ષક/સંશોધન કર્તાને મળતાં ભથ્થાં, જે તે દેશમાં તેમના આગમનથી વધુમાં વધુ 2 વર્ષ સુધી કરમુક્ત ગણાશે.

<u>આવકવેરાની કાયદાની કમલ 10(14) માં આપેલ કેટલાંક વિશિષ્ટ ભથ્થાં કર્મચારીને કોઇ ખાસ હેતુ માટે કે કોઈ ખર્ચ કરવા માટે આપવામાં આવે છે, જે સામાન્ય રીતે સંપૂર્ણ કરમુક્ત છે  પરંતુ જો કર્મચારી તે પૈકી કોઇ રકમ બચાવી હોય તો તે રકમ કરપાત્ર ગણાશે, જે કર્મચારીના કરપાત્ર પગારની ગણતરીમાં ઉમેરાશે. આવા ભથ્થાંઓ નીચે પ્રમાણે છે :</u>

**(i) વાહન ભથ્થું (Conveyance Allowance or Transfer Allowance) :**

જ્યારે માલિક દ્વારા તેના કર્મચારીઓને તેમના ધંધા કે કામના હેતુ માટે ધંધા કે કામના સ્થળેથી તેમને કોઇ અન્ય સ્થળે આવવા જવા માટે કોઈ નિશ્ચિત રકમ આપવામાં આવે તો તેને વાહન ભથ્થું કહેવામાં આવે છે. દા.ત. અમદાવાદમાં કામ કરતાં કર્મચારીને અમદાવાદમાં જ કોઇ સ્થળે આવવા-જવા માટે મળતી રકમ. અહીં એવી ધારણા કરવામાં આવે છે કે કર્મચારીએ ધંધાકીય ફરજો કે કામ પૂરા કરવા માટે બધી જ રકમનો ખર્ચ કર્યો હશે તેથી વાહનભથ્થાંની રકમ સામાન્ય રીતે કરમુક્ત ગણાય છે. પરંતુ જો કોઇ કર્મચારીએ વાહન ભથ્થાં પેટે મળતી રકમમાંથી કોઈ રકમ બચાવી હોય તો તે કરપાત્ર ગણાશે.

**(i) પ્રવાસ ભથ્થું (Travelling Allowance or Transper Allowance) :**

નોકરી કે ધંધાના હેતુ માટે કર્મચારીઓને અન્ય કોઇ સ્થળે જવા-આવવા માટે મળતું ભથ્થું એટલે પ્રવાસ ભથ્થું. જેમાં નોકરીનું સ્થળ બદલવા માટે થતાં ખર્ચ સહિતની રકમ પેટે માલિક તરફથી મળતી રકમનો પણ સમાવેશ થાય છે.

આ હેતુ માટે મળતી રકમ પૂરેપૂરી ખર્ચ કરી દેવામાં આવી હોય તો તે સંપૂર્ણ કરમુક્ત ગણાય છે, પરંતુ જો કોઇ રકમ બચાવી હોય તો તે કરપાત્ર ગણાશે.

**(iii) દૈનિક ભથ્થું (Daily Allowance) :**

નોકરી કે ધંધાના હેતુ માટે કર્મચારીને કોઈ અન્ય સ્થળે કામ કરવા માટે મોકલવામાં આવે ત્યારે કર્મચારીની દૈનિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે માલિક દ્વારા આ ભથ્થું આપવામાં આવે છે. આ રકમનો સંપૂર્ણ ખર્ચ કરવામાં આવ્યો હોય તો તે કરમુક્ત ગણાશે.

**(iv) મદદનીશ માટે મળતું ભથ્થું (Helper Allowance) :**

કર્મચારીને પોતાના કાર્યો વધુ સારી રીતે કરવા માટે કેટલીકવાર મદદનીશની જરૂરિયાત રહેતી હોય છે. તે માટે માલિક દ્વારા કર્મચારીને કોઈ નિશ્ચિત રકમ પગારની સાથે આપવામાં આવતી હોય છે. જો કર્મચારી આ રકમનો સંપૂર્ણ ખર્ચ કરી લે તો આ ભથ્થું સંપૂર્ણ કરમુક્ત ગણાશે. પરંતુ જો કોઇ રકમ આ ભથ્થાંમાંથી બચાવવામાં આવશે તો તે રકમ કરપાત્ર ગણાશે.

**(v) શૈક્ષણિક હેતુ માટે ભથ્થું (Academic Allowance or Research Allowance) :**

શૈક્ષણિક અને રિસર્ચ સંસ્થાઓના કર્મચારીઓને શૈક્ષણિક હેતુ માટે મળતું આ ભથ્થું કર્મચારીએ કરેલ ખરેખર ખર્ચ સુધી કરમુક્ત છે.

**(vi) ગણવેશ માટે ભથ્થું (Uniform Allowance) :**

કર્મચારીઓને તેમના ગણવેશની ખરીદી તેમજ જાળવણી માટે આ ભથ્થું માલિક દ્વારા આપવામાં આવે છે જે કર્મચારીએ તેમને કરેલ ખરેખર ખર્ચ સુધી કરમુક્ત છે.

**ઉદાહરણ-4 :** મિ. પાવન મહેસાણાની ગુજરાત સ્ટીલ લિમિટેડમાં સેલ્સ મેનેજર તરીકે નોકરી કરે છે. પાછલા વર્ષ 2017-'18 માં તેમને મળેલ પગાર અને અન્ય આવકની વિગતો પરથી આકારણી વર્ષ 2018-'19 માટે તેમના ગ્રોસ પગારની ગણતરી કરો.

| | | |
|---|---|---|
| (1) | મૂળ પગાર વાર્ષિક | રૂ. 6,30,000 |
| (2) | બોનસ | રૂ. 30,000 |
| (3) | મોંઘવારી ભથ્થું (નિવૃત્તિના લાભ માટે એટલે કે પ્રોવિડન્ટ ફંડની ગણતરીમાં 50% મોંઘવારી ભથ્થાંનો સમાવેશ થાય છે.) | રૂ. 64,000 |
| (4) | વેચાણ પર કમિશન | રૂ. 1,60,000 |
| (5) | ઘરભાડા ભથ્થું વાર્ષિક (ખરેખર ચૂકવેલ ભાડું માસિક રૂ. 12,000) | રૂ. 90,000 |
| (6) | બાળકો માટે શિક્ષણ ભથ્થું (બે બાળકો માટે) | રૂ. 13,500 |
| (7) | બાળકો માટે હોસ્ટેલ ખર્ચ ભથ્થું (બે બાળકો માટે) | રૂ. 12,000 |
| (8) | ટ્રાન્સપોર્ટ ભથ્થું માસિક | રૂ. 2000 લેખે |
| (9) | પ્રવાસ ભથ્થું વાર્ષિક (ખરેખર થયેલ ખર્ચ રૂ. 5000) | રૂ. 6000 |
| (10) | પ્રવાસ અંગે દૈનિક ભથ્થું : 70 દિવસ માટે દૈનિક રૂ. 300 લેખે (ખરેખર થયેલ ખર્ચ રૂ. 22,000) | |
| (11) | ગણવેશ ભથ્થું (ખરીદી અને જાળવણી માટે) માસિક રૂ. 400 લેખે. | |

**જવાબ :** **મિ. પાવનના કરપાત્ર પગારની ગણતરી**

**પાછલું વર્ષ 2017-'18** **આકારણી વર્ષ 2018-'19**

| વિગત | રકમ (રૂ.) | રકમ (રૂ.) |
|---|---|---|
| (1) મૂળ પગાર (વાર્ષિક) | | 6,30,000 |
| (2) બોનસ | | 30,000 |
| (3) મોંઘવારી ભથ્થું | | 64,000 |
| (4) વેચાણ પર કમિશન | | 1,60,000 |
| (5) ઘરભાડા ભથ્થું (નોંધ 1 મુજબ) | | 12,200 |
| (6) શિક્ષણ ભથ્થું | 13,500 | |
| બાદ : કરમુક્ત (રૂ. 100 × 12 મહિના × 2 બાળકો) | 2400 | 11,100 |
| (7) હોસ્ટેલ ભથ્થું | 12,000 | |
| બાદ : કરમુક્ત (રૂ. 300 × 12 મહિના × 2 બાળકો) | 7,200 | 4,800 |
| (8) ટ્રાન્સપોર્ટ ભથ્થું (રૂ. 2000 × 12) | 24,000 | |
| બાદ : કરમુક્ત (રૂ. 1600 × 12) | 19,200 | 4,800 |

| | | | |
|---|---|---|---|
| (9) પ્રવાસ ભથ્થું | | 6,000 | |
| | બાદ : કરમુક્ત (ખરેખર થયેલ ખર્ચ) | 5,000 | 1,000 |
| (10) દૈનિક ભથ્થું | (70 દિવસ × રૂ. 300) | 21,000 | |
| | બાદ : કરમુક્ત (ખરેખર ખર્ચ) | 22,000 | – |
| (11) ગણવેશ ભથ્થું | (રૂ. 400 × 12) | 4,800 | |
| | બાદ : કરમુક્ત (નોંધ - 2) | 4,800 | – |
| | ગ્રોસ પગાર | | 8,17,900 |

**નોંધ-1 :** કરપાત્ર ઘરભાડા ભથ્થાંની ગણતરી

(1) ખરેખર મળેલ ઘરભાડા ભથ્થું — રૂ. 90,000

(2) ખરેખર ચૂકવેલ ઘરભાડું – પગારના 10% — રૂ. 77,800

(રૂ. 1,44,000 – રૂ. 66,200)

અહીં પગાર એટલે મૂળપગાર (રૂ. 6,30,000) +

મોંઘવારી ભથ્થાંના 50% (રૂ. 32,000)

(3) પગારના 40% (રૂ. 6,62,000 × 40%) — રૂ. 2,64,800

કરમુક્ત ઘરભાડા ભથ્થું = — રૂ. 77,800

કરપાત્ર ઘરભાડા ભથ્થું = રૂ. 90,000 – રૂ. 77,800 = — રૂ. 12,200

**નોંધ-2 :** પ્રશ્નમાં કે દાખલામાં કોઈ ઉલ્લેખ ન હોય તો આપેલ ભથ્થાંમાંથી કોઈ બચત થઈ નથી તેમ ધારણા કરવામાં આવે છે. અહીં, માલિક દ્વારા આપેલ ગણવેશ ભથ્થાંની પૂરેપૂરી રકમનો ખર્ચ થઈ ગયો હશે તેમ ધારવામાં આવે છે.

## 2.7 સવલતો (Perquisities)

માલિક દ્વારા તેમના કર્મચારીઓને પગાર કે મજૂરી ઉપરાંત કેટલીક સવલતો પૂરી પાડવામાં આવે છે. આ સવલતો કર્મચારીના હોદ્દા કે અન્ય બાબતો ધ્યાનમાં રાખીને આપવામાં આવે છે. સામાન્ય રીતે આ સવલતો વસ્તુ કે સેવાના સ્વરૂપમાં તેમજ રોકડના સ્વરૂપમાં કર્મચારીઓને આપવામાં આવે છે.

આવકવેરા કાયદા મુજબ કર્મચારીને મળતી આ સવલતોની જરૂરી જોગવાઈઓના આધારે તેની કરપાત્ર રકમ શોધી કરપાત્ર પગારની ગણતરી વખતે મૂળ પગારની સાથે ઉમેરવામાં આવે છે.

સામાન્ય રીતે જે કર્મચારી ઉચ્ચ હોદ્દા પર કામ કરે છે તેમને વધારે સવલતો મળતી હોય છે. જેમ કે, કલેક્ટર, મ્યુ. કમિશ્નર, સચિવ, ચીફ એકાઉન્ટ ઑફિસર, કંપનીના મેનેજિંગ ડિરેક્ટર વિગેરેની મળતી મકાનની સગવડ, મોટરકારની સગવડ, નોકરની સગવડ, મોબાઈલ ફોનની સગવડ વિગેરે. જ્યારે જે કર્મચારી મધ્ય કે નીચા હોદ્દા પર કામ કરતાં હોય તેવા લોકોને માલિક તરફથી ઓછી સવલતો આપવામાં આવતી હોય છે.

આવકવેરાના હેતુ માટે કરપાત્રતાની દૃષ્ટિએ સવલતોના ત્રણ પ્રકાર પાડવામાં આવ્યા છે :

1. બધાં જ પ્રકારના કર્મચારીઓ માટે કરમુક્ત સવલતો.
2. બધાં જ પ્રકારના કર્મચારીઓ માટે કરપાત્ર સવલતો.
3. ફક્ત વિશિષ્ટ પ્રકારના કર્મચારીઓ માટે કરપાત્ર સવલતો.

અહીં, વિશિષ્ટ પ્રકારનાં કર્મચારીઓમાં એટલે કે,

(i) જે કંપનીના સંચાલક હોય,

(ii) જે કર્મચારી કંપનીમાં સંગીન હિત ધરાવતો હોય એટલે કે કંપનીના ઓછામાં ઓછા 20% મતધિકારવાળા શેર પર તેનું હિત હોય,

(iii) જે કર્મચારી નાણાંના સ્વરૂપમાં વાર્ષિક રૂ. 50,000 થી વધુ પગારની આવક મેળવતો હોય.

હવે આપણે સવલતોની વિગતવાર ચર્ચા તેના પ્રકારના આધારે જોઈએ.

**(1) બધાં જ પ્રકારના કર્મચારીઓ માટે કરમુક્ત સવલતો :**

**(i) ફોનની કે મોબાઈલની સગવડ :** માલિક દ્વારા કર્મચારીના રહેઠાણના સ્થળે લેન્ડલાઈન ફોન કે મોબાઈલ ફોનની સગવડ આપવામાં આવે અને તે અંગેનો ખર્ચ માલિક દ્વારા ચૂકવવામાં આવે કે ભરપાઈ કરવામાં આવે તો તે સંપૂર્ણ કરમુક્ત સવલત ગણાય છે.

**(ii) કમ્પ્યૂટર કે લેપટોપની સગવડ :** કર્મચારીના અંગત હેતુ માટે કે ઑફિસના હેતુ માટે માલિક દ્વારા આપવામાં આવેલ આવી સગવડ સંપૂર્ણ કરમુક્ત છે. કમ્પ્યૂટર કે લેપટોપની માલિકી હક બદલાતો નથી.

**(iii) મફત ટ્રાન્સપોર્ટની સગવડ :** માલ કે મુસાફરો માટે વાહન વ્યવહારની સેવાઓ આપનાર માલિક દ્વારા તેના કર્મચારીઓને મફત કે રાહત દરે ટ્રાન્સપોર્ટની સગવડ પૂરી પાડવામાં આવે તો તે સંપૂર્ણ કરમુક્ત છે. દા.ત. રેલ્વે દ્વારા તેના કર્મચારીઓને આપવામાં આવતી ટ્રાન્સપોર્ટની સગવડ.

(iv) નોકરીના સ્થળેથી કર્મચારીના રહેઠાણ સુધી જવા આવવા માટે આપવામાં આવતી વાહનવ્યવહારની સવલત કરમુક્ત છે.

(v) હાઈકોર્ટ કે સુપ્રીમકોર્ટના ન્યાયાધીશોને મળતી મફત વાહન-વ્યવહારની સગવડ કરમુક્ત છે.

**(vi) માલનું વેચાણ :** માલિક દ્વારા તેના કર્મચારીઓને રાહતદરે માલનું વેચાણ કરવામાં આવે તો તે કરમુક્ત છે.

**(vii) અવેજ વગર જંગમ મિલકતની ફેરબદલી :** માલિક દ્વારા તેના કર્મચારીઓને કમ્પ્યૂટર, ઈલેક્ટ્રોનિક સાધનો કે કાર સિવાયની કોઇ પણ જંગમ મિલકત કે જેનો માલિક દ્વારા ધંધા માટે ઓછામાં ઓછા 10 વર્ષ તેનો ઉપયોગ કરેલ હોય તેવી મિલકત કર્મચારીને અવેજ વગર કે ઓછા અવેજથી ફેરબદલી કરવામાં આવે તો તે કરમુક્ત ગણાશે.

**(viii) મનોરંજનની સગવડ :** કર્મચારીઓના સમૂહ માટે માલિક દ્વારા મફત મનોરંજનની સગવડ પૂરી પાડવામાં આવે તો તે કરમુક્ત ગણાય.

**(ix) મફત પીણાં અને નાસ્તાની સગવડ :** ઑફિસ કે ધંધાના સમય દરમિયાન તમામ કર્મચારીઓને માલિક દ્વારા મફત ચા-પાણી કે અન્ય કોઈ પીણાં કે નાસ્તાની સગવડ આપવામાં આવે તો કરમુક્ત છે.

**(x) મફત ભોજનની સગવડ :** અગવડવાળા દૂરના વિસ્તારો કે દરિયાઈ સરહદમાં આવેલ નોકરીના સ્થળ પર અપાતી મફત ભોજન અને આલ્કોહોલ સિવાયમાં પીણાંની સગવડ કરમુક્ત છે.

**(xi) પ્રશિક્ષણ આપવાનો ખર્ચ :** માલિક દ્વારા તેના કર્મચારીને તાલીમ (training) આપવા માટે જે ખર્ચ કર્યો હોય તે સંપૂર્ણપણે કરમુક્ત છે. આ ખર્ચમાં કર્મચારીના રહેવાનો તેમજ ભોજનના ખર્ચ પણ સમાવેશ થાય છે.

(xii) હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશને મળતી વગર ભાડાના મકાનની સવલત સંપૂર્ણપણે કરમુક્ત છે.

(xiii) સંસદના કેન્દ્રીય મંત્રીઓ, સંસદના અધિકારીઓ કે સંસદના વિરોધ પક્ષના નેતાને મળતી વગર ભાડાના સજાવટવાળા મકાનની સવલત કરમુક્ત છે.

(xiv) અગવડવાળા દૂરના વિસ્તારો કે દરિયાઈ સરહદમાં આવેલ નોકરીના સ્થળે કર્મચારીને આપવામાં આવતી રહેઠાણની સગવડ કરમુક્ત છે.

**(xv) દાક્તરી સારવારની સગવડ :**

(અ) કર્મચારી અને તેના કુટુંબના સભ્યોને માલિક દ્વારા ચલાવાતી હૉસ્પિટલ, દવાખાનું કે નર્સિંગ હોમમાં કે કોઇ પણ સરકારી હોસ્પિટલમાં અને અમુક નિર્દિષ્ટ રોગ માટે ચીફ કમિશ્નર દ્વારા માન્ય ખાનગી હૉસ્પિટલમાં દાક્તરી સારવાર આપવામાં આવે તો તે સંપૂર્ણ કરમુક્ત છે.

(બ) સરકાર કે સ્થાનિક સંસ્થા દ્વારા સંચાલિત અથવા કેન્દ્ર કે રાજ્ય સરકાર દ્વારા માન્ય કરાયેલ હૉસ્પિટલમાં કે ચીફ કમિશ્નર દ્વારા માન્ય કરાયેલ હૉસ્પિટલમાં કર્મચારી કે તેના કુટુંબના કોઇ સભ્યની દાક્તરી સારવાર અંગે કરવામાં આવેલી માલિક દ્વારા ચૂકવણી સંપૂર્ણપણે કરમુક્ત છે.

(ક) જો કર્મચારી કે તેના કુટુંબના કોઇ પણ સભ્ય માટે કોઇ પણ અન્ય પ્રકારની તબીબી સારવાર મેળવવા સંબંધી કરવામાં આવેલ ખર્ચની માલિક દ્વારા ચૂકવણી કરવામાં આવે તો તે વાર્ષિક રૂ. 15000 સુધી કરમુક્ત છે. તબીબી સારવાર અંગેનું બિલ રૂ. 15000 થી વધુ રકમનું હોય તો તેની ચૂકવણી ફક્ત વિશિષ્ટ કર્મચારીઓ માટે કરપાત્ર ગણાશે.

(xvi) તબીબી સારવાર માટે માલિક દ્વારા અપાતી વગર-વ્યાજની લોન (rule 3A) હેઠળ કરમુક્ત સવલત ગણાય.

(xvii) ગ્રુપ મેડિકલ વીમા યોજના હેઠળ માલિકે ભરેલ પ્રીમિયમ કર્મચારીઓ માટે કરમુક્ત છે.

(xviii) કર્મચારીની અંગત એક્સિડેન્ટ પોલિસી અંગે માલિકે ભરેલ પ્રીમિયમ

(xix) ભારત સરકાર દ્વારા વિદેશમાં નોકરી કરનાર ભારતીય નાગરિક કર્મચારીને મળતી તમામ સવલતો કરમુક્ત છે.

(xx) લીવ ટ્રાવેલ કન્સેશનની સવલત વિશિષ્ટ કર્મચારી ના હોય તેવા કર્મચારીઓ માટે સંપૂર્ણ કરમુક્ત છે.

(xxi) માલિક દ્વારા સંચાલિત કે અનુદાનિત શૈક્ષણિક સંસ્થામાં કર્મચારીના સંતાનના શિક્ષણ અંગે માલિક ચૂકવેલ ખર્ચ સંતાનદીઠ રૂ. 1000 સુધી કરમુક્ત સવલત ગણાય.

(xxii) **વગર વ્યાજની લોન :** માલિક દ્વારા કર્મચારીને રૂ. 20,000 સુધીની વગર વ્યાજની લોન આપવામાં આવી હોય તો તે સવલત સંપૂર્ણ કરમુક્ત છે.

(xxiii) કર્મચારીને નોકરીમાં સ્થળાંતરના સંદર્ભમાં વધુમાં વધુ 15 દિવસ માટે અપાતી હોટલની સવલત કરમુક્ત છે.

(xxiv) નોકરીના કામમાં મદદરૂપ થાય તેવા મેગેઝિન (સામયિકો)ની સગવડ કરમુક્ત ગણાય છે.

(xxv) સવલતો અંગે માલિકે ભરેલ કર કલમ 10(10 CC) હેઠળ કરમુક્ત ગણાય છે.

**(2) બધાં જ પ્રકારનાં કર્મચારીઓ માટે કરપાત્ર સવલતો :**

કલમ 17 (2) મુજબ આવી સવલતમાં નીચેની રકમોનો સમાવેશ થાય છે :

(A) માલિક તરફથી અપાયેલા ભાડા વગરના રહેઠાણની કિંમત (કલમ 17 (2)(i))

(B) માલિક તરફથી અપાયેલા મકાનના ભાડાની બાબતમાં મળતી રાહત (કલમ 17 (2)(ii))

(C) જે જવાબદારી કે ખર્ચ કર્મચારીએ ચૂકવવાનો હોય તે જવાબદારી કે ખર્ચ માલિક દ્વારા ચૂકવવામાં આવે તો માલિક દ્વારા ચૂકવાયેલ રકમ કરપાત્ર થશે. (કલમ 17 (2)(iv))

(D) માન્ય પ્રોવિડન્ટ ફંડ કે અન્ય નિવૃત્તિ ફંડ સિવાયના બીજા ફંડમાંથી માલિકે પોતે કર્મચારીના જિંદગીના વીમા અંગે ચૂકવેલ પ્રીમિયમની રકમ કરપાત્ર ગણાય છે. (કલમ 17 (2)(v))

(E) જો કોઈ કર્મચારીને તેના માલિક તરફથી (ભૂતપૂર્વ માલિક સહિત) પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વિશિષ્ટ જામીનગીરીઓ કે ઈક્વિટી શેરોની ફાળવણી કે ફેરબદલી કરવામાં આવી હોય તો તેનું મૂલ્ય કરપાત્ર ગણાશે. (કલમ 17 (2)(vi))

(F) માલિક તરફથી કર્મચારીના માન્ય સુપર એન્યુએશન ફંડમાં વાર્ષિક રૂ. 1,00,000 થી વધુ રકમનો ફાળો જમા કરાવવામાં આવ્યો હોય તો રૂ. 1,00,000 થી વધારાની રકમ કરપાત્ર ગણાશે. (કલમ 17 (2)(vii))

(G) નોકરી સાથે સંકળાયેલ અન્ય કોઇ પણ લાભ અને સગવડોનું મૂલ્ય કરપાત્ર ગણાશે. (કલમ 17 (2)(viii))

**(3) ફક્ત વિશિષ્ટ કર્મચારીઓ માટે જ કરપાત્ર ગણાતી સવલતો :**

**(A) નોકરોની સગવડ :** માલિક દ્વારા કર્મચારીને નોકર, સફાઈ કામદાર, ચોકીદાર કે માળી જેવા લોકોની સગવડ પૂરી પાડવામાં આવે તો તે સવલત કર્મચારી માટે કરપાત્ર ગણાય છે.

**(B) શિક્ષણની સગવડ :** માલિક દ્વારા કર્મચારીના કુટુંબના સભ્યોને સંપૂર્ણપણે મફત કે અંશતઃ મફત શિક્ષણની સગવડ આપવામાં આવી હોય તો તે સવલત કર્મચારીઓ માટે કરપાત્ર ગણાય છે.

**(C) ગૅસ, વીજળી, પાણીની સગવડ :** માલિક દ્વારા કર્મચારીના અંગત વપરાશ માટે ગૅસ, વીજળી, પાણીની સંપૂર્ણપણે મફત કે અંશતઃ મફત સગવડ આપવામાં આવી હોય તો તે સવલત કરપાત્ર ગણાય છે.

(D) કર્મચારી કે તેના કુટુંબના સભ્યોની દાક્તરી સારવાર અંગે બિલની રકમ રૂ. 15,000 થી વધુ હોય ત્યારે માલિક દ્વારા ચૂકવેલ રૂ. 15000 થી વધુ રકમનો ખર્ચ.

(E) માલિક દ્વારા કર્મચારીને આપવામાં આવતી મોટરકારની સગવડ.

(F) મફત ભોજન અને પીણાંની સગવડ કર્મચારીને આપવામાં આવે તો તે અમુક શરતોને આધીન કરપાત્ર ગણાશે.

ઉપર મુજબની સવલતો તેમજ અન્ય સવલતોનું મૂલ્યાંકન આવકવેરાની જોગવાઈઓને આધારે કરવામાં આવે છે. સવલતોનું મૂલ્યાંકન કરવાથી જે રકમ મળે તે કર્મચારીના કરપાત્ર પગારની ગણતરીમાં ઉમેરાશે.

આવકવેરા કાયદા મુજબ વિવિધ સવલતોનું મૂલ્યાંકન કેવી રીતે કરવું તેની વિગતો કે ગણતરી નીચે મુજબ છે.

**(1) ભાડા વગરનું મકાન (Rent free house) :**

જ્યારે માલિક દ્વારા તેના કર્મચારીને ભાડા વગરનું મકાન આપવામાં આવે ત્યારે તેની કિંમત નીચે મુજબ ગણી (સવલતનું મૂલ્યાંકન કરીને) કર્મચારીના કરપાત્ર પગારની ગણતરીમાં ઉમેરવામાં આવે છે.

વગર ભાડાના મકાનની સવલતનું મૂલ્યાંકનની ગણતરી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

(i) જો કર્મચારી કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારનો કર્મચારી હોય તો આવી સવલતના મૂલ્યાંકન માટે સરકારી નિયમો મુજબ નિર્ધારિત લાઈસન્સ ફી જેટલી રકમ કરપાત્ર ગણાશે. સામાન્ય રીતે સરકાર દ્વારા બહાર પાડવામાં આવતાં ગેઝેટેડ ડાયરીમાં કે સરક્યુલરમાં આ સલવત અંગેની રકમ દર્શાવવામાં આવતી હોય છે. આ સવલત અંગે સરકાર દ્વારા કર્મચારીના

પગારમાંથી કોઈ રકમ બાદ કરવામાં આવતી હોય તો તેટલી રકમ કરપાત્ર સલવતમાંથી બાદ કરવામાં આવશે.

(ii) ખાનગી ક્ષેત્રમાં કર્મચારીઓ કે અન્ય કર્મચારીઓ (સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓના કર્મચારીઓ સહિત) ને તેમના માલિક તરફથી રહેઠાણના મકાનની સવલત પૂરી પાડવામાં આવે તો નીચે પ્રમાણેની ગણતરી દ્વારા તેની કરપાત્ર રકમ નક્કી કરવામાં આવશે.

**(અ) જો મકાન બિન સજાવટવાળું હોય તો :**

**બિનસજાવટવાળા મકાનની સવલતનું મૂલ્યાંકન**

**જો તે મકાનની માલિકી માલિક (Employer) નાં નામ પર હોય તો**

- મકાન 10 લાખથી કે તેથી ઓછી વસ્તીવાળા શહેરમાં સ્થિર હોય તો
  ↓
  પગારના 7.5% જેટલી રકમ કરપાત્ર મૂલ્ય ગણાશે.
- મકાન 10 લાખથી વધુ પરંતુ 25 લાખથી ઓછી વસ્તીવાળા શહેરમાં હોય તો
  ↓
  પગારના 10% જેટલી રકમ કરપાત્ર મૂલ્ય ગણાશે.
- મકાન 25 લાખથી વધુ વસ્તીવાળા શહેરમાં સ્થિર હોય તો
  ↓
  પગારના 15% જેટલી રકમ કરપાત્ર મૂલ્ય ગણાશે.

**જો તે મકાન માલિક દ્વારા ભાડે રાખવામાં આવ્યું હોય**

- માલિક દ્વારા આ મકાન અંગે ખરેખર ચૂકવવા પાત્ર ઘરભાડાની રકમ અથવા પગારના 15% બેમાંથી જે રકમ ઓછી હોય તે રકમ કરપાત્ર મૂલ્ય ગણાશે.

ઉપરની બધી જ ગણતરીમાં પગાર એટલે BABC.

જેમાં B = Basic Salary મૂળ પગાર + A = Allowanees (Taxable)

કરપાત્ર ભથ્થાં + B = Bonus બોનસ + C = Commission (કમિશન)

કરપાત્ર ભથ્થાંમાં મોંઘવારી ભથ્થાંનો સમાવેશ કરવામાં આવતો નથી, પરંતુ જો મોંઘવારી ભથ્થાંની જેટલી રકમ નિવૃત્તિના લાભ માટે ગણતરીમાં ધ્યાનમાં લેવાતી હોય તો તેટલી રકમ કરપાત્ર ભથ્થાંમાં ગણતરી વખતે ધ્યાનમાં લેવી. નિવૃત્તિના લાભ એટલે કર્મચારીના પ્રોવિડન્ટફંડની ગણતરીમાં, ગ્રેચ્યુઈટીની ગણતરીમાં કે પેન્શનની ગણતરીમાં વિગેરે.

**ઉદાહરણ-5 :** શ્રી ધવલ અમદાવાદની એક કંપનીના એકાઉન્ટ વિભાગના વડા તરીકે સેવા આવે છે. નાણાંકીય વર્ષ 2017-'18 માટે તેમના પગારની વિગતો નીચે મુજબ હતી :

| | | |
|---|---|---|
| (1) | મૂળ પગાર | રૂ. 5,76,000 |
| (2) | બોનસ | રૂ. 48,000 |
| (3) | મોંઘવારી ભથ્થું (જે પ્રોવિડન્ટ ફંટ માટે ગણાતું નથી.) | રૂ. 96,000 |
| (4) | શિક્ષણ ભથ્થું (બે બાળકો માટે) | રૂ. 8000 |
| (5) | હોસ્ટેલ ખર્ચ ભથ્થું (બે બાળકો માટે) | રૂ. 23,200 |
| (6) | માલિક તરફથી કર્મચારીના રહેઠાણ માટે અમદાવાદમાં કંપનીની માલિકીનું વગર ભાડાનું મકાન આપ્યું છે, જેનું વાર્ષિક વાજબી ભાડું રૂ. 1,44,000 છે. | |

આકારણી વર્ષ 2018-'19 માટે તેમના ગ્રોસ પગારની ગણતરી કરો.

જવાબ : **શ્રી ધવલની ગ્રોસ પગારની ગણતરી**

**પાછલું વર્ષ 2017-'18** **આકારણી વર્ષ 2018-'19**

| | વિગત | | રકમ (રૂ.) |
|---|---|---|---|
| (1) | મૂળ પગાર | | 5,76,000 |
| (2) | બોનસ | | 48,000 |
| (3) | મોંઘવારી ભથ્થું | | 96,000 |
| (4) | શિક્ષણ ભથ્થું | 8,000 | |
| | બાદ : કરમુક્ત (રૂ. 100 × 12 × 2) | 2400 | 5,600 |
| | હૉસ્ટેલ ભથ્થું | 23,200 | |
| | બાદ : કરમુક્ત (રૂ. 300 × 12 × 2) | 7,200 | 16,000 |
| | રહેઠાણની મકાનની સવલત (નોંધ મુજબ) | | 96,840 |
| | | **ગ્રોસ પગાર** | **8,38,440** |

**નોંધ :** રહેઠાંણના મકાનની સવલતનું મૂલ્યાંકનની ગણતરી

BABC ની રકમ શોધીશું.

| | | |
|---|---|---|
| મૂળપગાર | 5,76,000 | |
| શિક્ષણ ભથ્થું | 5,600 (કરપાત્ર) | |
| હૉસ્ટેલ ભથ્થું | 16,000 (કરપાત્ર) | |
| બોનસ | 48,000 | મકાન અમદાવાદમાં હોવાથી 6,45,600ના |
| કમિશન | – | 15% રકમ = રૂ. 96,840 કરપાત્ર થશે. |
| | 6,45,600 | |

અહીં, મોંઘવારી ભથ્થું નિવૃત્તિના લાભ માટે ગણવામાં આવતું ન હોવાથી BABC ની ગણતરીમાં ધ્યાનમાં લેવાશે નહીં.

**(બ) જો મકાન સજાવટવાળું હોય તો :**

સૌ પ્રથમ મકાન બિનસજાવટવાળું છે તેમ ધારીને મકાનની સવલતનું મૂલ્યાંકન શોધો.

ત્યારબાદ, મકાનમાં માલિક તરફથી સજાવટ માટે કોઈ સાધનો પૂરા પાડ્યાં હોય જેવાં કે સોફાસૅટ, ડાઈનિંગ ટેબલ, અન્ય ફર્નિચર, ટેલિવિઝન, એરકંડિશનર, રેફ્રિજરેટર, વૉશિંગ મશીન વિગેરે તો તેની કરપાત્રતા નીચે મુજબ ગણાશે.

(i) જો સજાવટના સાધનોની માલિકી માલિકની પોતાની હોય તો જે સાધનો પૂરા પાડ્યાં હોય તેની મૂળકિંમતના 10% મકાનની સવલતના મૂલ્યાંકનમાં ઉમેરવા.

(ii) જો સજાવટના સાધનો માલિક દ્વારા ભાડે લાવીને પૂરા પાડ્યા હોય તો માલિક દ્વારા ચૂકવેલ ખરેખર ભાડાની રકમ મકાનની સવલતના મૂલ્યાંકનમાં ઉમેરાશે.

**(ક) ભાડામાં મળતી રાહતનું મૂલ્ય :**

જ્યારે માલિક દ્વારા કર્મચારીને મકાનની સવલત આપવામાં આવે અને આ સવલતની સામે જો કર્મચારીના પગારમાંથી કોઈ રકમ વસૂલ કરવામાં આવે ત્યારે, વસૂલ કરેલ રકમ મકાનના સવલતના મૂલ્યાંકનની કરપાત્ર રકમમાંથી બાદ કરી બાકીની રકમ જ કરપાત્ર પગારની ગણતરીમાં ઉમેરાશે.

**ઉદાહરણ-6 :** શ્રી પ્રણવ ભાવનગરની એક ખાનગી કંપનીમાં વેચાણ મેનેજર તરીકે નોકરી કરે છે. પાછલું વર્ષ 2017-'18માં તેમના પગારની નીચે આપેલી માહિતી પરથી વગર ભાડાનાં સજાવટવાળા મકાનની સવલતનું મૂલ્યાંકન કરો :

(1) મૂળ પગાર : તા. 30-9-2017 સુધી માસિક રૂ. 45,000
તા. 1-10-2017 થી માસિક રૂ. 60,000

(2) મોંઘવારી ભથ્થું : મૂળ પગારના 40% (જેનો 50% ભાગ પ્રોવિડન્ટ ફંડની ગણતરી માટે ધ્યાનમાં લેવાય છે.)

(3) કમિશન : માસિક રૂ. 13,500, જેનો દર તા. 1-1-2018 થી વધારીને માસિક રૂ. 18,000 કરવામાં આવ્યો છે.

(4) બોનસ : વાર્ષિક મૂળ પગારનો $\frac{1}{5}$ ભાગ

(5) સંપૂર્ણ સજાવટવાળા
મકાનની સવલત : માલિક તરફથી ભાવનગરમાં કર્મચારીને આ મકાન આપવામાં આવ્યું છે જે મકાનનું વાર્ષિક વાજબી ભાડું રૂ. 3,20,000 છે. ભાવનગર શહેરની વસ્તી 6,20,000 છે. કંપનીએ પોતાની માલિકીનું રૂ. 3,60,000નું ફર્નિચર મકાનના સજાવટ માટે આપેલ છે.

આ સવલતે પેટે માલિક દ્વારા કર્મચારીના પગારમાંથી દર મહિને રૂ. 1500 વસૂલ કરવામાં આવે છે.

**જવાબ : સજાવટવાળા મકાનની સવલતનું મૂલ્યાંકન**

સૌ પ્રથમ BABC ગણવાં જરૂરી રકમ શોધીશું.

| | | રૂ. |
|---|---|---|
| B = મૂળ પગાર | તા. 1-4-’17 થી 30-9-’17 (45,000 × 6) | 2,70,000 |
| | તા. 1-10-’17 થી 31-3-’18 (60,000 × 6) | 3,60,000 |
| | | 6,30,000 |
| A = કરપાત્ર ભથ્થાં | મોંઘવારી ભથ્થું (6,30,000 ના 40%) | 2,52,000 |
| B = બોનસ | મૂળ પગાર રૂ. 6,30,000 × $\frac{1}{5}$ | 1,26,000 |
| C = કમિશન | તા. 1-4-17 થી 31-12-17 (13,500 × 9) | 1,21,500 |
| | તા. 1-1-18 થી 31-3-18 (18000 × 3) | 54,000 |
| | | 1,75,500 |

| | | |
|---|---|---|
| BABC = મૂળ પગાર | 6,30,000 | |
| <u>કરપાત્ર ભથ્થાં</u> | | |
| મોંઘવારી ભથ્થું (2,52,000 × 50%) | 1,26,000 | |
| બોનસ | 1,26,000 | |
| કમિશન | 1,75,500 | |
| | 10,57,500 | |
| | 10,57,500 ના 7.5% | = 79,312.50 |
| | + ફર્નિચરના 10% (3,60,000 × 10%) | = 63,000.50 |
| | કુલ મકાનની સવલતનું મૂલ્ય | 1,15,312.50 |

| | |
|---|---|
| – સવલત પેટે પગારમાંથી કપાયેલ રકમ | |
| (રૂ. 1500 × 12) | 18,000.50 |
| સંપૂર્ણ સજાવટવાળા મકાનની સવલતની કરપાત્ર કિંમત | રૂ. 97,312.50 |

**(2) મફત શૈક્ષણિક ખર્ચ (Free Education) :**

આ સવલતની કરપાત્ર કિંમત શોધવા નીચે મુજબના નિયમો આવકવેરા કાયદામાં આપેલા છે :

**(i) માલિક દ્વારા શૈક્ષણિક ખર્ચની બારોબાર ચૂકવણી :** જ્યારે માલિક દ્વારા તેના કર્મચારીના કુટુંબના સભ્યોની સ્કૂલ ફીની રકમ બારોબાર જે તે સ્કૂલને ચૂકવી દેવામાં આવે તો તે કરપાત્ર છે.

**(ii) માલિક દ્વારા શૈક્ષણિક ખર્ચની રકમ ભરપાઈ કરવામાં આવે :** કર્મચારીના કુટુંબના સભ્યોની સ્કૂલ ફી ની રકમ કર્મચારી દ્વારા ચૂકવ્યા બાદ તે ફીની રકમ માલિક દ્વારા ભરપાઈ કરવામાં આવે તો તે પણ કરપાત્ર છે.

**(iii) માલિક દ્વારા સંચાલિત સંસ્થામાં :** માલિક દ્વારા સંચાલિત શૈક્ષણિક સંસ્થામાં કર્મચારીનાં સંતાનોને મફત શિક્ષણ આપવામાં આવતું હોય તો :

(અ) સંતાનદીઠ માસિક રૂ. 1000 સુધીનો માલિકે ભોગવેલ ખર્ચ તમામ કર્મચારીઓ માટે કરમુક્ત સવલત ગણાય છે.

(બ) જો સંતાનદીઠ માસિક રૂ. 1000 થી વધુ શૈક્ષણિક ખર્ચ માલિક દ્વારા ભોગવેલ હોય તો, રૂ. 1000 થી ઉપરની રકમ કરપાત્ર ગણાશે. જો કર્મચારીએ આ સવલત અંગે કોઇ રકમ ચૂકવી હોય કે તેના પગારમાંથી કપાત કરવામાં આવી હોય તો તેટલી રકમ સવલતના મૂલ્યાંકનમાંથી બાદ કરી બાકીની રકમ કરપાત્ર ગણાશે.

(ક) કર્મચારીના કુટુંબના કોઈ પણ સભ્યને આવી મફત શિક્ષણની સગવડ આપવામાં આવી હોય તો આ જ પ્રકારની નજીકની અન્ય શૈક્ષણિક સંસ્થામાં શિક્ષણ ખર્ચનું જે ધોરણ હોય તે મુજબ થતી રકમમાંથી કર્મચારીએ આપેલ કોઇ ફાળો બાદ કર્યા પછી બાકી રહેતી રકમ તમામ કર્મચારીઓ માટે કરપાત્ર સવલત ગણાશે.

(ડ) શિષ્યવૃત્તિ : કંપની દ્વારા સ્વેચ્છાએ તેના કર્મચારીના સંતાન માટે સ્કૉલરશીપ (શિષ્યવૃત્તિ) આપવામાં આવતી હોય તો આ સવલત ગણાતી નથી.

**(3) મફત તબીબી સવલત :** કર્મચારી તથા તેના કુટુંબના કર્મચારી પર આધારિત સભ્યોનો તબીબી ખર્ચ કે જે માસિક દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ચૂકવ્યા હોય તો વાર્ષિક રૂ. 15,000 થી વધારે ચૂકવેલ રકમ કરપાત્ર સવલત ગણાશે. (આકારણી વર્ષ 2019-20 થી મળશે નહીં)

**(4) નોકરોની સગવડ :** જો કર્મચારીના રહેઠાણ પર ઘરઘાટી, ચોકીદાર, સફાઈ કામદાર, માળી, રસોઈઓ વગેરે રાખેલ હોય અને તેમના પગારની ચૂકવણી માલિક દ્વારા કરવામાં આવે તો માલિક દ્વારા ચૂકવાયેલ રકમ કર્મચારીના પગારમાં કરપાત્ર સવલત તરીકે ગણાશે.

**નોંધ :** જો મકાન કર્મચારીના રહેઠાણ માટે માળીની સગવડ સાથે આપેલ હોય અને તે મકાનની માલિકી માલિકની જ હોય તો માળીનો પગાર અલગ કરપાત્ર સવલત તરીકે ગણાશે નહિ.

**(5) મફત ગૅસ, વીજળી અને પાણીની સવલત :**

(i) માલિકના આંતરિક સાધનોમાંથી જો આ સવલત પૂરી પાડવામાં આવતી હોય તો અને તે અંગે કોઈ ત્રાહિત પક્ષને કોઇ રકમ ચૂકવવી ન પડતી હોય તો કર્મચારીને આ સવલતનું મૂલ્યાંકન માલિકની દૃષ્ટિએ એકમદીઠ ઉત્પાદન પડતરના આધારે થતી કિંમત કરપાત્ર ગણાશે. જો આ સવલત પેટે કર્મચારી પાસેથી કોઇ રકમ વસૂલ કરવામાં આવતી હોય તો તે રકમ બાદ કર્યા પછીની રકમ કરપાત્ર ગણાશે.

(ii) જો આ સવલત અંગે માલિક દ્વારા કોઈ ત્રાહિત પક્ષને રકમ ચૂકવવામાં આવતી હોય અને તે સવલત કર્મચારી દ્વારા તેના અંગત હેતુ માટે જ ઉપયોગમાં લેવાતી હોય તો, જે રકમ માલિક દ્વારા ચૂકવવામાં આવે તે રકમ આ સવલતનું મૂલ્યાંકન ગણાશે. જો કર્મચારીના પગારમાંથી કોઈ રકમ આ સવલત પેટે વસૂલ કરવામાં આવતી હોય તો તે રકમ બાદ કર્યા પછીની બાકી રકમ કરપાત્ર ગણાશે.

**(6) મોટરકારની સવલત :**

આ સવલત ફક્ત વિશિષ્ટ કર્મચારી માટે જ કરપાત્ર ગણાશે જેમાં માલિકે Fringe benefit tax ચૂકવવાનો થતો નથી.

**(a) જ્યારે સવલત તરીકે મળેલ મોટર માલિકની માલિકીની હોય અથવા માલિક તે અંગે ભાડું ચૂકવતા હોય :**

(i) જો આ મોટરનો કર્મચારી દ્વારા ફક્ત ઑફિસના કામ માટે જ ઉપયોગ થતો હોય તો કોઇ પણ કર્મચારી માટે તે કરપાત્ર નથી.

(ii) જો આ મોટરનો સંપૂર્ણપણે ફક્ત કર્મચારીના અંગત વપરાશ માટે જ ઉપયોગ થતો હોય તો સવલતની કરપાત્ર કિંમત નીચે મુજબ નક્કી કરવી :

| | |
|---|---|
| મોટરના ચલિત અને નિભાવ ખર્ચ અંગે માલિકે ખરેખર ચૂકવેલ રકમ | ....... |
| + માલિકની માલિકીની ગાડીની મૂળ પડતરના વાર્ષિક 10% લેખે થતી રકમ અથવા માલિકે ચૂકવેલ વાર્ષિક ભાડું | ....... |
| | ....... |
| – કર્મચારીના પગારમાંથી વસૂલ કરેલ રકમ | ....... |
| બાકી રહેતું (ઋણમાં ન હોય તો જ) કરપાત્ર મૂલ્ય | ....... |

(iii) જો આ મોટરનો અંશતઃ ઑફિસ હેતુઓ માટે અને અંશતઃ અંગત હેતુઓ માટે ઉપયોગ થતો હોય તો સવલતનું કરપાત્ર મૂલ્ય નીચે મુજબ નક્કી થશે :

| **એન્જિનની ક્યૂબિક કેપેસિટી** | **ચલિત અને નિભાવ ખર્ચ** | |
|---|---|---|
| | **માલિક દ્વારા ચૂકવાય કે ભરપાઈ થાય** | **કર્મચારી પોતે ભોગવતો હોય** |
| 1.6 લિટર (= 1,600 સી.સી.) થી વધુ ક્ષમતા ન હોય. | માસિક રૂ. 1,800 (+ ડ્રાઈવરની સગવડ હોય તો માસિક રૂ. 900) લેખે | માસિક રૂ. 600 (+ ડ્રાઈવરની સગવડ હોય તો માસિક રૂ. 900) લેખે |
| 1.6 લિટર (= 1,600 સી.સી.) થી વધુ ક્ષમતા હોય | માસિક રૂ. 2,400 (+ ડ્રાઈવરની સગવડ હોય તો માસિક રૂ. 900) લેખે | માસિક રૂ. 900 (+ ડ્રાઈવરની સગવડ હોય તો માસિક રૂ. 900) લેખે |

**નોંધ : (i) આ ચાર્ટમાં 'માસિક' શબ્દનો અર્થ સંપૂર્ણ થયેલ મહિના ગણાશે.**

**(ii) આ સવલતના મૂલ્યાંકન વખતે કર્મચારીના પગારમાંથી કપાયેલ ફાળો બાદ થશે નહીં.**

**(b) જ્યારે મોટરની માલિકી કર્મચારીની હોય અથવા કર્મચારીએ તે મોટર ભાડે રાખી હોય :**

(i) જો આવી મોટરના તમામ ખર્ચા કર્મચારી પોતે ભોગવતો હોય તો તે સવલત ગણાય નહિ અને કરપાત્રતાનો પ્રશ્ન ઉદ્‌ભવશે નહીં.

(ii) જો આવી મોટરનો ચલિત અને નિભાવ ખર્ચ માલિક દ્વારા ચૂકવવામાં આવે કે ભરપાઈ કરી આપવામાં આવે.

(a) જો આ મોટરનો ફક્ત ઑફિસ કામ માટે જ ઉપયોગ થતો હોય તો માલિકે ચૂકવેલ ચલિત અને નિભાવ ખર્ચની સવલત કરમુક્ત ગણાય (જો કે આ અંગે કેટલીક શરતોનું પાલન થવું જરૂરી છે.)

(b) જો આ મોટરનો સંપૂર્ણપણે અંગત હેતુઓ માટે જ ઉપયોગ થતો હોય તો માલિકે ચૂકવેલ / ભોગવેલ કુલ ખર્ચની રકમમાંથી કર્મચારી પાસેથી થયેલ વસૂલાત બાદ કરતાં જે રકમ બાકી રહે તે કરપાત્ર ગણાય (ઋણમાં રહેતી બાકી ધ્યાનમાં લેવી નહીં.)

(c) જો આ મોટરનો અંશતઃ ઑફિસ કામ માટે અને અંશતઃ અંગત હેતુઓ માટે ઉપયોગ થતો હોય તો માલિકે ચૂકવેલ ચલિત અને નિભાવ ખર્ચની સવલત કરપાત્ર કિંમત નીચે મુજબ ગણાશે.

બાદ : ઑફિસના કામ માટે અંગત માલિકીની મોટરના ઉપયોગ બદલ સ્ટાન્ડર્ડ કપાત (1.6 લિટર સુધીની ક્ષમતા હોય તો માસિક રૂ. 1,800 લેખે અથવા 1.6 લિટરથી વધુ ક્ષમતા હોય તો માસિક રૂ. 2,400 લેખે થતી રકમ + ડ્રાઈવરની સગવડ પણ હોય તો માસિક રૂ. 900 લેખે થતી રકમ)

કર્મચારી પાસેથી વસૂલાત (જો હોય તો)

બાકી રહેતું મૂલ્ય (જો ઋણમાં ન હોય તો) કરપાત્ર

(c) જ્યારે માલિકની માલિકીની (કે માલિકે ભાડે રાખેલી) બે કે વધુ મોટરો કર્મચારીના (કે તેના ઘરના કોઇ સભ્યના) ઉપયોગ માટે આપવામાં આવી હોય કે જે દરેકનો અંશતઃ અંગત હેતુઓ માટે અને અંશતઃ ઑફિસ કામ માટે ઉપયોગ થતો હોય તો સવલતનું મૂલ્ય નીચે મુજબ નક્કી થશે.

(i) કર્મચારીની પસંદગીની કોઇપણ એક મોટરનું મૂલ્ય માસિક રૂ. 1,800 (+ કોઇપણ ગાડી માટે ડ્રાઈવરની સગવડ આપી હોય તો માસિક રૂ. 900) અથવા માસિક રૂ. 2,400 (+ કોઇ પણ ગાડી માટે ડ્રાઈવરની સગવડ આપી હોય તો માસિક રૂ. 900) લેખે થતી રકમ એન્જિનની ક્યૂબિક કેપેસિટીના આધારે નક્કી થશે.

(ii) આ સિવાયની બીજી મોટર (કે મોટર્સ) અંગે એવી ધારણા સાથે કરપાત્ર મૂલ્ય નક્કી કરવામાં આવશે કે અન્ય મોટરનો ફક્ત એસેસીના અંગત વપરાશ માટે જ ઉપયોગ થાય છે.

(d) જ્યારે મોટર સિવાયનું અન્ય કોઈ ઓટોમેટીવ વાહન કર્મચારીની માલિકીનું હોય, કે જેનો ચલિત અને નિભાવ ખર્ચ માલિકે ચૂકવ્યો હોય :

(i) જો આ વાહનનો ફક્ત ઑફિસકામ માટે જ ઉપયોગ થતો હોય તો તે સવલત કરમુક્ત ગણાય.

(ii) જો આ વાહનનો અંશતઃ ઑફિસ કામ માટે અને અંશતઃ અંગત હેતુઓ માટે ઉપયોગ થતો હોય તો સવલતની કરપાત્ર કિંમત નીચે મુજબ નક્કી થશે :

માલિકે ખરેખર ચૂકવેલ ખર્ચની રકમ ......

બાદ : ઑફિસ કામ માટે વપરાશ અંગે સ્ટાન્ડર્ડ કપાત :

માસિક રૂ. 900 લેખે (અથવા માલિકે રાખેલ રેકોર્ડ

મુજબ તેનાથી વધુ થતી રકમ ) ......

બાદ : કર્મચારી પાસેથી વસૂલાત (જો હોય તો) ......

કરપાત્ર મૂલ્ય (જો ઋણમાં ન હોય તો) ......

(e) ફક્ત અંગત હેતુઓ માટે રાહત દરે મળતી મોટરની સવલત :

સૌ પ્રથમ એવી ધારણા સાથે મોટરની સવલતનું મૂલ્ય નક્કી કરવું કે તે સંપૂર્ણપણે મફત સવલત છે. આ રીતે જે કિંમત નક્કી થાય તેમાંથી માલિકે વસૂલ કરેલ 'ટૉકન ભાડું' બાદ કરવું. યાદ રાખો કે બંને હેતુઓ માટે વપરાતી મોટરનું કરપાત્ર મૂલ્ય ગણતી વખતે કર્મચારીએ આપેલ ફાળાની કોઇ રકમ બાદ થશે નહીં.

(7) કોઈપણ સવલત કે ખર્ચ જેની ચૂકવણીની જવાબદારી કર્મચારીની હોવા છતાં માલિકે તેનો ખર્ચ ચૂકવ્યો હોય તો માલિક દ્વારા ચૂકવેલ આ રકમ કરપાત્ર સવલત ગણાશે. દા.ત. કર્મચારીનું અંગત દેવું, નાણાંના સ્વરૂપમાં મળેલ સવલતો પરનો આવકવેરો માલિકે ચૂકવ્યો હોય તો.

જો માલિક દ્વારા કર્મચારીને રોકડ સ્વરૂપમાં નહિ આપેલી સવલતોની કિંમત પર થતી આવકવેરાની ચૂકવણી કરવામાં આવી હોય તો તે રકમ કરમુક્ત સવલત ગણાશે. પરંતુ માલિક દ્વારા ચૂકવાયેલ આવકવેરો ખરેખર આવકવેરાની રકમથી વધુ હોય તો વધારાની રકમ તમામ કર્મચારીઓ માટે કરપાત્ર સવલત ગણાય છે.

(8) કર્મચારીના માન્ય સુપર એન્યુએશન ફંડમાં માલિક તરફથી વાર્ષિક રૂ. 1,00,000 થી વધારાનો ફાળો કરપાત્ર ગણાશે.

(9) અન્ય કોઈ પણ સગવડ, લાભ કે સેવા કર્મચારીએ મેળવેલ હોય પરંતુ તેનો ખર્ચ માલિકે ચૂકવ્યો હોય તે ખર્ચની રકમ કર્મચારી માટે કરપાત્ર સવલત ગણાશે.

(10) ટ્રાન્સપોર્ટનો ધંધો કરનાર માલિક દ્વારા કર્મચારીને અપાતી મફત ટ્રાન્સપોર્ટની સગવડ (રેલ્વે તથા વિમાની સેવાઓના કર્મચારીઓ સિવાય) આ સવલત ફક્ત વિશિષ્ટ કર્મચારી માટે જ કરપાત્ર ગણાશે. આવી ટ્રાન્સપોર્ટની સવલતનું કરપાત્ર મૂલ્ય = આવી સગવડ માટે માલિક દ્વારા જાહેર જનતા પાસેથી લેવાતું મૂલ્ય બાદ કર્મચારી પાસેથી વસૂલ કરેલ રકમ.

જો બાકી રહેતી રકમ ઋણમાં આવે તો ધ્યાનમાં લેવાશે નહીં.

(11) ટ્રાવેલિંગ - ટુરિંગની, રહેઠાણની સગવડ

**મૂલ્યાંકનનો આધાર :**

(a) ઑફિસના કામ અંગે કર્મચારી દ્વારા કરેલ પ્રવાસ અંગે માલિકે ચૂકવેલ ખર્ચ કરપાત્ર ગણાય નહિ. પરંતુ, કર્મચારી સાથે તેના ઘરના સભ્ય પણ જોડાયા હોય તો તે સભ્યના પ્રવાસ અંગે માલિકે ચૂકવેલ ખર્ચ કરપાત્ર ગણાશે.

(b) ઑફિસના કામ અંગે પ્રવાસ લંબાવીને કર્મચારીએ વધારે સમય ભોગવ્યો હોય તો આ વધારાના સમય માટે માલિકે ચૂકવેલ ખર્ચ કરપાત્ર ગણાશે.

**નિયમો : જો આવી સગવડ તમામ કર્મચારીઓને સમાન ધોરણે ઉપલબ્ધ કરવામાં આવી હોય તો :**

કરપાત્ર મૂલ્ય = માલિકે ચૂકવેલ ખર્ચ – કર્મચારી પાસેથી વસૂલ કરેલ રકમ (ઋણમાં બાકી હોય તો ધ્યાનમાં લેવાય નહીં.)

જો આવી સગવડ તમામ કર્મચારીઓને સમાન ધોરણે ઉપલબ્ધ કરવામાં આવતી ન હોય તો :

કરપાત્ર મૂલ્ય = ત્રાહિત પક્ષ દ્વારા આવી સગવડ અંગે લેવામાં આવતું મૂલ્ય – કર્મચારી પાસેથી વસૂલ કરેલ રકમ (ઋણમાં રહેતી બાકી ધ્યાનમાં લેવી નહિ.)

**(12) મફત ભોજન અને પીણું**

**ભોજન / નાસ્તાની સગવડનું મૂલ્યાંકન :**

(a) 'રિમોટ એરિયા' કે 'ઓફ શોર ઇન્સ્ટોલેશન' સ્થળે કામના સમય દરમિયાન અપાતી ભોજન અને નોન-આલ્કોહોલિક પીણાંની સગવડ સંપૂર્ણપણે કરમુક્ત ગણાય.

(b) અન્ય કોઇપણ સ્થળે અપાતી ચા/નાસ્તાની સગવડ સંપૂર્ણપણે કરમુક્ત ગણાય.

(c) ભોજન તથા નોન-આલ્કોહોલિક પીણાંની સગવડ ઑફિસ સ્થળે આપવામાં આવી હોય કે અન્ય કોઇ પણ રૅસ્ટોરન્ટ/કેન્ટીન વગેરે સ્થળે નોન-ટ્રાન્સફરેબલ paid vouchers નો ઉપયોગ કરવાના રૂપમાં આપવામાં આવી હોય તો તે નીચે મુજબ કરપાત્ર ગણાય :

કરપાત્ર મૂલ્ય = માલિકે ભોગવેલ ખર્ચની કુલ રકમ

બાદ : ભોજનદીઠ રૂ. 50 લેખે થતી રકમ

બાદ : કર્મચારી પાસેથી આ પેટે વસૂલાત

(નોંધ : જો બાકી ઋણમાં આવે તો ધ્યાનમાં લેવાય નહિ.)

**(13) પ્રાસંગિક બક્ષિસની સગવડનું મૂલ્યાંકન :**

(a) રોકડ બક્ષિસ કે નાણાંમાં ફેરવી શકાય એવી (દા.ત. ગીફ્ટ ચેક) બક્ષીસની કુલ રકમ રૂ. 5,000 થી ઓછી હોય તો તે રકમ કરમુક્ત છે.

(b) કર્મચારી કે તેના ઘરના સભ્યોને મળેલ પ્રાસંગિક બક્ષિસ કે અન્ય કોઇ પણ સમયે મળેલ બક્ષિસ (જેમાં ગિફ્ટ વાઉચર્સ કે ટોકનનો પણ સમાવેશ થાય છે)નું કુલ મૂલ્ય રૂ. 5,000 થી વધુ હોય તો તે વધારો કરપાત્ર ગણાય.

**(14) ક્રેડિટ કાર્ડની સગવડ**

કરપાત્ર મૂલ્ય = કર્મચારી કે તેના ઘરના સભ્ય દ્વારા થયેલ ક્રેડિટકાર્ડના ઉપયોગ બદલ માલિકે ચૂકવેલ કુલ રકમ બાદ ઑફિસના હેતુઓ માટે કરેલ ઉપયોગની રકમ બાદ કર્મચારી પાસેથી આ પેટે થયેલ વસૂલાત (નોંધ : જો બાકી ઋણમાં આવે તો ધ્યાનમાં લેવાય નહીં.)

**(15) ક્લબની સગવડ**

કરપાત્ર મૂલ્ય = કર્મચારી કે તેના ઘરના સભ્ય દ્વારા ક્લબની સગવડતાના ઉપયોગ અંગે માલિકે ચૂકવેલ કુલ ખર્ચ (વાર્ષિક મેમ્બરશિપ ફી સહિત) બાદજ ઑફિસના હેતુઓ માટે કરેલ ઉપયોગ અંગેના ખર્ચા બાદ કર્મચારી પાસેથી આ પેટે કરેલ વસૂલાત

(નોંધ : જો બાકી ઋણમાં આવે તો ધ્યાનમાં લેવાશે નહિ.)

**નોંધ :** તમામ કર્મચારીઓને સમાન ધોરણે આપવામાં આવતી હેલ્થક્લબની, સ્પોર્ટ્સ ક્લબની કે એવી અન્ય કોઈ પણ સવલત સંપૂર્ણપણે કરમુક્ત ગણાય.

**(16) વગર વ્યાજની કે ઓછા વ્યાજ દરે લોનની સગવડ :**

માલિક દ્વારા કર્મચારીને કે તેના કુટુંબના કોઇ પણ સભ્યની માન્ય તબીબી સારવાર માટે લોન આપવામાં આવી હોય કે અન્ય હેતુઓ માટે રૂ. 20,000 સુધીની રકમની લોનની સગવડ આપવામાં આવી હોય તો તે સવલત સંપૂર્ણપણે કરમુક્ત ગણાશે. મેડિકલ સિવાયના હેતુઓ માટે રૂ. 20,000 થી વધુ રકમની લોન હોય તો તેની કરપાત્ર કિંમત નીચે મુજબ નક્કી થશે

(i) મકાન માટેની લોન હોય તો :

આ. વ. 2018-'19 માટે તેનું મૂલ્યાંકન નીચે મુજબ કરવું :

રૂ. 75 લાખ સુધીની લોન અંગે : વાર્ષિક 8.65% દરે થતું વ્યાજ સવલતની કિંમત ગણાય અને તેમાંથી કર્મચારીએ આપેલ વ્યાજ બાદ થાય.

રૂ. 75 લાખથી વધુ રકમની લોન અંગે : વાર્ષિક 8.70% ના દરે થતું વ્યાજ સવલતની કિંમત ગણાય અને તેમાંથી કર્મચારીએ આપેલ વ્યાજ બાદ થાય.

**નોંધ :** સ્ત્રીઓ દ્વારા આ હેતુ માટે લીધેલી લોન અંગે 0.05%ની રાહત બાદ કરવી.

(આવી લોન પર, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા જે દરે વ્યાજ લે છે, તે પાછલા વર્ષની પહેલી તારીખે (1લી એપ્રિલે) જે વ્યાજનો દર હોય તે દરે કરપાત્ર ગણાશે.)

(ii) વાહન (કાર) માટેની લોન હોય તો : વાર્ષિક 9.80% ના દરે;

**નોંધ :** સ્ત્રીઓ માટે આ હેતુ માટે લીધેલી લોન અંગે વાર્ષિક 9.75% ના દરે વ્યાજ ગણાશે.

(iii) વપરાયેલી પ્રમાણિત (Certified pre-owned) કાર લોન અંગે :

વાર્ષિક 13.20% ના દરે

(iv) શૈક્ષણિક હેતુઓ માટેની લોન અંગે (Student Loan Scheme)

| | |
|---|---|
| રૂ. 7.5 લાખ સુધીની લોન પર | વાર્ષિક 11.20% ના દરે |
| રૂ. 7.5 લાખથી વધુ રકમની લોન અંગે | 10.90% દરે |

નોંધ : (1) વિદ્યાર્થીનીઓ માટેનો દર 0.50 ટકો ઓછો છે.

(2) લોન પરત મોકૂફી સમય (inovatorium) દરમિયાન (જેમાં અભ્યાસક્રમનો ગાળો પણ આવી જાય છે.) વ્યાજની નિયમિત ચૂકવણી માટે લોનના સંપૂર્ણ સમય માટે 1% નું વળતર બાદ મળે છે.

(v) સોનાના દાગીના ગીરવે મૂકીને લીધેલ લોન અંગે : વાર્ષિક 11.20%ના દરે (floating rate)

નોંધ : તબીબી સારવાર માટે મળેલી લોનની સગવડ (નિયમ 3 A માં નિયત રોગની સારવાર માટે કરમુક્ત સવલત ગણાય.)

(vi) નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ્સ, કિસાન વિકાસ પત્ર, રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાના રિલીફ બોન્ડ, એસ.બી.આઈ.લાઈફ, એલ. આઈ. સી., એસ.બી.આઈ. મેગનમ વગેરે (ફ્લોટિંગ દર) ના શરણ મૂલ્ય સામે લીધેલી લોન પર વાર્ષિક 13.70% ના દરે વ્યાજ ગણાય છે.

**(17) જંગમ મિલકતો (Movable assets) નો ઉપયોગ કરવાની સગવડ :** કમ્પ્યૂટર (લેપટોપ સહિત) સિવાયની માલિકની માલિકીની કે માલિકે ભાડે રાખેલી જંગમ મિલકતોનો કર્મચારી કે તેના કુટુંબના સભ્યો દ્વારા ઉપયોગ કરવાની સગવડ આપવામાં આવી હોય તો તે સવલત તમામ પ્રકારના કર્મચારીઓ માટે કરપાત્ર ગણાય છે. આવી જંગમ મિલકતોની ખરેખર પડતર કિંમતના વાર્ષિક 10% ના ધોરણે કે માલિકે તે અંગે ચૂકવેલ ભાડાની રકમ સવલતની કિંમત ગણાશે. જો કે આવી સવલત અંગે કર્મચારીને આપેલ ફાળા જેટલી રકમ સવલતની કિંમતમાંથી બાદ કરીને કરપાત્ર રકમ નક્કી કરવામાં આવશે. કર્મચારી કે તેના કુટુંબના સભ્યોને માલિક દ્વારા કમ્પ્યૂટર (લેપટોપ સહિત) નો ઉપયોગ કરવાની સવલત મળી હોય તો તે સવલત તમામ પ્રકારના કર્મચારીઓ માટે કરમુક્ત સવલત છે.

**(18) માલિકની જંગમ મિલકતોની કર્મચારીના નામે નજીવી કિંમતે ફેરબદલી :** માલિકની માલિકીની જંગમ મિલકતો કર્મચારી કે તેના કુટુંબના સભ્યોને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે નજીવી કિંમતે કરેલી ફેરબદલી સવલત તરીકે તમામ પ્રકારના કર્મચારીઓ માટે કરપાત્ર ગણાય. સવલતના મૂલ્યાંકન

માટે તેની મૂળ પડતરમાંથી તેના ટ્રાન્સફરની તારીખ સુધીના સમયને (ફક્ત સંપૂર્ણ થયેલ વર્ષ) ધ્યાનમાં લઈને નિશ્ચિત દરે થતી રકમ બાદ કરવામાં આવશે અને તે રીતે જે કિંમત થાય તેમાંથી કર્મચારીએ આપેલ અવેજ (વેચાણ કિંમત) બાદ કરીને સવલતની કરપાત્ર કિંમત નક્કી કરવામાં આવશે. વપરાશના દરેક સંપૂર્ણ વર્ષ માટે નીચેના દરે ઘસારો બાદ થશે :

| | |
|---|---|
| ઇલેક્ટ્રોનિક વસ્તુઓ / કમ્પ્યૂટર વગેરે | ઘટતી જતી બાકીની રીતે વાર્ષિક 50% ના દરે |
| મોટરકાર | ઘટતી જતી બાકીની રીતે વાર્ષિક 20% ના દરે |
| અન્ય મિલકતો અંગે | મૂળ પડતરના 10%ના દરે |

**નોંધ :** ઇલેક્ટ્રોનિક વસ્તુઓમાં કમ્પ્યૂટર, ડેટા સ્ટોરેજનાં સાધનો, ડિજિટલ ડાયરી અને પ્રિન્ટર્સનો સમાવેશ થાય છે. પરંતુ ઘર-વપરાશની વસ્તુઓ જેવી કે વૉશિંગ મશીન, માઈક્રોવેવ ઑવન, હોટ પ્લેટ, ઑવન મિક્ષ્ચર્સ વગેરેનો સમાવેશ થતો નથી.

## 2.8 પગારને બદલે મળતાં લાભ (Profit in lien of salary)

આવકવેરા કાયદાની કલ 17(3) ની જોગવાઈ મુજબ નીચે મુજબ મળતી રકમો પગારની આવકમાં કરપાત્ર છે :

**(1) વળતર (Compensation)**

(a) નોકરીમાં અંત આવવાના કારણે વર્તમાન માલિક પાસેથી કે અગાઉના માલિક પાસેથી મળેલું કે લેણું થયેલું વળતર જે માલિકે સ્વેચ્છાએ આપેલું હોય કે કરારની શરત મુજબ આપેલું હોય, આ બંને સંજોગોમાં મળેલ રકમ કરપાત્ર થશે. જો માલિકે તેના કર્મચારીને અંગત રીતે ભેટ તરીકે કોઇ રકમ ચૂકવેલ હોય તો તે કરપાત્ર ગણાશે નહિ.

(b) નોકરીની શરતોમાં ફેરફાર થવાના કારણે કર્મચારીને મળતી એક સામટી રકમ પણ 'પગારના બદલે મળતા લાભ' તરીકે કરપાત્ર થશે.

(c) નોકરીમાંથી કોઇ કર્મચારીની છટણી કરવામાં આવે એટલે કે છૂટા કરવામાં આવે ત્યારે તેમને મળતું વળતર કલમ 10 (10 G) હેઠળ નીચે જણાવેલ મર્યાદા સુધી કરમુક્ત ગણાય છે :

| | |
|---|---|
| (i) ખરેખર મળેલ રકમ | ........ |
| (ii) 15 દિવસનો સરેરાશ પગાર × નોકરીના પૂરા વર્ષ | ........ |
| (iii) વધુમાં વધુ રૂ. 5,00,000 | ........ |

ત્રણમાંથી જે રકમ ઓછી હોય તે કરમુક્ત ગણાશે.

(અહીં નોકરીના પૂરા વર્ષમાં 6 મહિનાથી વધુ સમય હોય તો પૂરા વર્ષ ગણવા.)

**(2) સ્વૈચ્છિક નિવૃત્તિ વખતે મળેલ વળતર (Voluntary Retirement Scheme-VRS)**

કલમ 10 (10 C) હેઠળ સ્વૈચ્છિક નિવૃત્તિ વખતે મળેલ વળતર અમુક શરતોની આધીન કરમુક્ત ગણાય છે. આ માટેની યોજના નિયત કરેલ માર્ગદર્શક સૂચનો હેઠળ નક્કી થયેલી હોવી જરૂરી છે. આ અંગે વધુમાં વધુ રૂ. 5,00,000 ની રકમ કરમુક્ત ગણાય છે અને એક વખત આ કરમુક્તિનો લાભ મળ્યો હોય તો પણ તે પછીના કોઇપણ આકારણી વર્ષમાં આવો બીજીવાર પણ લાભ મળશે.

## 2.9 ગ્રેચ્યુઈટી અને પેન્શન (Gratuity and Pension) :

**ગ્રેચ્યુઈટી :** ગ્રેચ્યુઈટી એટલે અમુક વર્ષની નોકરી કર્યા પછી કર્મચારી નોકરી છોડીને જાય કે નિવૃત્ત થાય ત્યારે તેને માલિક તરફથી આપવામાં આવતી એક સામટી રકમ. સામાન્ય રીતે માલિક દ્વારા કર્મચારીને લાંબા સમય સુધી કામ કરવા બદલ એક પ્રકારનું ઈનામ છે.

કર્મચારીને નિવૃત્તિ વખતે મળતી ગ્રેચ્યુઈટી પગારની આવકના શીર્ષક હેઠળ કરપાત્ર ગણાય છે, જ્યારે કર્મચારીના નોકરી દરમિયાન થયેલ મૃત્યુને કારણે તેના કાયદેસરના વારસદારને મળતી ગ્રેચ્યુઈટી 'અન્ય સાધનોની આવક' ના શીર્ષક હેઠળ કરપાત્ર ગણાય છે.

નોકરી કરતા કર્મચારીના અવસાનના કારણે તેની પત્ની કે કાયદેસરના વારસદારને માલિક દ્વારા ચૂકવાતું અનુદાન (Ex - Gratia Payment) કરમુક્ત છે. એ જ રીતે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર કે અન્ય કોઇ પણ અર્ધ-સરકારીના કર્મચારીને કે તેના કુટુંબના કોઇ સભ્યને ઇજા થાય કે મૃત્યુ પામે ત્યારે પણ આવું અનુદાન કરમુક્ત ગણાય છે.

આવકવેરા કાયદાની કલમ 10 (10) મુજબ ગ્રેચ્યુઈટીની કરપાત્રતા નીચે મુજબ નક્કી કરવામાં આવે છે :

**(1) સરકારી કર્મચારીઓને મળતી ગ્રેચ્યુઈટી :** કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ અને સંરક્ષણ સેવાના કર્મચારીઓને કે તેના કાયદેસરના વારસદારોને મળતી ગ્રેચ્યુઈટી સંપૂર્ણ કરમુક્ત છે. આ ગ્રેચ્યુઈટીને મૃત્યુ કે નિવૃત્તિ અપેક્ષિત ગ્રેચ્યુઈટી કહેવાય છે.

આકારણી વર્ષ 2018-'19માં સરકાર દ્વારા મહત્તમ ગ્રેચ્યુઈટી રૂ. 10,00,000 નક્કી કરવામાં આવી છે જ્યારે સાતમાં પગાર પંચના અમલ પછી આકારણી વર્ષ 2019-'20 થી મહત્તમ ગ્રેચ્યુઈટીની રકમ રૂ. 20,00,000 નક્કી કરવામાં આવી છે.

**(1) બિન સરકારી કર્મચારીઓને '1972ના ગ્રેચ્યુઈટી ચૂકવણી કાયદા' હેઠળ ચૂકવવામાં આવેલ ગ્રેચ્યુઈટી :**

જે કર્મચારીઓને આ પ્રકારની ગ્રેચ્યુઈટી ચૂકવવામાં આવે છે તેની કરપાત્ર રકમ નીચેની ત્રણ શરતોને આધારે નક્કી કરવામાં આવે છે :

**શરતો :**

(i) ખરેખર મળેલ ગ્રેચ્યુઈટીની રકમ ........

(ii) વધુમાં વધુ રૂ. 10,00,000 ........

(iii) છેલ્લા માસનો પગાર × $\frac{15}{26}$ દિવસ × નોકરીના પૂરા વર્ષ ........

ઉપરની ત્રણ રકમો પૈકી જે રકમ ઓછી હોય તે કરમુક્ત ગ્રેચ્યુઈટી ગણાશે.

કરપાત્ર ગ્રેચ્યુઈટી = ખરેખર મળેલ ગ્રેચ્યુઈટી – કરમુક્ત ગ્રેચ્યુઈટી

**ઉપરની ગણતરીમાં ધ્યાનમાં રાખવાનાં મુદ્દા :**

(1) અહીં પગાર એટલે મૂળ પગાર + મોંઘવારી ભથ્થું (જે મોંઘવારી ભથ્થું નિવૃત્તિના લાભ માટે ગણાતું હોય તેટલું)

(2) નોકરીના પૂરાં વર્ષમાં જો કુલ વર્ષની ઉપર 6 મહિનાથી વધુ સમય હોય તો 1 વર્ષ ગણી લેવું.

દા.ત. 32 વર્ષ 5 મહિના = 32 વર્ષ, 32 વર્ષ 6 મહિના = 32 વર્ષ,

32 વર્ષ 7 મહિના = 33 વર્ષ, 32 વર્ષ 6 મહિના અને એક દિવસ = 33 વર્ષ

(3) જો કર્મચારી નિવૃત્ત થયો હોય તો કરપાત્ર ગ્રેચ્યુઈટીની રકમ તેની પગારની આવકમાં ઉમેરાશે. પરંતુ કર્મચારી મૃત્યુ પામેલ હોય તો તેના કાયદેસરના વારસદાર માટે કરપાત્ર ગ્રેચ્યુઈટીની રકમ 'અન્ય સાધનોની આવક' ના શીર્ષક હેઠળ ઉમેરાય છે.

(4) જો કોઇ કર્મચારીએ એક કરતાં વધુ માલિકોને સેવાઓ આપી હોય અને અગાઉના

માલિક પાસેથી ગ્રેચ્યુઈટી ન મળી હોય તો અગાઉના માલિકને ત્યાં કરેલી નોકરીનો સમય પણ ગ્રેચ્યુઈટીની ગણતરીમાં ધ્યાનમાં લેવાશે.

**ઉદાહરણ-7 :** મંગલમ પ્રા. લિમિટેડના કર્મચારી મિ. આદિત્ય જાનીને તા. 20મી સપ્ટેમ્બર, 2017ના રોજ નિવૃત્તિ વખતે, 1972ના ગ્રેચ્યુઈટી ચૂકવણી ધારા હેઠળ રૂ. 8,20,000ની ગ્રેચ્યુઈટી મળી છે. તેઓ આ કંપનીમાં 31 વર્ષ અને 9 માસ સુધી નોકરીમાં હતા. નિવૃત્તિ વખતે તેમને મૂળ પગાર પેટે માસિક રૂ. 39,000 હતો. તેમની ગ્રેચ્યુઈટીની કરપાત્ર રકમ શોધો ?

**જવાબ :** 1972ના ગ્રેચ્યુઈટી ચૂકવણી ધારા હેઠળ કરપાત્ર ગ્રેચ્યુઈટીની શરતો :

| | | રૂ. |
|---|---|---|
| (1) | ખરેખર મળેલ ગ્રેચ્યુઈટીની રકમ | = 8,20,000 |
| (2) | વધુમાં વધુ રકમ | = 10,00,000 |
| (3) | છેલ્લા માસનો પગાર $\times \frac{15}{26}$ દિવસ $\times$ નોકરીના પૂરા વર્ષ | |
| | $39{,}000 \times \frac{15}{26} \times 32$ વર્ષ | = 7,20,000 |

ઉપરના ત્રણે રકમમાંથી સૌથી ઓછી રકમ = 7,20,000

કરમુક્ત ગ્રેચ્યુઈટી = રૂ. 7,20,000

કરપાત્ર ગ્રેચ્યુઈટી = ખરેખર મળેલ ગ્રેચ્યુઈટી – કરમુક્ત ગ્રેચ્યુઈટી
= રૂ. 8,20,000 – રૂ. 7,20,000
= રૂ.1,00,000

**(3) બિન સરકારી કર્મચારીઓ કે જેઓ ખાનગી નોકરીમાં હોય અથવા કાયદા મુજબ રચાયેલ કોર્પોરેશનમાં કામ કરતાં હોય તેમને મળતી ગ્રેચ્યુઈટી :**

જે કર્મચારીને નિવૃત્તિ વખતે, નોકરીમાં અંત આવવાને કારણે કે કાયમી અસમર્થતાના કારણે કે મૃત્યુના કારણે ગ્રેચ્યુઈટી મળે તો નીચેની ત્રણ શરતોને આધીન ગ્રેચ્યુઈટીની કરપાત્ર રકમ ગણાશે.

**શરતો :**

| | | |
|---|---|---|
| (i) | ખરેખર મળેલ ગ્રેચ્યુઈટી | ........ |
| (ii) | વધુમાં વધુ રકમ રૂ. 10,00,000 | ........ |
| (iii) | છેલ્લા 10 માસનો સરેરાશ પગાર $\times \frac{1}{2} \times$ નોકરીના પૂરા વર્ષ | ........ |

ઉપરની ત્રણ રકમોમાંથી સૌથી ઓછી રકમ કરમુક્ત ગ્રેચ્યુઈટી ગણાશે.

કરપાત્ર ગ્રેચ્યુઈટી = ખરેખર મળેલ ગ્રેચ્યુઈટી – કરમુક્ત ગ્રેચ્યુઈટી

**ઉપરની ગણતરીમાં ધ્યાનમાં રાખવાનાં મુદ્દા :**

(1) અહીં પગાર એટલે મૂળ પગાર + મોંઘવારી ભથ્થું (પ્રોવિડન્ટ ફંડ જેવા નિવૃત્તિના લાભ માટે જેટલું મોંઘવારી ભથ્થું ગણતરીમાં લેવાતું હોય તેટલું) + વેચાણ પરનું કમિશન (જો કમિશન પગારની શરતોનો ભાગ હોય તો)

(2) અહીં નોકરીના પૂરાં વર્ષ જ ધ્યાનમાં લેવાશે.

ઉપરના મહિના ધ્યાનમાં લેવાશે નહિ.

દા.ત. 32 વર્ષ 5 મહિના = 32 વર્ષ

32 વર્ષ 7 મહિના = 33 વર્ષ

32 વર્ષ 11 મહિના = 32 વર્ષ

(3) છેલ્લા 10 મહિનાનો સરેરાશ પગાર ગણતી વખતે જો કોઇ કર્મચારી મહિનાની આખર તારીખ બાદ નિવૃત્ત થયો હોય તો તે મહિનાની ગણતરી કરવી. (દા.ત. 31-8-18 નિવૃત્તિની તારીખ હોય તો ઓગસ્ટ મહિના સહિત પાછળના 10 મહિના ગણવા. પરંતુ, જો કર્મચારી મહિનાની કોઇ વચ્ચેની તારીખે નિવૃત્ત થયો હોય તો તે મહિનાને ધ્યાનમાં લેવો નહિ.) (દા.ત. 16-8-18 નિવૃત્તિની તારીખ હોય તો જુલાઈ-2018 થી 10 મહિના ગણવા.)

(4) એક જ વર્ષમાં બે માલિકો પાસેથી કે અલગ અલગ વર્ષમાં જુદા જુદા માલિકો પાસેથી ગ્રેચ્યુઇટી મળી હોય તો કુલ કરમુક્ત રકમ રૂ. 10,00,000 થી વધારે થશે નહિ.

(5) જો કર્મચારી નોકરીમાં ચાલુ હોય અને માલિક દ્વારા તેમને ગ્રેચ્યુઇટી ચૂકવી હોય તો કરમુક્તિનો લાભ મળશે નહિ.

**ઉદાહરણ-8 :** શ્રીમતી કોમલ 32 વર્ષ અને 6 માસિની નોકરી પછી તા. 31-12-2018ના રોજ નિવૃત્ત થાય છે. તેમને માલિક તરફથી રૂ. 12,50,000 ગ્રેચ્યુઇટીના મળે છે. નિવૃત્તિ અગાઉના 10 માસનો સરેરાશ માસિક પગાર રૂ. 40,000 હતો અને મોંઘવારી ભથ્થું દર મહિને રૂ. 10,000 હતું, જેનો સમાવેશ પ્રોવિડન્ટ ફંડની ગણતરીમાં કરેલ છે. તેમની કરપાત્ર ગ્રેચ્યુઇટીની રકમ શોધો.

| જવાબ : | **ગ્રેચ્યુઇટીની શરતો** | **રૂ.** |
|---|---|---|
| (1) | ખરેખર મળેલ ગ્રેચ્યુઈટીની રકમ | = 12,50,000 |
| (2) | વધુમાં વધુ રકમ | = 10,00,000 |
| (3) | છેલ્લા 10 માસનો સરેરાશ પગાર × $\frac{1}{2}$ × નોકરીનાં પૂરા વર્ષ | |
| | (50,000 × $\frac{1}{2}$ × 32 વર્ષ) | = 8,00,000 |

ઉપરના ત્રણે રકમમાંથી સૌથી ઓછી રકમ રૂ. 8,00,000 છે.

કરમુક્ત ગ્રેચ્યુઇટી = રૂ. 8,00,000

કરપાત્ર ગ્રેચ્યુઇટી = રૂ. 12,50,000 – રૂ. 8,00,000

= રૂ. 4,50,000

**પેન્શન (Pension) :**

**(1) દર મહિને મળતી પેન્શનની રકમ :** કર્મચારીને નિવૃત્તિ બાદ તેના માલિક તરફથી દર મહિને અમુક રકમ પગારની જેમ જ આપવામાં આવે તો સરકારી કે બિનસરકારી કર્મચારીઓ માટે પગારના શીર્ષક હેઠળ કરપાત્ર ગણાય છે. સામાન્ય રીતે નિવૃત્તિ બાદ કર્મચારીના જીવનનિર્વાહ માટે આ રકમ આપવામાં આવે છે. જેને Uncommuted Pension કહે છે.

**અપવાદ :**

(i) ભારતીય સૈન્યના કર્મચારીઓના કુટુંબના સભ્યોને મળતું પેન્શન (ફેમિલી પેન્શન) કરમુક્ત છે.

(ii) કેન્દ્ર સરકારના સંરક્ષણ વિભાગના કર્મચારીઓને કે જેમને વીરતા પુરસ્કાર મળેલ હોય તો તેમને મળતું પેન્શન પણ કરમુક્ત છે.

(iii) કર્મચારી કે તેના કુટુંબના સભ્યોને સંયુક્ત રાષ્ટ્રસંઘ તરફથી મળતું પેન્શન કરમુક્ત છે.

**(2) એકસામટું પેન્શન :**

(i) સરકારી કર્મચારીઓ, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓના કર્મચારીઓ, કાયદેસરના કોર્પોરેશનના કર્મચારીઓ, તેમજ સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના ન્યાયાધીશોને મળતું એકસામટું પેન્શન કલમ 10(10 A) મુજબ સંપૂર્ણ કરમુક્ત છે. જેને Commuted Pension કહેવાય છે.

(ii) જો કર્મચારી બિનસરકારી હોય તો તેને મળતું એકસામટું પેન્શન નીચેની શરતો મુજબ કરપાત્ર ગણાશે.

(a) જો કર્મચારીને માલિક તરફથી ગ્રેચ્યુઇટી પણ મળી હોય તો કુલ મળવાપાત્ર એકસામટા પેન્શનની $\frac{1}{3}$ રકમ કરમુક્ત ગણાશે.

(b) જો કર્મચારીને માલિક તરફથી ગ્રેચ્યુઇટી ન મળી હોય તો કુલ મળવાપાત્ર એક સામટા પેન્શનની $\frac{1}{2}$ રકમ કરમુક્ત ગણાશે.

**ઉદાહરણ-9 :** શ્રી નરેન્દ્ર તા. 31-8-2017 ના રોજ નિવૃત્ત થાય છે અને તેમને માલિકત તરફથી રૂ. 9,25,000 ની ગ્રેચ્યુઇટી મળે છે. તેમનું માસિક પેન્શન રૂ. 18,000 નક્કી થયું છે. તેઓએ આ પૈકી અડધું પેન્શન તા. 1-1-2018 ના રોજ કૉમ્યુટેડ કરાવીને રૂ. 5,75,000 ની એકસામટી રકમ મેળવી હોય તો આકારણી વર્ષ 2018-'19 માટે પેન્શન તેમજ કૉમ્યુટેડ પેન્શનની કરપાત્ર રકમ શોધો.

**જવાબ :** શ્રી નરેન્દ્ર બિનસરકારી કર્મચારી છે. વળી, તેમને ગ્રેચ્યુઇટી પણ માલિક પાસેથી મળી છે. તેથી કુલ કૉમ્યુટેડ પેન્શનના $\frac{1}{3}$ રકમ કરમુક્ત થશે.

તેમને 50% લેખે રૂ. 5,75,000 તા. 1-1-2018 ના રોજ ઉપાડ્યા છે. માટે કુલ પેન્શન રૂ. 11,50,000 થશે. જેના $\frac{1}{3}$ ભાગ કરમુક્ત ગણાશે.

એટલે કે રૂ. $11,50,000 \times \frac{1}{3} = 3,83,333$ થાય

શ્રી નરેન્દ્રની ગ્રોસ પગારની ગણતરીમાં નીચે મુજબ પેન્શનની રકમ ઉમેરાશે :

| | | |
|---|---|---|
| (1) | તા. 1 લી સપ્ટેમ્બર 2017 થી 31 મી ડિસેમ્બર, 2017 સુધી | |
| | 18,000 × 4 મહિના | રૂ. 72,000 |
| | તા. 1 લી જાન્યુ, 2018 થી 31 મી માર્ચ, 2018 સુધી | |
| | (રૂ. 18,000 ના 50% = રૂ. 9000 × 3 મહિના) | રૂ. 27,000 |
| | અન-કૉમ્યુટેડ પેન્શન | રૂ. 99,000 |
| | **ઉમેરો :** કૉમ્યુટેડ પેન્શનની રકમ | |
| | કુલ ઉપાડેલ પેન્શન | રૂ. 5,75,000 |

| | |
|---|---|
| બાદ : કરમુક્ત | રૂ. 3,83,333 |
| કરપાત્ર કૉમ્યુટેડ પેન્શન | રૂ. 1,91,667 |

(3) **કુટુંબ પેન્શન (Family Pension) :** કર્મચારીના મૃત્યુ બાદ તેના કુટુંબીજનોને મળતું પેન્શન પગારની આવકની શીર્ષક હેઠળ કરપાત્ર ગણાશે નહીં પરંતુ આ પેન્શન મેળવનારની 'અન્ય સાધનોની આવકના' શીર્ષક હેઠળ કરપાત્ર ગણાશે.

## 2.10 પ્રોવિડન્ટ ફંડ (Provident Fund)

કર્મચારીઓ માટે એક પ્રકારની બચત ઊભી થાય તેમ જ નિવૃત્તિ દરમ્યાન કે ત્યારબાદ તે રકમમાંથી જરૂરી ખર્ચ કરી શકે તે માટે એક ફંડ ઊભું કરવામાં આવે છે. સરકાર દ્વારા જે લોકો નોકરી કરતાં નથી તેમના માટે આવું ફંડ ઊભું કરવાની વ્યવસ્થા કરેલ છે. આ ફંડને પ્રોવિડન્ટ ફંડ કહેવામાં આવે છે. અલગ-અલગ પ્રકારના પ્રોવિડન્ટ ફંડ માટે આવકવેરાની જોગવાઈઓ અલગ-અલગ છે. આ ફંડમાં કર્મચારીનો ફાળો, માલિકનો ફાળો, ફંડ પર વ્યાજ અને જો ફંડમાંથી ઉપાડ કરવામાં આવે તો કઇ રકમ કરપાત્ર થશે તેની ચર્ચા જુદા-જુદા ફંડના આધારે કરવામાં આવી છે.

(A) **કાયદા મુજબનું પ્રોવિડન્ટ ફંડ (Statutory Provident Fund) :** જે પ્રોવિડન્ટ ફંડને 1925ના પ્રોવિડન્ટ ફંડનો કાયદો લાગુ પડતો હોય તેને કાયદા મુજબનું પ્રોવિડન્ટ ફંડ કહેવાય છે. સામાન્ય રીતે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, રેલ્વે, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, યુનિવર્સિટી અને કૉલેજના કર્મચારીઓને આ ફંડ લાગુ પડે છે.

(1) **કર્મચારીઓનો ફાળો :** કર્મચારીના પગારમાંથી જરૂર રકમ બાદ કરીને આ ફાળામાં જમાં કરવામાં આવે છે, માટે કર્મચારીનો ફાળો એ આવક નથી. પરંતુ કર્મચારીના ફાળાની રકમ કુલ ગ્રોસ આવકમાંથી કલમ 80 સી હેઠળ કપાત કરીકે બાદ મળે છે.

(2) **માલિકનો ફાળો :** જ્યારે સરકાર દ્વારા જરૂરી નિયમ પ્રમાણે કર્મચારીના આ ફંડમાં જે રકમ જમાં કરવામાં આવે છે તે સંપૂર્ણ કરમુક્ત છે.

(3) **પ્રોવિડન્ટ ફંડ પરનું વ્યાજ :** સરકાર દ્વારા દર વર્ષે આ ફંડ પર જે વ્યાજ જમા કરવામાં આવે છે તે સંપૂર્ણ કરમુક્ત છે.

(4) **પ્રોવિડન્ટ ફંડમાં ઉપાડ :** જ્યારે કર્મચારી દ્વારા નોકરી દરમિયાન (શરતોને આધીન) કે નિવૃત્તિ સમયે કે નિવૃત્તિ બાદ તેમાંથી જે રકમનો ઉપાડ કરવામાં આવે તે સંપૂર્ણ કરમુક્ત છે.

(B) **માન્ય પ્રોવિડન્ટ ફંડ (Recognised Provident Fund) :** જ્યાં કાયદા મુજબનું પ્રોવિડન્ટ ફંડ લાગુ પડતું નથી ત્યાં માલિક દ્વારા કમિશ્નર ઓફ ઇન્કમટેક્ષ પાસેથી જે પ્રોવિડન્ટ ફંડ માન્ય કરવામાં આવે તેવા ફંડને માન્ય પ્રોવિડન્ટ ફંડ કહેવાય છે. આ ફંડમાં કર્મચારીનો ફાળો, માલિકનો ફાળો તેમજ વ્યાજનો પણ સમાવેશ થાય છે. 1952ના પ્રોવિડન્ટ ફંડ એક્ટની યોજના હેઠળ સ્થપાયેલ પ્રોવિડન્ટ ફંડ પણ માન્ય પ્રોવિડન્ટ ફંડ ગણાય.

(1) **કર્મચારીનો ફાળો :** કર્મચારી દ્વારા આ ફંડમાં વર્ષ દરમિયાન જમા કરેલ રકમ કર્મચારીના ગ્રોસ પગારમાંથી કલમ 80 સી ની કપાતમાં ઉમેરાશે.

(2) **માલિકનો ફાળો :** જ્યારે માલિક દ્વારા કર્મચારીના કુલ મૂળ પગારના 12% થી વધારે રકમ જમા કરાવી હોય તો તે વધારાની રકમ કરપાત્ર ગણાશે.

(3) **પ્રોવિડન્ટ ફંડ પરનું વ્યાજ :** માલિક દ્વારા આ ફંડ પર જમા કરેલ વ્યાજ વાર્ષિક 9.5% ના દરેથી વધારે રકમ કરપાત્ર છે. એટલે કે વાર્ષિક 9.5% સુધીનું વ્યાજ કરમુક્ત છે.

(4) **પ્રોવિડન્ટ ફંડમાંથી ઉપાડ :** નિવૃત્તિ બાદ આ ફંડમાંથી કર્મચારી દ્વારા ઉપાડ કરેલ બધી જ રકમ કરમુક્ત છે.

(C) **અમાન્ય પ્રોવિડન્ટ ફંડ (Unrecognised Provident Fund) :** કમિશ્નર ઑફ ઈન્કમટેક્ષ દ્વારા જે ફંડને માન્યતા ના આપી હોય તેવા પ્રોવિડન્ટ ફંડને અમાન્ય પ્રોવિડન્ટ ફંડ કહેવાય છે.

(1) **કર્મચારીનો ફાળો :** કર્મચારીના પગારમાંથી જેટલી રકમ દર વર્ષે અમાન્ય પ્રોવિડન્ટ ફંડમાં જમાં કરવામાં આવે છે તે કલમ 80 C હેઠળ કપાત તરીકે ગણાશે નહિ.

(2) **માલિકનો ફાળો :** માલિક દ્વારા જે તે વર્ષે આ પ્રોવિડન્ટ ફંડમાં જમા કરેલ રકમ કર્મચારીના ગ્રોસ પગારની કરપાત્ર આવક તરીકે ગણતરી ઉમેરાશે નહીં.

(3) **પ્રોવિડન્ટ ફંડ પરનું વ્યાજ :** અમાન્ય પ્રોવિડન્ટ ફંડ પર જમા કરેલ વ્યાજ કરમુક્ત છે.

(4) **પ્રોવિડન્ટ ફંડમાંથી ઉપાડ :** જ્યારે કર્મચારી દ્વારા ચાલુ નોકરીએ કે નિવૃત્તિ બાદ આ ફંડમાંથી રકમ ઉપાડવા આવે ત્યારે ઉપાડની રકમમાં સમાયેલ માલિકનો ફાળો તેમજ તેના પરનું વ્યાજ 'પગારની આવક' તરીકે કરપાત્ર થશે. જ્યારે કર્મચારીના ફાળા પરનું વ્યાજ 'અન્ય સાધનોની આવક' તરીકે કરપાત્ર થશે.

(D) **જાહેર પ્રોવિડન્ટ ફંડ (Public Provident Fund) :** જે વ્યક્તિઓ નોકરી કરતી નથી તેઓ પ્રોવિડન્ટ ફંડમાં રોકાણ કરી શકે તે માટે મધ્યસ્થ સરકાર દ્વારા તા. 1-7-1968 થી જાહેર પ્રોવિડન્ટ ફંડની યોજના દાખલ કરી છે. ભારત દેશની કોઇ પણ વ્યક્તિ ભારતની કેટલીક નૅશનેલાઇઝ બૅંકમાં કે ભારતીય પોસ્ટ ઑફિસમાં પ્રૉવિડન્ટ ફંડ ખાતું ખોલી શકે છે. નોકરી કરનાર વ્યક્તિ પણ આ ખાતું ખોલાવી શકે છે. આ ફંડમાં દર વર્ષે ઓછામાં ઓછા રૂ. 500 અને વધુમાં વધુ રૂ. 1,50,000 નો ફાળો આપી શકાય છે.

(1) **માલિકનો ફાળો :** આ ફંડમાં માલિકનો ફાળો હોતો નથી.

(2) **એસેસીનો ફાળો :** કલમ 80 C ની કપાત માટે ઉપયોગ લઈ શકાય છે.

(3) **પ્રોવિડન્ટ ફંડ પરનું વ્યાજ :** સરકાર દ્વારા તેના પર વ્યાજ આપવામાં આવે છે જે સંપૂર્ણ કરમુક્ત છે.

(4) **પ્રોવિડન્ટ ફંડમાંથી ઉપાડ :** જાહેર પ્રોવિડન્ટ ફંડનું ખાતું ખોલ્યા બાદ 15 વર્ષ પછી પૂરી રકમ પરત મળી શકે છે. તે પહેલાં જો ફાળો આપનાર એસેસીનું મૃત્યુ થાય તો તેના વારસદારને પૂરી રકમ મળશે. આ ખાતું દર 5 વર્ષે રીન્યુ કરાવી શકાય છે. ઉપાડ તરીકે મળતી બધી જ રકમ કરમુક્ત છે. આ પ્રોવિડન્ટ ફંડની જમા બાકી પર અદાલતની ટાંચ લાવી શકાય નહિ.

## 2.11 પગારની આવક સાથે સંકળાયેલ અન્ય જોગવાઈઓ

(1) **એન્યુઇટી (Annuity) :** એન્યુઇટીને વર્ષાસન કહેવાય છે. માલિક દ્વારા તેના કર્મચારીને સ્વૈચ્છિક રીતે કે કરારજન્ય જવાબદારીના આધારે ચૂકવવામાં આવે છે. પગારના શીર્ષક હેઠળ વર્ષાસન તરીકે મળતી રકમ કરપાત્ર છે.

(2) **પગાર જતો કરવો (Surrender of Salaries) :** મધ્યસ્થ સરકારના જે કર્મચારીઓ પોતાના પગાર અને ભથ્થાંઓનો અમુક ભાગ સ્વૈચ્છિક રીતે મધ્યસ્થ સરકારના તરફેણમાં છોડી દે તો તે રકમ કર્મચારીની કુલ આવકમાંથી બાદ કરવામાં આવે છે.

(3) **મુસાફરી ભાડું અને રજાઓનું ભથ્થું (Leave travel Concession) :** આવકવેરા ધારાની કલમ 10(5) મુજબ જે કર્મચારીને (i) તેના માલિક તરફથી ભારતમાં કોઇપણ સ્થળે રજાઓમાં ફરવા માટે પોતાના માટે, પત્ની તથા બાળકો માટે અને આશ્રિત માતા-પિતા અને ભાઈ

બહેન માટે મુસાફરી ભાડા અંગે સહાય આપવામાં આવે તો તે સવલત કરમુક્ત ગણાય છે.
(ii) જો કર્મચારી નોકરીમાંથી નિવૃત્ત થયા પછી કે નોકરીનો અંત આવ્યા પછી પણ માલિક દ્વારા કર્મચારીને કે તેના કુટુંબને ભારતમાં કોઇ પણ સ્થળે આવવા-જવા માટે મુસાફરી ભાડું આપવામાં આવે તો તે સવલત પણ કરમુક્ત છે.

**નોંધ :**

(1) કુટુંબમાં કર્મચારી પોતે, તેના પતિ કે પત્ની, તેનાં બાળકો (વધુમાં વધુ બે બાળકો કે જેમનો જન્મ 1-10-1998 પછી થયેલો હોય તો), વ્યક્તિના માતા-પિતા, ભાઈ-બહેન કે જેઓ તે વ્યક્તિ પર સંપૂર્ણપણે કે અંશતઃ આશ્રિત હોય તો.

(2) આ કરમુક્તિ ફક્ત રેલ્વે, બસ કે વિમાનના ભાડા અંગે જ મળી શકે છે. રહેવા કે જમવાનો ખર્ચ અંગે કરમુક્તિ મળતી નથી.

(3) કોઇપણ 4 વર્ષના બ્લોકમાં ફક્ત બે વાર કરમુક્તિનો લાભ મળશે.

(4) મુસાફરી કરેલ ન હોય અને કર્મચારીએ આ સવલતની રકમ માલિક પાસેથી રોકડમાં લીધેલ હોય તો તે રકમ કરપાત્ર ગણાશે.

**(4) રજાનો પગાર કે ચઢેલી રજાનું રોકડમાં રૂપાંતર (Leave Salary or Leave Encashment)** : કર્મચારી પોતાની નોકરીની મુદ્દત દરમિયાન જે રજા ભોગવવા માટે હકદાર છે અને જો કર્મચારી તેની નોકરીની મુદ્દત દરમિયાન આ રજાઓ તે ન ભોગવે તો તેના ખાતે ભેગી થયેલી રજાઓના તેના બદલામાં તેને રોકડાં નાણાં નિવૃત્તિ વખતે માલિક તરફથી ચૂકવવામાં આવે છે. આને ‘રજાનો પગાર’ કે ‘રજાનું રોકડમાં રૂપાંતર’ કહે છે.

આ માટે કરવેરાની જોગવાઈઓ નીચે મુજબ છે :

**(1) નોકરી દરમિયાન રજાઓનું રોકડમાં રૂપાંતર :** સરકારી કે બિનસરકારી કર્મચારીને ચાલુ નોકરી દરમિયાન તેમને ભેગી થયેલી રજાઓનું રોકડમાં રૂપાંતર કરી માલિક તરફથી રોકડ મળે તો તે રકમ બધા જ પ્રકારના કર્મચારીઓ માટે કરપાત્ર છે.

**(2) નિવૃત્તિ વખતે રજાઓનું રોકડમાં રૂપાંતર :**

(i) જો કર્મચારી કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારનો કર્મચારી હોય તો તેને નિવૃત્તિ વખતે તેની ભેગી થયેલ રજાઓને બદલે રકમ મળે (નિયમ અનુસાર) તો તે સંપૂર્ણપણે કરમુક્ત છે.

(ii) જો કર્મચારી ખાનગી નોકરીમાં હોય તેમજ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા તથા કાયદાથી સ્થપાયેલ કોર્પોરેશનમાં નોકરી કરતો હોય તો તેને નિવૃત્તિ વખતે રજાઓનું રોકડમાં રૂપાંતર કરી રકમ મળે તો નીચેની શરતો મુજબ જે રકમ ઓછામાં ઓછી હશે તે કરમુક્ત ગણાશે.

(a) ખરેખર મળેલ રકમ .............

(b) નિવૃત્તિ પહેલાંનો 10 માસનો સરેરાશ પગાર .............

(c) નિવૃત્તિ વખતે તેના ખાતે જમા થયેલ કુલ રજાઓનો પગાર .............

(d) મહત્તમ મર્યાદા રૂ. 3,00,000 .............

અહીં સરેરાશ પગાર એટલે કરમુક્ત ઘરભાડા ભથ્થાંની ગણતરીમાં જે રીતે પગાર ગણાય છે તે રીતે ગણતરી કરવી.

## 2.12 પગારની આવકમાંથી બાદ મળતી કપાતો (Deductions from Salaries)

પગારના શીર્ષક હેઠળ કરપાત્ર પગારની ગણતરી કરતી વખતે સૌ પ્રથમ પગારને લગતી બધી જ કરપાત્ર રકમોનો સમાવેશ કરી ગ્રોસ પગાર શોધવામાં આવે છે.

ગ્રોસ પગારની રકમની ગણતરી કર્યા બાદ તેમાંથી નીચે મુજબની બે વિશિષ્ટ કપાતો તેમાંથી બાદ કરીને કરપાત્ર પગાર શોધવામાં આવશે.

**વિશિષ્ટ કપાતો :**

**(1) કરમુક્ત મનોરંજન ભથ્થું :** સરકારી કર્મચારીને તેના માલિક તરફથી મનોરંજન ભથ્થું મળતું હોય તો મનોરંજન ભથ્થાંના શરતો મુજબ કરમુક્ત મનોરંજન ભથ્થું શોધવામાં આવે છે. આ શોધેલ રકમ ગ્રોસ પગારમાંથી બાદ કરવામાં આવશે. (કલમ 16 (ii))

**(2) વ્યવસાયવેરો :** કર્મચારીના પગારમાંથી સરકાર દ્વારા દર મહિને જે વ્યવસાયવેરો વસૂલ કરવામાં આવે છે તે વ્યવસાયવેરાની વર્ષ દરમિયાનની કુલ ચૂકવણી અહીં ગ્રોસ પગારમાંથી બાદ મળશે. (કલમ 16 (iii))

## 2.13 વિશિષ્ટ ઉદાહરણો

**ઉદાહરણ-10 :**

શ્રીમાન રાકેશ 20 વર્ષ, 11 મહિના અને 25 દિવસની નોકરી કરીને તા. 1-3-2018 ના રોજ નિવૃત્ત થાય છે. તેમને ગ્રેચ્યુઇટીની રૂ. 8 લાખની રકમ મળી. કેલેન્ડર વર્ષ 2017 અને 2018 નો સરેરાશ માસિક પગાર રૂ. 24,000 અને રૂ. 26,000 હતો. કેલેન્ડર વર્ષ 2017 અને 2018 દરમિયાન બોનસ માસિક રૂ. 12,000 અને રૂ. 16,000 મળ્યું હતું. આ.વ. 2018-19 માટે કરપાત્ર ગ્રેચ્યુઇટીની રકમ ગણો, જો તેઓ,

1. જો તેઓ સરકારી કર્મચારી હોય.
2. જો તેમને 1972નો ગ્રેચ્યુઈટી ચૂકવણી કાયદો લાગુ પડતો હોય.
3. જો તેઓને ઉપર્યુક્ત બંનેમાંથી એકપણ વિકલ્પ લાગુ પડતો ના હોય.

**જવાબ :**

1. જો શ્રીમાન રાકેશ સરકારી કર્મચારી હોય તો તેને પાછલા વર્ષ દરમ્યાન મળેલ ગ્રેચ્યુઇટી રૂ. 8,00,000 સંપૂર્ણ કરમુક્ત છે.
2. જો 1972નો ગ્રેચ્યુઈટી ચૂકવણી કાયદા હેઠળ શ્રીમાન રાકેશને ગ્રેચ્યુઇટી મળી હોય તો, નીચે પ્રમાણેની શરતોને આધારે કરપાત્ર ગ્રેચ્યુઇટી ગણાશે :

**જવાબ :** **રૂ.**

(i) ખરેખર મળેલ ગ્રેચ્યુઈટી = 8,00,000

(ii) વધુમાં વધુ રકમ = 10,00,000

(iii) (છેલ્લા માસનો પગાર × $\frac{15}{26}$ × નોકરીનાં પૂરા થયેલાં વર્ષ)

(26,000 × $\frac{15}{26}$ × 21 વર્ષ) = 3,15,000

કરમુક્ત ગ્રેચ્યુઈટી = રૂ. 3,15,000

કરપાત્ર ગ્રેચ્યુઇટી = રૂ. 800,000 − રૂ. 3,15,000

= રૂ. 4,85,000

**(3) બિન સરકારી કર્મચારી હોય તો કરપાત્ર ગ્રેચ્યુઈટીની રકમ નીચેની શરતો મુજબ શોધાશે :**

| | | રૂ. |
|---|---|---|
| (i) | ખરેખર મળેલ ગ્રેચ્યુઈટી | = 8,00,000 |
| (ii) | વધુમાં વધુ રકમ | = 10,00,000 |
| (iii) | (છેલ્લા 10 માસનો સરેરાશ પગાર × $\frac{1}{2}$ × નોકરીનાં પૂરા થયેલાં વર્ષ) | |
| | (24,400 × $\frac{1}{2}$ × 20 વર્ષ) | = 2,44,000 |

| | |
|---|---|
| 2018 જાન્યુ. અને ફેબ્રુ | 26000 × 2 = 52000 |
| 2017 મે થી ડિસે. | 24000 × 8 = 1,92,000 |
| | 2,44,000 |
| 2,44,000 | 10 મહિના 24,400 સરેરાશ પગાર |

કરમુક્ત ગ્રેચ્યુઈટી = રૂ. 2,44,000

કરપાત્ર ગ્રેચ્યુઈટી = રૂ. 800,000 – રૂ. 2,44,000

= રૂ. 5,56,000

**ઉદાહરણ-11 :** શ્રી જામીનદારની તા. 31-3-2018 ના રોજ પૂરા થતાં વર્ષની આવક નીચે મુજબ છે.

1. મૂળ પગાર માસિક રૂ. 30,000
2. મોંઘવારી ભથ્થું મૂળ પગારના 40%
3. બોનસ રૂ. 45,000 વાર્ષિક
4. ઘરભાડા ભથ્થું રૂ. 3000 માસિક
5. મનોરંજન ભથ્થું રૂ. 400 માસિક
6. ટ્રાન્સપોર્ટ ભથ્થું રૂ. 2000 માસિક
7. કર્મચારીનો પ્રોવિડન્ટ ફંડમાં ફાળો : મૂળ પગારના 15%
8. માલિકનો પ્રોવિડન્ટ ફંડમાં ફાળો : મૂળ પગારના 16%
9. પ્રોવિડન્ટ ફંડમાં જમા થયેલી રકમ પર 10.5% લેખે પાછલા વર્ષમાં જમાં થયેલું વ્યાજ રૂ. 26,250.

શ્રી જામીનદારની નીચેના સંજોગોને આધારે તેમની ગ્રોસ પગારની આવક શોધો :

(અ) જો તેમનું પ્રોવિડન્ટ ફંડ કાયદેસરનું હોય તો,

(બ) જો તેમનું પ્રોવિડન્ટ ફંડ માન્ય હોય તો,

(ક) જો તેમનું પ્રોવિડન્ટ ફંડ અમાન્ય હોય તો.

જવાબ :

**શ્રી જામીનદારની ગ્રોસ પગારની ગણતરી**

**પા. વર્ષ 2017-'18** **આ. વર્ષ 2018-19**

| વિગત | કાયદા મુજબનું પ્રોવિડન્ટ ફંડ હોય તો | માન્ય પ્રોવિડન્ટ ફંડ હોય તો | અમાન્ય પ્રોવિડન્ટ ફંડ હોય તો |
|---|---|---|---|
| મૂળ પગાર (30,000 × 12) | 3,60,000 | 3,60,000 | 3,60,000 |
| મોંઘવારી ભથ્થું (3,60,000ના 40%) | 1,44,000 | 1,44,000 | 1,44,000 |
| બોનસ | 45,000 | 45,000 | 45,000 |
| ઘરભાડા ભથ્થું (3,000 × 12) | 36,000 | 36,000 | 36,000 |
| મનોરંજન ભથ્થું (400 × 12) | 4,800 | 4,800 | 4,800 |
| ટ્રાન્સપોર્ટ ભથ્થું | | | |
| (2000 × 12) = 24,000 | | | |
| − કરમુક્ત (1600 × 12) = 19,200 | 4,800 | 4,800 | 4,800 |
| માલિકનો પ્રોવિડન્ટ ફંડમાં ફાળો | કરમુક્ત | 14,400 | કરમુક્ત |
| [માન્ય પ્રો. ફંડમાં 12% થી વધુ ફાળો | | | |
| કરપાત્ર (57,600 − 43,200)] | | | |
| પ્રોવિડન્ટ ફંડમાં જમાં થયેલ વ્યાજ | કરમુક્ત | 2500 | કરમુક્ત |
| (માન્ય પ્રો. ફંડમાં 9.5% થી વધુ જમા | | [10.5% - 26,250 | |
| થયેલ વ્યાજ કરપાત્ર) | | 9.5% - 23,750] | |
| **ગ્રોસ પગાર** | **5,94,600** | **6,11,500** | **5,94,600** |

* કાયદા મુજબના પ્રોવિડન્ટ ફંડમાં માલિકનો ફાળો તેમજ તેના પર મળતું વ્યાજ કરમુક્ત છે.

* અમાન્ય પ્રોવિડન્ટ ફંડમાં માલિકનો ફાળો તેમજ ફંડ પરનું વ્યાજ જ્યારે મળે ત્યારે કરપાત્ર નથી પરંતુ જ્યારે એસેસી તેમાંથી ઉપાડ કરશે ત્યારે આ રકમ કરપાત્ર થશે.

**ઉદાહરણ-12 :** આકારણી વર્ષ 2018'-19ના સંબંધિત પાછલા વર્ષ માટે નીચેની માહિતી ધ્યાનમાં લઈ વિશિષ્ટ કર્મચારી અલ્પાની કરપાત્ર પગારની આવકની ગણતરી કરો.

1. મૂળ પગાર - તેઓ 1-7-2012 ના રોજ રૂ. 10,000 - 1,000 - 13,000 - 2,500 - 28,000 ના ગ્રેડમાં નોકરીમાં જોડાયાં છે અને તેમને દર વર્ષે 1 લી જુલાઈએ ઈજાફો મળે છે.
2. મોંઘવારી ભથ્થું રૂ. 85,200
3. બોનસ અને કમિશન વાર્ષિક રૂ. 16,000
4. મનોરંજન ભથ્થું રૂ. 1,000 માસિક
5. શિક્ષણ ભથ્થું (તેમને એક જ બાળક છે) રૂ. 600 માસિક
6. માલિકે તેમને રહેઠાણ માટે જે ફ્લેટ આપેલ છે તેનું કંપનીએ ચૂકવેલ માસિક ભાડું રૂ. 8,000 છે. માલિકે આ ફ્લેટની સજાવટ (ફર્નિચર વગેરે) અંગે રૂ. 2,92,000 ખર્ચેલ છે.
7. માલિકે 1.8 ક્યૂબિક કેપેસિટીની ક્ષમતાના ઍન્જિનની મોટરકાર (ડ્રાઈવરની સવગડ વિના)

આપેલ છે. આ ગાડીનો ઉપયોગ અંશતઃ ધંધા માટે અને અંશતઃ ખાનગી હેતુઓ માટે થાય છે. આ અંગેના બધા જ ખર્ચ કર્મચારી ભોગવે છે.

8. માલિક દ્વારા મૂળ પગારના 14% પ્રમાણે તેમના માન્ય પ્રોવિડન્ટ ફંડમાં ફાળો આપે છે.
9. તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતામાં 9.5% ના દરે રૂ. 10,450 વ્યાજ જમા થયેલ છે.
10. તેમના પગારમાંથી નીચેની કપાતો કરવામાં આવેલ છે :
    (અ) પ્રોવિડન્ટ ફંડમાં કર્મચારીનો ફાળો મૂળ પગારના 14%
    (બ) વ્યવસાય વેરો રૂ. 2,400 વાર્ષિક
    (ક) મકાનની સગવડ અંગેની વસૂલાત (મૂળ પગારના 10%)
    (ડ) વર્ષ દરમિયાન વધારે ચૂકવાયેલ કમિશનની વસૂલાત રૂ. 2,000

**જવાબ :**

**અલ્પાની કરપાત્ર પગારની ગણતરી**

**પા. વર્ષ 2017-'18** **આ. વર્ષ 2018-'19**

| વિગત | રકમ (રૂ.) | રકમ (રૂ.) |
|---|---|---|
| 1. મૂળ પગાર (નોંધ - 1 મુજબ) | | 2,08,500 |
| 2. મોંઘવારી ભથ્થું | | 85,200 |
| 3. બોનસ અને કમિશન (16,000 – 2,000) | | 14,000 |
| 4. મનોરંજન ભથ્થું (રૂ. 1000 × 12 મહિના) | | 12,000 |
| 5. શિક્ષણ ભથ્થું (રૂ. 600 × 12 મહિના) | 7,200 | |
| બાદ : કરમુક્ત (રૂ. 100 × 1 બાળક × 12 મહિના) | 1200 | 6000 |
| 6. રહેઠાણના મકાનની સવલત (નોંધ - 2 મુજબ) | | 44,425 |
| 7. મોટરકારની સગવડ (રૂ. 900 × 12 મહિના) | | 10,800 |
| 8. માન્ય પ્રોવિડન્ટ ફંડમાં માલિકનો વધારાનો ફાળો (રૂ. 29,190 – રૂ. 25,020) | | 4,170 |
| 9. માન્ય પ્રોવિડન્ટ ફંડ ખાતામાં જમા થયેલ વધુ વ્યાજ (9.5% પ્રમાણે રૂ. 10,450) | | – |
| ગ્રોસ પગાર | | 3,85,095 |
| બાદ : વ્યવસાય વેરો | | 2400 |
| કરપાત્ર પગાર | | 3,82,695 |

**નોંધ-1 મુજબ મૂળ પગારની ગણતરી :**

| | | |
|---|---|---|
| તા. 1-7-2012 | રૂ. 10,000 | નોકરીમાં જોડાયેલ તારીખ |
| 1-7-2013 | રૂ. 11,000 | |
| 1-7-2014 | રૂ. 12,000 | |
| 1-7-2015 | રૂ. 13,000 | |
| 1-7-2016 | રૂ. 15,500 | |
| 1-7-2017 | રૂ. 18,000 | |

પાછલા વર્ષ 2017-'18 માં મેળવેલ મૂળ પગાર :

| | |
|---|---|
| 1-4-2017 થી 30-6-2017 = 15,500 × 3 = | 46,500 |
| 1-7-2017 થી 31-3-2018 = 18,000 × 9 = | 1,62,000 |
| | 2,08,500 |

**નોંધ-2 મુજબ રહેઠાણના મકાનની સગવડનું મૂલ્યાંકન :**

| | | | |
|---|---|---|---|
| BABC = | B | મૂળ પગાર | 2,08,500 |
| | A | કરપાત્ર ભથ્થાં | |
| | | મનોરંજન ભથ્થું | 12,000 |
| | | શિક્ષણ ભથ્થું | 6,000 |
| | B & C | બોનસ અને કમિશન | 14,000 |
| | | | 2,40,500 |

| | |
|---|---|
| માલિક દ્વારા મકાન ભાડે લીધેલ હોવાથી | |
| 2,40,500 × 15% = | 36,075 |
| + ફર્નિચરની કિંમતના 10% = | 29,200 |
| | 65,275 |
| **બાદ :** કર્મચારીના પગારમાંથી આ સવલત પેટે વસૂલ કરેલ રકમ | 20,850 |
| (મૂળ પગારના 10%) | 44,425 |

**ઉદાહરણ-13 :** માધવપુરાની એક કંપનીના કર્મચારી શ્રી કલ્પેશની આકારણી વર્ષ 2018-19 માટે નીચેની વિગતો રજૂ કરી :

1. મૂળ પગાર માસિક રૂ. 45,000 છે, જે તા. 1-8-2017 થી વધારીને રૂ. 52,000 કરેલ છે.
2. મોંઘવારી ભથ્થું - મૂળ પગારના 50%
3. સિટી કોમ્પેનસેટરી ભથ્થું : માસિક રૂ. 1,500
4. શિક્ષણ ભથ્થું (ત્રણ બાળકો માટે કુલ) : માસિક રૂ. 750
5. હોસ્ટેલ ભથ્થું (એક બાળક માટે) : માસિક રૂ. 1,500
6. મનોરંજન ભથ્થું : માસિક રૂ. 1,500
7. રાહત દરે લંચની સગવડ (ફક્ત ઑફિસ સમય દરમિયાન) :

   300 દિવસ માટે કંપનીએ પ્રતિ લંચ રૂ. 150ના ખર્ચ સામે પ્રતિ લંચ પેટે રૂ. 55ની રકમ કર્મચારીના પગારમાંથી કાપેલ છે.
8. કર્મચારી તથા માલિકનો માન્ય પ્રોવિડન્ટ ફંડમાં મૂળ પગારના 14% નો છે.
9. વાર્ષિક 10.5% ના દરે માન્ય પ્રોવિડન્ટ ફંડમાં જમા થયેલ વ્યાજ રૂ. 31,500 છે.
10. કંપની તરફથી તેમને બંને હેતુઓ માટે ઉપયોગ કરવા માટે 1600 સી. સી. વાળી મોટરની સગવડ મળી છે. જે અંગે ડ્રાઈવરના પગાર સહિતનો ખર્ચ કંપની ભોગવે છે.
11. કંપની જેનું માસિક ભાડું રૂ. 9,000 ભરે છે તેવું એક મકાન (ફ્લેટ) રહેઠાણ માટે તેમને આપેલ છે. આ ફ્લેટમાં કંપની દ્વારા રૂ. 6,30,000 ની મૂળકિંમતનું ફર્નિચર વસાવી આપેલ છે.

12. ભરેલ વ્યવસાય વેરો : માસિક રૂ. 200 છે.

આકારણી વર્ષ 2018-19 માટે તેમના પગારની કરપાત્ર આવકની ગણતરી કરો.

**જવાબ :**

**શ્રી કલ્પેશની પગારની કરપાત્ર આવકની ગણતરી**

**પા. વર્ષ 2017-'18** **આ. વર્ષ 2018-'19**

| વિગત | રકમ (રૂ.) | રકમ (રૂ.) |
|---|---|---|
| 1. મૂળ પગાર (રૂ. 45,000 × 4 મહિના) | 1,80,000 | |
| (રૂ. 52,000 × 8 મહિના) | 4,16,000 | 5,96,000 |
| 2. મોંઘવારી ભથ્થું (રૂ. 5,96,000 ના 50%) | | 2,98,000 |
| 3. સિટી કોમ્પેનસેટરી ભથ્થું (રૂ. 1500 – 12 મહિના) | | 18,000 |
| 4. શિક્ષણ ભથ્થું (રૂ. 750 × 12 મહિના) | 9,000 | |
| બાદ : કરમુક્ત (રૂ. 100 × 12 મહિના × 2 બાળકો) | 2,400 | 6,600 |
| 5. હોસ્ટેલ ભથ્થું (રૂ. 1500 × 12 મહિના) | 18,000 | |
| બાદ : કરમુક્ત (રૂ. 300 × 12 મહિના × 1 બાળક) | 3,600 | 14,400 |
| 6. મનોરંજન ભથ્થું (રૂ. 1500 × 12 મહિના) | | 18,000 |
| 7. રાહત દરે લંચની સગવડ (300 દિવસ × રૂ. 150) | 45,000 | |
| બાદ : કરમુક્ત (300 દિવસ × રૂ. 50) | 15,000 | |
| | 30,000 | |
| બાદ : પગારમાંથી કાપેલ રકમ (300 દિવસ × રૂ. 55) | 16,500 | 13,500 |
| 8. માન્ય પ્રોવિડન્ટ ફંડમાં માલિકનો વધુ ફાળો | | |
| રૂ. 5,96,000 × 14% | 83,440 | |
| બાદ : કરમુક્ત રૂ. 5,96,000 × 12% | 71,520 | 11,920 |
| 9. માન્ય પ્રોવિડન્ટ ફંડમાં જમા થયેલ વધુ વ્યાજ | | |
| 10.5% લેખે | 31,500 | |
| બાદ : કરમુક્ત 9.5% લેખે | 28,500 | 3,000 |
| 10. મોટરકારની સવલત રૂ. 1800 × 12 મહિના | 21,600 | |
| + ડ્રાઈવરની સવલત રૂ. 900 × 12 મહિના | 10,800 | 32,400 |
| 11. રહેઠાણની સવલત (નોંધ મુજબ) | | 1,60,950 |
| ગ્રોસ પગાર | | 11,72,770 |
| બાદ : વ્યવસાય વેરો (200 × 12 મહિના) | | 2400 |
| **કરપાત્ર પગાર** | | **11,70,370** |

**નોંધ : રહેઠાણના મકાનની સવલત**

BABC પ્રમાણે મૂળ પગાર = 5,96,000

સિટી કોમ્પે. ભથ્થું = 18,000

શિક્ષણ ભથ્થું = 6,600

| | |
|---|---|
| હોસ્ટેલ ભથ્થું | = 14,400 |
| મનોરંજન ભથ્થું | = 18,000 |
| | 6,53,000 |

મોંઘવારી ભથ્થું નિવૃત્તિના લાભ માટે ગણાતું નથી તેથી તેનો સમાવેશ કરવામાં આવશે નહિ.

કંપની દ્વારા મકાન ભાડે લીધેલ હોવાથી

6,53,000 × 15% = 97,950

+ કંપની દ્વારા વસાવેલ ફર્નિચરની કિંમતના

10% (6,30,000 × 10%) = 63,000

1,60,950

**ઉદાહરણ-14 :** મિ. X એબીસી પ્રાઈવેટ લિમિટેડમાં નોકરી કરે છે. નીચે આપેલી વિગત પરથી પાછલા વર્ષ 2017–'18 માટે કરપાત્ર પગારની આવકની ગણતરી કરો :

મિ. X તા. 1-4-2013 ના રોજ કંપનીમાં રૂ. 17,500 – 2,500 – 25,000 – 5,000 – 40,000 ના પગાર ધોરણે જોડાયા છે.

| | |
|---|---|
| મોંઘવારી ભથ્થું (જેનો સમાવેશ નિવૃત્તિ લાભની ગણતરીમાં થાય છે.) | મૂળ પગારના 60% |
| યુનિફોર્મ ભથ્થું (બચાવેલ) | રૂ. 10,000 વાર્ષિક |
| સિટી કોમ્પનસેટરી ભથ્થું | રૂ. 36,000 વાર્ષિક |
| ચાર બાળક માટે શિક્ષણ ભથ્થું | રૂ. 24,000 વાર્ષિક (કુલ ચાર સંતાન માટે) |
| બોનસ | રૂ. 60,000 વાર્ષિક |
| મનોરંજન ભથ્થું | રૂ. 12,000 વાર્ષિક |
| માન્ય પ્રોવિડન્ટ ફંડમાં વ્યાજ વાર્ષિક 12% લેખે | રૂ. 21,600 |
| કર્મચારીએ ચૂકવેલો વ્યવસાય વેરો | રૂ. 200 માસિક |

કંપનીએ બંને હેતુના વપરાશ માટે મોટર કાર આપી છે. 2.2 લિટરની ક્યૂબિક કેપેસિટીવાળી કાર કંપનીએ આપેલ છે. આ અંગે ખર્ચ કંપની પોતે ભોગવે છે . (ડ્રાઈવર સહિત)

| | |
|---|---|
| કંપનીનો માન્ય પ્રોવિડન્ટ ફંડમાં ફાળો | (મૂળ પગાર + મોંઘવારી ભથ્થાં)ના 15% |
| ઓવરટાઇમ ભથ્થું | રૂ. 2,500 માસિક |
| હોસ્ટેલ ખર્ચ ભથ્થું (બે બાળક માટે) | રૂ. 500 માસિક, સંતાન દીઠ |
| નોકરો માટેનું ભથ્થું | રૂ. 1,000 માસિક |
| મેડિકલ ભથ્થું | રૂ. 24,000 વાર્ષિક |

કંપનીએ પોતાની માલિકીનું બિનસજાવટવાળું મકાન 45 લાખની વસ્તીવાળા શહેરમાં Mr. X ને આપ્યું છે.

જવાબ :

**મિ.X ની કરપાત્ર પગારના આવકની ગણતરી**

**પા. વર્ષ 2017-'18** **આ. વર્ષ 2018-'19**

| વિગત | | રકમ (રૂ.) |
|---|---|---|
| મૂળ પગાર (નોંધ - 1 મુજબ) | | 3,60,000 |
| મોંઘવારી ભથ્થું (મૂળ પગારના 60%) | | 2,16,000 |
| બચાવેલ યુનિફોર્મ ભથ્થું | | 10,000 |
| સિટી કોમ્પનસેટરી ભથ્થું | | 36,000 |
| શિક્ષણ ભથ્થું (ચાર બાળકો માટે) | 24,000 | |
| બાદ : કરમુક્ત (રૂ. 100 × 12 મહિના × 2 બાળકો) | 2400 | 21,600 |
| બોનસ | | 60,000 |
| મનોરંજન ભથ્થું | | 12,000 |
| ઓવર ટાઈમ ભથ્થું (2500 × 12) | | 30,000 |
| હોસ્ટેલ ખર્ચ ભથ્થું (બે બાળકો માટે) | | |
| (રૂ. 500 × 12 મહિના × 2 બાળક) | 12,000 | |
| બાદ : કરમુક્ત (રૂ. 300 × 12 મહિના × 2 બાળક) | 7,200 | 4800 |
| નોકર માટે ભથ્થું (1000 × 12 મહિના) | | 12,000 |
| મેડિકલ ભથ્થું | | 24,000 |
| મોટરકારની સવલત રૂ. 2400 × 12 | 28,800 | |
| ડ્રાઈવરની સવલત રૂ. 900 × 12 | 10,800 | 39,600 |
| કંપનીનો માન્ય પ્રો. ફંડમાં વધારાનો ફાળો | | |
| (મૂળ પગાર + મોંઘવારી ભથ્થાંનાં) 15% | 86,400 | |
| બાદ : કરમુક્ત 12% | 69,120 | 17,280 |
| માન્ય પ્રો. ફંડમાં વધારાનું વ્યાજ | | 4,500 |
| [12% લેખે રૂ. 21,600 | | |
| 2.5 % લેખ ?] | | |
| રહેઠાણની સવલત (નોધ-2 મુજબ) | | 1,17,960 |
| ગ્રોસ પગાર | | 9,65,740 |
| બાદ : વ્યવસાય વેરો (રૂ. 200 × 12 મહિના) | | 2,400 |
| **કરપાત્ર પગાર** | | **9,63,340** |

**નોંધ-1 મુજબ મૂળ પગારની ગણતરી :**

| | | |
|---|---|---|
| નોકરીમાં જોડાયેલ તારીખ તા. | 1-4-2013 ના રોજ | રૂ. 17,500 |
| | 1-4-2014 | રૂ. 20,000 |
| | 1-4-2015 | રૂ. 22,500 |
| | 1-4-2016 | રૂ. 25,000 |
| | 1-4-2017 | રૂ. 30,000 |

પાછલા વર્ષ 2017-'18 માં મળેલ કુલ મૂળ પગાર :

1-4-2017 થી 31-3-2018 રૂ. 30,000 × 12 = રૂ. 3,60,000

**નોંધ-2 મુજબ રહેઠાણની સવલત :**

કંપનીએ પોતાની માલિકીનું બિનસજાવટવાળું મકાન આપેલ છે. શહેરની વસ્તી 45 લાખની છે.

BABC ના 15% ગણાશે.

| | | |
|---|---|---|
| મૂળ પગાર | 3,60,000 | |
| **કરપાત્ર ભથ્થાં :** | | |
| મોંઘવારી ભથ્થું | 2,16,000 | (નિવૃત્તિના લાભ માટે ગણાય છે) |
| યુનિફોર્મ ભથ્થું | 10,000 | |
| સિટી કોમ્પે. ભથ્થું | 36,000 | |
| શિક્ષણ ભથ્થું | 21,600 | |
| મનોરંજન ભથ્થું | 12,000 | |
| ઓવરટાઈમ ભથ્થું | 30,000 | |
| હોસ્ટેલ ખર્ચ ભથ્થું | 4,800 | |
| નોકર માટેનું ભથ્થું | 12,000 | |
| મેડિકલ ભથ્થું | 24,000 | |
| બોનસ | 60,000 | |
| કમિશન | – | |
| | 7,86,400 | |
| 7,86,400 × 15% = | 1,17,960 | |

**ઉદાહરણ-15 :** નીચે આપેલી માહિતીને આધારે શ્રીમાન રાજ કે જેઓ વિશિષ્ટ કર્મચારી છે. તેમનાં પાછલા વર્ષ 2017-'18 અર્થાત્ આકારણી વર્ષ 2018-19 ની પગારની આવક ગણો.

1. મૂળ પગાર : તેઓ તા. 1-7-2013 ના રોજ 20,000 - 2,000 - 26,000 - 5,000 - 56,000 ના ધોરણે નોકરીમાં જોડાયા હતા. ઈજાફાની તારીખ દર વર્ષે 1 લી જુલાઈના રોજ ધ્યાનમાં લેવાય છે.
2. મોંઘવારી ભથ્થું : રૂ. 1,70,400
3. બોનસ અને કમિશન રૂ. 32,000
4. મનોરંજન ભથ્થું માસિક રૂ. 2,000
5. બાળકોનું શિક્ષણ ભથ્થું માસિક રૂ. 1,200 (એક બાળક માટે)
6. માલિકે ફર્નિચર સાથે તેમને રહેઠાણ માટેનું મકાન આપેલ હતું. જેનું માલિક માસિક રૂ. 16,000 ભાડું ચૂકવે છે. માલિકે તદુપરાંત રહેઠાણમાં સાજ-સજાવટ માટે ફર્નિચર રૂ. 5,84,000 માં ખરીદીને પૂરાં પાડેલ હતાં.
7. માલિકે તેમને ડ્રાઈવર સહિતની મોટરકારની સગવડ પૂરી પાડેલ હતી જેનો બધો ખર્ચો માલિક ચૂકવે છે. મોટરકાર ઑફિસ તેમજ અંગત વપરાશ માટે ઉપયોગમાં લેવાય છે. મોટરકાર 1.8 હોર્સપાવરનું ઍન્જિન ધરાવે છે.

8. માન્ય પ્રોવિડન્ટ ફંડમાં માલિકનો ફાળો મૂળ પગારના 14% છે.

9. તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતામાં 9.5% લેખે રૂ. 20,900 વ્યાજ જમા થયેલ હતું.

10. માલિકે તેમના પગારમાંથી મૂળ પગારના 14% લેખે પ્રોવિડન્ટ ફંડ કપાત કરેલ છે.

11. પ્રોફેશનલ ટેક્ષ કપાત રૂ. 2,400 (વાર્ષિક)

12. રહેઠાણનો ભાડા પેટે તેમના મૂળ પગારના 10% લેખે ભાડાની વસૂલાત કરવામાં આવે છે.

13. વર્ષ દરમિયાન વધારે ચૂકવાયેલ કમિશન રૂ. 4,000ની વસૂલાત કરેલ છે.

**જવાબ :**

**શ્રીમાન રાજની કરપાત્ર પગારની ગણતરી**

**પા. વર્ષ 2017-'18** **આ. વર્ષ 2018-'19**

| વિગત | | રકમ (રૂ.) |
|---|---|---|
| 1. મૂળ પગાર (નોંધ - 1 મુજબ) | | 3,57,000 |
| 2. મોંઘવારી ભથ્થું | | 1,70,400 |
| 3. બોનસ અને કમિશન (32,000 – 4000) | | 28,000 |
| 4. મનોરંજન ભથ્થું (રૂ. 2000 × 12 મહિના) | | 24,000 |
| 5. શિક્ષણ ભથ્થું (એક બાળક માટે) | 14,400 | |
| બાદ : કરમુક્ત (રૂ. 100 × 12 મહિના × 1 બાળક) | 1200 | 13,200 |
| 6. રહેઠાણની સવલત (નોંધ - 2 મુજબ) | | 86,030 |
| 7. મોટરકારની સવલત (રૂ. 2400 × 12) | 28,800 | |
| + ડ્રાઈવરની સવલત રૂ. 900 × 12 | 10,800 | 39,600 |
| 8. માન્ય પ્રોવિડન્ટ ફંડમાં માલિકનો વધુ ફાળો | | |
| 14% – 12% કરમુક્ત = 2% કરપાત્ર | | |
| 3,57,000 ના 2% | | 7,140 |
| 9. માન્ય પ્રોવિડન્ટ ફંડમાં 9.5% લેખે જમા | | |
| થયેલ વ્યાજ (કરમુક્ત) | | – |
| ગ્રોસ પગાર | | 7,25,370 |
| બાદ : વ્યવસાય વેરો | | 2,400 |
| કરપાત્ર પગાર | | 7,22,970 |

**નોંધ-1 મૂળ પગાર :**

| | | |
|---|---|---|
| 1-7-2013 | રૂ. 20,000 | 1-4-17 થી 30-6-17 |
| 1-7-2014 | રૂ. 22,000 | (26,000 × 3) = 78,000 |
| 1-7-2015 | રૂ. 24,000 | 1-7-17 થી 31-3-18 |
| 1-7-2016 | રૂ. 26,000 | (31,000 × 9) = 2,79,000 |
| 1-7-2017 | રૂ. 31,000 | 3,57,000 |

**નોંધ-2 રહેઠાણની સવલત :**

| | | | |
|---|---|---|---|
| BABC | | 4,22,200 × 15% = | 63,330 |
| મૂળ પગાર | 3,57,000 | + ફર્નિચરની મૂળ કિંમતના 10% | |
| મનોરંજન ભથ્થું | 24,000 | (5,84,000 × 10%) = | 58,400 |
| શિક્ષણ ભથ્થું | 13,200 | | 1,21,730 |
| બોનસ અને કમિશન | 28,000 | બાદ : પગારમાંથી બાદ | 35,700 |
| | 4,22,200 | કરેલ રકમ | |
| | કરપાત્ર રકમ | | 86,030 |

**સ્વાધ્યાય**

**સૈદ્ધાંતિક પ્રશ્નો**

1. પગારના શીર્ષક હેઠળ સમાવાતી આવક જણાવો ?
2. પગારની વ્યાખ્યા આપો. પગારની આવકમાંથી મજરે મળતી કપાતો જણાવો.
3. ઘરભાડા ભથ્થું, મનોરંજન ભથ્થું અને ગ્રેચ્યુઈટી અંગે આવકવેરા ધારા-1961 ની જોગવાઈએ જણાવો.
4. માન્ય પ્રોવિડન્ટ ફંડ, અમાન્ય પ્રોવિડન્ટ ફંડ અને કાયદેસરના પ્રોવિડન્ટ ફંડ અંગે 1961 ના ઈન્કમટેક્સ કાયદાની જોગાવાઈઓ ટૂંકમાં સમજાવો.
5. ટૂંકમાં જવાબ આપો.
   (i) પગારના શીર્ષક હેઠળ મજરે મળતી કપાતો.
   (ii) કરમુક્ત સલવતોના ચાર ઉદાહરણો આપો.
   (iii) પગારના શીર્ષકમાં સમાવેશ થતી હોય તેવી ત્રણ આવકો જણાવો.
   (iv) કરપાત્ર સવલતોના છ / ત્રણ દાખલાઓ આપો.
   (v) પગારના શીર્ષક હેઠળ દર્શાવાતી ચાર આવકોના ઉદાહરણ આપો.
   (vi) બધા કર્મચારીઓ માટે કરપાત્ર સવલતોના ત્રણ ઉદાહરણ આપો.
   (vii) કરમુક્ત સવલત એટલે શું ? ઉદાહરણ સાથે સ્પષ્ટ કરો.
6. ટૂંકનોંધ લખો.
   (1) ગ્રેચ્યુઈટી
   (2) કરમુક્ત સવલતો
   (3) મનોરંજન ભથ્થું
   (4) પગારના શીર્ષક હેઠળ ગણાતી આવકો
   (5) મફત કે ઓછા વ્યાજના દરે માલિકે આપેલી લોનની સગવડ
   (6) ગ્રોસ પગારમાંથી મજરે મળતી રકમો
   (7) કાયદા મુજબનું પ્રોવિડન્ટ ફંડ
   (8) કોમ્યુટેડ અને અન-કોમ્યુટેડ પેન્શન
   (9) આવકના શીર્ષકો
   (10) સવલતો

(11) ઘરભાડા ભથ્થું

(12) માન્ય પ્રોવિડન્ટ ફંડ અને અમાન્ય પ્રોવિડન્ટ ફંડ

(13) જાહેર પ્રોવિડન્ટ ફંડ

(14) પગારની અવેજમાં મળતો નફો કે લાભ

(15) રજાનો પગાર કે ચઢેલી રજાનું રોકડમાં રૂપાંતર

(16) ભાડામુક્ત રહેઠાણનું મૂલ્યાંકન

(17) પગારની આવકમાં સવલતો

(18) મુસાફરી ભાડું અને રજાઓનું ભથ્થું

(19) શિક્ષણ ભથ્થું અને હોસ્ટેલ ભથ્થું

**7. બહુવિકલ્પીય પ્રશ્નો – MCQs**

નીચે જણાવેલ દરેક પેટાપ્રશ્નોમાં એક કરતાં વધુ જવાબ આપેલ છે તે પૈકી તમારે સાચો જવાબ યોગ્ય ગણતરી કે સમજૂતી દ્વારા શોધવાનો છે :

(1) નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું નથી ?

(i) માલિકનો કાયદેસરના પ્રોવિડન્ટ ફંડમાં ફાળો સંપૂર્ણપણે કરમુક્ત છે.

(ii) માલિકનો માન્ય પ્રોવિડન્ડફંડમાં ફાળો પગારના 12% સુધી કરમુક્ત છે.

(iii) કાયદેસરના પ્રોવિડન્ડફંડમાં જમા થયેલું વ્યાજ વાર્ષિક 12% ના દર સુધી કરમુક્ત છે.

(iv) માન્ય પ્રોવિડન્ટ ફંડમાં જમા થયેલું વ્યાજ વાર્ષિક 9.5% ના દર સુધી કરમુક્ત છે.

(જવાબ : iii)

(2) સરકારી કર્મચારીએ મેળવેલ 'મનોરંજન ભથ્થાં' ના સંદર્ભમાં નીચેના વિધાનોમાંથી કયું વિધાન સાચું છે ?

(i) તે સંપૂર્ણપણે કરમુક્ત છે.

(ii) તે સંપૂર્ણપણે કરપાત્ર છે.

(iii) તે મૂળ પગારના 20% કે વધુમાં વધુ રૂ. 5,000 સુધી કરમુક્ત છે.

(iv) તેનો સૌ પ્રથમ ગ્રોસ પગારમાં (પૂરેપૂરી રકમનો) સમાવેશ થશે અને ત્યાર પછી મૂળ પગારના $\frac{1}{5}$ ભાગ કે ખરેખર મળેલ મનોરંજન ભથ્થું કે રૂ. 5,000 પૈકી સૌથી ઓછી રકમ કપાત તરીકે બાદ થશે.

(જવાબ : iv)

(3) 'સ્વૈચ્છિક નિવૃત્તિ વખતે મળેલ વળતરની' કરમુક્તિ અંગેની મહત્તમ મર્યાદા શું છે ?

(i) રૂ. 5,00,000 (ii) રૂ. 3,50,000

(iii) રૂ. 3,00,000 (iv) રૂ. 2,40,000

(જવાબ : i)

(4) 'રજાઓના રોકડમાં રૂપાંતર' અંગે જેમને સંપૂર્ણ કરમુક્તિનો હક છે તે સંદર્ભમાં નીચે જણાવેલ કયો જવાબ સાચો છે ?

(i) ફક્ત કેન્દ્ર સરકારના કર્મચારીઓ

(ii) ફક્ત રાજ્ય સરકારના કર્મચારીઓ

(iii) કેન્દ્ર અને રાજ્ય સરકાર બંનેના કર્મચારીઓ

(iv) સરકારી કર્મચારીઓ અને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાના કર્મચારીઓ

(જવાબ : iii)

(5) શ્રી બબલીની તા. 1 લી એપ્રિલ, 2011 ના રોજથી રૂ. 15,000 – 500 – 17,000 – 5,000 – 25,000 ના પગાર ધોરણમાં નિમણૂંક થઈ હતી. પાછલા વર્ષ 2017-18 માટે શ્રી બબલીનો ગ્રોસ પગાર કેટલો હશે ?

(i) રૂ. 2,04,000 (ii) રૂ. 2,16,000

(iii) રૂ. 2,28,000 (iv) રૂ. 2,76,000

(જવાબ : iii)

(6) શ્રી અમર માસિક રૂ. 30,000 નો પગાર અને રૂ. 10,000નું મોંઘવારી ભથ્થું મેળવે છે. માલિક તરફથી તેમના વતી આવકવેરાના રૂ. 30,000 પણ ભરપાઈ કરી આપવામાં આવ્યા છે. આકારણીવર્ષ 2018-19 માટે શ્રી અમલનો ગ્રોસ પગાર કેટલો હશે ?

(i) રૂ. 5,10,000 (ii) રૂ. 4,80,000

(iii) રૂ. 3,90,000 (iv) રૂ. 3,60,000

(જવાબ : i)

(7) શ્રી ભાવેશને રૂ. 1,20,000 નો વાર્ષિક મૂળ પગાર મળે છે. તેઓ માન્ય પ્રોવિડન્ટફંડમાં $\frac{1}{2}$ મોંઘવારી ભથ્થાં સહિતના પગારના $12\frac{1}{2}$% લેખે રૂ. 18,750 નો ફાળો કપાવે છે. માલિકનો ફાળો 17% લેખે જમા થાય છે. અન્ય સાધનોમાંથી તેમની કરપાત્ર આવકો રૂ. 90,000 છે. આકારણી વર્ષ 2018-'19 માટે તેમનો ગ્રોસ પગાર કેટલો હશે ?

(i) રૂ. 1,42,500 (ii) રૂ. 1,87,500

(iii) રૂ. 96,000 (iv) રૂ. 1,47,500

(જવાબ : ii)

(8) શ્રી ઈલેશ, પરમ લિ. માં તા. 1-12-2015 ના રોજથી રૂ. 6,000 – 400 – 8000 – 500 – 10,000 ના ગ્રેડમાં નોકરીમાં જોડાયા હતા. નિમણૂંકની તારીખે તેમને 3 વધારાના ઈજાફા આપવામાં આવેલ હતા. તેમની સેવાઓની કદરરૂપે ફરીથી તા. 1-12-2017ના રોજ એક વધારાનો ઈજાફો મંજૂર કરવામાં આવ્યો હતો તેઓ માન્ય પ્રોવિડન્ટફંડમાં મૂળ પગારના 15% લેખે ફાળો આપે છે. (માલિક 17% લેખે ફાળો આપે છે) આકારણી વર્ષ 2018-19 માટે તેમનો કરપાત્ર પગાર કેટલો હશે ?

(i) રૂ. 94,800 (ii) રૂ. 97,440

(iii) રૂ. 99,540 (iv) રૂ. 1,07,100

(જવાબ : iii)

(9) શ્રી સુરેશ એક કંપનીમાં સંગીન હિત ધરાવનાર શૅરહોલ્ડર કર્મચારી છે. તેમનો વાર્ષિક મૂળ પગાર રૂ. 48,000 છે અને કંપનીના નફા પર આધારિત કમિશન રૂ. 12,000 મળે છે. કંપનીએ તેમને મફત ગૅસ-વીજળીની સવલત પૂરી પાડી છે. કંપનીએ આ

સવલત અંગે વાર્ષિક રૂ. 6,000 નો ખર્ચ કર્યો છે. મફત ગૅસ-વીજળીની સવલતની કરપાત્ર કિંમત કેટલી હશે ?

(i) રૂ. 3,000 (ii) રૂ. 6,000

(iii) રૂ. 3,750 (iv) રૂ. 4,800

(જવાબ : ii)

<u>વ્યાવહારિક પ્રશ્નો</u>

1. શ્રી અમર ગુજરાત સચિવાયલના કર્મચારી છે. પાછલા વર્ષ 2017-'18માં તેમની આવકની માહિતી નીચે મુજબ છે.

| | |
|---|---|
| મૂળ પગાર | રૂ. 20,000 માસિક |
| મોંઘવારી ભથ્થું | રૂ. 10,000 માસિક |
| કમિશન | રૂ. 2,00,000 નાં કુલ વેચાણ પર 5% |
| બોનસ | રૂ. 5,000 માસિક |
| મનોરંજન ભથ્થું મળેલ | રૂ. 2,000 માસિક |

વર્ષ દરમિયાન મળેલ મનોરંજન ભથ્થાંમાંથી તેમણે રૂ. 20,000 નો ખર્ચ કરેલ છે.

આકારણી વર્ષ 2018-'19 માટે કરપાત્ર મનોરંજન ભથ્થાંની રકમ નક્કી કરો.

(**જવાબ :** કરપાત્ર મનોરંજન ભથ્થું રૂ. 19,000

**નોંધ :** (1) સરકારી કર્મચારીને મળતું મનોરંજન ભથ્થું, નીચેની ત્રણ રકમો પૈકી જે રકમ ઓછી હોય ત્યાં સુધી કરમુક્ત ગણાય.

(1) ખરેખર મળેલ ભથ્થું રૂ. 24,000 (2) રૂ. 2,40,000 ના મૂળ પગારના 20% લેખે થતી રકમ રૂ. 48,000 અને (3) વધુમાં વધુ કરમુક્ત રકમ રૂ. 5,000, તેથી રૂ. 5,000 કરમુક્ત ગણાય.

(2) આ હેતુ માટે મોંઘવારી ભથ્થું, કમિશન કે બોનસનો 'પગાર' માં સમાવેશ થાય નહિ.

(3) કર્મચારીએ ખરેખર કરેલ મનોરંજન ખર્ચ ધ્યાનમાં લેવાશે નહિ.)

2. શ્રી ક્ષ 25 વર્ષ અને 10 મહિના નોકરી કરીને ખાનગી કંપનીમાંથી તા. 1-3-2018 ના રોજ નિવૃત્ત થયા તેમને રૂ. 4,00,000ની ગ્રેચ્યુઇટી મળી. વર્ષ 2017 અને 2018માં તેમનો મૂળ માસિક પગાર રૂ. 12,000 અને રૂ. 14,000 હતો, વર્ષ 2017 અને 2018 માં તેમને માસિક બોનસ રૂ. 6,000 અને રૂ. 8,000 મળ્યું હતું.

આકારણી વર્ષ 2018-'19 માટે કરપાત્ર ગ્રેચ્યુઇટીની રકમ શોધો.

(**જવાબ :** કરપાત્ર ગ્રેચ્યુઇટી રૂ. 2,45,000 અને કરમુક્ત ગ્રેચ્યુઇટી રૂ. 1,55,000)

**નોંધ :** (1) છેલ્લાં 10 માસનો સરેરાશ પગાર (મે, 2016 થી ફેબ્રુઆરી, 2017) = (રૂ. 12,000 × 8 + 14,000 × 2) 10 માસ = રૂ. 12,400. આ ગણતરી માટે બોનસની રકમ પગારમાં ઉમેરાશે નહિ. (2) નીચેની ત્રણ રકમો પૈકી સૌથી ઓછી રકમ કરમુક્ત ગ્રેચ્યુઇટી ગણાય : (1) ખરેખર મળેલ ગ્રેચ્યુઇટી રૂ. 4,00,000 (2) નોકરીના દરેક સંપૂર્ણ વર્ષ દીઠ $\frac{1}{2}$ માસના પગાર લેખે થતી રકમ (રૂ. 12,400 2 × 24 વર્ષ) = રૂ. 1,55,000 અને (3) વધુમાં વધુ કરમુક્ત રકમ રૂ. 10,00,000

∴ કરમુક્ત ગ્રેચ્યુઇટી રૂ. 1,55,000)

3. શ્રી જગદીશ 35 વર્ષ અને 7 માસની નોકરી કર્યા બાદ ખાનગી પેઢીમાંથી 31-12-2017ના રોજ નિવૃત્ત થયા. નિવૃત્તિ વખતે તેમનો માસિક પગાર રૂ. 15,000 હતો. દર વર્ષે 1 લી જુલાઈના રોજ રૂ. 1,000 નો ઈજાફો મેળવતા હતા. નિવૃત્તિ વખતે 60% ના દરે મૂડીકૃત પેન્શનના રૂ. 2,40,000 અને ગ્રેચ્યુઈટીના રૂ. 4,50,000 મળ્યા, મોંઘવારી ભથ્થું મૂળ પગારના 50% લેખે હતું (જે પૈકી 70% નિવૃત્તિના લાભો માટે લક્ષમાં લેવાય છે.) કરપાત્ર ગ્રેચ્યુઈટી અને પેન્શનની ગણતરી કરો.

**જવાબ :** કરપાત્ર ગ્રેચ્યુઈટી રૂ. 1,05,075 અને મૂડીકૃત પેન્શનની કરપાત્ર રકમ રૂ. 1,06,667

**નોંધ :** (1) કરપાત્ર ગ્રેચ્યુઈટીના હેતુ માટે 'સરેરાશ માસિક પગાર' = રૂ. 14,000 × 4 માસ (માર્ચ, 2017 થી જુન, 2017) રૂ. 56,000 + 15,000 × 6 માસ (જુલાઈ, 2017 થી ડિસેમ્બર, 2017) રૂ. 90,000 = રૂ. 1,46,000 10 = રૂ. 14,600 + રૂ. 5,110 (રૂ. 14,600 × 50% × 70%) = 19,710 (2) કરમુક્ત ગ્રેચ્યુઈટી : ખરેખર મળેલ રકમ રૂ. 4,50,000, નોકરીના સંપૂર્ણ વર્ષદીઠ $\frac{1}{2}$ માસના પગાર લેખે થતી રકમ (રૂ. 19,710 × $\frac{1}{2}$ × 35) રૂ. 3,44,925 અને વધુમાં વધુ રકમ રૂ. 10,00,000 પૈકી સૌથી ઓછી રકમ રૂ. 3,44,925 કરમુક્ત છે અને બાકીના રૂ. 1,05,075 કરપાત્ર છે. (3) જે કર્મચારીને ગ્રેચ્યુઈટી પણ મળી હોય તેની દૃષ્ટિએ કુલ કોમ્પ્યુટેડ થવાને પાત્ર પેન્શનના $\frac{1}{3}$ જેટલી રકમ મળેલ કોમ્યુટેડ પેન્શન પૈકી કરમુક્ત ગણાય. કુલ કોમ્યુટેડ થવાને પાત્ર રકમ રૂ. 2,40,000 × 100/60 = રૂ. 4,00,000 નો 1/3 ભાગ રૂ. 1,33,333 કરમુક્ત ગણાય અને રૂ. 2,40,000 ના મળેલ કોમ્યુટેડ પેન્શમાંથી તે બાદ કરતાં રૂ. 1,06,667 કરપાત્ર ગણાય)

4. સુરતના શ્રી અનિલ શેઠને વાર્ષિક રૂ. 2,40,000 નો મૂળ પગાર અને વાર્ષિક 80,000નું મોંઘવારી ભથ્થું મળે છે, જેનો સમાવેશ પ્રોવિડન્ટ ફંડ માટે પગારમાં કરવામાં આવે છે. ઘરભાડા ભથ્થું વાર્ષિક રૂ. 80,000 મળ્યું છે અંગત રહેઠાણના મકાન માટે ખરેખર વાર્ષિક ભાડું રૂ. 96,000 ચૂકવ્યું છે.

   2018-'19 ના આકારણી વર્ષ માટે કરમુક્ત ઘરભાડા ભથ્થું નક્કી કરો.

**(જવાબ :** કરમુક્ત ઘરભાડા ભથ્થું રૂ. 64,000 અને કરપાત્ર રૂ. 16,000)

5. શ્રી યુવરાજસિંહ એક ખાનગી કંપનીમાં માસિક રૂ. 30,000 ના પગારથી નોકરી કરે છે. પગાર ઉપરાંત 50% લેખે મોંઘવારી ભથ્થું મેળવે છે, જેની 50% રકમ નિવૃત્તિના લાભો માટે લક્ષમાં લેવાય છે. માલિક તરફથી મૂળ પગારના 25% ઘરભાડા ભથ્થું મળે છે. તેઓ માસિક રૂ. 7000 ભાડું ચૂકવે છે. કરપાત્ર ઘરભાડા ભથ્થાંની ગણતરી કરો.

**(જવાબ :** કરમુક્ત ઘરભાડા ભથ્થુ રૂ. 39,000, કરપાત્ર ઘરભાડા ભથ્થું રૂ. 51,000.

**નોંધ :** આ હેતુ માટે 'પગાર' = મૂળ પગાર રૂ. 3,60,000 + $\frac{1}{2}$ મોંઘવારી ભથ્થું રૂ. 90,000 = 4,50,000)

6. શ્રી આકાશ (વિશિષ્ટ કર્મચારી) ડાયનેમિક કં. લિ. માં જનરલ મેનેજર છે. નીચેની માહિતી પરથી આકારણી વર્ક 2018-'19 માટે તેઓની પગારના મથાળા હેઠળની આવકની ગણતરી કરો.

   (1) મૂળ પગાર – માસિક રૂ. 20,000

(2) મોંઘવારી ભથ્થું – માસિક રૂ. 2,000 (જે પૈકી અડધી રકમ નિવૃત્તિના લાભની ગણતરી માટે પગારનો ભાગ ગણાય છે)

(3) ઘરભાડા ભથ્થું માસિક રૂ. 6,000 (અમદાવાદ ખાતે ખરેખર ચૂકવેલ ઘરભાડું રૂ. 6,000)

(4) બે સંતાનો માટે શિક્ષણ ભથ્થું – માસિક રૂ. 600

(5) ટ્રાન્સપોર્ટ ભથ્થું – માસિક રૂ. 2,400

(6) એક સંતાન માટે હોસ્ટેલ ભથ્થું – માસિક રૂ. 500

(7) માન્ય પ્રોવિડન્ટ ફંડમાં માલિકનો ફાળો – 12.5% મુજબ

(8) માન્ય પ્રોવિડન્ટ ફંડની બાકી પર 10% ના દરથી જમા થયેલ વ્યાજ રૂ. 50,000. તેઓના પગારમાંથી માસિક રૂ. 200 મુજબ વ્યવસાયવેરાની કપાત થયેલ છે.

**(જવાબ :** ગ્રોસ પગાર રૂ. 3,07,360, કરપાત્ર પગાર રૂ. 3,04,960

**નોંધ :** (1) કરપાત્ર ઘરભાડા ભથ્થું રૂ. 25,200 (આ હેતુ માટે 'પગાર' માં 50% મોંઘવારી ભથ્થું પણ ઉમેરાશે.

(2) કરપાત્ર શિક્ષણભથ્થું રૂ. 4,800, કરપાત્ર હોસ્ટેલ ભથ્થું રૂ. 2,400, કરપાત્ર ટ્રાન્સપોર્ટ ભથ્થું (રૂ. 2,400 – કરમુક્ત રૂ. 1,600) રૂ. 800 × 12 = રૂ. 9,600

(3) માન્ય પ્રોવિડન્ટ ફંડમાં માલિકનો વધારાનો ફાળો (50% મોંઘવારી ભથ્થાં સહિતના પગારના 0.5%) રૂ. 1260

(3) માન્ય પ્રોવિડન્ટ ફંડમાં વધુ દરે (10% કરમુક્ત 9.5%) જમા થયેલ વ્યાજ રૂ. 2,500

7. બેંગ્લોરના શ્રી મુકેશ શાહને વાર્ષિક રૂ. 4,80,000 નો મૂળ પગાર મળે છે તથા મોંઘવારી ભથ્થું વાર્ષિક રૂ. 1,20,000 લેખે મળે છે જેનો સમાવેશ પ્રોવિડન્ટ ફંડના હેતુ માટે પગારમાં કરવામાં આવે છે. તે ઉપરાંત તેમને મોંઘવારી પગાર રૂ. 96,000 અને ઘરભાડા ભથ્થું રૂ. 1,44,000 મળે છે. તેઓ રહેવાના મકાનનું ભાડું રૂ. 1,50,000 ચૂકવે છે. નાણાંકીય વર્ષ 2017'-18 માટે કરમુક્ત ઘરભાડા ભથ્થું નક્કી કરો.

**(જવાબ :** કરમુક્ત ઘરભાડા ભથ્થું રૂ. 90,000, અહીં પગાર એટલે મૂળ પગાર રૂ. 4,80,000 + મોંઘવારી ભથ્થું રૂ. 1,20,000 = 6,00,000)

8. પાછલા વર્ષ 2017-18 દરમિયાન શ્રીમાન વાસુદેવ તેમના માલિક પાસેથી નીચેની રકમો મેળવે છે :

મૂળ પગાર માસિક રૂ. 15,000

મોંઘવારી ભથ્થું : મૂળ પગારના 40%

(મોંઘવારી ભથ્થાંની 50% રકમ નિવૃત્તિના લાભો માટે ધ્યાનમાં લેવાય છે.)

કમિશન : રૂ. 4,500 (માસિક)

ઘરભાડા ભથ્થું : માસિક રૂ. 12,000

શ્રીમાન વાસુદેવે વડોદરા શહેરમાં ખરેખર ચૂકવેલ ઘરભાડું માસિક રૂ. 13,500

આ. વ. 2018-'19 માટે કરપાત્ર ઘરભાડા ભથ્થાંની રકમ ગણો.

**(જવાબ :** કરપાત્ર ઘરભાડા ભથ્થું રૂ. 57,600, કરમુક્ત ઘરભાડા ભથ્થું રૂ. 86,400, અહીં પગાર એટલે મૂળ પગાર માસિક રૂ. 15,000 + મોંઘવારી ભથ્થું માસિક રૂ. 3000 = કુલ માસિક રૂ. 18,000)

9. કાનપુરના રહીશ શ્રી અજય પાછલા વર્ષ 2017-18 દરમિયાન રૂ. 1,92,000 મૂળ પગાર મેળવે છે. વધારામાં તે રૂ. 19,200 મોંઘવારી ભથ્થું મેળવે છે, જે તેના મૂળ પગારનો ભાગ ગણાય છે. તેણે કરેલા વેચાણ પર 7% કમિશન મેળવે છે. પાછલા વર્ષ દરમિયાન તેમણે રૂ. 3,44,000 નું વેચાણ કરેલ છે અને ઘરભાડા ભથ્થાં તરીકે રૂ. 24,000 મેળવે છે. તેઓ રૂ. 23,400 ઘરભાડું ચૂકવે છે.

   કરમુક્ત ઘરભાડા ભથ્થાંની રકમ નક્કી કરો.

**(જવાબ :** કરમુક્ત ઘરભાડા ભથ્થું 'શૂન્ય'

આ હેતુ માટે 'પગાર' = મૂળ પગારમાં મોંઘવારી ભથ્થું (નિવૃત્તિ લાભની ગણતરી માટે પગારમાં ગણાય છે તેથી) તથા વેચાણ પર આધારિત કમિશનનો પણ સમાવેશ થશે. આમ, 'પગાર' = રૂ. 1,92,000 + 19,200 + 24,080 = રૂ. 2,35,280. ખરેખર મળેલ ઘરભાડા ભથ્થું રૂ. 24,000, 'પગાર'ના 10% થી વધુ ચૂકવેલ ભાડું (રૂ. 23,400 – 23,528 = – રૂ. 128) શૂન્ય અને 'પગાર' ના 40% લેખે રકમ રૂ. 94,112 પૈકી 'શૂન્ય' સૌથી ઓછી રકમ કરમુક્ત હોવાથી પૂરેપૂરું ઘર ભાડા ભથ્થું કરપાત્ર ગણાય.**)**

10. શ્રી મિહિર (મહેસાણામાં નોકરી) પાછલા વર્ષ 2017-'18 માટે તેમની આવકની નીચેની વિગતો રજૂ કરે છે :

    (1) મૂળ પગાર રૂ. 2,00,000

    (2) મોંઘવારી ભથ્થું રૂ. 1,00,000

    (3) બોનસ રૂ. 10,000

    (4) ઘરભાડા ભથ્થું રૂ. 36,000

    (5) તેઓ દર મહિને પોતાના રહેઠાણ માટે રૂ. 3,000 લેખે ચૂકવે છે. તા. 1-2-2018 થી ભાડાનું મકાન ખાલી કરી પોતાની માલિકીના મકાનમાં રહેવા ગયેલ છે.

    (6) નિવૃત્તિના લાભ માટે મોંઘવારી ભથ્થાંની માત્ર 40% રકમ ધ્યાનમાં લેવાય છે.

    આકારણી વર્ષ 2018-'19 માટે કરમુક્ત ઘરભાડા ભથ્થાંની રકમની ગણતરી કરો.

**(જવાબ :** કરપાત્ર ઘરભાડા ભથ્થું રૂ. 26,000, કરમુક્ત ઘરભાડા ભથ્થું રૂ. 10,000**)**

આ હેતુ માટેનો 'પગાર' = મૂળ પગાર + 40% મોંઘવારી ભથ્થું = 10 માસનો મૂળ પગાર (જે સમય દરમિયાન ખરેખર ભાડાના મકાનમાં રહ્યાં છે) + આ સમયમાં મળેલ મોંઘવારી ભથ્થાંની 40% રકમ = (રૂ. 2,00,000 + રૂ. 40,000) × 10/12 = રૂ. 2,00,000)

11. શ્રી પરાગ 14-6-2017 ના રોજ 32 વર્ષ અને 6 માસ સુધી નોકરી કરી નિવૃત્ત થયેલ છે. નિવૃત્તિ સમયે તેમણે રૂ. 3,40,000 ગ્રેચ્યુઇટી મેળવેલ છે. કેલેન્ડર વર્ષ 2016 તથા 2017 દરમિયાન તેમનો માસિક પગાર અનુક્રમે રૂ. 7,000 અને રૂ. 8,000 હતો.

    આકારણી વર્ષ 2018-'19 માટે કરપાત્ર ગ્રેચ્યુઇટીની રકમની ગણતરી કરો.

**(જવાબ :** કરપાત્ર ગ્રેચ્યુઇટી રૂ. 2,20,000, કરમુક્ત ગ્રેચ્યુઇટી રૂ. 1,20,000. નીચેની ત્રણ રકમો પૈકી સૌથી ઓછી રકમ કરમુક્ત ગણાય : ખરેખર મળેલ ગ્રેચ્યુઇટી રૂ. 3,40,000, નોકરીના ખરેખર પૂરા થયેલ વર્ષ દીઠ 1/2 માસના પગારની રકમ (32 × 1/2 × રૂ. 7,500) રૂ. 1,20,000 અને વધુમાં વધુ રૂ. 10,00,000.

**નોંધ :** નિવૃત્તિના માસથી અગાઉના 10 માસનો સરેરાશ માસિક પગાર = રૂ. 7,500, ઑગસ્ટ 2016થી ડિસેમ્બર, 2016 : રૂ. 7,000 × 5 = 35,000 + જાન્યુઆરી, 2017 થી મે, 2017 : રૂ. 8,000 × 5 = રૂ. 40,000 = રૂ. 75,000 10 = રૂ. = 7,500)

12. શ્રી અજિત, અમીર લિ. કંપનીમાંથી તા. 30 જૂન, 2017 ના રોજ 30 વર્ષ અને 6 માસની નોકરી કર્યા પછી નિવૃત્ત થયા હતા. તેમને ગ્રેચ્યુઇટી તરીકે રૂ. 3,10,000 મળ્યા હતા. અન્ય માહિતી નીચે પ્રમાણે હતી :

1-4-'17 થી માસિક રૂ. 20,400નો મૂળ પગાર મળતો હતો. ઇજાફાનો દર રૂ. 600 હતો. જે દર વર્ષે 1 એપ્રિલથી મળતો હતો. માસિક મોંઘવારી ભથ્થું પગારના 40% હતું. પ્રોવિડન્ટ ફંડની ગણતરી માટે મૂળ પગારમાં 50% મોંઘવારી ભથ્થું ઉમેરવામાં આવતું હતું.

આ. વ. 2018-'19 માટે કરપાત્ર ગ્રેચ્યુઇટીની ગણતરી કરો.

**જવાબ :** કરમુક્ત ગ્રેચ્યુઇટી રૂ. 3,10,000, કરપાત્ર ગ્રેચ્યુઇટી શૂન્ય :

છેલ્લા 10 માસનો સરેરાશ માસિક પગાર : સપ્ટેમ્બર, 2016 થી માર્ચ, 2017 : મૂળ પગાર માસિક રૂ. 19,800 + 40% લેખે મોંઘવારી ભથ્થાંના ૫૦% લેખે રૂ. 3,960 = રૂ. 23,760 × 7 = રૂ. 1,66,320 + એપ્રિલ, 2017 થી જૂન, 2017 : મૂળ પગાર માસિક રૂ. 20,400 ૪૦% મોંઘવારી ભથ્થાંના × 40% લેખે રૂ. 4,080 = રૂ. 24,480 × 3 = રૂ. 73,440 = રૂ. 2,39,760 10 માસ = રૂ. 23,976. નીચેની ત્રણ રકમો પૈકી સૌથી ઓછી રકમ કરમુક્ત : (i) ખરેખર મળેલ ગ્રેચ્યુઇટી રૂ. 3,10,000 (ii) નોકરીના દરેક પૂરા થયેલાં વર્ષ માટે 1/2 માસનો પગાર (રૂ. 23,976 × 30 × 1/2) = રૂ. 3,59,640 અને (iii) વધુમાં વધુ કરમુક્ત રકમ રૂ. 10,00,000)

13. મિ. સૌરવ તા. 17-12-2017 ના રોજ 29 વર્ષ 6 માસ અને 15 દિવસની નોકરી પૂર્ણ કરીને નિવૃત્તિ થયા અને તેમને રૂ. 4,00,000 ગ્રેચ્યુઇટી મળી. નિવૃત્તિ સમયે તેમનો માસિક મૂળ પગાર રૂ. 6,000, મોંઘવારી ભથ્થું, રૂ. 1,800 માસિક અને કંપનીના ટર્નઓવર પર કમિશન 1% હતું. તેમને તા. 1-4-2017 ના રોજ રૂ. 1,000 નો ઇજાફો મૂળ પગારમાં મળેલ હતો. કંપનીનું ટર્નઓવર રૂ. 1,00,000 માસિક હતું. મોંઘવારી ભથ્થું ગ્રેચ્યુઇટીની માટે ૧૦૦% ઉમેરવું

આકારણી વર્ષ 2018-'19 માટે કરપાત્ર ગ્રેચ્યુઇટીની ગણતરી કરો. જો તે –

(1) સરકારી કર્મચારી હોય.

(2) સરકારી કર્મચારી ન હોય પણ પેમેન્ટ ઓફ ગ્રેચ્યુઇટી એક્ટ હેઠળના કર્મચારી હોય.

**(જવાબ :** (1) સરકારી કર્મચારીને મળતી ગ્રેચ્યુઇટી કલમ 10(10) (i) હેઠળ સંપૂર્ણપણે કરમુક્ત ગણાય. (2) કરપાત્ર ગ્રેચ્યુઇટી રૂ. 2,65,000

1972ના ગ્રેચ્યુઇટી ચૂકવણી ધારા હેઠળ આવરી લેવાયેલ કર્મચારી માટે કરમુક્ત ગ્રેચ્યુઇટીની ગણતરી : (i) ખરેખર મળેલ ગ્રેચ્યુઇટી રૂ. 4,00,000, (ii) નોકરીના સંપૂર્ણ પૂરા થયેલ વર્ષ (6 માસથી વધુ સમયને આખું વર્ષ ગણીને) દીઠ 15 દિવસના પગાર (મોંઘવારી ભથ્થાં સહિતના છેલ્લા પગારના આધારે) મુજબ થતી રકમ : (રૂ. 6,000 + 1,800) × 15/26 × 30 = રૂ. 1,35,000, (iii) વધુમાં વધુ રકમ રૂ. 10,00,000 આથી કરમુક્ત ગ્રેચ્યુઇટી રૂ. 1,35,000 અને કરપાત્ર ગ્રેચ્યુઇટી રૂ. 2,65,000, કમિશન (વેચાણ પર આધારિત હોય તો પણ) આ હેતુ માટેના 'પગાર'માં સમાવેશ થશે નહિ.**)**

14. મિ. એ 30 વર્ષની નોકરી કરી તા. 31-10-2017 ના રોજ નિવૃત્ત થયા અને તેમના માલિક પાસેથી ગ્રેચ્યુઇટીના રૂ. 5,00,000 મળ્યા. નિવૃત્તિની તારીખની અગાઉના 10 માસનો સરેરાશ માસિક પગાર રૂ. 16,000 હતો.

નિવૃત્તિ વખતે નક્કી થયેલ માસિક પેન્શન દર રૂ. 7,000 હતો. તા. 1-2-2018 ના રોજ તેઓ રૂ. 2,70,000 એક સામટું પેન્શન મેળવે છે, જે 50 ટકાના ધોરણે મળ્યું હતું.

આકારણી વર્ષ 2018-'19 માટે પેન્શન અને ગ્રેચ્યુઇટી અંગે તેમની કરપાત્ર આવક નક્કી કરો.

**(જવાબ :** કરમુક્ત ગ્રેચ્યુઈટી રૂ. 2,40,000 અને કરપાત્ર ગ્રેજ્યુઈટી રૂ. 2,60,000

નીચેની ત્રણ રકમો પૈકી સૌથી ઓછી રકમ કરમુક્ત ગણાય, (1) મળેલ ગ્રેચ્યુઈટી રૂ. 5,00,000 (2) નોકરીના સંપૂર્ણ વર્ષ દીઠ 1/2 માસના પગાર લેખે થતી રકમ (રૂ. 16,000 × 1/2 માસના પગાર લેખે થતી રકમ (રૂ. 16,000 × 1/2 × 30) રૂ. 2,40,000) અને (3) વધુમાં વધુ રકમ રૂ. 10,00,000.

કરપાત્ર પેન્શન (તા.1-11-2017 થી તા. 31-1-2018 સુધી માસિક રૂ. 7,000 લેખે) રૂ. 21,000 + (તા. 1-2-2018 થી તા. 31-3-2018 સુધી માસિક રૂ. 3,500 લેખે) રૂ. 7,000 = રૂ. 28,000, કૉમ્યુટેડ પેન્શન રૂ. 2,70,000 માંથી રૂ. 1,80,000 કરમુક્ત છે. (જે કુલ કોમ્યુટેબલ પેન્શન રૂ. 2,70,000 × 2 = રૂ. 5,40,000 × 1/3 લેખે ગણાય કારણ કે ગ્રેચ્યુઈટી પણ મળી છે) અને બાકીના રૂ. 90,000 કરપાત્ર છે)

15. સખી લિ. નામની બિન-સરકારી કંપનીમાંથી ધરમપુરના શ્રી માયા તા. 31-3-’18 સુધીની નોકરી કર્યા પછી નિવૃત્ત થાય છે. તેઓએ વિશિષ્ટ કર્મચારી તરીકે 40 વર્ષની નોકરી કરેલ છે. નીચેની માહિતી પરથી તેમના હિસાબી વર્ષ 2017-’18નો કરપાત્ર પગાર નક્કી કરો.

(1) મૂળ પગાર — તા. 1-4-’17 થી 30-9-’17 સુધી માસિક રૂ. 14,000
તા. 1-10-’17 થી 31-3-’18 સુધી માસિક રૂ. 16,000

(2) મોંઘવારી ભથ્થું : મૂળ પગારના 25%

(3) ઘરભાડા ભથ્થું : માસિક રૂ. 2,500 (તેઓ માસિક રૂ. 3,000 ઘરભાડું ચૂકવે છે)

| | | રૂ. |
|---|---|---|
| (4) | માન્ય પ્રોવિડન્ટ ફંડમાં કંપનીનો ફાળો | 26,600 |
| (5) | માન્ય પ્રોવિડન્ટ ફંડની રકમ પર 12.5% લેખે જમા થયેલ વ્યાજ | 25,000 |
| (6) | બોનસ | 30,000 |
| (7) | કર્મચારીએ ચૂકવેલ વ્યવસાયવેરો | 3,000 |
| (8) | માન્ય પ્રોવિડન્ટ ફંડમાં કર્મચારીનો ફાળો | 18,000 |
| (9) | મળેલ ગ્રેચ્યુઈટી (એપ્રિલ, 2018માં) | 3,95,000 |

**(જવાબ :** ગ્રોસ પગાર રૂ. 2,78,000, કરપાત્ર પગાર રૂ. 2,75,000.

(1) મૂળ પગાર રૂ. 1,80,000 (2) મોંઘવારી ભથ્થું રૂ. 45,000 (3) કરપાત્ર ઘરભાડા ભથ્થું રૂ. 12,000, (4) માલિકનો માન્ય પ્રોવિડન્ટ ફંડમાં વધારાનો ફાળો રૂ. 5,000, (5) માન્ય પ્રોવિડન્ટ ફંડમાં વધુ દરે જમા થયેલ કરપાત્ર વ્યાજ રૂ. 6,000)

16. શ્રી યોગી તા. 1-10-’13ના રોજ નિરમા કંપનીમાં મૂળ પગાર રૂ. 12,500 – 500 – 14,000 – 1,000 – 25,000 ના ગ્રેડમાં મેનેજર તરીકે જોડાયા. પા. વ. 2017-’18 દરમિયાન તેમની નીચેની વિગતો પરથી તમારે આ.વ. 2018-’19 માટે પગારની કરપાત્ર આવક ગણવાની છે.

(1) મોંઘવારી ભથ્થું મૂળ પગારના 40% મળ્યું જે પૈકી 50% રકમ પ્રોવિડન્ટ ફંડની ગણતરી માટે લેવાય છે.

(2) મનોરંજન ભથ્થું મહિને રૂ. 800

(3) તેમનાં બે બાળકો માટે બાળકદીઠ મહિને રૂ. 1,200 લેખે શિક્ષણ ભથ્થું.

(4) ગૅસ, વીજળી, પાણીના રૂ. 18,000 કંપનીએ ચૂકવ્યા જે પૈકી 2/3 અંગત વપરાશ છે.

(5) સુરતમાં (જેની વસ્તી 10 લાખથી વધુ છે પરંતુ 25 લાખથી વધુ નથી) રહેઠાણ માટે એક બંગલો આપેલ છે, જેની મ્યુનિસિપલ આકારણી રૂ. 40,000 છે, આ બંગલામાં રૂ. 2,04,800 ની મૂળ કિંમતનું ફર્નિચર વસાવી આપેલ છે.

(6) આ બંગલાના ચોકીદાર તથા માળીનો પગાર અનુક્રમે રૂ. 2,200 અને 1,200 કંપનીએ ચૂકવેલ છે.

(7) તેમના વતી તેમનું જીવન વીમા પ્રીમિયમ રૂ. 10,300 અને જાહેર ભવિષ્યનિધિ ખાતામાં રૂ. 32,000 કંપનીએ ચૂકવ્યા છે.

(8) મૂળ પગાર તથા 50% મોંઘવારી ભથ્થાં સહિતની રકમના 15% જેટલી રકમ માન્ય પ્રો. ફંડમાં તેઓ ફાળવે છે. કંપની આવા પગારના 12% જેટલો ફાળો આપે છે.

(9) તેમના પગારમાંથી મહિને રૂ. 200 વ્યવસાયવેરો કપાયેલ છે.

(10) કંપનીએ તેમના વતી હૉટલ-ક્લબનું બિલ રૂ. 42,000 ચૂકવ્યું.

(11) ઑફિસ સમય દરમિયાન થયેલ ઈજાનું વળતર રૂ. 9,500 કંપનીએ ચૂકવ્યું.

**(જવાબ :** ગ્રોસ પગાર રૂ. 4,47,260, કરપાત્ર પગાર રૂ. 4,44,860, (રૂ. 2,400 ની વ્યવસાયવેરાની કપાત બાદ કર્યા પછી)

(1) કુલ મૂળ પગાર (તા. 1-4-'17 થી 30-9-'17 સુધી માસિક રૂ. 14,000 લેખે + તા. 1-10-'17 થી તા. 31-3-'18 સુધી માસિક રૂ. 15,000 લેખે) રૂ. 1,74,000, મોંઘવારી ભથ્થું રૂ. 69,600 (2) BABC = મૂળ પગાર રૂ. 1,74,000 + 1/2 મોંઘવારી ભથ્થું રૂ. 34,800 + મનોરંજન ભથ્થું રૂ. 9,600 + 9,600 + કરપાત્ર શિક્ષણ ભથ્થું રૂ. 26,400 (રૂ. 14,400 × બે બાળકો માટે = રૂ. 28,800 – કરમુક્ત રૂ. 2,400) = રૂ. 2,44,800, બિનસજાવટવાળા મકાનની કિંમત = રૂ. 2,44,800 × 10% રૂ. 24,480 + ફર્નિચરની મૂ. કિંમતના 10% લેખે રૂ. 20,480 = સજાવટવાળા મકાનનું કરપાત્ર મૂલ્ય રૂ. 44,960 (માલિકની માલિકીનું મકાન હોવાથી માળીનો પગાર અલગથી કરપાત્ર ગણાશે નહીં.) (3) ગૅસ અને વીજળીની સવલતનો 2/3 ઉપયોગ અંગત હેતુઓ માટે થાય છે તેથી ખર્ચનો 2/3 ભાગ કરપાત્ર ગણાશે. (4) ચોકીદારનો પગાર કરપાત્ર ગણાય. (5) માલિકે તેમના વતી ચૂકવેલ જીવન વીમા પ્રીમિયમ અને પબ્લિક પ્રોવિડન્ટ ફંડમાં ભરેલ રકમ કરપાત્ર સવલતો છે. (6) માલિકે ચૂકવેલ હોટલ અને ક્લબ ફી કરપાત્ર સવલતો છે. (7) નોકરીના સમય દરમિયાન કર્મચારીને થયેલ ઇજા અંગે માલિકે આપેલ વળતર આવક ગણાય નહિ.)

17. શ્રી જે વિશિષ્ટ કર્મચારી છે. નીચે આપેલી વિગતો પરથી પાછલા વર્ષ 2017-'18 માટે તેમનો કરપાત્ર પગાર નક્કી કરો.

| | | |
|---|---|---|
| (1) | મોંઘવારી ભથ્થું (1/3 ભાગ નિવૃત્તિ લાભ માટે ગણાય છે) | રૂ.<br>= મૂળ પગારના 50% |
| (2) | ટેલિફોન ભથ્થું | 20,000 |
| (3) | શિક્ષણ ભથ્થું (ત્રણ બાળકો માટે) | 8,000 |
| (4) | હૉસ્ટેલ ખર્ચ માટે ભથ્થું (1 બાળક માટે) | 5,000 |
| (5) | વાર્ષિક 12% ના દરે માન્ય પ્રોવિડન્ટ ફંડમાં જમા થયેલ વ્યાજ | 36,000 |
| (6) | ગૅસ, વીજળી અને પાણીની સગવડ અંગે માલિકે ચૂકવેલ (2/3 ઉપયોગ અંગત હેતુઓ માટે) | 18,000 |
| (7) | ઑફિસ ફરજો દરમિયાન થયેલ ઈજા અંગે મળેલ વળતર | 30,000 |

(8) માલિક દ્વારા ડ્રાઈવરની સગવડતાવાળી 1.8 લિટરની ક્ષમતાવાળી મોટર મળેલ છે, જેના તમામ ખર્ચા માલિક ભોગવે છે અને આ સગવડ અંગે તેમના પગારમાંથી માસિક રૂ. 1,000 કાપી લે છે.

(9) માલિક દ્વારા અમદાવાદમાં રહેઠાણની સગવડ મળેલ છે, જેનું વાજબી ભાડું માસિક રૂ. 5,000 છે. માલિકે આપેલ ફર્નિચરની મૂળ કિંમત રૂ. 4,00,000 છે. (આ સવલત અંગે તેમના પગારમાંથી રૂ. 16,550ની કપાત થયેલી છે.)

(10) માન્ય પ્રોવિડન્ટ ફંડમાં કંપનીનો ફાળો રૂ. 45,200 છે, જ્યારે કર્મચારીનો ફાળો રૂ. 38,000 છે.

(11) કર્મચારી વતી માલિકે ચૂકવેલ અન્ય રકમો :

| | |
|---|---|
| ક્લબ ફી વાર્ષિક | રૂ. 10,000 |
| જીવનવીમા પ્રીમિયમ | રૂ. 3,000 |
| મોબાઇલ ખર્ચ | રૂ. 6,000 |

(12) તા. 30-11-2017 સુધી તેમનો માસિક મૂળ પગાર રૂ. 22,500 હતો જે તા. 1-12-2017 થી વધારીને માસિક રૂ. 30,000 કર્યો હતો.

**(જવાબ :** ગ્રોસ પગાર = કરપાત્ર પગાર રૂ. 6,32,300.

**નોંધ :** (1) મૂળ પગાર રૂ. 3,00,000 અને મોંઘવારી ભથ્થું રૂ. 1,50,000 (2) કરપાત્ર ટેલિફોન ભથ્થું રૂ. 20,000, (3) કરપાત્ર શિક્ષણ ભથ્થું (રૂ. 8,000 – રૂ. 2,400) રૂ. 5,600 (4) કરપાત્ર હોસ્ટેલ ખર્ચ ભથ્થું (રૂ. 5,000 – રૂ. 3,600) રૂ. 1,400 (5) માન્ય પ્રો. ફંડમાં માલિકનો વધારાનો ફાળો (કરપાત્ર) = 1/3 મોંઘવારી ભથ્થાં સહિતના રૂ. 3,50,000 ના પગારના 12% થી વધારાનો (રૂ. 3,200) (6) ગેસ, વીજળીની સગવડ અંગે માલિકે ચૂકવેલ રકમનો 2/3 ભાગ (અંગત વપરાશનો) રૂ. 12,000 કરપાત્ર (7) ઈજા માટેનું વળતર કરમુક્ત ગણાય. (8) મોટરની સવલતની કરપાત્ર કિંમત રૂ. 39,600 (કર્મચારીએ આપેલ ફાળો બાદ મળે નહીં); (9) સજાવટવાળા મકાની સવલતની કરપાત્ર કિંમત રૂ. 80,000 BABC મુજબ 'પગાર' = રૂ. 3,77,000 (10) માન્ય પ્રોવિડન્ટ ફંડમાં 9.5%થી વધુ દરે જમા વ્યાજ કરપાત્ર (રૂ. 36,000 × 2.5/12) રૂ. 7,500 (11) માલિકે ચૂકવેલ ક્લબ ફી અને જીવનવીમા પ્રીમિયમ કરપાત્ર ગણાય.

18. શ્રીમતી શ્વેતા શાહ (વિશિષ્ટ કર્મચારી) નિરમા કંપની લિ. માં મદદનીશ ઈજનેર તરીકે નોકરી કરે છે. તા. 31-3-2018ના રોજ પૂરા થતાં વર્ષની તેમની આવકની વિગતો નીચે પ્રમાણે છે :

(1) મૂળ પગાર : તેઓ તા. 1લી ઑગસ્ટ, 2013ના રોજ આ કંપનીમાં રૂ. 19,000 – 500 – 25,000 ના મૂળ પગાર ધોરણથી જોડાયાં હતાં. તેઓ દર વર્ષે 1લી ઑગસ્ટના રોજ તેમનો ઇજાફો (ઇન્ક્રીમેન્ટ) મેળવે છે.

(2) મોંઘવારી ભથ્થું : મૂળ પગારના 40 ટકા (50 ટકા મોંઘવારી ભથ્થું નિવૃત્તિના લાભ ગણતી વખતે ધ્યાનમાં લેવામાં આવે છે.)

(3) ઘરભાડા ભથ્થું : માસિક રૂ. 1,500 (તેઓ માસિક રૂ. 3,500 મકાન ભાડું ચૂકવે છે.)

(4) મનોરંજન ભથ્થું : માસિક રૂ. 1,000.

(5) શિક્ષણ ભથ્થું (હૉસ્ટેલ ભથ્થાં સહિત) માસિક રૂ. 1,800 (કુલ ત્રણ બાળકોનું : જે પૈકી ફક્ત બે બાળકો હૉસ્ટેલ રહીને ભણે છે.)

(6) કંપની તેમના માન્ય પ્રોવિડન્ટ ફંડમાં માસિક રૂ. 3,500 ફાળો જમા કરે છે.

(7) તેઓ પણ તેમના માન્ય પ્રોવિડન્ટ ફંડમાં માસિક રૂ. 3,500 ફાળો જમા કરાવે છે.

(8) તેમના માન્ય પ્રોવિડન્ટ ફંડમાં વાર્ષિક 11.5% લેખે રૂ. 17,250 વ્યાજ જમા થયું છે.

(9) ઑફિસ દરમિયાન ફરજ બજાવતી વખતે તેમને થયેલ ઈજાનું વળતર રૂ. 12,000 કંપનીએ ચૂકવ્યું છે.

(10) પાછલા વર્ષ દરમિયાન તેમણે નીચે મુજબ ચૂકવણીઓ કરે છે :

– વ્યવસાય વેરો માસિક રૂ. 200 લેખે.

– આવકવેરો (ટી.ડી.એસ.) વાર્ષિક રૂ. 24,000

આ.વ. 2018-’19 માટે તેમના કરપાત્ર પગારની ગણતરી કરો.

**(જવાબ :** ગ્રોસ પગાર રૂ. 3,89,000, કરપાત્ર પગાર રૂ. 3,86,600

(1) પાછલા વર્ષ 2017-’18 નો કુલ મૂળ પગાર રૂ. 2,50,000, કરમુક્ત ભથ્થાંની ગણતરી માટે ‘પગાર’ = મૂળ પગાર રૂ. 2,50,000 + 40% ના 50% મોંઘવારી ભથ્થું રૂ. 50,000 = રૂ. 3,00,000 (2) કરમુક્ત ઘરભાડા ભથ્થું રૂ. 12,000 અને કરપાત્ર રૂ. 6,000 (3) મનોરંજન ભથ્થું પૂરેપુરું કરપાત્ર છે. (4) શિક્ષણ અને હોસ્ટેલ ભથ્થાંની કરપાત્ર રકમ = રૂ. 21, 600 – (રૂ. 2,400 + રૂ. 7,200) = રૂ. 12,000 (5) ફરજ બજાવતાં થયેલી ઇજા અંગે મળેલ વળતર કરમુક્ત ગણાય. (6) તેણીના માન્ય પ્રો. ફંડમાં માલિકે ચૂકવેલ કરપાત્ર ફાળો (રૂ. 42,000 – રૂ. 36,000 જે 3,00,000 ના 12%) રૂ. 6,000 (7) માન્ય પ્રોવિડન્ટ ફંડમાં વધુ દરે જમા થયેલ કરપાત્ર વ્યાજ = રૂ. 17,250 × 2/11.5 = રૂ. 3,000)

19. શ્રી મહેશભાઈ નાણાંવટી, મુંબઇની કંપનીમાં મેનેજિંગ ડિરેક્ટર છે. નાણાંકીય વર્ષ 2017-18ની તેમની નીચે આપેલી વિગતો પરથી આકારણી વર્ષ 2018-’19 માટે કરપાત્ર પગારની ગણતરી દર્શાવતું પત્રક તૈયાર કરો.

(1) મૂળ પગાર રૂ. 3,50,000

(2) મોંઘવારી ભથ્થું - મૂળ પગારના 20% (નિવૃત્તિના લાભો માટે ધ્યાનમાં લેવાય છે)

(3) કમિશન માસિક રૂ. 1,250 ના દરે

(4) બોનસ રૂ. 10,000

(5) મદદનીશ ભથ્થું રૂ. 12,000

(6) સિટી કૉમ્પેન્સેટરી એલાઉન્સ રૂ. 10,000

(7) ઘરભાડા ભથ્થું - વાર્ષિક રૂ. 84,000 (ખરેખર ચૂકવેલ ભાડુ માસિક રૂ. 7,000)

(8) ઘરઘાટીના પગાર અંગે માલિકે ચૂકવેલ રકમ રૂ. 14,400

(9) અંગત વપરાશ માટે મફત ગૅસ-વીજળીની સવલત અંગે માલિકે ચૂકવેલ ખર્ચ રૂ. 6,250

(10) ઑફિસ સમય દરમિયાન અંશતઃ મફત ભોજનની સગવડ (200 દિવસ માટે ભોજનદીઠ રૂ. 100 લેખે ખર્ચ થયો છે, જે કંપનીએ ભોગવેલ છે.) આ અંગે ભોજનદીઠ રૂ. 30ની ટોકન રકમ પગારમાંથી કાપી લેવામાં આવી છે.

(11) માલિકે 1.4 સીસીના ઍન્જિનની મોટકાર (ડ્રાઇવરની સગવડ સાથે) આપેલ છે. આ ગાડીનો ઉપયોગ અંશતઃ ધંધા માટે અને અંશતઃ ખાનગી હેતુ માટે થાય છે. આ અંગેના બધા ખર્ચ કર્મચારી ભોગવે છે.

(12) માન્ય પ્રોવિડન્ટ ફંડમાં કંપનીનો ફાળો રૂ. 63,000. કર્મચારીએ આ ફંડમાં રૂ. 42,000 ફાળવ્યા છે.

(13) માન્ય પ્રોવિડન્ટ ફંડમાં વાર્ષિક 10.5% ના દરે જમા થયેલું વ્યાજ રૂ. 23,100

(14) કર્મચારીએ ચૂકવેલ વ્યવસાયવેરો રૂ. 200 (માસિક)

(15) તેમનાં રોકાણો નીચે મુજબ હતાં –

– જીવન વીમા પ્રીમિયમ - રૂ. 40,000

– રાષ્ટ્રીય બચતપત્ર (IX શ્રેણી) - રૂ. 45,000

– બૅન્કમાં ત્રણ વર્ષ માટે ફિક્સ ડિપોઝિટ - રૂ. 1,00,000.

**(જવાબ :** ગ્રોસ પગાર રૂ. 5,54,450, કરપાત્ર પગાર રૂ. 5,52,050.

**નોંધ :** (1) કરપાત્ર ઘરભાડા ભથ્થું રૂ. 42,000 (આ હેતુ માટે 'પગાર'માં મોંઘવારી ભથ્થું પણ ઉમેરાશે.)

(2) મદદનીશ ભથ્થું એવી ધારણા સાથે કરમુક્ત ગણો કે તે રકમ તે હેતુ માટે પૂરેપૂરી ખર્ચ કરી દીધી હશે.

(3) ઘરઘાટીનો પગાર અને મફત ગૅસ-વીજળીની સવલતો પૂરેપૂરી કરપાત્ર છે.

(4) અંશતઃ મફત ભોજનની સગવડની કરપાત્ર કિંમત = (ભોજન દીઠ ખર્ચ રૂ. 100 – કરમુક્ત રૂ. 50 – કર્મચારીએ ભરેલ રૂ. 30) રૂ. 20 × 200 દિવસ = રૂ. 4,000

(5) બંને હેતુ માટે સવલત તરીકે મળેલ કાર (ડ્રાઇવરની સગવડ સહિતની) અંગે નિભાવ ખર્ચ કર્મચારી ભોગવે છે તેથી (રૂ. 600 + રૂ. 900) રૂ. 1,500 × 12 = રૂ. 18,000 કરપાત્ર ગણાય,

(6) માલિકનો માન્ય પ્રોવિડન્ટ ફંડમાં વધારાનો ફાળો (રૂ. 63,000 – મોંઘવારી ભથ્થાં સહિતના પગારના 12% લેખે રૂ. 50,400) રૂ. 12,600 કરપાત્ર છે.

(7) માન્ય પ્રોવિડન્ટ ફંડમાં વધુ દરે જમા થયેલ કરપાત્ર વ્યાજ = રૂ. 23,100 × 1/10.5 = રૂ. 2,200)

20. ડૉ. પાર્થ રાજકોટની હૉસ્પિટલમાં ફરજ બજાવે છે. નીચેની વિગતો પરથી આકારણી વર્ષ 2018-'19 માટે તેમના પગારની કરપાત્ર આવક શોધો.

(1) મૂળ પગાર માસિક રૂ. 40,000

(2) મોંઘવારી ભથ્થું - મૂળ પગારના 50%

(3) બોનસ વાર્ષિક રૂ. 30,000

(4) વાહનવ્યવહાર ભથ્થું માસિક રૂ. 1,800

(5) સિટી કૉમ્પેન્સેટરી એલાઉન્સ માસિક રૂ. 1,000

(6) બાળકોનું શિક્ષણ ભથ્થું (ત્રણ બાળકો માટે વાર્ષિક રૂ. 7,500)

(7) તેઓ માન્ય પ્રોવિડન્ટ ફંડમાં મૂળ પગારના 14% ફાળો આપે છે. તેના માલિક પણ એટલો જ ફાળો આપે છે. આ ફંડમાં વાર્ષિક 12% લેખે જમા થયેલું વ્યાજ રૂ. 20,160 હતું.

(8) તેમને તેમના માલિક તરફથી રાજકોટમાં મકાનની સવલત પૂરી પાડવામાં આવી છે. મકાનમાં રૂ. 3,00,000 નું ફર્નિચર પૂરું પાડવામાં આવેલ છે. હૉસ્પિટલે તેના પગારમાંથી માસિક રૂ. 1,000 લેખે કપાત કરી છે. રાજકોટની વસ્તી 15 લાખ છે.

(9) તેમને હૉસ્પિટલે 1.8 સી.સી. વાળી મોટરકારની સવલત આપી છે. તેનો ઉપયોગ અંગત અને ઑફિસ એમ બંને હેતુ માટે થાય છે. નિભાવ ખર્ચ તથા ડ્રાઇવરનો પગાર હૉસ્પિટલ સત્તાવાળા ચૂકવે છે.

(10) પાછલા વર્ષ દરમિયાન ડૉ. પાર્થે નીચે મુજબ ચૂકવણીઓ કરી છે.

| | રૂ. |
|---|---|
| વ્યવસાયવેરો (વાર્ષિક) | 2,400 |
| પી.પી.એફ.માં રોકાણ | 50,000 |
| એલ.આઇ.સી. પ્રીમિયમ | 20,000 |
| હોમલોનની પુનઃ ચૂકવણી (વ્યાજ સિવાય) | 20,000 |

**(જવાબ :** (અ) ગ્રોસ પગાર રૂ. 8,93,850, કરપાત્ર પગાર રૂ. 8,91,450.

**નોંધ :** (1) કરપાત્ર વાહનવ્યવહાર ભથ્થું રૂ. 2,400 (માસિક રૂ. 1,800 માંથી કરમુક્ત રકમ માસિક રૂ. 1,600)

(2) કરપાત્ર શિક્ષણ ભથ્થું = રૂ. 7,500 – (માસિક રૂ. 100 પ્રતિ બાળક – બે બાળકો માટે) રૂ. 2,400 = રૂ. 5,100

(3) માલિકનો માન્ય પ્રોવિડન્ટ ફંડમાં પગારના 12%થી વધુ ફાળો કરપાત્ર = રૂ. 9,600

(4) માન્ય પ્રોવિડન્ટ ફંડમાં વાર્ષિક 9.5% થી વધુ દરે જમા વ્યાજ કરપાત્ર = રૂ. 20,160 × 2.5/12 = રૂ. 4,200

(5) BABC મુજબ 'પગાર' = રૂ. 5,29,500 (મૂળ પગાર + મોંઘવારી સિવાયના કરપાત્ર ભથ્થાં + બોનસ) : બિનસજાવટવાળું મકાન હોય તો રૂ. 5,29,500 × 10% = રૂ. 52,950 + ફર્નિચરની મૂ. કિ. ના 10% રૂ. 30,000 = રૂ. 82,950 – પગારમાંથી કપાવેલ રકમ રૂ. 12,000 = કરપાત્ર રૂ. 70,950

(6) મોટરની સવલતની કરપાત્ર કિંમત = રૂ. 2,400 + રૂ. 900 = રૂ. 3,300 × 12 માસ = રૂ. 39,600

21. મુંબઈની એક કંપનીના સંચાલક કર્મચારી અક્ષયે આ.વ. 2018-'19 માટે રજૂ કરેલી વિગતો નીચે મુજબ છે :

(1) મૂળ પગાર માસિક રૂ. 30,000 જે તા. 1-8-2017 થી વધારીને રૂ. 35,000 કરેલ છે.

(2) મોંઘવારી ભથ્થું – મૂળ પગારના 50%

(3) અન્ય ભથ્થાં :

– સિટી કૉમ્પેનસેટરી ભથ્થું માસિક રૂ. 1000

– શિક્ષણ ભથ્થું (ત્રણ બાળકો માટે) માસિક રૂ. 500

– હૉસ્ટેલ ભથ્થું (એક બાળક માટે) માસિક રૂ. 1,000

– મનોરંજન ભથ્થું માસિક રૂ. 1,000

(4) રાહત દરે લંચની સગવડ (ઑફિસ સમય દરમિયાન) : 300 દિવસ માટે કંપનીએ પ્રતિ લંચ રૂ. 100ના ખર્ચ સામે પ્રતિલંચ રૂ. 20ની રકમ કર્મચારીના પગારમાંથી કાપેલ છે.

(5) કર્મચારી તથા માલિક દરેકનો માન્ય પ્રોવિડન્ટ ફંડમાં ફાળો મૂળ પગારના 14% નો છે.

(6) કંપની તરફથી તેમને બંને હેતુઓ માટે ઉપયોગ કરવા માટે 1,600 ક્યૂબિક કેપેસિટીવાળી મોટરની સગવડ મળી છે. જે અંગે ડ્રાઇવરના પગાર સહિતનો રૂ. 60,000 નો ખર્ચ કંપનીએ ભોગવ્યો છે.

(7) કંપની જે અંગે માસિક રૂ. 6,000 નું ભાડું ભરે છે તેવો એક ફ્લેટ તેમને રહેઠાણ માટે મળ્યો છે. આ ફ્લેટમાં માલિકે વસાવી આપેલ ફર્નિચરની મૂળ કિંમત રૂ. 4,20,000 છે.

(8) શ્રી અક્ષયે રૂ. 2,400 નો વ્યવસાયવેરો પણ ભર્યો છે.

આ.વ. 2018-'19 માટે તેમના પગારની કરપાત્ર આવકની ગણતરી કરો.

**(જવાબ :** ગ્રોસ પગાર રૂ. 9,94,800, કરપાત્ર પગાર રૂ. 7,92,400 (વ્યવસાયવેરાના રૂ. 2,400ની કપાત કર્યા પછી**)**

**નોંધ :** (1) મૂળ પગાર (રૂ. 30,000 × 4) + (રૂ. 35,000 × 8) = રૂ. 4,00,000

(2) મોંઘવારી ભથ્થું (રૂ. 2,00,000), સિટિ કૉમ્પેન્સેટરી ભથ્થું અને મનોરંજન ભથ્થું સંપૂર્ણતઃ કરપાત્ર ગણાય.

(3) કરપાત્ર શિક્ષણ ભથ્થું રૂ. 3,600 અને કરપાત્ર હૉસ્ટેલ ખર્ચ ભથ્થું રૂ. 8,400

(4) રાહત દરે લંચની સગવડની કરપાત્ર કિંમત (રૂ. 100 – રૂ. 50 કરમુક્ત બાદ રૂ. 20 કર્મચારીનો ફાળો) રૂ. 30 × 300 ભોજન = રૂ. 9,000

(5) માલિકનો માન્ય પ્રો. ફંડમાં વધારાનો કરપાત્ર ફાળો રૂ. 8,000 અને વધુ દરે જમા થયેલું વ્યાજ રૂ. 2,000

(6) ગાડીની કરપાત્ર કિંમત રૂ. 32,400, સજાવટવાળા મકાનની કરપાત્ર કિંમત (BABC = રૂ. 4,36,000) રૂ. 1,07,400 (BABC ના 15% લેખે રૂ. 65,400 કે માલિકે ભરેલ ભાડા પૈકી ઓછી રકમ + રૂ. 42,000 ફર્નિચરની મૂ.કિ.ના 10%)

22. શ્રી હરેશભાઈ એક કંપનીના મેનેજર તરીકે નોકરી કરે છે. તા. 31-3-2018 ના રોજ પૂરા થતા વર્ષની તેમની વિગતો નીચે પ્રમાણે છે :

| | | |
|---|---|---|
| (1) | મૂળ પગાર - માસિક | રૂ. 10,000 |
| (2) | મોંઘવારી ભથ્થું - પગારના 40% લેખે<br>(33 1/3% ભથ્થું નિવૃત્તિના લાભ માટે ધ્યાનમાં લેવાય છે.) | |
| (3) | બોનસ - એક માસનો મૂળ પગાર | |
| (4) | વેચાણ પર 1% લેખે મળેલ કમિશન | રૂ. 32,700 |
| (5) | શિક્ષણ અને હોસ્ટેલ ભથ્થું - માસિક<br>(કુલ ત્રણ બાળકોનું, એક બાળક હૉસ્ટેલમાં રહીને ભણે છે) | રૂ. 1,500 |
| (6) | વાહન ભથ્થું (25% રકમ ખર્ચેલ છે) માસિક | રૂ. 500 |
| (7) | મેડિકલ ભથ્થું - માસિક | રૂ. 400 |

કંપની તરફથી સજાવટ વિનાનું કંપનીની માલિકીનું એક મકાન રહેઠાણ તરીકે મળેલું છે. જેનું વાજબી ભાડું માસિક રૂ. 3,000 છે.

આ. વ. 2018-'19 માટે નીચેના દરેક સંજોગોમાં મકાનની કરપાત્ર સવલત કિંમત નક્કી કરો :

(1) જો મકાન મહેસાણામાં આવેલું હોય (કુલ વસ્તી 4 લાખ)

(2) જો મકાન વડોદરામાં આવેલું હોય (કુલ વસ્તી 15 લાખ)

(3) જો મકાન અમદાવાદમાં આવેલું હોય (કુલ વસ્તી 40 લાખ)

(4) જો આ મકાન કંપનીની માલિકીનું ન હોય અને કંપનીએ માસિક રૂ. 2,000 ભાડું ચૂકવીને સવલતમાં આપેલું હોય.

(5) જો આ મકાન કંપનીની માલિકીનું ન હોય અને કંપનીએ માસિક રૂ. 3,500 ભાડું ચૂકવીને સવલતમાં આપેલ હોય.

**જવાબ :** BABC મુજબનો પગાર = રૂ. 2,00,000 (મૂળ પગાર રૂ. 1,20,000 + મોંઘવારી ભથ્થું (રૂ. 1,20,000 × 33 1/3%) રૂ. 16,000 + કરપાત્ર શિક્ષણ અને હૉસ્ટેલ ભથ્થું (રૂ. 18,000 – રૂ. 2,400 – રૂ. 3,600) રૂ. 12,000 + કરપાત્ર વાહન ભથ્થું (બચત) રૂ. 4,500 + કરપાત્ર મેડિકલ ભથ્થું (પૂરેપુરું) રૂ. 4,800 + બોનસ રૂ. 10,000 + વેચાણ પર કમિશન રૂ. 32,700)

(1) મહેસાણામાં સ્થિત મકાનની સવલત કિંમત (7.5% લેખે) રૂ. 15,000

(2) વડોદરામાં સ્થિત મકાનની સવલત કિંમત (10% લેખે) રૂ. 20,000

(3) અમદાવાદમાં સ્થિત મકાનની સવલત કિંમત (15% લેખે) રૂ. 30,000

(4) જો આ મકાન માલિકે ભાડે રાખીને સવલત તરીકે આપેલ હોય તો 'પગાર' ના 15% અથવા માલિકે ચૂકવવાપાત્ર ભાડા પૈકી ઓછી રકમ કરપાત્ર ગણાય. અહીં 'પગાર' ના 15% = રૂ. 30,000 અને માલિકે ચૂકવેલ ભાડું રૂ. 24,000 હોવાથી રૂ. 24,000 કરપાત્ર ગણાય.

(5) 'પગાર' ના 15% = રૂ. 30,000 અને માલિકે ચૂકવેલ ભાડું રૂ. 42,000 પૈકી રૂ. 30,000 ઓછી રકમ હોવાથી રૂ. 30,000 કરપાત્ર ગણાય)

23. શ્રી રમેશભાઈ અમદાવાદમાં એક કંપનીના કર્મચારી છે. નીચેની વિગતો પરથી આ.વ. 2018-'19 ની તેમની પગારની કરપાત્ર આવક શોધો :

(1) મૂળ પગાર - રૂ. 22,000 માસિક જેમાં તા. 1-8-2017 થી રૂ. 3,000 નો વધારો કરવામાં આવ્યો.

(2) મોંઘવારી ભથ્થું - રૂ. 60,000 (50% નિવૃત્તિના લાભો માટે ધ્યાનમાં લેવાય છે.)

(3) બોનસ રૂ. 18,000

(4) તબીબી ભથ્થું રૂ. 3,600

(5) મનોરંજન ભથ્થું - રૂ. 15,000

(6) પહેરવેશ ભથ્થું - રૂ. 3,000

(7) શિક્ષણ ભથ્થું (બે બાળકો માટે) - રૂ. 500 માસિક

(8) હોસ્ટેલ ભથ્થું (એક બાળક માટે) - રૂ. 500 માસિક

(9) માલિકે તેમને રહેઠાણ માટે જે ફ્લેટ આપેલ છે તેનું ભાડું માસિક રૂ. 8,000 કંપનીએ ચૂકવેલ છે. માલિકે આ ફ્લેટની સજાવટ અંગે રૂ. 50,100 ખર્ચેલ છે અને વધારાના ફર્નિચરનું ભાડું રૂ. 5,000 ચૂકવેલ છે.

(10) માલિકે 1.8 સીસીના ઍન્જિનની મોટરકાર (ડ્રાઇવર વિના) આપેલ છે. આ ગાડીનો ઉપયોગ અંશતઃ ધંધા માટે અને અંશતઃ ખાનગી હેતુ માટે થાય છે. આ અંગેના બધા ખર્ચ માલિક ભોગવે છે.

(11) માલિક દ્વારા મૂળ પગાર + 50% મોંઘવારી ભથ્થાં સહિતના પગારના 14% પ્રમાણે તેમના માન્ય પ્રો. ફંડમાં ફાળો આપે છે. તેઓ પોતે પણ આટલો જ ફાળો આપે છે.

(12) તેમના પ્રો. ફંડમાં ખાતામાં 9.5% ના દરે રૂ. 10,450 વ્યાજ જમા થયેલ છે.

(13) તેમના પગારમાંથી નીચેની કપાતો કરવામાં આવેલી છે.

– વ્યવસાયવેરો - રૂ. 2,400

– મકાનની સગવડ અંગેની વસૂલાત (મૂળ પગારના 10%)

(14) પાછલા વર્ષ દરમિયાન તેમણે કરેલ રોકાણ નીચે મુજબ હતું.

– SBI માં પાંચ વર્ષ માટે ફિક્સ ડિપોઝિટ - રૂ. 45,000

– પી.પી.એફ. રૂ. 35,0000

(15) અમદાવાદની વસ્તી (છેલ્લી પ્રકાશિત વસ્તી ગણતરી મુજબ) 25 લાખથી વધુ હતી.

**(જવાબ :** ગ્રોસ પગાર રૂ. 4,61,060, કરપાત્ર પગાર રૂ. 4,58,660.

**નોંધ :** (1) મૂળ પગાર રૂ. 2,88,000, મોંઘવારી ભથ્થું રૂ. 60,000, બોનસ રૂ. 18,000, તબીબી ભથ્થું (પૂરેપુરું કરપાત્ર) રૂ. 3,600 મનોરંજન ભથ્થું (પૂરેપુરું કરપાત્ર) રૂ. 15,000

(2) પહેરવેશ ભથ્થું કરમુક્ત

(3) કરપાત્ર શિક્ષણ ભથ્થું રૂ. 3,600 અને હૉસ્ટેલ ખર્ચ ભથ્થું રૂ. 2,400

(4) BABC મુજબ ‘પગાર’ = રૂ. 3,60,600, જેના 15% = રૂ. 54,090 + 5,010 + 5,000 = રૂ. 64,100 – કર્મચારીનો ફાળો રૂ. 28,800 = અંશતઃ મફત સજાવટવાળા મકાનની સવલતની કરપાત્ર કિંમત રૂ. 35,300

(5) માલિકનો માન્ય પ્રોવિડન્ટ ફંડમાં વધારાનો કરપાત્ર ફાળો (1/2 મોંઘવારી ભથ્થાં સહિતના પગાર રૂ. 3,18,000 ના 2% લેખે) રૂ. 6,360

## એકમ 3 મકાન મિલકતની આવક

### : રૂપરેખા :


3.1 પ્રસ્તાવના

3.2 કલમ-૨૨

3.3 મકાનના ગ્રોસ વાર્ષિક મૂલ્યનું નિર્ધારણ

3.4 ચોખ્ખું વાર્ષિક મૂલ્ય

3.5 અંગત વપરાશ માટેના મકાનનું વાર્ષિક મૂલ્ય

3.6 કલમ-૨૪ : મજરે મળતી રકમો કે ખાસ કપાતો

3.7 કલમ-૨૭ : ધારી લીધેલ માલિકી

- સ્વાધ્યાય


### 3.1 પ્રસ્તાવના

મકાન મિલકતની આવકના શીર્ષક હેઠળ, જે વ્યક્તિના નામ હેઠળ મકાન મિલકતની કાયદેસર નોંધણી થઈ હોય, તે વ્યક્તિ મકાનના વાર્ષિક મૂલ્ય પર આવકવેરો ચૂકવવા જવાબદાર ગણાય છે.

આવકવેરા ધારો-1961 ના હેઠળ મકાન-મિલકતની આવક મુખ્યત્વે 8 કલમો હેઠળ વિભાજિત કરવામાં આવે છે.

કલમ-22, કલમ-23, કલમ-24, કલમ-25, કલમ-25 (અ), કલમ-26, કલમ-27

### 3.2 કલમ-22 :

આવકવેરાની કલમ-22 મુજબ, જે વ્યક્તિ મકાનનો માલિક હોય, તે વ્યક્તિ, મકાનના નિર્ધારિત વાર્ષિક મૂલ્ય પર આવકવેરો ભરવા જવાબદાર ગણાય છે. (મકાનના વાર્ષિક મૂલ્યનું નિર્ધારણ કલમ-23 હેઠળ કરવામાં આવે છે.)

ઉપર જણાવેલ વ્યાખ્યા મુજબ કોઈ પણ વ્યક્તિ મકાન-મિલકતના શીર્ષક હેઠળ વેરો ભરવા ત્યારે જ જવાબદાર ગણાશે જ્યારે નીચે જણાવેલ ત્રણ શરતોનું પાલન થશે.

**નોંધ :** "મકાન" શબ્દ હેઠળ મકાન અને તેની સાથે જોડાયેલ જમીનનો પણ સમાવેશ થાય છે.

**ત્રણ શરતો :**

- એસેસી જે-તે મકાન-મિલકતનો માલિક હોવો જોઈએ.
- – માલિક તે વ્યક્તિ છે કે જે મકાન મિલકતમાંથી પોતાના અધિકારની આવક મેળવવા માટે હકદાર છે.
- – એસેસી ફક્ત મકાનની માલિકી ધરાવતો હોય અને જમીનની માલિકી ના ધરાવતો હોય, તો પણ તે "મકાન-મિલકતના" શીર્ષક હેઠળ વેરો ભરવા જવાબદાર ગણાય છે.
- – પરંતુ જો એસેસી જમીન અને મકાન બંનેની માલિકીના ધરાવતો હોય (જમીન અને મકાન બંને ભાડાપેટે રાખેલ હોય) તો તે આવક "મકાન-મિલકતની આવક"ના શીર્ષક હેઠળ કરપાત્ર ગણાતી નથી. આવી આવક ને "અન્ય સાધનોમાંથી મળતી આવક"ના શીર્ષક હેઠળ કરપાત્ર ગણાવામાં આવે છે.
- – માલિકીનો હક સાબિત કરવા માટે વેચાણની નોંધણીની આવશ્યકતા હોતી નથી.
- – માલિકીના હકમાં માની લીધેલા માલિકની પણ સમાવેશ થાય છે. (કલમ-27)
- મકાન-મિલકતના શીર્ષક હેઠળ મકાનની સાથે જોડાયેલી જમીનનો પણ સમાવેશ થાય છે.

- મકાન-મિલકતના શીર્ષક હેઠળ મકાનની ઉપરાંત ઑફિસનું મકાન, કારખાનાનું મકાન, દુકાન, ગોડાઉન અને અન્ય વ્યવસાયિક મકાનોનો પણ સમાવેશ કરવામાં આવે છે.
- મકાનની સાથે જોડાયેલી જમીનમાં મકાનની આજુબાજુ બનાવેલ બગીચા, ગેરેજ વગેરેનો પણ સમાવેશ થાય છે.
- પરંતુ ખાલી જમીનને ભાડે આપીને તેમાંથી ઉપજાવેલી આવક ''અન્ય સાધનોમાંથી મળતી આવકના'' શીર્ષક હેઠળ કરપાત્ર થાય છે.

◆ **મકાન-મિલકતનો ઉપયોગ ધંધા કે વ્યવસાય માટે ના થવો જોઈએ.**

જ્યારે કોઈ એસેસી મકાન-મિલકત અથવા તેનો કોઈ પણ ભાગ પોતાના ધંધા કે વ્યવસાય માટે ઉપયોગમાં લેતો હોય અને તે ધંધા વ્યવસાયની આવક ધંધા કે વ્યવસાયનો નફો કે લાભના શીર્ષક હેઠળ કરપાત્ર હોય તો તે મકાન-મિલકતનું વાર્ષિક મૂલ્ય મકાન-મિલકતની આવકના શીર્ષક હેઠળ કરપાત્ર ગણી શકાય નહીં.

"મકાન-મિલકતની આવકની ગણતરી વખતે ખાસ ધ્યાનમાં રાખવા લાયક મુદ્દા :"

**(અ) જ્યારે એસેસી મકાન ભાડે આપવાનો ધંધો કરતો હોય :-**


જ્યારે એસેસી મકાન ભાડે આપવાનો ધંધો કરતા હોય ત્યારે પણ આવા મકાન પર મળેલી ભાડાની આવક મકાન-મિલકતના શીર્ષક હેઠળ જ કરપાત્ર થાય છે. નહીં કે ધંધા અને વ્યવસાયની આવકના શીર્ષક હેઠળ.

**અપવાદ :**

પરંતુ જ્યારે આવી મકાન-મિલકત અન્ય સુવિધાઓ સાથે એસેસી દ્વારા ભાડે આપવામાં આવે છે. ઉ.દા. ફર્નિચર સાથેનું મકાન, વગેરે તેવા સમયે મકાનના ભાડામાંથી મળેલી આવક ધંધા અને વ્યવસાયની આવકના શીર્ષક હેઠળ કરપાત્ર થાય છે.

**(બ) જ્યારે મકાન-મિલકત પેટાભાડે આપેલી હોય :-**

જ્યારે ભાડુઆત મકાન-મિલકતનો કોઈ ચોક્કસ ભાગ પેટા ભાડે આપે છે, ત્યારે તે ભાડુઆતને મળેલી આવક અન્ય સાધનોમાંથી મળેલ આવકના શીર્ષક હેઠળ કરપાત્ર ગણવામાં આવે છે.




**(ક) પરદેશમાં આવેલી મકાન-મિલકત :**

- ''સામાન્ય રહીશ'' માટે પરદેશમાં મળેલ ''મકાન મિલકતની આવક'' સંપૂર્ણ રીતે કરપાત્ર ગણાય છે.
- પરંતુ ''રહિશ પરંતુ સામાન્ય રહિશ નહીં'' અને ''બિનરહીશ'' માટે આ આવક ત્યારે જ કરપાત્ર ગણાય, જ્યારે તે પાછલા વર્ષ દરમિયાન ભારતમાં મળી હોય.

**(ડ) જ્યારે મકાન-મિલકતની માલિકી વિવાદાસ્પદ હોય :-**

જો કોઈ મકાન-મિલકતની માલિકી વિવાદાસ્પદ હોય અને તેની માલિકી અંગે કૉર્ટમાં મદ્દ્મો ચાલુ હોય, તેવા સંજોગોમાં જ્યાં સુધી જે-તે મુકદ્દ્માનો નિકાલ ના આવે ત્યાં સુધી આવકવેરા વિભાગના સત્તાવાળાઓ તેની માલિકી અંગે નિર્ણય લઈ, જે-તે વ્યક્તિ પાસેથી વેરો ઊઘરાવી શકે છે.

## 3.3 મકાનના ગ્રોસ વાર્ષિક મૂલ્યનું નિર્ધારણ :

મકાન-મિલકતના ગ્રોસ વાર્ષિક નિર્ધારણ માટે નીચે જણાવેલ પાંચ સંભાવનાઓ ધ્યાનમાં લેવાય છે.

1. જો કોઈ મકાન-મિલકત અથવા તેનો ભાગ પાછલા આખા વર્ષ માટે ભાડે આપવામાં આવેલ હોય.
2. જો કોઈ મકાન-મિલકત અથવા તેનો ભાગ, જે પાછલા વર્ષમાં અમુક સમય માટે ભાડે આપવામાં આવેલ હોય અને અન્ય સમય માટે ખાલી રહેલ હોય.
3. જો કોઈ મકાન-મિલકત અથવા તેનો ભાગ, પાછલા વર્ષ દરમિયાન અમુક સમય માટે ભાડે આપેલ હોય, અને બાકીના સમય માટે તેનો ઉપયોગ અંગત રહેઠાણ તરીકે કરેલો હોય.
4. જ્યારે કોઈ એસેસી પાછલા વર્ષ દરમિયાન, એક કરતા વધુ મકાનનો ઉપયોગ અંગત રહેઠાણ માટે કરતો હોય.
5. જ્યારે કોઈ એસેસી એક કરતા વધુ મકાનની માલિકી ધરાવતો હોય અને કોઈ એક મકાનનો ઉપયોગ તેના નોકરી-ધંધાના કારણે અંગત રહેઠાણ માટે ના કરી શકતો હોય.

ઉપર જણાવેલ પાંચેય સંભાવનાઓ હેઠળ મકાન-મિલકત ના મૂલ્યનું નિર્ધારણ વિસ્તારમાં નીચે મુજબ ગણીશું :

**1. જો કોઈ મકાન-મિલકત અથવા તેનો ભાગ પાછલા આખા વર્ષ માટે ભાડે આપેલ હોય :**

જો એસેસી તેનું મકાન અથવા તે મકાનનો કોઈ ચોક્કસ ભાગ પાછલા આખા વર્ષ માટે ભાડે આપે તો તેવા મકાનનું ગ્રોસ વાર્ષિક મૂલ્ય નીચે જણાવેલ સ્ટેપ મુજબ ગણવામાં આવશે :

**સ્ટેપ-1 :**

(અ) મ્યુનિસિપલ આકરણી મુજબ મકાનનું નિર્ધારિત મૂલ્ય     અથવા

(બ) મકાનનું વ્યાજબી ભાડુ

(અ) અને (બ) પૈકી જે વધુ હોય તે રકમ

**સ્ટેપ-2 :**

(ક) ઉપર મુજબ નિર્ધારિત થયેલ રકમ     અથવા

(ડ) મકાનનું સ્ટાન્ડર્ડ રેન્ટ

(ક) અને (ડ) પૈકી જે ઓછી હોય તે રકમ

(ઈ) ઉપરના સ્ટેપ્સ મુજબ નિર્ધારિત થયેલ રકમને મકાનનું "વ્યાજબી અપેક્ષિત ભાડું" કહેવાય છે. (ઉ.દા.-1)(ઈ)

**સ્ટેપ-3 :**

(ફ) મકાનનું "ખરેખર મળેલ અથવા મળવાપાત્ર ભાડુ"     અથવા

(ઈ) "વ્યાજબી અપેક્ષિત ભાડું"

આ બે પૈકી જે વધુ હોય તે

**નોંધ :** "ખરેખર મળેલ અથવા મળવાપાત્ર" ની ગણતરી વખતે "વસૂલ નહીં થઈ શકેલ ભાડું" બાદ કરવામાં આવે છે. પરંતુ મકાન ખાલી રહ્યું હોય તો તેવા સમયનો મળેલ ભાડુ બાદ કરવામાં આવતું નથી. (ઉ.દા.-2)

**2. મકાન-મિલકત અથવા તેનો ભાગ જે પાછલા વર્ષમાં અમુક સમય માટે ભાડે આપવામાં આવેલ હોય તે અન્ય સમય માટે ખાલી રહેલ હોય.**

સ્ટેપ-3 (-)   ખાલી રહેલા સમયમાં ગુમાવેલ ભાડુ


સ્ટેપ-4 :

સ્ટેપ-3     મુજબ નિર્ધારિત કરેલ મૂલ્ય

(-) મકાન ખાલી રહ્યું હોય તે કારણથી ના મળેલું ભાડુ

(ઉ.દા.-3)

આ પ્રક્રિયાના અંતે મળેલી રકમ મકાનનું "ગ્રોસ વાર્ષિક મૂલ્ય" ગણાશે.




બાદ : $\dfrac{\text{મકાન ખાલી રહેલ સમયમાં મળેલ ભાડું}}{\text{ગ્રોસ વાર્ષિક મૂલ્ય}}$

**ઉ.દા.-1**

નીચે જણાવેલ વિગતો પરથી મકાનનું વાર્ષિક મૂલ્ય નક્કી કરો.

| વિગતો | એસેસી-અ (રુ.) | એસેસી-બ (રુ.) | એસેસી-ક (રુ.) |
|---|---|---|---|
| મ્યુનિસિપાલ આકરણી મુજબનું મૂલ્ય | 10,000 | 10,000 | 10,000 |
| મકાનનું વ્યાજબી ભાડું | 14,000 | 8,000 | 9,000 |
| સ્ટાર્ન્ડડ રેન્ટ | 18,000 | 12,000 | 8,000 |

**જવાબ :**

**એસેસી-અ**

**સ્ટેપ-1**

મ્યુનિસિપલ આકરણી મુજબનું મૂલ્ય રુ. 10,000

અથવા

મકાનનું વ્યાજબી ભાડું રુ. 14,000

બે પૈકી જે વધુ હોય તે મૂલ્ય = રુ. 14,000

**સ્ટેપ-2**

સ્ટેપ-1 મુજબ નિર્ધારિત મૂલ્ય રુ. 14,000

અથવા

સ્ટાન્ડર્ડ રેન્ટ રુ. 18,000

બે પૈકી જે ઓછું હોય તે મૂલ્ય = રુ. 14,000

મકાનનું ગ્રોસ વાર્ષિક મૂલ્ય = રુ. 14,000

નોંધ : ઉપર આપેલ ઉદાહરણમાં ખરેખર મળેલુ ભાડુ આપેલ ન હોવાથી સ્ટેપ-3 અને સ્ટેપ-4 લાગુ પડશે નહીં.

**એસેસી-બ**

**સ્ટેપ-1 :**

મ્યુનિસિપલ આકરણી મુજબનું મૂલ્ય - રુ. 10,000

અથવા

મકાનનું વ્યાજબી ભાડું - રુ. 8,000

બે પૈકીનું વધુ મૂલ્ય = રુ. 10,000

**સ્ટેપ-2 :**

સ્ટેપ-1 મુજબ મૂલ્ય - રુ. 10,000

અથવા

સ્ટાન્ડર્ડ રેન્ટ - રુ. 12,000

બે પૈકી ઓછુ મૂલ્ય = રુ. 10,000

મકાનનું ગ્રોસ વાર્ષિક મૂલ્ય = રુ. 10,000

**એસેસી-ક**

**સ્ટેપ-1**

મ્યુનિસિપલ આકરણી મુજબનું મૂલ્ય - રુ. 10,000

અથવા

મકાનનું વ્યાજબી ભાડું - રુ. 9,000

બે પૈકી વધુ મૂલ્ય = રુ. 10,000

**સ્ટેપ-2**

સ્ટેપ-1 મુજબનું નિર્ધારિત મૂલ્ય - રુ. 10,000

અથવા

સ્ટાન્ડર્ડ રેન્ટ - રુ. 8,000

બે પૈકી ઓછું મૂલ્ય = રુ. 8,000

મકાનનું ગ્રોસ વાર્ષિક મૂલ્ય = રુ. 8,000

**ઉ.દા.-2**

નીચે જણાવેલ વિગતો પરથી એસેસી-અ ના મકાનના ગ્રોસ વાર્ષિક મૂલ્યની ગણતરી કરો.

| વિગત | મકાન-1 |
|---|---|
| • મ્યુનિસિપલ આકરણી મુજબનું ભાડું | રુ. 30,000 |
| • વાર્ષિક અપેક્ષિત ભાડું (વ્યાજબી ભાડું) | રુ. 32,500 |
| • સ્ટાન્ડર્ડ રેન્ટ | રુ. 36,000 |
| • વસૂલ ન થઈ શકેલ ભાડું | રુ. 3,600 |
| • ખરેખર મળવાપાત્ર ભાડું | રુ. 36,000 |

**જવાબ :**

**સ્ટેપ-1**

મ્યુનિસિપલ આકરણી મુજબનું મૂલ્ય - રુ. 30,000

અથવા

મકાનનું વ્યાજબી અપેક્ષિત ભાડું - રુ. 32,500

બે પૈકી વધુ મૂલ્ય = રુ. 32,500

**સ્ટેપ-2**

સ્ટેપ-1 મુજબનું નિર્ધારિત મૂલ્ય - રુ. 32,500

અથવા

સ્ટાન્ડર્ડ રેન્ટ - રુ. 36,000

બે પૈકીનું ઓછું મૂલ્ય = રુ. 32,500

**સ્ટેપ-3**

સ્ટેપ-2 મુજબ નિર્ધારિત મૂલ્ય - રુ. 32,500

અથવા

ખરેખર મળેલ/મળવાપાત્ર ભાડું - રુ. 32,400

(નોંધ-1)

બે પૈકી વધુ મૂલ્ય = રુ. 32,500

મકાનનું ગ્રોસ વાર્ષિક મૂલ્ય = રુ. 32,500

નોંધ-1 = (ખરેખર મળેલ/મળવાપાત્ર ભાડું)

ખરેખર મળવાપાત્ર ભાડું = રુ. 36,000

(-) વસૂલ ન થઈ શકેલ ભાડું = રુ. 3,600

ખરેખર મળેલુ ભાડું = રુ. 32,400

**ઉ.દા.-3**

નીચે આપેલી વિગતો પરથી એસેસી-બના મકાનના ગ્રોસ વાર્ષિક મૂલ્યની ગણતરી કરો.

| વિગત | રુ. |
|---|---|
| • મ્યુનિસિપલ આકરણી મુજબનું ભાડું | 65,000 |
| • સ્ટાન્ડર્ડ રેન્ટ | 70,000 |
| • વાર્ષિક અપેક્ષિત વ્યાજબી ભાડું | 55,000 |
| • ખરેખર મળેલ/મળવાપાત્ર ભાડું | 60,000 |
| • વસૂલ ન થઈ શકેલ ભાડું | 5,000 |
| • મકાન ખાલી રહેલો સમય | (2 મહિના) |

**જવાબ :**

**સ્ટેપ-1**

મ્યુનિસિપલ આકરણી મુજબનું ભાડું - રુ. 65,000

અથવા

વાર્ષિક અપેક્ષિત ભાડું - રુ. 55,000

બે પૈકી વધુ મૂલ્ય = રુ. 65,000

**સ્ટેપ-2**

સ્ટેપ-1 મુજબ નિર્ધારિત થયેલુ ભાડુ - રુ. 65,000

અથવા

સ્ટાન્ડર્ડ રેન્ટ - રુ. 70,000

બે પૈકી ઓછું મૂલ્ય = રુ. 65,000

**સ્ટેપ-3**

સ્ટેપ-2 મુજબ નિર્ધારિત મૂલય - રુ. 65,000

અથવા

ખરેખર મળેલ ભાડું - રુ. 55,000

(60,000-5,000)

બે પૈકી વધુ મૂલ્ય = રુ. 65,000

**સ્ટેપ-4**

સ્ટેપ-3 મુજબ નિર્ધારિત મૂલ્ય = રુ. 65,000

(-) ખાલી સમય ગુમાવેલ ભાડુ = રુ. 10,000

ગ્રોસ વાર્ષિક મૂલ્ય = રુ. 55,000

**ઉ.દા.-4**

નીચે જણાવેલ વિગતો પરથી એસેસી અ, બ અને ક ના મકાનનું ગ્રોસ વાર્ષિક મૂલ્યનું નિર્ધારણ કરો.

| **વિગત** | **અ** | **બ** | **ક** |
|---|---|---|---|
| મ્યુનિસિપલ આકરણી મુજબ વાર્ષિક મૂલ્ય | 27,000 | 30,000 | 28,000 |
| વાર્ષિક વ્યાજબી ભાડું | 25,000 | 26,000 | 30,000 |
| સ્ટાન્ડર્ડ રેન્ટ | 35,000 | 24,000 | 32,000 |
| મળવાપાત્ર ભાડું | 25,000 | 26,000 | 30,000 |
| વેકેન્સી સમયે | - | 5,000 | 6,000 |
| ગુમાવેલું ભાડું | | | |
| વસૂલ ન થઈ શકે તેવુ ભાડું | 6,000 | - | 5,000 |

**જવાબ :**

| વિગત | એસેસી અ(રુ.) | એસેસી બ(રુ.) | એસેસી ક(રુ.) |
|---|---|---|---|
| સ્ટેપ-1<br>મ્યુનિસિપલ આકરણ મુજબનું વાર્ષિક મૂલ્ય | 27,000 | 30,000 | 28,000 |
| અથવા<br>વાર્ષિક વ્યાજબી ભાડુ | 25,000 | 26,000 | 30,000 |
| (બે પૈકી વધુ)<br>સ્ટેપ-2 | 27,000 | 30,000 | 30,000 |
| સ્ટેપ-1 મુજબ નિર્ધારિત મૂલ્ય<br>અથવા | 27,000 | 30,000 | 30,000 |
| સ્ટાન્ડર્ડ રેન્ટ<br>બે પૈકી ઓછું | 35,000<br>27,000 | 24,000<br>24,000 | 32,000<br>30,000 |
| સ્ટેપ-3 | | | |
| સ્ટેપ-2 મુજબ નિર્ધારિત ભાડું<br>અથવા | 27,000 | 24,000 | 30,000 |
| ખરેખર મળેલ ભાડુ<br><br>(બે પૈકી વધુ) | (25,000-6,000)<br>19,000<br>27,000 | 26,000<br><br>26,000 | (30,000-5,000)<br>25,000<br>30,000 |
| સ્ટેપ-4<br>સ્ટેપ-3 મુજબ ભાડું | 27,000 | 26,000 | 30,000 |
| (-) વેકેન્સી સમયે ગુમાવેલ ભાડું<br>ગ્રોસ વાર્ષિક મૂલ્ય | -<br>27,000 | (5,000)<br>21,000 | (6,000)<br>24,000 |

**3. જો કોઈ મકાન પાછલા વર્ષ દરમિયાન અમુક સમય માટે ભાડે આપેલ હોય અને અન્ય સમય માટે તેનો ઉપયોગ અંગત રહેઠાણ માટે કરેલ હોય :**

આવા સંજોગોમાં સ્ટેપ-1 અને સ્ટેપ-2 મુજબ વ્યાજબી અપેક્ષિત ભાડુ તે રીતે ગણવું કે મકાન આખા વર્ષ માટે ભાડે આપેલ છે. પરંતુ ખરેખર મળેલ કે મળવાપાત્ર ભાડુ (સ્ટેપ-2) મુજબ તે જ સમય માટે ગણવું જે સમય માટે મકાન ભાડે આપેલ હોય.(ઉ.દા.-5)

**ઉ.દા.-5 :**

નીચે આપેલ માહિતી પરથી શ્રી ક ના મકાનની ગ્રોસ વાર્ષિક મૂલ્યની ગણતરી કરો.

| વિગત | રુ. |
|---|---|
| – મ્યુનિસિપલ આકરણી મુજબનું મૂલ્ય(વાર્ષિક) | 15,000 |
| – સ્ટાન્ડર્ડ રેન્ટ(વાર્ષિક) | 18,000 |
| – ભાડે આપેલ મકાનનું નક્કી કરેલ ભાડું(માસિક) | 2,000 |

શ્રી ક દ્વારા આ મકાન 1-4-2016 ના રોજ ભાડે આપેલ હતુ. પરંતુ 31-12-2016 થી આ મકાન ભાડુઆતે ખાલી કરી દીધેલ હતું. જેના બાદ, આ મકાનનો ઉપયોગ શ્રી ક પોતાના અંગત રહેઠાણ તરીકે કરે છે.

જવાબ :

**સ્ટેપ-1**

| | |
|---|---|
| મ્યુનિસિપલ આકરણી મુજબનું મૂલ્ય | - Á. 15,000 |
| અથવા | |
| વાર્ષિક અપેક્ષિત ભાડું | - (-) |
| બે પૈકી વધુ મૂલ્ય = રુ. 15,000 | |

**સ્ટેપ-2**

| | |
|---|---|
| સ્ટેપ-1 મુજબ નિર્ધારિત મૂલ્ય | = રુ. 15,000 |
| અથવા | |
| સ્ટાન્ડર્ડ રેન્ટ | = રુ. 18,000 |
| બે પૈકી ઓછું મૂલ્ય | = રુ. 15,000 |

**સ્ટેપ-3**

| | |
|---|---|
| સ્ટેપ-2 મુજબ નિર્ધારિત મૂલ્ય | = રુ. 15,000 |
| અથવા | |
| ખરેખર મળેલ ભાડું | = રુ. 18,000 |
| (2,000 × 9 મહિના) | |
| બે પૈકી જે વધુ = રુ. 18,000 | |

★ઉપર જણાવ્યા મુજબ સ્ટેપ-1 અને સ્ટેપ-2 માં વાર્ષિક ભાડાની ગણતરી થશે.

# પરંતુ સ્ટેપ-3 માં ખરેખર મળેલ ભાડું જે સમય માટે મકાન ભાડે આપેલ હશે તે સમય માટે જ ગણાશે.

**4. જ્યારે એસેસી એક કરતા વધુ મકાનનો ઉપયોગ સ્વ-વપરાશ માટે કરતો હોય :**

જ્યારે એસેસી એક કરતા વધુ મકાનનો ઉપયોગ સ્વ-વપરાશ માટે કરતો હોય ત્યારે એસેસી પોતાની મરજીથી કોઈ એક મકાન સ્વ-વપરાશ માટે છે તેમ ગણી તેનું ગ્રોસ વાર્ષિક મૂલ્ય શૂન્ય ગણી શકે છે. પરંતુ એક મકાન સિવાય બાકીના દરેક મકાન ભાડે આપેલ છે. તેમ ધારી તેનું વાર્ષિક મૂલ્યાંકન કલમ-23(1)(અ) મુજબ કરવામાં આવે છે.

આવા સંજોગોમાં એસીસીએ દરેક સંભાવના ધ્યાનમાં લઈ. જે-તે સંભાવના હેઠળ પોતાની કુલ વાર્ષિક કરપાત્ર આવક ગણવાની રહેશે અને તે પૈકી જે સંભાવના હેઠળ કુલ કરપાત્ર મૂલ્ય સૌથી ઓછું આવે તે મુજબ એક મકાન સ્વ-વપરાશ માટે ગણી અને મકાનને ભાડે આપેલ છે તેમ ગણતરી થશે.

**5. જ્યારે એસેસી એક કરતા વધુ મકાનની માલિકી ધરાવતો હોય પરંતુ તે કોઈ મકાનનો ઉપયોગ પોતાના નોકરી-ધંધાના કારણે સ્વ-વપરાશ માટે ન કરી શકતો હોય :**

આવા સંજોગોમાં જ્યારે એસેસી પોતાની નોકરી અથવા ધંધાના કારણથી જે-તે મકાનનો ઉપયોગ સ્વ-વપરાશ માટે ન કરી શકતો હોય ત્યારે એસેસી બંને મકાનનું મૂલ્યાંકન સ્વ-વપરાશ માટેના મકાન તરીકે કરી શકે છે અને ઉપર જણાવેલ સંભાવના મુજબ કોઈ એક મકાન ભાડે આપેલ છે તેમ ધારી લેવામાં આવશે નહીં.

**નોંધ :-** ઉપર જણાવેલ સંભાવનાઓ ચકાસવા માટે સૌ પ્રથમ અંગત વપરાશના મકાનનું વાર્ષિક મૂલ્યાંકન અને ચોખ્ખું વાર્ષિક મૂલ્ય સમજવું જરૂરી છે. આ મૂલ્યાંકન આપણે પછીના મુદ્દા નં-4 અને મુદ્દા નં-5 માં સમજશું.

## 3.4 ચોખ્ખુ વાર્ષિક મૂલ્ય :-

મકાન-મિલકતનું ગ્રોસ મૂલ્ય શોધ્યા બાદ, તેનું ''ચોખ્ખું વાર્ષિક મૂલ્ય'' શોધવામાં આવે છે. ''ચોખ્ખુ વાર્ષિક મૂલ્ય'' શોધવા મકાન-મિલકતની ગ્રોસ વાર્ષિક મૂલ્યમાંથી સ્થાનિક કરવેરા બાદ કરવામાં આવે છે.

- સ્થાનિક કરવેરા ત્યારે જ બાદ કરવામાં આવે છે, જ્યારે તે ભરવાની જવાબદારી મકાન માલિકની હોય, નહીં કે મકાનના ભાડુઆતની.
- જ્યારે કોઈ સ્પષ્ટતા ન કરી હોય ત્યારે તેમ ધારી શકાય છે કે સ્થાનિક કરેવેરા મકાન-માલિકે ભરેલા હશે.
- ચાલુ વર્ષ માટેના કરવેરામાંથી ફક્ત ચૂકવેલા વેરા જ બાદ થશે.
- અગાઉના વર્ષના બાકી રહેલા કરવેરા જો આ વર્ષે ભરેલા હશે તો તે પણ બાદ મળશે.
- પરંતુ એડવાન્સમાં ચૂકવેલા, આવતા વર્ષનાં કરવેરા બાદ મળી શકશે નહીં.
- સ્થાનિક કરવેરા હેઠળ સામાન્ય રીતે મકાન વેરો, શિક્ષણ વેરો, પાણી વેરો, સામાન્ય વેરો વગેરેનો સમાવેશ થાય છે.

સ્થાનિક કરવેરા બાદ કર્યા પછી બાકી રહેલી રકમ ચોખ્ખુ વાર્ષિક મૂલ્ય ગણાશે. (ઉ.દા.-6)

**ઉ.દા.-6**

નીચે આપેલી વિગતો પરથી મકાન-મિલકતના ચોખ્ખા વાર્ષિક મૂલ્યની ગણતરી કરો.

| | |
|---|---|
| માસિક ભાડું | = રુ. 3,000 |
| અપેક્ષિત વ્યાજબી ભાડુ(વાર્ષિક) | = રુ. 40,000 |
| મ્યુનિસિપલ આકરણી મુજબનું ભાડું | = રુ. 36,000 |
| સ્ટાન્ડર્ડ રેન્ટ(વાર્ષિક) | = રુ. 35,000 |
| સ્થાનિક કરવેરા | = રુ. 4,000 |
| ખરેખર ચૂકવેલા કરવેરા | = રુ. 3,000 |

**જવાબ :**

**સ્ટેપ-૩**

| | |
|---|---|
| ગ્રોસ વાર્ષિક મૂલ્ય (નોંધ-1) | = રુ. 36,000 |
| (-) સ્થાનિક કરવેરા | = રુ. 3,000 |
| (ખરેખર ચૂકવેલા) | |
| ચોખ્ખુ વાર્ષિક મૂલ્ય | = રુ. 33,000 |

**નોંધ-1**

મ્યુનિસિપલ આકરણી મુજબનું મૂલ્ય અથવા

અપેક્ષિત વ્યાજબી ભાડું પૈકી વધુ = રુ. 40,000

રુ. 40,000 અથવા સ્ટાન્ડર્ડ રેન્ટ પૈકી ઓછું = રુ. 35,000

રુ. 35,000 અથવા ખરેખર ચૂકવેલ ભાડું = રુ. 36,000

(રુ. 3000 × 12 મહિના)

ગ્રોસ વાર્ષિક મૂલ્ય = રુ. 36,000

## 3.5 અંગત વપરાશ માટેના મકાનનું વાર્ષિક મૂલ્ય :


જ્યારે કોઈ એસેસી પોતાની માલિકીના એક મકાનનો ઉપયોગ પાછલા પૂરા વર્ષ દરમિયાન પોતાના સ્વ-વપરાશ માટે કરતો હોય ત્યારે આવા મકાનનું ચોખ્ખું વાર્ષિક મૂલ્ય શૂન્ય ગણાશે.

પરંતુ જો એસેસી એક કરતા વધુ મકાનની માલિકી ધરાવતો હોય તો કોઈ એક મકાન સ્વ-વપરાશ માટે છે તેમ ગણી બાકીના મકાન ભાડે આપેલ છે તે મુજબ ગણતરી થશે.

જો કે આવા મકાનનો ઉપયોગ એસેસી પોતાના નોકરી-ધંધાના કારણે અન્ય સ્થળે રહેતો હોવાથી ન કરી શક્યો હોય તો બંને મકાનનું ચોખ્ખું વાર્ષિક મૂલ્ય શૂન્ય ગણાશે.

જ્યારે કોઈ એસેસી તેના મકાનનો કોઈ એક ભાગ પોતાના સ્વતંત્ર રહેઠાણ તરીકે કરતો હોય અને અન્ય ભાગ ભાડે આપેલ હોય, તેવા સંજોગોમાં જે ભાગ સ્વ-વપરાશ માટે છે તેનું ચોખ્ખું વાર્ષિક મૂલ્ય શૂન્ય થશે અને બાકીના મકાનનું મૂલ્યાંકન મકાન ભાડે આપેલ છે તે રીતે થશે.

ઉ.દા. : કોઈ એસેસીએ પોતાના મકાનનો 1/3 ભાગ ભાડે આપેલ હોય અને બાકીના મકાનનો ઉપયોગ સ્વ-વપરાશ માટે કરતો હોય ત્યારે 2/3 મકાનનું ચોખ્ખું વાર્ષિક મૂલ્ય શૂન્ય ગણાશે અને બાકીના 1/3 ભાગનું મૂલ્ય ભાડે આપેલ મકાન મુજબ થશે.




## 3.6 કલમ-24 : મજરે મળતી રકમો કે ખાસ કપાતો

નીચે જણાવેલ રકમો ભાડે આપેલ મકાનના ચોખ્ખા વાર્ષિક મૂલ્યોમાંથી કપાત તરીકે બાદ આપવામાં આવે છે.

(1) 30% જેટલી રકમ ચોખ્ખા વાર્ષિક મૂલ્યની સ્ટાન્ડર્ડ કપાત તરીકે બાદ મળશે.

(2) ચાલુ વર્ષનું અને બાંધકામ પૂરુ થયા પહેલાનું મકાનની ખરીદી, મકાનના બાંધકામ મકાનના સમારકામ અને મકાનના પુનઃબાંધકામ માટે લીધેલા ઉછીની મૂડી પરનું વ્યાજ.

ઉપરના મુદ્દા-2 માં જણાવેલ કારણો માટે ઉછીની લીધેલી રકમ પર ચૂકવવા પાત્ર વ્યાજની રકમ (રકમ ચૂકવવાની બાકી હોય તેમ છતાં) અને રોકડના ધોરણે હિસાબો રાખ્યા હોય તો પણ કપાતની રકમ બાદ મળશે.

**નોંધ :**

1. ઉપર જણાવેલ મુદ્દા-2 ના ચાર કારણમાંથી કોઈ પણ કારણ માટે લીધેલી લૉનને પરત કરવા માટે કોઈ પણ નવી લૉન લેવામાં આવે તો તે નવી લૉન પરનું વ્યાજ પણ કપાત તરીકે બાદ મળશે.

2. મિલકતની ખરીદી અથવા તેના બાંધકામ માટે કોઈ રકમ ઉછીની લીધી હોય તો નીચે મુજબના સમયનું વ્યાજ ખરીદી કે બાંધકામ પૂરુ થયાના પાછલા વર્ષ અને આવનારા પાછળના 4 વર્ષોમાં સરખે ભાગે એટલે કે દર વર્ષે 1/5 ભાગ કપાત તરીકે બાદ મળશે :

(1) મિલકતની ખરીદી કે બાંધકામ પૂરુ થયા તારીખથી અગાઉની 31મી માર્ચ સુધી અથવા

(2) લૉન પરત કર્યા તારીખ સુધી (બે પૈકી વહેલી તારીખ)

(3) આ પ્રકારનું ચૂકવવાનું બાકી વ્યાજ પણ વાર્ષિક ધોરણે બાદ મળે છે.

(4) વ્યાજનું વ્યાજ એટલે કે બાકી વ્યાજ પરનું વ્યાજ કપાત તરીકે બાદ મળતું નથી.

(5) મકાન બાંધવા માટે જે જમીન ખરીદી છે તે જમીન ખરીદવા માટે ઉછીના લીધેલા નાણા પરનું વ્યાજ મજરે મળશે.

(6) આ ઉછીના નાણાં (લોન) મેળવવા માટે જે કમિશન કે દલાલીનો ખર્ચ ચૂકવ્યો હોય તે કપાત તરીકે બાદ મળતો નથી.

સ્વ-વપરાશના માટેના રહેઠાણના (અંગત મકાન-મિલકત) મકાનના ચોખ્ખા વાર્ષિક મૂલ્ય એટલે કે શૂન્યમાંથી ઉછીની લીધેલી મૂડી પરના વ્યાજની કપાત અંગેની જોગવાઈ :

(1) જો લૉન નીચે જણાવેલ હેતુ માટે લીધેલી હોય અને આ લીધેલી લૉનનો તે જ હેતુ માટે ઉપયોગ કરવામાં આવ્યો હોય તો તે લૉનનું વાર્ષિક વધુમાં વધુ રુ. 30,000 સુધીનું વ્યાજ કપાત તરીકે બાદ થાય :

1. મકાનની ખરીદી કે બાંધકામ માટે : તા. 1-4-1999 પહેલા

અથવા

2. મકાનના પુનઃબાંધકામ કે સમારકામ માટે : તા. 1-4-1999 પહેલા કે પછી ગમે ત્યારે

(2) જો આ લૉન તા.1-4-1999 કે ત્યાર બાદ મકાનની ખરીદો કે બાંધકામ માટે લેવામાં આવી હોય અને લૉન લીધાના નાણાંકીય વર્ષની છેલ્લી તારીખ (31મી માર્ચ) થી ત્રણ વર્ષના સમયમાં મકાનની ખરીદ/બાંધકામ પૂરુ થયું હોય તથા આ અંગેનું પ્રમાણપત્ર લૉન આપનાર તરફથી આપ્યું હોય તો તે લૉનના વ્યાજ અંગે વધુમાં વધુ વાર્ષિક રુ. 1,50,000 સુધીની રકમ કપાત તરીકે બાદ થાય.

**ઉ.દા.-9** શ્રી આ ત્રણ મકાનની માલિકી ધરાવે છે. આ તમામ મિલકતોનો ઉપયોગ શ્રી અ પોતાના અંગત ઉપયોગ માટે કરે છે. આ મકાનને લગતી વિગતો નીચે મુજબ છે.

| વિગતો | મકાન-1(રુ.) | મકાન-2(રુ.) | મકાન-3(રુ.) |
|---|---|---|---|
| ગ્રોસ વાર્ષિક મૂલ્ય | 45,000 | 84,000 | 43,000 |
| મ્યુનિ કરવેરા(ચૂકવેલા) | 3,500 | 6,000 | 4,000 |

ઉપર જણાવેલ વિગતો પરથી શ્રી અ ની આવકની ગણતરી કરો.

**જવાબ :**

(1) આવકવેરાની કલમ-23(2)(અ) હેઠળ એસેસી જ્યારે એક કરતા વધુ મકાન સ્વ-વપરાશ માટે વાપરતો હોય ત્યારે કોઈ પણ એક મકાન સ્વ-વપરાશ માટે ગણી બાકીના મકાન ભાડે આપેલ છે તે મુજબ ગણતરી થશે.

(2) અહી શ્રી અ પાસે ત્રણ વિકલ્પ છે :

- મકાન-1 સ્વવપરાશ માટે છે એમ પસંદગી કરી બાકીના બે મકાન ભાડે આપેલ છે તેમ ગણતરી કરવી.
- મકાન-2 સ્વ-વપરાશ માટે છે એમ પસંદગી કરી બાકીના બે મકાન ભાડે આપેલ છે તેમ ગણતરી કરવી.
- મકાન-3 સ્વ-વપરાશ માટે છે તેમ પસંદગી કરી બાકીના બે મકાન ભાડે આપેલ છે તેમ ગણતરી કરવી.

મકાન સ્વ-વપરાશ માટે છે તે ધારણા કરી ત્રણેય મકાનનું મૂલ્ય નીચે મુજબ થશે.

| વિગત | મકાન-1(રુ.) | મકાન-2(રુ.) | મકાન-3(રુ.) |
|---|---|---|---|
| ચોખ્ખું વાર્ષિક મૂલ્ય | 0 | 0 | 0 |

મકાન ભાડે આપેલ છે તે મુજબ ધારણ કરીએ તો ત્રણેય મકાનનું મૂલ્ય નીચે મુજબ થશે.

| વિગત | મકાન-1(રુ.) | મકાન-2(રુ.) | મકાન-3(રુ.) |
|---|---|---|---|
| ગ્રો અવાર્ષિક મૂલ્ય | 45,000 | 84,000 | 43,000 |
| (-) મ્યુનિ. કરવેરા | (3,500) | (6,000) | (4,000) |
| ચોખ્ખું વાર્ષિક મૂલ્ય | 41,500 | 78,000 | 39,000 |
| (-) સ્ટાન્ડર્ડ કપાત (30%) | (12,450) | (23,400) | (11,700) |
| મકાન-મિલકતની કરપાત્ર આવક | 29,050 | 54,600 | 27,300 |

ઉપરની ગણતરી પરથી હવે ત્રણેય સંભાવનાઓ નીચે મુજબ જોઈશું :

| વિગત | વિકલ્પ-1(રુ.) | વિકલ્પ-2(રુ.) | વિકલ્પ-3(રુ.) |
|---|---|---|---|
| મકાન-1 | 0 | 29,050 | 29,050 |
| મકાન-2 | 54,600 | 0 | 54,600 |
| મકાન-3 | 27,300 | 27,300 | 0 |
| કુલ મકાન-મિલકતની આવક | 81,900 | 56,350 | 83,650 |

ઉપર જણાવેલ સંભાવનાઓ પૈકી વિકલ્પ-2 હેઠળ આવક સૌથી ઓછી હોવાથી વિકલ્પ-2 પસંદ કરીશું.

ઉ.દા.-8 શ્રી અ એક મકાનના માલિક છે તેમણે આ મકાન ભાડુઆતને માસિક રુ. 36,000 ના ભાડાથી 2 વર્ષ માટે ભાડે આપ્યું છે. મકાનને લગતા અન્ય વાર્ષિક ખર્ચાઓ નીચે મુજબ છે. :

| વિગત | રુ. |
|---|---|
| મકાન બંધાવવા માટે લીધેલી લોનનું વ્યાજ | 34,800 |
| સ્થાનિક વેરો ભાડુઆતે ચૂકવેલ | 24,000 |
| આગના વીમાનું પ્રિમિયમ | 12,000 |
| ભાડુ ઉઘરાવવાનો ખર્ચ | 12,000 |
| સમારકામ ખર્ચ | 12,000 |
| જમીન ભાડું | 6,000 |

ઉપર જણાવેલ વિગત પરથી મકાન-મિલકતની આવકની ગણતરી કરો.

**જવાબ :**

| વિગત | રુ. |
|---|---|
| ગ્રોસ વાર્ષિક મૂલ્ય | 4,32,000 |
| (રુ. 36,000 × 12 મહિના) | |
| (-) સ્થાનિક વેરા (નોંધ-1) | (0) |
| ચોખ્ખુ વાર્ષિક મૂલ્ય | 4,32,000 |
| મજરે મળતા ખર્ચ | |
| સ્ટાન્ડર્ડ કપાત (30%) ચોખ્ખુ વાર્ષિક મૂલ્યનાં | 1,29,600 |
| ઘર બાંધવા માટે લીધેલ લોનનું વ્યાજ | 34,800 |
| મકાન-મિલકતની કરપાત્ર આવક | 2,67,600 |

**નોંધ :**

(1) સ્થાનિક વેરા ભાડુઆતે ચૂકવેલા હોવાથી ગ્રોસ વાર્ષિક મૂલ્યમાંથી તે બાદ મળતા નથી.

(2) આગના વીમાનું પ્રીમિયમ, ભાડું ઉઘરાવવાનો ખર્ચ, સમારકામ ખર્ચ તથા જમીનભાડું અંગે કોઈ અલગ કપાત બાદ મળશે નહીં. આ પ્રકારના ખર્ચા માટે સ્ટાન્ડર્ડ કપાત 30% ના દરે મળે છે.

**ઉ.દા.-9** શ્રી બ ની માલિકીના મકાનનું મ્યુનિસિપલ આકારણી મુજબનું વાર્ષિક મૂલ્ય રુ.3,60,000 છે. જ્યારે અંદાજિત વ્યાજબી ભાડું રુ. 3,00,000 છે. પાછલા વર્ષ દરમિયાન તે મકાનનો ઉપયોગ નીચે મુજબ થયો હતો. :

તા.1-4-2017 થી તા. 30-6-2017 સુધી માસિક રુ. 35,000 પ્રમાણે મકાન ભાડે આપેલ હતું.

તા.1-7-2017 થી તા. 31-1-2018 સુધી આ મકાનનો અંગત રહેઠાણ તરીકે ઉપયોગ કરેલ હતો.

તા. 1-2-2018 થી 31-3-2018 સુધી માસિક રુ. 36,000 લેખે ભાડે આપેલ હતું.

આ ઉપરાંત મકાનને લગતા અન્ય ખર્ચાઓ નીચે મુજબ છે.

| | |
|---|---|
| મરામત ખર્ચ | = રુ. 42,000 |
| આગના વીમાનું પ્રીમિયમ | = રુ. 4,500 |
| સ્થાનિક કરવેરા | = રુ. 66,000 |
| જમીન મહેસૂલ | = રુ. 14,400 |

મકાનના બાંધકામ માટે લીધેલી લૉનનું વ્યાજ રુ. 72,000 (મકાનનું બાંધકામ તા.31-3-2017 ના રોજ પૂરુ થયું હતુ અને બાંધકામ પૂરુ થયા તારીખ સુધીનું લૉનનું કુલ વ્યાજ રુ. 2,16,000 ચૂકવેલ હતું.)

આકારણી વર્ષ 2018-2019 માટે મકાન-મિલકતની કરપાત્ર આવક શોધો.

જવાબ :

| વિગત | રુ. |
|---|---|
| ગ્રોસ વાર્ષિક મૂલ્ય (આખા વર્ષ માટે મકાન ભાડે આપેલ છે એ ધારણા સાથે માસિક ભાડુ રુ. 36,000) નોંધ-1 | 4,32,000 |
| બાદ : સ્થાનિક વેરા | 66,000 |
| ચોખ્ખુ વાર્ષિક મૂલ્ય | 3,66,000 |
| બાદ : મજરે મળતા ખર્ચા | |
| સ્ટાન્ડર્ડ કપાત 30% | (1,09,800) |
| બાંધકામ માટે લીધેલ | |
| લોનનું વ્યાજ = 72,000<br>+ બાંધકામ પૂરુ થયા = 43,200<br>પહેલાના સમયના કુલ વ્યાજનો<br>ભાગ (2,16,000 /5) | 1,15,200 |
| મકાન-મિલકતોની કરપાત્ર આવક | 1,41,000 |

**નોંધ :**

**1. સ્ટેપ-1**

મ્યુનિ. આકારણી મુજબ વાર્ષિક મૂલ્ય વ્યાજબી ભાડાથી વધુ હોવાથી રુ. 3,60,000.

**સ્ટેપ-2**

આખા વર્ષ દરમિયાન મકાન ભાડે આપેલ છે તેવી ધારણા સાથે માસિક ભાડા રુ. 36,000 લેખે આખા વર્ષનું ભાડું રુ. 4,32,000.

**સ્ટેપ-3**

ગ્રોસ વાર્ષિક મૂલ્ય સ્ટેપ-1 અને સ્ટેપ-2 માંથી જેનું વધુ મૂલ્ય હોય તે

ગ્રોસ વાર્ષિક મૂલ્ય= રુ. 4,32,00

2. જ્યારે કોઈ મકાન પાછલા વર્ષમાં અમુક સમય માટે ભાડે આપેલ હોય ત્યારે તે મકાન આખા વર્ષ દરમિયાન ભાડે આપેલ હતુ તે ધારણા સાથે ગણતરી કરવામાં આવે છે.

3. મકાનના ખરેખર થયેલા ખર્ચા ધ્યાનમાં લેવામાં આવતા નથી, કારણ કે આ ખર્ચા ચોખ્ખા વાર્ષિક મૂલ્યના 30% સ્ટાન્ડર્ડ કપાત તરીકે બાદ આપવામાં આવે છે.

**ઉ.દા.-10** શ્રી અની માલિકીના મકાનોની નીચે આપેલી વિગતો પરથી તેમના મકાન-મિલકતની કરપાત્ર આવકની ગણતરી કરો.

| વિગત | મકાન નં-1 રુ. | મકાન નં-2 રુ. |
|---|---|---|
| (1) મ્યુનિસિપલ આકારણી મુજબ વાર્ષિક મૂલ્ય | 15,000 | 30,000 |
| (2) વાજબી ભાડું | 22,200 | 28,800 |
| (3) મળેલ વાર્ષિક ભાડું (રહેઠાણ માટે ભાડે આપેલ) | 24,000 | 24,000 |
| (4) મુંબઈ રેન્ટ કન્ટ્રોલ એક્ટ હેઠળ નિર્ધારિત સ્ટાન્ડર્ડ રેન્ટ | 21,000 | 27,000 |
| (5) 2013-14 ના વર્ષ દરમિયાન ચૂકવેલ સ્થાનિક કરવેરા : અગાઉના પાછલા વર્ષના | 6,000 | - |
| આગામી પાછલા વર્ષના એડવાન્સમાં ચાલુ | - | 6000 |
| ચાલુ પાછલા વર્ષના | 3000 | 6000 |
| (6) બાંધકામ પુરું થયા તારીખ | 31-3-10 | 31-3-2012 |
| (7) ચૂકવેલ વીમા પ્રીમિયમ | 1500 | - |
| (8) બાંધકામ માટે લીધેલી લોનનું વ્યાજ : | | |
| અગાઉના વર્ષનું બાકી વ્યાજ ચૂક્વ્યુ | 3,000 | - |
| અગાઉના વર્ષનું બાકી વ્યાજ મોડું ચૂકવવા બદલ તેના પર વધારાનું વ્યાજ ચૂક્વ્યું | 600 | - |
| ચાલું વર્ષનું ચૂકવવાનું બાકી વ્યાજ | 3,600 | 4,800 |

જવાબ : શ્રી અની મકાન મિલકતોની કરપાત્ર આવકની ગણતરી.

પાછલા વર્ષ : 2017-18 આકારણી વર્ષ : 2018-18

| વિગત | રુ. | રુ. |
|---|---|---|
| મકાન નં-1 (રહેઠાણ માટે ભાડે આપેલ) : ગ્રોસ વાર્ષિક મૂલ્ય(નોંધ-1) | 24,000 | |
| બાદ : ચૂકવેલ સ્થાનિક કરવેરા (રુ. 6,000 + રુ. 3,000) | 9,000 | |
| ચોખ્ખુ વાર્ષિક મૂલ્ય : | 15,000 | |
| બાદ : ખાસ કપાતો : | | |
| (1) મકાન અંગે ખર્ચ માટે સ્ટાન્ડર્ડ કપાત(ચોખ્ખા વા.મૂના 30%) | 4,500 | |
| (2) બાંધકામ માટેની લોનનું ચાલુ વર્ષનું બાકી વ્યાજ (રુ. 3,600-600) | 3,000 | 2,400 |
| પ્રથમ મકાની કરપાત્ર આવક | | 2,500 |
| મકાન નં. 2 (રહેઠાણ માટે ભાડે આપેલ) : ગ્રોસ વાર્ષિક મૂલ્ય (નોંધ-2) | 20,000 | |
| બાદ : ચૂકવેલ સ્થાનિક કરવેરા(નોંધ-5) | 6,000 | |
| ચોખ્ખું વાર્ષિક મૂલ્ય : | 21,000 | |
| બાદ : ખાસ કપાતો : | | |
| (1) મકાન અંગે ખર્ચ માટે સ્ટાન્ડર્ડ કપાત (ચોખ્ખા વા.મૂ.ના 30%) | 6,300 | |
| (2) બાંધકામ માટેની લોનનું ચાલુ વર્ષનું બાકી વ્યાજ | 4,800 | 11,100 |
| દ્વિતીય મકાનની કરપાત્ર આવક | | 9,900 |
| મકાન-મિલકતોની કરપાત્ર આવક | | 17,400 |

## 3.7 કલમ-27 : ધારી લીધેલ માલિકી

નીચે જણાવેલ વ્યક્તિઓ કાનૂની રીતે મિલકતના માલિક ન હોવા છતાં કલમ-22 થી 26 માટે ધારી લીધેલા માલિક માનવામાં આવે છે.

**(અ) પતિ/પત્નીને તબદીલ(ટ્રાન્સફર) :**

જ્યારે કોઈ વ્યક્તિ કોઈ પણ પ્રકારના વળતર વગર પોતાના પતિ/પોતાની પત્નીને કોઈ મકાનની મિલકત તબદીલ(ટ્રાન્સફર) કરે છે, તો તે મિલકત તબદીલ (ટ્રાન્સફર) કરનાર વ્યક્તિને તે મકાનનો ધારી લીધેલો માલિક માનવામાં આવે છે.

ઉ.દા. અગર મિ. પટેલ મિસિસ પટેલ(તેમના પત્નિ)ને પોતાની માલિકીનું મકાન કોઈ વળતર વગર ટ્રાન્સફર કરે, તો તેવા સંજોગોમાં મિ. પટેલ જ મકાનના માલિક ગણાશે.

જ્યારે આ પ્રકારની ટ્રાન્સફર કોઈ વ્યક્તિ પોતાની પત્ની/પોતાના પતિને અલગ રહેવાની શરત હેઠળ કરવામાં આવે છે તો તે મિલકત તબદીલ કરનાર વ્યક્તિને તેનો ધારી લીધેલો માલિક ગણવામાં આવતો નથી. જેની તરફેણમાં તે ટ્રાન્સફર કરવામાં આવે છે તે વ્યક્તિને મકાનનો માલિક ગણવામાં આવે છે.

**(બ) સગીર વયના બાળકને તબદીલ(ટ્રાન્સફર) :**

જ્યારે કોઈ વ્યક્તિ પોતાના સગીર વયના બાળકને કોઈ પણ પ્રકારના વળતર વગર પોતાનું મકાન તેની તરફેણમાં તબદીલ કરે છે ત્યારે મકાન તબદીલ(ટ્રાન્સફર) કરનાર વ્યક્તિને તેનો ધારી લીધેલો માલિક માનવામાં આવે છે.

**અપવાદ :**

જ્યારે કોઈ મકાનની તબદીલ(ટ્રાન્સફર) સગીર વયની લગ્ન કરેલી દિકરીની તરફેણમાં કરવામાં આવે છે, ત્યારે મિલકત તબદીલ કરનાર વ્યક્તિને મિલકતનો ધારી લીધેલો માલિક માનવામાં આવતો નથી.

**નોંધ :**

જ્યારે કોઈ વ્યક્તિ પોતાના પતિ/પોતાની પત્ની/પોતાના સગીર વયના બાળકને રોકડ રકમ ટ્રાન્સફર કરે છે અને તે રોકડ રકમમાંથી તે વ્યક્તિ કોઈ મિલકત ખરીદે છે તો તે રોકડ રકમ ટ્રાન્સફર કરનાર વ્યક્તિને મિલકતનો ધારી લીધેલો માલિક માનવામાં આવતો નથી.

**(ક) અવિભાજિત મિલકતના ધારક :**

અવિભાજિત મિલકત એટલે એવી મિલકત કે જેનું કાયદાકીય રીતે વિભાજન શક્ય નથી. આ પ્રકારની અવિભાજિત મિલકતના ધારકને દરેક સંયુક્ત મિલકતનો વ્યક્તિગત રીતે ધારેલો માલિક માનવામાં આવશે.

હિન્દુ ઉત્તરાધિકાર કાયદો, 1956 અમલમાં આવ્યા બાદ, અવિભાજિત મિલકતોમાં સમાવેશ થતી તમામ મિલકતોને એચ.યુ.એફ. ના શીર્ષક હેઠળ તેનું મૂલ્યાંકન કરવામાં આવે છે. ઉપરાંત, આ કલમ જે અવિભાજિત મિલકતો અનુદાન અથવા કરારમાં હોય તેને પણ લાગુ પડશે.

**(ડ) કૉ-ઓપરેટીવ સોસાયટીના સભ્ય વગેરે :**

કૉ-ઓપરેટિવ સોસાયટીના સભ્ય કે જેમને મકાનની વહેંચણી કરવામાં આવેલ હોય અથવા ભાડા-પેટે આપેલ હોય, તે સભ્ય પોતે જે-તે મકાન-મિલકતને માલિક ગણાય છે.

**(ઈ) વ્યક્તિ કે જે મકાન-મિલકતનો કબ્જો ધરાવતી હોય**

ટ્રાન્સફર ઑફ પ્રોપર્ટી એક્ટની કલમ 53-એ હેઠળ, અગર કોઈ વ્યક્તિને મકાન અથવા મકાનના કોઈ ભાગને કબ્જો(નહીં કે માલિકી) કોઈ ચોક્કસ કોન્ટ્રાક્ટના પર્ફોમન્સ હેઠળ મળેલ હોય તો તેવી વ્યક્તિ આ મકાન ધારી લીધેલ માલિક ગણાય છે.

જ્યારે મકાનનો કબ્જો બિલ્ડરે, મકાન ખરીદનારને આપી દીધેલ હોય અને ખરીદારે બિલ્ડરને વેચાણ મૂલ્ય આપી દીધેલ હોય અથવા આપવાનું વચન આપેલ હોય.

**નોંધ :-**

(1) જે મકાન અંગે રેન્ટ કન્ટ્રોલ એક્ટ હેઠળ સ્ટાન્ડર્ડ રેન્ટ નિર્ધારિત કરવામાં આવ્યું હોય કે આવું નિર્ધારણ કરી શકાય એમ હોય તે મકાનનું સ્ટેપ 1 હેઠળ મ્યુનિ. આકારણી મુજબ વા.મુ. અને અપેક્ષિત વાજબી ભાડા પૈકી વધુ રકમના આધારે નક્કી કરેલ ગ્રોસ તા. મુ. આવા સ્ટાન્ડર્ડ વધી શકે નહીં. સિવાય કે સ્ટેપ-2 હેઠળમળેલ કે મળવાપાત્ર વાર્ષિક ભાડું સ્ટેપ-1 ની રકમથી વધુ હોય. આમ મકાન નં-1 નું સ્ટેપ-3 મુજબ ગ્રોસ વા.મૂ. રુ. 24,000 ગણાશે.

(2) મકાન નં.2 અંગે સ્ટેપ નં.1 મુજબ મ્યુનિ. આકારણી મુજબની કિંમત વાજબી ભાડાથી વધુ છે. પરંતુ સ્ટાન્ડર્ડ રેન્ટ ઓછું હોવાથી સ્ટેપ નં.1 મુજબ નિર્ધારિત મૂલ્ય રુ. 20,000 થાય અને સ્ટેપ નં.2 મુજબ મળેલ ભાડું ઓછું છે, તેથી સ્ટેપ નં.1 મુજબ છેવટનું ગ્રોસ વા.મુ. રુ. 27,000.

(3) ગમે તે સમયના સ્થાનિક કરવેરા પાછલા વર્ષ દરમિયાન ચૂકવ્યા હોય તો તે બાદ મળે.

(4) ખાસ હેતુ માટે લીધેલી લૉનનું બાકી વ્યાજ પણ જે તે વર્ષમાં જ કપાત તરીકે બાદ મળશે, પરંતુ આવા બાકી વ્યાજ પર જે વધારાનું વ્યાજ ચૂકવવાનું થશે તે બાદ મળશે નહીં.

(5) આગામી વર્ષ માટે એડવાન્સમાં ચૂકવેલ સ્થાનિક વેરા ચાલુ વર્ષે બાદ મળે નહીં.

## <u>સ્વાધ્યાય</u>

(1) મકાન મિલકતની આવકના શીર્ષક હેઠળ આવકની કરપાત્ર નક્કી કરવા માટે માલિકી હક જોવામાં આવે છે. ચર્ચા કરો.

(2) મિલકતનું વાર્ષિક મૂલ્ય એટલે શું ? તે કેવી રીતે નક્કી થાય તે સમજાવો. (ઉ.ગુ.યુ. 2004, ગુજ. યુનિ. સેમિસ્ટર)

(3) મકાનમિલકતની આવક ગણતરી વખતે કઈ કઈ રકમ કપાત તરીકે મજરે મળે છે તે જણાવો. (સૌરાષ્ટ્ર યુનિ.)

(4) માલમિલકતની આવકના શીર્ષક હેઠળ નીચેનાં પદ સમજાવો.

1. વાર્ષિક મૂલય
2. ચોખ્ખું વાર્ષિક મૂલ્ય (સૌ.યુ. 2006)
3. મળેલ કે મળવાપાત્ર ભાડું
4. મળેલ કે મળવાપાત્ર ભાડાની ગણતરી વખતે મકાન ખાલી રહ્યા સકમયની થતી ગણતરી.
5. ગ્રોસ વાર્ષિક મૂલ્ય (સૌ.યુ.1999, 2011)

(5)

1. મકાન મિલકતના ચોખ્ખા વાર્ષિક મૂલ્યમાંથી મજરે મળતી રકમો લખો. (ગુ.યુ. નવે.2000)
2. આવકવેરા ધારા અન્વયે કરમુક્ત મકાનમિલકતની આવકના બે ઉ.દા. આપો. (ગુ. યુનિ.)
3. ભાડે આપેલ મકાનનું નુકશાન અન્ય આવક સામે મજરે મેળવી શકાય છે. વિધાન સાથે સંમત થાઓ છો ? (ગુ.યુ.)

(6) આવકવેરા કાયદા હેઠળ મકાન મિલકતના કોઈપણ ત્રણ માની લીધેલા માલિકનો અર્થ સમજાવો. (ગુ.યુ.2005, ઉ.ગુ.યુ. ડિસે,2012)

(7) ટૂંકનોંધ લખો : સુધારેલું વાર્ષિક મૂલ્ય (ચોખ્ખુ વાર્ષિક મૂલ્ય)

(8) ટૂંકનોંધ લખો : વસૂલ નહીં થયેલું ભાડું (ગુ.યુ. ડિસે, 2012)

(9) ટૂંકનોંધ લખો : ગ્રોસ વાર્ષિક મૂલ્ય (સૌ. યુનિ.)

(10) નીચે આપેલી વિગતોના પરથી હવે પછીના પ્રશ્નો જવાબ આપો.

શ્રી નરોત્તમની માલિકીનું મકાન વાર્ષિક રુ. 60,000 ના દરે રહેઠાણ માટે ભાડે આપેલું છે. મકાનનું વાર્ષિક વાજબી ભાડું રુ. 66,000 અને રેન્ટ કન્ટ્રોલ એક્ટ હેઠળ નિર્ધારિત સ્ટાન્ડર્ડ રેન્ટ રુ. 63,000 છે તથા પાછલા વર્ષ દરમિયાન ચૂકવેલ મ્યુનિસિપલ વેરા (વાર્ષિક મૂલ્યના 15%) રુ. 7,500 છે.

મકાન મિલકતોની આવકના શીર્ષક હેઠળ તેની કરપાત્ર આવક કેટલી નક્કી થઈ શકે ?

(1) રુ. 12,000 (2) રુ. 38,850 (3) રુ. 42,000 (4) રુ. 46,800

(11) શ્રીમાન ગબ્બરસિંગ એક મકાનના માલિક છે જેને લગતી નીચેની વિગતો પરથી ગ્રોસ વાર્ષિક મૂલ્ય નક્કી કરો.

1. મળવાપાત્ર વાર્ષિક ભાડું રુ. 84,000
2. મકાન ખાલી રહ્યાનો સમય 3 માસ
3. મ્યુનિસિપલ આકારણી રુ. 90,000
4. વ્યાજબી ભાડુ (વાર્ષિક) રુ. 85,000
5. સ્ટાન્ડર્ડ રેન્ટ રુ. 72,000

ઉપરોક્ત દાખલામાં વસૂલ નહીં આવેલ ભાડું રુ. 21,000 હોય તો સુધારેલુ ગ્રોસ વાર્ષિક મૂલ્ય પણ નક્કી કરો. (ગુ.યુ. 2010 અને ઉ.ગુ.યુ. ડિસે, 2000)

**જવાબ :**

ગ્રોસ વાર્ષિક મૂલ્ય (જો ઘાલખાધની ન હોય તો) રુ. 63,000 સ્ટેપ-1 અપેક્ષિત ભાડું રુ. 72,000 સ્ટેપ-2 મળેલ કે મળવાપાત્ર ભાડું રુ. 84,000, સ્ટેપ-3 : અગાઉના બે સ્ટેપ પૈકી વધુ રકમ રુ. 84,000, સ્ટેપ-4 રુ. 84,000 વેકેન્સી સમયનું ગુમાવેલ ભાડું રુ. 21,000 = રુ. 63,000

**નોંધ :** ગ્રોસ વાર્ષિક મૂલ્ય (જો ઘાલખાધની વિગત હોય) = રુ.5100 સ્ટેપ 1 : અપેક્ષિત ભાડું રુ. 72,000, સ્ટેપ-2 : મળેલ કે મળવાપાત્ર = રુ. 84,000 – માન્ય ઘાલખાધ રુ. 21,000 = રુ 63,000; સ્ટેપ-3 : અગાઉના બે સ્ટેપમાં જે વધારે રકમ રુ. 72,000 ; સ્ટેપ 4 : રુ. 72,000 વેકેન્સી સમયનું ગુમાવેલ ભાડું રુ. 21,000 = રુ. 51,000

12. શ્રી પ્રશાંતભાઈના મકાનને લગતી વિગતો નીચે મુજબ છે. માલિકીના આ મકાનની વિગત પરથી મકાન-મિલકતની (પાછલા વર્ષ 2013-2014ની) કરપાત્ર આવક નક્કી કરો.

(1) ગ્રોસ વાર્ષિક મૂલ્ય રુ. 59,000

(2) સ્થાનિક કરવેરાની વિગત :

| ક્રમ | ક્યારે ચૂકવ્યા | કયા વર્ષના | રુ. |
|---|---|---|---|
| 1 | મકાન માલિકે | 2012-13ના | 5,000 |
| 2 | મકાન માલિકે | 2013-14ના | 4,000 |
| 3 | મકાન માલિકે | 2013-14ના | 3,000 |
| 4 | ભાડૂઆતે | 2013-14ના | 2,000 |

(3) મકાનના બાંધકામ માટે લીધેલ લૉનનું વ્યાજ રુ. 10,000 (ગુ.યુ. 2010 ફેરફાર સાથે)

(મકાન-મિલકતની કરપાત્ર આવક રુ. 25,000)

**નોંધ :** ગ્રોસ વાર્ષિક મૂલ્ય. રુ. 59,000 - પાછલા વર્ષ 2013-14 દરમિયાન ખરેખર ચૂકવેલ મ્યુનિસિપલ વેરા(ગમે તે વર્ષને લગતા હોય) રુ. 5000 + રુ. 4000 = રુ.9000 = ચોખ્ખું વાર્ષિક મૂલ્ય રુ. 50,000 – સ્ટાન્ડર્ડ કપાત રુ. 15,000 – બાંધાકામ માટેની લૉનનું વ્યાજ રુ. 10,000 = કરપાત્ર આવક રુ. 25,000

13. શ્રી પાર્થિવે 2011માં એક મકાન બાંધ્યું. આ મકાનનો 50% ભાગ ભાડે આપેલ છે અને 50% ભાગ સ્વ રહેઠાણ માટે ઉપયોગમાં લે છે. સ્વ-રહેઠાણના ભાગને પણ ચાર માસ માટે ભાડે આપવામાં આવ્યો હતો. જેની વિગત નીચે મુજબ છે.

| | |
|---|---|
| 1. સમગ્ર મકાનની મ્યુનિસિપલ આકરણી | રુ. 1,45,000 |
| 2. સ્વ-રહેઠાણનો ચાર માસ માટે ભાડે આપેલ ભાગનું ભાડું | માસિક રુ. 25,000 |
| 3. ભાડે આપેલ 50% ભાગના મકાનનું ભાડું | માસિક રુ. 8,000 |
| 4. મ્યુનિસિપલ વેરા | રુ. 25,000 |
| 5. જમીન ભાડું ચૂકવવાપાત્ર | રુ. 3,100 |
| 6. મરામત | રુ. 6,000 |
| 7. આગના વિમાનું પ્રીમિયમ | રુ. 2,100 |
| 8. બાંધકામ માટે લીધેલ લૉનનું વ્યાજ | રુ. 30,000 |

ઉપરની માહિતી પરથી આકારણી વર્ષ 2014-15 માટે મકાન મિલકતોની કરપાત્ર આવકની ગણતરી કરો.

(જવાબ : મકાન-મિલકતની 1/2 ભાગની કરપાત્ર આવક રુ. 43,450 અંગત રહેઠાણના 1/2 ભાગની કરપાત્ર આવક(આ ભાગ જ ખાસ ભાડે આપેલ આખા વર્ષ માટે આપેલ એમ માનીને ગણતરી થશે) રુ. 27,000)

નોંધ-1 ભાડે આપેલ 1/2 ભાગ : સ્ટેપ-1 રુ. 72,000 સ્ટેપ-2 રુ. 96,000, તેથી છેવટનું ગ્રોસ વાર્ષિક મૂલ્ય રુ. 96,000. ચો વાર્ષિક મૂલ્ય રુ. 83,500અને ખાસ કપાતો રુ. 40,050

(2) અંગત રહેઠાણનો 1/2 ભાગ : જે માસ માટે ઓપન છે. સ્ટેપ-1 રુ. 72,000, સ્ટેપ-2 રુ. 20,000(ખરેખર ભાડે આપતા સમયનું ભાડું) સ્ટેપ-3 અને 4 રુ. 72,000 તેથી છેવટનું ગ્રોસ વાર્ષિક મૂલ્ય રુ. 72,000, ચોખ્ખું વાર્ષિક મૂલ્ય રુ. 60,000 અને ખાસ કપાતો રુ. 33,000)

14. નીચે આપેલ શ્રી વિશાલ રાઠોડના મકાનોની માહિતી ઊપરથી આ વર્ષ 2014-15 માટે મકાન મિલકતની આવકના શીર્ષક હેઠળની કરપાત્ર આવકની ગણતરી કરો.

| વિગત | મકાન-1 | મકાન-2 | મકાન-3 | મકાન-4 |
|---|---|---|---|---|
| વપરાશનો પ્રકાર | રહેઠાણ માટે ભાડે આપેલ | ધંધા માટે ભાડે આપેલ | સ્વ-વપરાશ | સ્વ-વપરાશ |
| (1) મ્યુનિસિપલ આકારણી મુજબ મૂલ્ય | 1,80,000 | 2,80,000 | 4,00,000 | 3,80,000 |
| (2) પ્રમાણિત ભાડુ (સ્ટાન્ડર્ડ રેન્ટ) | 1,90,000 | 2,70,000 | 3,80,000 | 4,20,000 |
| (3) વ્યાજબી ભાડું | 2,30,000 | 3,00,000 | 4,20,000 | 4,00,000 |
| (4) ખરેખર મળવાપાત્ર ભાડું(ફક્ત ભાડે આપેલ સમયનું) | 1,98,000 | 3,45,000 | - | - |
| (5) મકાન ખાલી રહ્યાનો સમય | 1 માસ | 1/2 માસ | - | - |
| (6) શ્રી વિશાલે ચૂકવેલ મ્યુનિસિપલ વેરા | 6,000 | 12,000 | 15,000 | 5,000 |
| (7) ભાડુઆતે ચૂકવેલ મ્યુનિસિપલ વેરા | 5,000 | 18,000 | - | - |
| (8) ભાડુ ઊઘરાવવાનો ખર્ચ | 3,000 | 4,000 | - | - |
| (9) મરામત ખર્ચ | 10,000 | 15,000 | 25,000 | 20,000 |
| (10) બાંધકામ પૂરુ થયાનું વર્ષ | 2009-10 | 2006-07 | 2007-08 | 2002-03 |
| (11) મૂડીકૃત વ્યાજ (કુલ) | 1,00,000 | 1,50,000 | 2,00,000 | 1,50,000 |
| (12) 2013-13 ના પાછલા વર્ષનું વ્યાજ (ચૂકવવાનું બાકી) | 10,000 | 25,000 | 40,000 | 50,000 |

**જવાબ :** કુલ કરપાત્ર આવક રુ. 4,78,000

નોંધ : (1) મકાન નં.1 (રહેઠાણ માટે ભાડે આપેલ) : ગ્રોસ વાર્ષિક મૂલ્ય : સ્ટેપ-1 : અપેક્ષિત ભાડું રુ. 1,90,000, સ્ટેપ-2 : ખરેખર મળેલ/મળવાપાત્ર ભાડું = રુ. 1,98,000 ઠ12/11 = રુ. 2,16,000; સ્ટેપ-3 : અગાઉ પૈકીનું વધુ મૂલ્ય રુ. 2,16,000 આધાર તરીકે પસંદ કરો. સ્ટેપ-4 : સ્ટેપ-3 મુજબનું મૂલ્ય રુ. 2,16,000 – વેકેન્સી સમયનું ગુમાયેલું ભાડું રુ. 18,000 = રુ. 1,98,000. છેવટનું ગ્રોસ વાર્ષિક મૂલ્ય ગણાય – માલિક ચૂકવેલ મ્યુનિસિપલ વેરા રુ. 6,000 = ચોખ્ખુ વાર્ષિક મૂલ્ય રુ. 1,92,000 - ખાસ કપાતો (સ્ટાન્ડર્ડ કપાત રુ. 5,76,000 + 1/5 મૂડીકૃત વ્યાજ રુ. 20,000 + મૂલ્ય રુ. 1,92000 = ખાસ કપાતો રુ. 57,600 + 1/5 મૂડીકૃત વ્યાજ રુ. 20,000 + પાછલા વર્ષનું વ્યાજ રુ. 10,000) રુ. 87,500 = કરપાત્ર આવક રુ. 1,04,400.

મકાન નં. 2 (ધંધા માટે ભાડે આપેલ) ગ્રોસ વાર્ષિક મૂલ્ય : સ્ટેપ-1 મૂજબ સ્ટાન્ડર્ડ રેન્ટ રુ. 2,70,000; સ્ટેપ-2 મુજબ ખરેખર મળવાપાત્ર ભાડું રુ. 3,45,000 (12 માસનું મળવાપાત્રભાડું રુ. 3,45,000 ઠ12) 11.5 = રુ. 3,60,000 ; સ્ટેપ-3 : અગાઉના સ્ટેપ્સમાં વધુ રકમ રુ. 3,60,000 આધાર તરીકે લેવી. સ્ટેપ-4 : 3 મુજબ મૂલ્ય રુ. 3,60,000 – વેકેન્સી સમયનું ગુમાવેલ ભાડું રુ. 15,000 = રુ. 3,45,000 તેથી છેવટનું ગ્રોસ વા. મૂ. રુ. 3,45,000 – માલિકે ચૂકવેલ મ્યુનિ. ઠેક્ષ રુ. 12,000 = ચોખ્ખુ વા.મૂ. રુ. 3,33,000 - ખાસ કપાત (સ્ટાન્ડર્ડ કપાત રુ. 99,900 + પાછલા વર્ષનું વ્યાજ રુ. 25,000) રુ. 1,24,900 = કરપાત્ર આવક રુ. 2,08,100.

મકાન નં. 3 (ધારણા મુજબ ભાડે આપેલ) ગ્રોસ વાર્ષિક મૂલ્ય સ્ટેપ-1 મૂલ્ય સ્ટાન્ડર્ડ રેન્ટ રુ. 3,80,000 (આ મકાન અંગે ફક્ત સ્ટેપ 1 મુજબ ગણતરી થશે.) – ચૂકવેલ મ્યુનિ. વેરા રુ. 15,000 = ચોખ્ખુ વા.મૂ. રુ. 3,65,000 - ખાસ કપાતો રુ. 1,09,500 + પાછલા વર્ષનું વ્યાજ રુ. 40,000) = રુ.1,49,500 = કરપાત્ર આવક રુ. 2,15,500.

મકાન નં. 4 (ખરેખર અંગત રહેઠાણ માટે ગણેલ) કલમ-23 (રાવ) હેઠળ. ચોખ્ખુ વા.મૂ. શૂન્ય - પાછલા વર્ષનું વ્યાજ 50,000 (બાંધકામ પૂરુ થયા પહેલાનું મૂડીકૃત વ્યાજ ત્યાર પછીના 5 વર્ષમાં મજરે મળી ગયું હશે.) = ખોટ રુ. 50,000)

15. યશકુમાર ત્રણ મકાનના માલિક છે. નીચેની માહિતી પરથી આકારણી વર્ષ 2014-15 માટેની મકાન-મિલકતની કરપાત્ર આવક નક્કી કરો.

| વિગત | ફ્લેટ | ટેનામેન્ટ | રો હાઉસ |
|---|---|---|---|
| મકાન વપરાશનો હેતુ | સ્વ-વપરાશ | સ્વ-વપરાશ | ભાડે આપેલ |
| વાર્ષિક ભાડું | - | - | 36,000 |
| વ્યાજબી ભાડું | 15,000 | 60,000 | 42,000 |
| મ્યુ. આકરણી | 18,000 | 75,000 | 39,000 |
| સ્ટાન્ડર્ડ રેટ | - | - | 30,000 |
| માલિકે ચૂકવેલ વેરા | 500 | 8,000 | 1,000 |
| ભાડુઆતે ચૂકવેલ વેરા | - | - | 2,000 |
| મકાન-બાંધકામની લોનનું વ્યાજ | - | - | - |
| (અ) ચાલુ વર્ષનું | 1,000 | 6,000 | 3,000 |
| (બ) મૂડીકૃત(કુલ) | 5,000 | 30,000 | 12,000 |
| મકાન ખાલી રહ્યાનો સમય | - | - | એકમાત્ર |
| મકાનનું બાંધકામ પૂરુ થયાનું વર્ષ | 2005-06 | 2009-10 | 2011-12 |
| વસૂલ નહીં થઈ શકે તેવું ભાડું | - | - | 1,000 |

**જવાબ :** મકાન-મિલકતો કુલ કરપાત્ર આવક રુ. 15,550; ધારણા મુજબ ભાડે આપેલ ફલેટ રુ. 11,250; ખરેખર સ્વ-વપરાશનું ગણેલ ટેનામેન્ટ રુ. 12,000 (ખોટ); ભાડે આપેલ રો-હાઉસ રુ. 16,300

**નોંધ :** (1) ધારણા મુજબ ભાડે આપેલ ફ્લેટ : સ્ટેપ-1 રુ. 18,000(અન્ય કોઈપણ સ્ટેપ ધ્યાનમાં લેવાય નહીં.) ગ્રોસ વાર્ષિક મૂલ્ય ગણાય જેમાંથી માલિકે ચૂકવેલ વેશ રુ. 500 બાદ કરતા ચોખ્ખુ વા.મૂ. રુ. 17,500 – ખાસ કપાતો રુ. 6,250 (સ્ટાન્ડર્ડ કપાત રુ. 5,250 + લૉનનું વ્યાજ રુ. 1000) (2) સ્વ-વપરાશનું ટેનામેન્ટ : ચોખ્ખું વા.મૂ. શૂન્ય-લોનનું વ્યાજ રુ. 12,000 (ચાલુ વર્ષનું રુ. 6,000 + 1/5 મૂડીકૃત રુ. 6000) (3) ભાડે આપેલ રો-હાઉસ ; સ્ટેપ-1 રુ. 30,000 સ્ટેપ-2 રુ. 36,000 – રુ. 1,000 = રુ. 35,000 સ્ટેપ-3 : રુ.35,000; સ્ટેપ-4 રુ. 35,000 – વેકેન્સી વખતનું ભાડું રુ. 3000 = ગ્રોસ વા. મૂ. રુ. 32,000 – સ્થાનિક વેરા રુ. 1000 = ચોખ્ખુ વા.મૂ. રુ. 31,000 - ખાસ કપાતો રુ. 14,000 (સ્ટાન્ડર્ડ કાપત રુ. 9,300 + ચાલુ વર્ષનું વ્યાજ રુ. 3,000 + 1/5 મૂડીકૃત વ્યાજ રુ. 6,000) (4) સ્વ-વપરાશના ફ્લેટનું બાંધકામ 2005-06માં પૂરુ થયું હોવાથી પાંચ વર્ષનો સમય પૂરો થઈ ગયો છે. તેથી મૂડીકૃત વ્યાજ બાદ કરવાનો પ્રશ્ન રહેતો નથી.

16. કુમારી શારદા નીચેની માલ-મિલકતોની માલિક છે. અકારણી વર્ષ 2014-15 માટેની મકાન-મિલકતની આવક શીર્ષક હેઠળની કરપાત્ર આવકની ગણતરી કરો.

| વિગત | મકાન-1 | મકાન-2 | મકાન-3 |
|---|---|---|---|
| (1) મિલકતનો ઉપયોગ | ભાડે આપેલ | પોતાનું રહેઠાણ | પોતાનું રહેઠાણ |
| (2) મ્યુનિ. આકરણી | 30,000 | 20,000 | 36,000 |
| (3) સ્ટાન્ડર્ડ રેન્ટ | 25,000 | - | - |
| (4) વાર્ષિક વ્યાજબી ભાડું | 24,000 | 21,000 | 31,000 |
| (5) માસિક મળવાપાત્ર ભાડું (સગવડો સહિત) | 2,500 | - | - |
| (6) ચૂકવેલ મ્યુનિ. ટેક્ષ | 2,000 | 1,000 | 2,000 |
| (7) ભાડુઆતની સગવડો માટે મકાન માલિકે ચૂકવેલ ખર્ચા/ જે ચાર્જ ભાડામાં ગણેલ છે. | 1,000 | - | - |
| (8) બાંધકામ માટે લીધેલ લોનનું વ્યાજ | 15,000 | 7,000 | 4,000 |
| (9) બાંધકામ સમયનું કુલ મૂડીકૃત વ્યાજ | 5,000 | 2,500 | 5,000 |
| (10) બાંધકામ પુરુ થયાનું વર્ષ | 2011-12 | 2009-10 | 2010-11 |
| (11) મકાન ખાલી રહ્યાનો સમય | 3 માસ | - | - |

**જવાબ :** મકાન-મિલકતતની કરપાત્ર આવક(ખોટ) – રુ. 675 ભાડે આપેલ મકાન નં.1 ની ખોટ રુ. 2,175. ધારણા મુજબ ભાડે આપેલ મકાન નં.2 ની આવક રુ. 6,500 અને ખરેખર અંગત રહેઠાણ માટે ગણેલ મકાન નં. 3 ની ખોટ રુ. 5,000.

નોંધ(1) : મકાન નં-1 સ્ટેપ-1 મુજબ અપેક્ષિત ભાડું રુ. 25,000 સ્ટેપ-2 મુજબ મળવાપાત્ર વાર્ષિક ભાડું રુ.30,000 - ભાડુઆતની સગવડ અંગેના ખર્ચા રુ. 1000 = રુ. 29,000 સ્ટેપ-3 અગાઉના બે સ્ટેપ પૈકીનું વધુ મૂલ્ય આધાર ગણાય = રુ. 29,000 સ્ટેપ-4 ; સ્ટેપ-3 મુજબનું મૂલ્ય રુ. 29,000 – 3 માસ માટે વેકેન્સી સમયની પ્રમાણ રકમ (યાદ રાખો કે વેકેન્સી સમયનું ગુમાવેલ ભાડું રુ. 30,000 ના ગ્રોસ ભાડાના આધારે નહીં. પરંતુ રુ. 29,000ના નેટ ભાડાના આધારે ગણાય, રુ. 7,250 = રુ. 21,750 ; આમ છેવટે નિર્ધારિત ગ્રોસ મૂલ્ય રુ. 21,750 માંથી મ્યુનિ.ટેક્ષ રુ. 2000 બાદ કરતા ચોખ્ખુ વાર્ષિક મૂલ્ય રુ. 19,750 – કપાતો રુ. 21,925 (સ્ટાન્ડર્ડ કપાત રુ. 5,925 લૉનનું વ્યાજ રુ. 15,000 + મૂડીકૃત વ્યાજનો 1/5 ભાગ રુ. 1,000 = કરપાત્ર આવક(ખોટ) રુ. 2,175).

નોંધ -2 : મકાન નં.2 (ધારણા મુજબ ભાડે ગણ્યું.) સ્ટેપ-1 અપેક્ષિત ભાડું (વાર્ષિક વ્યાજબી ભાડું) રુ. 21,000 માંથી મ્યુનિ. ટેક્ષ રુ. 1000 બાદ કરતા ચોખ્ખું વા.મૂ. 20,000 – કપાતો રુ. 13,500 (રુ. 5,000 + રુ. 7,000 + રુ. 500) = કરપાત્ર આવક રુ. 6,5000.

નોંધ-3 : મકાન નં. 3 (ખરેખર અંગત રહેઠાણ માટે ગણેલ) ચોખ્ખું વા.મૂ. શૂન્ય વ્યાજ અંગે કપાત(રુ. 4000 + રુ. 1,000 + રુ. 5,000 = કરપાત્ર આવક (ખોટ) – રુ.5,000)

17. જરીવાલા ત્રણ મકાનના માલિક છે. જેને લગતી નીચેની માહિતી પરથી આકારણી વર્ષ 2014-15ની મકાન-મિલકતની કરપાત્ર આવક નક્કી કરો.

| વિગત | મકાન-1 | મકાન-2 | મકાન-3 |
|---|---|---|---|
| (1) બાંધકામનો ખર્ચ | 2011-12 | | |
| (2) મકાનનો ઉપયોગ | ભાડે | સ્વ-વપરાશ | પોતાનો છે. |
| (3) મ્યુનિ. આકરણી | 45,000 | 12,000 | 8,000 |
| (4) વાજબી ભાડું | 40,000 | 14,000 | 10,000 |
| (5) સ્ટાન્ડર્ડ રેન્ટ | 36,000 | - | - |
| (6) વાર્ષિક મળવાપાત્ર ભાડું | 48,000 | - | - |
| (7) સ્થાનિક વેરા (ચૂકવેલ) | 5,000 | 3,000 | 4,000 |
| (8) વસૂલ નહીં આવેલ ભાડું | 2,000 | - | - |
| (9) મકાન ખાલી રહ્યાનો સમય | 2 માસ | - | - |
| (10) મકાન-બાંધકામની લૉનનું વ્યાજ | | | |
| (અ) ચાલુ વર્ષનું | 2,000 | 5,000 | 3,000 |
| (બ) બાંધકામના સમયગાળાનો (કુલ) | 15,000 | 10,000 | - |

**જવાબ :** મકાન મિલકતોની કરપાત્ર આવક રુ. 9,100; મકાન-1 (ભાડે આપેલ) રુ. 16,100; મકાન-2 (અંગત રહેઠાણ) – રુ. 7,000(ખોટ) ; મકાન-3 (પોતાના ધંધા માટે ઉપયોગ); આ શીર્ષક હેઠળ કરપાત્ર ગણાય નહીં.

**નોંધ :** (1) ભાડે આપેલ મકાન સ્ટેપ-1 રુ. 36,000, સ્ટેપ-2 રુ. 46,000 સ્ટેપ-3 રુ. 46,000 સ્ટેપ-4 રુ. 38,000 ચોખ્ખુ વા.મૂ. રુ. 33,000 - ખાસ કપાતો રુ. 14,900 (સ્ટાન્ડર્ડ કપાત રુ. 9,900;)

(2) અંગત રહેઠાણનું મકાન : ચોખ્ખું વા. મૂ. શૂન્ય - લૉનના વ્યાજ અંગે કપાત (રુ. 5000 + રુ. 4000) રુ. 70000 = ખોટ રુ. 7000

18. શ્રીમતી છાયા એક મકાનની માલિક છે જેની 2013-14 પાછલા વર્ષની મ્યુનિસિપલ આકરણી રુ. 15,00,000 છે. જેમાં ઉપર 12% લૉન મ્યુનિ. ટેક્ષ ચૂકવેલ છે. મકાનનો

(1) સ્વ-રહેઠાણ માટે

(2) માસિક રુ. 50,000 ભાડાથી ભાડુઆત રહેઠાણ માટે અને

(3) પોતાના ધંધા માટે સરખા ભાગે ઉપયોગ થાય છે.

નીચેના ખર્ચા ચૂકવેલ છે.

(1) જમીનભાડું રુ. 18,000

(2) વીમા પ્રીમિયમ રુ. 24,000

(3) જમીન મહેસૂલ રુ. 12,000

(4) મરામત માટે લીધેલ લૉનનું વ્યાજ રુ. 2,40,000

ભાડુઆતે બે મહિનાનું ભાડુ ચૂકવેલ નથી.

ઊપરની વિગતો પરથી મકાન-મિલકતની આવકના શીર્ષક હેઠળ આ.વ. 2014-15 માટે કરપાત્ર આવકની ગણતરી કરો.

**જવાબ :**

મકાન-મિલકતોની કરપાત્ર આવક રુ. 2,68,000 સ્વ રહેઠાણ માટેના 1/3 ભાગની ખોટ રુ. 30,000; ભાડે આપેલ 1/3 ભાગની કરપાત્ર આવક રુ. 2,98,000.

નોંધ : (1) એસેસીના પોતાના ધંધા માટે વપરાતા 1/3 ભાગની આવક આ શીર્ષક હેઠળ કરપાત્ર ગણાય નહીં. આ ભાગના તમામ પ્રકારના ખર્ચા ધંધા કે વ્યવસાયની આવક સામે મજરે મળશે.

(2) સ્વ-રહેઠાણના 1/3 ભાગના શૂન્ય ચોખ્ખા વાર્ષિક મૂલ્યમાંથી મરામત માટે લીધેલ લૉનના પ્રમાણસર વ્યાજ રુ. 80,000 ની સામે વધુમાં વધુ રુ. 30,000 ની કપાત બાદ કરતા આ ભાગની ખોટ રુ. 30,000 ગણાય. મકાન બાંધકામ માટે લૉન લીધી હોત તો રુ. 1,50,000 સુધી વ્યાજ અંગે કપાત બાદ થાત (3) ભાડે આપેલ 1/3 ભાગ અંગે ; સ્ટેપ-1 રુ. 5,00,000; સ્ટેપ-2 રુ. 6,000 સ્ટેપ-3 વધુ કિંમત રુ. 6,00,000 સ્ટેપ-4 સ્ટેપ-3 મૂજબનું મૂલ્ય રુ. 6,00,000 – વેકેન્સી સમયનું ગુમાવેલ ભાડું (જો હોય તો) શૂન્ય = ગ્રોસ વા.મૂ. રુ. 6,00,000 – સ્થાનિક વેરા (રુ. 15,00,000 ઠ12.1 ઠ12) રુ.60,000 = ચોખ્ખુ વા.મૂ. રુ. 5,40,000 - ખા.કપાતો રુ. 2,42,000 (સ્ટાન્ડર્ડ કપાત રુ. 1,62,000 + લૉનનું વ્યાજ રુ. 80,000) = કરપાત્ર આવક રુ. 2,98,000 (4) ભાડુઆતે બે માસનું ભાડુ ચૂકવેલ નથી એનો અર્થ ઘાલખાધ કરી શકાય નહીં. સિવાય કે દાખલામાં એવી સ્પષ્ટતા કરી હોય કે કસુરવાર ભાડુઆતે ને મકાન ખાલી કરી આપ્યું છે અથવા તેની સામે કાયદેસરના પગલા ભર્યા છે.

19. નાણાંકીય વર્ષ 2013-14 માટે શ્રી લાલા અમરનાથની માલિકીના ચાર મકાનોની મ્યુનિ. આકરણી માટે રુ. 12,600 + રુ. 12,000 રુ. 11,000 અને રુ. 20,000 છે. મ્યુનિ. ટેક્ષ 10% છે. તેઓ નીચેના ખર્ચા મજરે માંગે છે.

પ્રથમ મકાન ગીરો મૂકીને લીધેલી લૉનનું વ્યાજ રુ. 4,800 ત્રીજા મકાનની બાબતમાં માળીને આપેલો પગાર રુ. 1,200 31મી માર્ચ, 2014 ના રોજ પૂરા થતા પાછલા વર્ષ માટે શ્રી અમરનાથની મકાન મિલકતની કુલ કરપાત્ર આવક શોધો.

**જવાબ :**

મકાન નં.2 રહેઠાણ માટે ભાડે આપેલ મકાનની આવક રુ. 14,280; મકાન નં. 3 વેપારી પેઢીને ભાડે આપેલ મકાનની આવક રુ. 7,630; મકાન નં. 4 ; માં માલિકનો ધંધો ચાલે છે. તે મકાનની આવક મકાન-મિલકતમાં ગણાશે નહીં. મકાન નં.1 જેમાં પોતે રહે છે. તેની કરપાત્ર આવક શૂન્ય મકાન મિલકતોની કુલ કરપાત્ર આવક રુ. 21,910

**નોંધ :** (1) મકાન નં.3 નું ગ્રોસ વા.મૂ. ગણતાં સ્ટેપ 2 મુજબ મળેલ મળવાપાત્ર ભાડું ગણતરી વખતે માળીનો પગાર પણ બાદ થઈ જશે. (2) અંગત રહેઠાણના મકાનનું ચોખ્ખું વા.મૂ. શૂન્ય ગણાય અને મકાન ગીરો મૂકીને લીધેલી લૉનનું વ્યાજ કપાત તરીકે બાદ મળે નહીં. ફક્ત મકાન ખરીદવા-બાંધવા કે સુધારા-વધારા કે મરામત કરવા માટે લીધેલી લૉન પર વ્યાજ બાદ મળે.

20. શ્રી દિનેશ શાહ અને શ્રી અરવિંદ પટેલ આશિયાના શામિયાના નામની મકાન મિલકતોના સહ માલિકો છે. તેઓ મકાનમાં અને આવકમાં હિસ્સો નીચે મુજબ છે.

(1) શ્રી દિનેશ શાહ 45%

(2) શ્રી અરવિંદ પટેલ 55%

મકાનમિલકતોને લગતી વિગતો નીચે પ્રમાણે છે.

| વિગત | આશિયાના | શામિયાના |
|---|---|---|
| (1) માસિક ભાડું | 4,000 | 8,000 |
| (2) મ્યુ. વેરા ચૂકવેલ(મ્યુનિ. આકારણી મુજબના વાર્ષિક મુખ્યના 20% લેખે) | 12,000 | 18,000 |
| (3) જમીન મહેસૂલ | 400 | 2,000 |
| (4) આગના વીમાનું પ્રીમિયમ | 640 | 800 |
| (5) ભાડું ઉઘરાવનારને પગાર | 2,400 | 3,000 |
| (6) મકાનમાં સુધારા-વધારા માટે લીધેલ લોનનું વ્યાજ. | 20,000 | 10,000 |
| (7) મકાન ખાલી રહ્યાનો સમય | 3 માસ | |

નીચેની વધારાની માહિતી પરથી શ્રી દિનેશ શાહ અને શ્રી અરવિંદ પટેલની આકારણી વર્ષ 2014-15 માટેની મકાન મિલકતોની કરપાત્ર આવકની ગણતરી કરો.

| વિગત | શ્રી દિનેશ શાહ | શ્રી અરવિંદ શાહ |
|---|---|---|
| (1) પોતાના રહેઠાણનું મકાન-ગ્રોસ વાર્ષિક મૂલ્ય | 8,400 | 9,000 |
| (2) મ્યુનિસિપલ વેરા | 800 | 1000 |
| (3) મકાન-ખરીદવા, લીધેલ લોનનું વ્યાજ | 14,900 | 12,200 |

**જવાબ :**

મકાન મિલકતોની આવકના શીર્ષક હેઠળ કરપાત્ર આવક શાહ રુ. 6565 અને રુ. 14,035; સંયુક્ત માલિકીના મકાનોની કરપાત્ર આવક ; આશિયાના રુ. 3100 અને શામિયાના રુ. 44,500 = રુ. 47,000 (જેમાંથી શાહનો ભાગ રુ. 21,465 અને પટેલનો ભાગ રુ. 26,235) અંગત રહેઠાણના મકાનોની કરપાત્ર આવક ; શાહ રુ. 14,900(ખોટ) અને પટેલ રુ. 12,000 (ખોટ)

**નોંધ :** (1) **આશિયાના :** સ્ટેપ-1 રુ. 60,000; સ્ટેપ-2 રુ. 48,000, સ્ટેપ-3 રુ. 60,000, સ્ટેપ-4 રુ. 60,000 – વેકેન્સી સમયનું ભાડું રુ. 15,000 – સ્થાનિક વેરા રુ. 12,000 = ચો.વા.મૂ. 33,000

(2) **શામિયાના :** સ્ટેપ-1 રુ. 90,000; સ્ટેપ-2 રુ. 96,000 ; સ્ટેપ-3 રુ. 96,000; સ્ટેપ-4 રુ. 96,000 (ગ્રો.વા.મૂ.) – સ્થાનિક વેરા રુ. 18,000 = ચો.વા.મૂ. રુ. 78,000

21. શ્રી વિક્રમભાઈ ઝવેરીની માલિકીના ત્રણ મકાનો છે તા.31-3-2015 ના રોજ પૂરા થતા વર્ષની મકાનોની વિગતો નીચે મુજબ છે.

| વિગત | મકાન વસંત | મકાન વર્ષા | મકાન વૈભવ |
|---|---|---|---|
| (1) મકાનનો ઉપયોગ | રહેઠાણ માટે ભાડે | સ્વ-રહેઠાણ | સ્વ-રહેઠાણ |
| (2) અપેક્ષિત ભાડું વાર્ષિક | 1,15,000 | 90,000 | 60,000 |
| (3) પ્રમાણિત ભાડું વાર્ષિક | 1,00,000 | - | - |
| (4) મ્યુનિ. વેરા 10% લેખે | 12,000 | 8,000 | 4,000 |
| (5) વીમા પ્રીમિયમ | 6,000 | 5,000 | 5,000 |
| (6) સમારકામ માટે લીધેલ લોન(10% વ્યાજે તા.1-4-13 ના રોજ) | 2,00,000 | 3,20,000 | 1,31,000 |
| (7) મ્યુનિ. વેરા ચૂકવવા લીધેલા લોનનું વ્યાજ | 1,500 | 1,000 | 1,000 |
| (8) ભાડે વસૂલાતનો ખર્ચ | 3,000 | - | - |
| (9) બાંધકામ પૂર્ણ થયાનું વર્ષ | 2007-08 | 2007-08 | 2007-08 |

**અન્ય માહિતી :**

(1) મકાન-વસંત જેમાં રહેઠાણના બે અલગ યુનિટો છે જે બે ભાડુઆતોને આવેલ છે. યુનિટ-1નું માસિક ભાડું રુ. 4,000 હતુ. જ્યારે યુનિટ-2 નું માસિક ભાડું રુ. 4,500 હતું.

(2) યુનિટ-2 ના ભાડુઆતે તા.28-2-2014 ના રોજ મકાન ખાલી કરી દીધું હતું. ત્યારબાદ યુનિટ-1 ખાલી રહ્યું હતું.

(3) યુનિટ-2 ના ભાડુઆતે તા.31-1-2014 ના રોજ મકાન ખાલી કરી દીધું હતું ત્યાર બાદ યુનિટ-2 ખાલી રહ્યું હતું.

આ.વ. 2014-14 માટે મકાન-મિલકત શીર્ષકની કરપાત્ર આવક નક્કી કરો.

**જવાબ :** કરપાત્ર આવક(તમામ મકાનોની) રુ. 30,000.

**નોંધ :** (1) મ્યુનિસિપલ આકારણી મુજબ મૂલ્ય વસંત (રુ. 12,000 + રુ. 1,20,000; વર્ષા (રુ.8,000 + 10%) રુ. 80,000 અને વૈભવઃ (રુ.48000 + 10%) રુ. 40,000 (2) અપેક્ષિત ભાડું વસંત સ્ટેપ-1 રુ.1,000 સ્ટેપ-2 (એકમ-1 રુ. 4000 ઠ12 + એકમ-2 : રુ. 4500 ઠ12 રુ. 1,02,000; સ્ટેપ-3 બે માંથી વધુ મૂલ્ય રુ. 1,02,000 આધાર તરીકે લો. સ્ટેપ-4 સ્ટેપ-3 મૂજબ મૂલ્ય રુ. 1,02,000 – વેકેન્સી સમયનું ગુમાવેલ ભાડું (એકમ-1 રુ.4000 ઠ12 + એકમ-2 રુ.4,500 ઠ2 માસ) રુ. 13,000 = રુ. 89,000; છેવટનું ગ્રો.વા.મૂ. રુ. 89,000 – સ્થાનિક રુ. 12,000 = ચો.વા.મૂ. રુ. 77,000 - ખાસ કપાતો (રુ. 23,100 + રુ. 20,000) રુ. 43,000 = કરપાત્ર આવક રુ. 33,900 (3) વર્ષા – (ખરેખર રહેઠાણ માટે ગણેલ મકાન) ચો.વા.મૂ. શૂન્ય – મરામત માટે લીધેલ લૉનનું વ્યાજ (મર્યાદિત) રુ. 30,000 = રુ.30000 ખોટ (4) વૈભવ : (ભાડે આપેલ છે તેવી ધારણા નું ગ્રોસ વા.મૂ. ફક્ત સ્ટેપ-1 મુજબ રુ. 60,000 – સ્થાનિક કર રુ. 4,000 = ચો.વા.મૂ. રુ. 56,000 - ખાસ કપાતો રુ. 16,000 + રુ. 13,100) રુ. 29,000 = કરપાત્ર આવક રુ. 26,100)

22. શ્રી કનકભાઈનું એક મકાન છે. મ્યુનિસિપલ આકરણી પ્રમાણે આખા મકાનનું વાર્ષિક મૂલ્ય રુ. 60,000 છે અને વાર્ષિક વ્યાજબી ભાડું રુ. 66,000 છે.

આ મકાનનો 1/3 ભાગ ભાડુઆતને માસિક રુ. 2000 ભાડેથી આપેલ છે અને બાકીના ભાગનો અંગત ઉપયોગ કરે છે. માલિકે મ્યુનિ. ટેક્ષ 5% લેખે ચૂકવેલ છે. તા.1-4-2011 ના રોજ મકાનના બાંધકામ માટે 9% ના વ્યાજે રુ. 2,00,000 ની લૉન લીધી હતી અને તા. 13-3-2012ના રોજ બાંધકામ પૂરુ થયું હતુ. લૉન પેટે કોઈ રકમ ચૂકવેલ નથી તથા ચાલુ વર્ષનું વ્યાજ પણ ચૂકવવાનું બાકી છે.

આકારણી વર્ષ 2014-15 માટે મકાન-મિલકતની કરપાત્ર આવક શોધો.

**જવાબ :** મકાન-મિલકતની કરપાત્ર આવક (ખોટ) રુ. 1,900

**નોંધ :** (1) એક જ મકાનનો 1/3 ભાગ ભાડે આપેલ છે અને 2/3 ભાગ અંગત રહેઠાણ માટે ઊપયોગમાં છે તેથી બંને સ્વતંત્ર એકમો તરીકે અલગ-અલગ ગણતરી થશે.

ભાડે આપેલ 1/3 ભાગ : સ્ટેપ-1 મુજબ અપેક્ષિત ભાડું = પ્રમાણસર વ્યાજબી ભાડું (66,000 ઠ1/3) રુ. 22,000; સ્ટેપ-2 મળવાપાત્ર ભાડું (2,000 ઠ12) 24,000 (સ્ટેપ-3 તથા સ્ટેપ-4 મુજબ પણ) તેથી છેવટે નિર્ધારિત ગ્રો.વા.મૂ. રુ. 24,000 – 1/3 મ્યુનિ. વેરા 1,000 = ચોખ્ખુ વા.મૂ. રુ. 23,000 – (સ્ટાન્ડર્ડ કપાત રુ. 6,900 અને 1/3 વ્યાજ રુ. 6,000) રુ. 12,900 = કરપાત્ર આવક રુ. 10,100

અંગત રહેઠાણ 2/3 ભાગ ચોખ્ખું વા.મૂ. શૂન્ય – 2/3 વ્યાજ રુ. 12,000 = ખોટ રુ. 12,000 (2) બાંધકામ પૂરુ થયા તારીખ પહેલાનું કોઈ વ્યાજ ચાલુ પાછલા વર્ષ (2013-14) માં મજરે મળશે નહીં. કારણ કે બાંધકામ માટેની લૉન તા.1-4-2011 ના રોજ લીધી હતી અને બાંધકામ તેજ પાછલા વર્ષ (2011-12) માં પૂરુ થઈ ગયુ હોવાથી તે સમયનું પૂરેપુરુ વ્યાજ તે જ પાછલા વર્ષની આવક સામે બાદ થઈ ગયું હશે.

23. શ્રી કાફની માલિકીના મકાનનો 1/3 ભાગ અંગત રહેઠાણ માટે જ ઉપયોગમાં લેવાય છે. જ્યારે બાકીનો 2/3 ભાગ તા.31-12-2013 સુધી માસિક રુ. 2,000 ના દરે રહેઠાણ માટે ભાડે આપેલ હતો અને ત્યાર પછી અંગત રહેઠાણ માટે ઉપયોગમાં લીધો હતો. મકાનનું મ્યુનિ.આકારણી મુજબનું વા.મૂલ્ય રુ. 24,000 હતું. મકાન અંગે સ્થાનિવેરો રુ. 3,000 ચૂકવ્યો હતો. (જેમાં રુ. 1,500 અગાઉના વર્ષના બાકી સ્થાનિક વેરા અંગેના છે.) મરામત ખર્ચ, વ્યાજ અને ઉઘરાણી ખર્ચ સિવાયના અન્ય ખર્ચા રુ. 6,690 ચૂકવ્યા હતા. મકાનનું બાંધકામ તા.31-12-2012 ના રોજ પૂરુ થયું હોત તો આ.વ 2014-15 માટે મકાન-મિલકતની આવકના શીર્ષક હેઠળ કરપાત્ર આવક નક્કી કરો.

(જવાબ : મકાન મિલકતની કરપાત્ર આવક રુ. 11,200)

**નોંધ :** એક જ મકાનના બે સ્વતંત્ર એકમો (1/3 અને 2/3 અંગે) અલગ-અલગ ગણતરી કરવી જે 1/3 ભાગનો આખા વર્ષમાં અંગત રહેઠાણ માટે જ ઉપયોગ થયો છે તેનું ચો.વા.મુ. શૂન્ય ગણાય અને ખાસ હેતુ માટે લૉનનું વ્યાજ નથી તેથી કરપાત્ર આવક પણ શૂન્ય ગણાય. જે 2/3 ભાગનો પ્રથમ માસ માટે ભાડુઆતના રહેઠાણ માટે અને પછીના 3 માસ અંગત રહેઠાણ માટે ઉપયોગ થયો છે તે 2/3 ભાગની આવક નીચે મુજબ ગણવી. અપેક્ષિત ભાડું (સ્ટેપ-1 મુજબ 2/3 મ્યુનિ. આકારણી રકમ રુ. 16,000; સ્ટેપ-2 મુજબ મળેલ મળવાપાત્ર ભાડું, ખરેખર ભાડું આપેલ સમયના આધારે (રુ. 2000 ઠ9) રુ. 18,000; સ્ટેપ-3 મુજબ વધુ કિંમત રુ. 18,000 ; સ્ટેપ-4 = છેવટનું ગ્રો.વા.મૂ. રુ. 18,000 માંથી 2/3 સ્થાનિક કરવેરા રુ. 2,000 બાદ કરતાં ચો.વા.મૂ. રુ. 16,000 – સ્ટાન્ડર્ડ કપાત 30% લેખે રુ. 4,800 = કરપાત્ર આવક રુ. 11,200

24. શ્રી રાજુભાઈની માલિકીના મકાનોની વિગતો નીચે પ્રમાણે છે.

| વિગત | મકાન લાભ | મકાન શુભ | મકાન અમૃત |
|---|---|---|---|
| (1) મ્યુનિ. આકારણી મૂલ્ય | 80,000 | 75,000 | 30,000 |
| (2) વાજબી ભાડું-વાર્ષિક | 90,000 | 1,00,000 | 36,000 |
| (3) સ્ટાન્ડર્ડ ભાડું | - | 1,10,000 | - |
| (4) મ્યુનિ. કરવેરા(બાકી) | 20% | 20% | 20% |
| (5) ભાડુઆતની સગવડ માટે ચૂકવેલ ખર્ચ | - | 3000 | - |
| (6) સમારકામ ખર્ચ | 4,000 | 5,000 | 3,000 |
| (7) વીમા પ્રીમિયમ(ચૂકવેલ) | 2500 | 2000 | 15000 |
| (8) મકાન બાંધકામ માટેની લોનનું વ્યાજ (ચાલુ પાછલા વર્ષનુ) | 30,000 | 30,000 | 10,000 |
| (9) બાંધકામ સમય દરમિયાનના કુલ વ્યાજ 1/5 ભાગ | - | 15,000 | 5,150 |
| (10) બાંધકામ પૂર્ણ થયાનું વર્ષ | 2012-13 | 2009-10 | 2010-11 |
| (11) મકાનનો ઉપયોગ | સ્વરહેઠાણ | રહેઠાણ માટે ભાડે | સ્વ-રહેઠાણ |

**અન્ય માહિતી :**

(1) મકાન શુભ (જેમાં રહેઠાણના અલગ-અલગ બે યુનિટ છે અને ક્ષેત્રફળ 3:2 ના પ્રમાણમાં છે) બે ભાડુંઆતોને ભાડે આપેલ હતું. યુનિટ-1 નું માસિક ભાડું રુ. 4500 અને યુનિટ-2 નું માસિક ભાડું રુ. 3,000 (આ યુનિટના ભાડુઆતની સગવડના ખર્ચ સહિત) હતું.

(2) યુનિટ-2 નો ભાડુઆત બે મહિનાનું ભાડું બાકી રાખીને તા.31-1-2014 ના રોજ મકાન ખાલી કરીને જતો રહ્યો હતો. (આ ભાડુઆતનો દર જાહેર થયેલ) ત્યારબાદ તા.31-3-2014 સુધી આ યુનિટ ખાલી રહ્યુ.

(3) યુનિટ-2 ના ભાડુઆતે તા.1-3-2014 ના રોજ મકાન ખાલી કર્યુ હતુ. ત્યારબાદ તા.30-3-2014 સુધી આ યુનિટ ખાલી રહ્યું.

આકારણી વર્ષ 2014-15 માટે મકાન-મિલકતોના શીર્ષક હેઠળની કરપાત્ર આવકની ગણતરી કરો.

**જવાબ :**

મકાન-મિલકતોના શીર્ષક હેઠળની કુલ કરપાત્ર આવક (ખોટ) રુ. 3,175 નોંધ-1 ભાડે આપેલ મકાન શુભના બે એકમો અંગે ગણતરી.

| વિગત | એકમ-1 રુ. | એકમ-2રુ. |
|---|---|---|
| સ્ટેપ-1 અપેક્ષિત ભાડું = વાજબી ભાડું (3:2 ના પ્રમાણમાં) | 60,000 | 40,000 |
| સ્ટેપ-2 ખરેખર મળવાપાત્ર ભાડું (માસિક ભાડું × 12) | 54,000 | 36,000 |
| ભાડુઆતને સગવડ અંગે ચાર્જ | - | 3000 |
| | 54,000 | 33,000 |
| વસૂલ ન થઈ શકે તે ભાડું | - 9,000 | |
| | 45,000 | 33,000 |
| સ્ટેપ-3 અગાઉના બે સ્ટેપ્સ પૈકીની વધુ રકમને આધાર તરીક લેતા | 60,000 | 40,000 |
| સ્ટેપ-4 સ્ટેપ-3 મુજબનું મૂલ્ય | 60,000 | 40,000 |
| બાદ : વેકેન્સી સમયનું ભાડું | - 9,000 | - 2,000 |
| છેવટે નિર્ધારિત ગ્રો.વા.મૂ. = ચો.વા. મૂ. | 51,000 | 37,00 |
| બાદ : સ્ટાન્ડર્ડ કપાત(30%) | - 15,300 | - 11,000 |
| બાંધકામ માટેની લોનનું ચાલુ વર્ષનું વ્યાજ (3 : 2)માં | - 18,000 | - 12,000 |
| મૂડીકૃત વ્યાજનો 1/5 ભાગ (3:2) | - 9,000 | - 6,000 |
| | 8,700 | + 8,070 |

**નોંધ-2 :** અંગત રહેઠાણ માટે રાખેલ મકાનનો લાભ અમૃત પૈકી લાભ ખરેખર અંગત રહેઠાણ માટે ગણો અમૃત ધારણા મુજબ આપેલ ભાડે મકાન ગણો; લાભ અંગ ચો.વા.મૂ. શૂન્યમાંથી ચાલુ વર્ષનું વ્યાજ રુ. 30,000 બાદ કરતાં ખોટ રુ. 30,000 અને અમૃત અંગે ગ્રો.વા.મૂ. રુ. 36,000 – કરવેરા (બાકી) શૂન્ય = ચો.વા.મૂ. રુ.36,000 માંથી 30% લેખે સ્ટાન્ડર્ડ કપાત રુ. 10,800 ; બાંધકામ માટેની લૉનના ચાલુ વર્ષના રુ. 5,150 બાદ કરતા કરપાત્ર આવક રુ. 10,050,સ્થાનિક કરવેરા ચૂકવ્યા તો જ બાદ મળે.

જો લાભ ધારણા મુજબ ભાડે આપેલ છે અને અમૃત અંગત રહેઠાણ માટે રાખેલ છે એમ ગણીએ તો અનુક્રમે રુ.33,000(આવક) અને રુ. 15,150 ની ખોટ નક્કી થાય.

25. શ્રી અ અને શ્રી બ એ નવી દિલ્લીમાં ખરીદેલ સંયુક્ત માલિકીના જમીનના પ્લોટ પર તેમના મકાનો બંધાવ્યા હતા. દરેક મકાનના બાંધકામનો વિસ્તાર 1000 ચો.ફૂટ ગ્રાઉન્ડ ફ્લોર પર છે અને એટલો જ વિસ્તાર પ્રથમ માળનો છે. શ્રી અ એ તા.1-4-2010 ના રોજ શરૂ કરેલ બાંધકામ તા.31-3-2013 ના રોજ પૂરુ કર્યુ હતુ. શ્રી અ એ સમગ્ર મકાનનો રહેઠાણ માટે ઉપયોગ તા.1-4-2013 ના રોજથી શરૂ થયેલ છે. શ્રી બ એ તા.1-4-2013ના રોજથી ગ્રાઉન્ડ ફ્લોરનો રહેઠાણ માટે ઉપયોગ શરૂ કરેલ છે અને પહેલો માળ માસિક રુ.15,000 ના દરે ભાડે આપેલ છે. આ ભાડુઆતે તા.31-12-2013 ના રોજ પહેલો માળ ખાલી કરી આપેલ હોવાથી તા.1-1-2014 થી 31-3-2014 સુધી તે ભાગનો પણ શ્રી બ એ પોતાના રહેઠાણ માટે ઉપયોગ કર્યો છે.

અન્ય વિગતો નીચે મુજબ છે.

(અ) દરેક એકમ (ગ્રાઉન્ડ ફ્લોર) (પહેલો માળ)નું વ્યાજબી ભાડુ — વાર્ષિક રુ. 1,00,000

(બ) દરેક એકમ (ગ્રાઉન્ડ ફ્લોર) (પહેલો માળ) ની મ્યુનિસિપલ આકારણી મુજબની કિંમત — વાર્ષિક રુ. 72,000

(ક) ચૂકવેલ મ્યુનિ. કરવેરા ; શ્રી અ ; રુ. 8,000 ; શ્રી બ = રુ. 8,000

(ડ) મરામત અને જાળવણી ખર્ચ ; શ્રી અ = રુ. 28,000

શ્રી બ = રુ. 30,000

શ્રી અ એ તા.1-4-2012 ના રોજ મકાન બાંધકામ માટે રુ. 20 લાખની 12% ના વ્યાજે લૉન લીધી હતી. શ્રી બ એ તા.1-7-2012 ના રોજ મકાન બાંધકામ માટે રુ. 12 લાખની 18% ના વ્યાજે લૉન લીધો હતી. તા.31-3-2014 સુધી લૉન પેટે કોઈ પરત ચૂકવણી થઈ નથી.

શ્રી અ અને શ્રી બ ની આકારણી વર્ષ 2014-15 માટે મકાન-માલિકોની કરપાત્ર આવકોની ગણતરી કરો.

**જવાબ :** એસેસી અ મકાન મિલકતોની આવકના શીર્ષક હેઠળ ખોટ રુ. 1,50,000; એસેસી બ, મકાન-મિલકત આવકના શીર્ષક હેઠળ ખોટ રુ. 46,300.

**નોંધ : 1**

એસેસી અ કલમ-23(2) હેઠળ અંગત રહેઠાણ મકાનનું ચોખ્ખું મૂલ્ય રુ. શૂન્ય-કલમ-24 હેઠળ ઉછીના લીધેલી મૂડી(બાંધકામ માટેનું વ્યાજ) (રુ. 20 લાખ ઠ12) = રુ. 2,40,000. પરંતુ આ અંગે વધુમાં વધુ કપાત રુ. 1,50,000 બાદ મળશે. (2) એસેસી બ ગ્રાઉન્ડ ફ્લોર(અંગત રહેઠાણ માટે) ચો.વા.મૂ. રુ. શૂન્ય – કલમ 24 બાંધકામ માટે લીધેલી લૉનનું ચાલુ પાછલા વર્ષનું પ્રમાણ વ્યાજ (રુ. 12 લાખ ઠ10% ઠ12) રુ. 60,000 + અગાઉના પાછલા 9 માસના (બાંધકામ પૂરુ થયા તારીખ 31-3-2013 સુધીનું લૉનનો વ્યાજનો 1/5 ભાગ = રુ. 12 લાખ ઠ10% ઠ12)ઠ1/2 ઠ1/3 = 9,000 = 69,000 = ગ્રાઉન્ડ ફ્લોર અંગે ખોટ રુ. 69,000 પહેલા માળનું ગ્રોસ વા.મૂ. મિલકતનું બાંધકામ તા.1-7-2013 ના રોજ પૂરુ થયું હોવાથી વાજબી ભાડું, મ્યુનિ. આકરણી મુજબનું મારુ અને ખરેખર મળેલ/મળવાપાત્ર ભાડું 9 માસ માટે ગણાશે.

સ્ટેપ-1 હેઠળ વાજબી ભાડા અને મ્યુનિ. મૂલ્ય પૈકી વધુ કિંમત રુ. 75,000 અને સ્ટપે-2 હેઠળ રુ. 35,000 કે મળેલભાડું રુ. 1,35,000 પૈકી વધુ રકમ રુ. 1,35,000 વા.મૂ. નક્કી થશે અને તેમાંથી સ્થાનિક કરવેરા (રુ.8,000 ઠ50%) રુ. 4000 બાદ થશે. ચો.વા.મૂ. 1,37,000 – સ્ટાન્ડર્ડ કપાત (30%) રુ. 39,300 અને બાંધકામ માટેની લૉનનું પાછલા વર્ષનું વ્યાજ (રુ. 12 લાખ ઠ10% ઠ50%) રુ. 60,000 અને અગાઉના પાછલા વર્ષના મૂડીકૃત વ્યાજ (રુ. 12 લાખ ઠ10% ઠ9/12 ઠ50%ઠ1/5) રુ. 9000 મળીને રુ. 90,000 બાદ કરતા છેવટે કરપાત્ર આવક રુ. 22,700 આમ, ગ્રાઉન્ડ ફ્લોર અંગે ખોટ રુ. 69,000 અને પહેલા માળની આવક રુ. 22,700 મળીને છેવટે ખોટ રુ. 46,300.

26. શ્રી રજનીકાંત શાહ ત્રણ મકાનોના માલિક છે. નીચેની માહિતીને આધારે આ.વ. 2014-15 માટે મકાન-મિલકતની આવકના શીર્ષક હેઠળની તેની કરપાત્ર આવકની ગણતરી કરો :

| વિગત | મકાન-1 | મકાન-2 | મકાન-3 |
|---|---|---|---|
| (1) મકાનનો હેતુ | રહેઠાણ માટે ભાડે રુ. | ધંધા માટે ભાડે રુ. | સ્વ-રહેઠાણ માટે રુ. |
| (2) મ્યુનિ. આકારણી(વાર્ષિક) | 36,000 | 90,000 | 1,20,000 |
| (3) વ્યાજબી ભાડું(વાર્ષિક) | 40,000 | 84,000 | - |
| (4) મળવાપાત્ર ભાડું (વાર્ષિક) | 36,000 | 72,000 | - |
| (5) સ્ટાન્ડર્ડ ભાડું (વાર્ષિક) | 42,000 | - | 1,40,000 |
| (6) મ્યુનિ. વેરા (ચૂકવેલ) | 2,000 | 4,000 | 4,000 |
| (7) બાંધકામ માટેની લોનનું વ્યાજ | 10,000 | - | 35,000 |
| (8) બાંધકામ માટેની લોનનું મૂડીકૃત વ્યાજ(કુલ) | 10,000 | - | 40,000 |
| (9) મકાન ખાલી રહ્યાનો સમય | 1 માસ | - | - |
| (10) વસૂલ ન થઈ શકે તેવુ ભાડું | 4,000 | - | - |
| (11) ભાડું મળવાનું બાકી | - | 6,000 | - |
| (12) જમીન મહેસૂલ | 2,450 | 4,000 | 2,000 |
| (13) બાંધકામ પૂર્ણ થયાની તારીખ | 31-1-10 | 30-6-13 | 31-3-99 |

**જવાબ :** મકાન-મિલકતોની કરપાત્ર આવક રુ. 26,950; મકાન નં.-1 કરપાત્ર આવક રુ. 12,500; મકાન નં.2 ; કરપાત્ર આવક રુ. 44,450; મકાન નં. 3 ; કરપાત્ર આવક (ખોટ) રુ. 30,000.

**નોંધ :** (1) મકાન નં.1 સ્ટેપ-1 અપેક્ષિત ભાડું રુ. 40,000 સ્ટેપ-2 મળવાપાત્ર મળેલભાડું રુ. 36,000 – વસૂલ ન થઈ શકે તેવુ ભાડું રુ. 4000 = રુ. 32,000 ; સ્ટેપ-3 વધુ મૂલ્ય રુ. 40,000 સ્ટેપ-4 = રુ.42,000 - વેકન્સી સમય ગુમાવે ભાડું રુ. 3000 = છેવટે ગ્રો.મૂ. રુ. 37,000 – મ્યુનિ. વેરા રુ. 2000 = ચો.વા.મૂ. રુ. 35,000 – રુ. 22,500 (સ્ટાન્ડર્ડ કપાત રુ. 10,500 + વ્યાજ રુ. 10,000 + 1/5 મૂડીકૃત વ્યાજ રુ. 2,000) = કરપાત્ર આવક રુ. 12,500.

મકાન નં.2 સ્ટેપ-1 અપેક્ષિત ભાડું (9 માસનું) રુ. 67,500 સ્ટેપ-2 મળવા પામેલ ભાડું (9 માસનું) રુ. 54,000; ગ્રો.વા.મૂ. રુ. 67,500 – મ્યુનિ. કરવેરા રુ. 4000 = ચો.વા.મૂ. રુ. 63,500 – સ્ટાન્ડર્ડ કપાત રુ. 19,050 – કરપાત્ર આવક રુ. 44,450.

મકાન નં. 3 અંગત રહેઠાણના મકાનનું ચો.વા.મૂ. શૂન્ય – ફક્ત પાછલા વર્ષનું વ્યાજ (રુ. 35,000 થી વધુ છે તેથી રુ. 30,000 જ બાદ મળે) રુ. 30,000 (બાંધકામ સમય દરમિયાન મૂડીકૃત વ્યાજ પ્રથમ પાંચ વર્ષમાં બાદ થઈ ગયું હશે = કરપાત્ર આવક(ખોટ) રુ. 30,000)

27. શ્રી વિજય અને વિનય બે મિલકતોના સંયુક્ત માલિક છે. તેમનાં ભાગીદારીનો હિસ્સો અનુક્રમે 30% અને 70% છે.તા.31-3-2014 ના રોજ પૂરા થતા પાછલા વર્ષની મકાન-મિલકતોની વિગતો નીચે પ્રમાણે છે.

| | વિગત | મકાન-1 | મકાન-2 |
|---|---|---|---|
| 1. | ખરેખર માસિક ભાડાનો દર | 9,000 | 10,000 |
| 2. | પ્રમાણિત ભાડું- વાર્ષિક | 1,10,000 | - |
| 3. | અપેક્ષિત ભાડું – વાર્ષિક | 1,00,000 | 90,000 |
| 4. | મ્યુનિ. કરવેરા 2.5% લેખે | 2,000 | 2,500 |
| 5. | ભાડું ઉઘરાવવાનો ખર્ચ | 1,000 | 2,000 |
| 6. | જમીન-મહેસૂલ | 3,000 | 1,000 |
| 7. | 10% વ્યાજે બાંધકામ માટે લીધેલ લોન (તા.1-4-2013 ના રોજ મુદ્દલ) | 1,66,500 | 3,50,000 |
| 8. | બાંધકામ સમય (તા.31-3-06 ના રોજ પૂર્ણ થયેલ દરમિયાનનું લોનનું વ્યાજ) | 30,000 | 40,000 |
| 9. | બાંધકામ પૂર્ણ થયા તારીખ | 31-3-2006 | 31-3-2006 |
| 10. | મકાન ખાલી રહ્યાનો સમય | 1 માસ | 15 દિવસ |

**અન્ય માહિતી**

**બંનેના અંગત રહેઠાણના મકાનની વિગતો :**

| | વિગત | વિજય | વિનય |
|---|---|---|---|
| 1. | મ્યુનિ. આકારણી(વાર્ષિક) | 1,50,000 | 80,000 |
| 2. | અપેક્ષિત ભાડું (વાર્ષિક) | 1,30,000 | 72,000 |
| 3. | મ્યુનિ. કરવેરા | 2.5% | 2.5% |
| 4. | બાંધકામ માટે લીધેલી લોનનું વ્યાજ (1-4-2008 ના રોજ લીધેલ) | 30,000 | 50,000 |
| 5. | બાંધકામ સમય દરમિયાનનું લોનનું વ્યાજ | 40,000 | 60,000 |
| 6. | બાંધકામ પૂર્ણ થયા તારીખ | 31-3-11 | 31-3-11 |

ચાલુ આકારણી વર્ષ 2014-15 માટે વિજય અને વિનય દરેકની મકાન મિલકતોના શીર્ષક હેઠળ કરપાત્ર આવકની ગણતરી કરો.

**જવાબ :** સંયુક્ત માલિકીની મકાન મિલકતોની કરપાત્ર વાર્ષિક મકાન. નં.1 રુ.51,250 + મકાન નં.2 રુ. 43,750 = રુ.95,000 જે પૈકી વિજયનો ભાગ રુ. 28,500 અને વિનયનો ભાગ રુ. 66,500.

નોંધ : (1) મ્યુનિ. આકારણી મુજબનું વા.મૂ. મકાન નં. (રુ. 2,00,000 + 2.5%) = રુ.80,000 અને મકાન નં.2(રુ. 2,500 / 2.5% રુ. 1,00,000. (2) મકાન નં.1 સ્ટેપ-1 મુજબ રુ. 1,00,000 સ્ટેપ-2 મુજબ રુ. 1,08,000; સ્ટેપ-3 (વધુ મૂલ્ય) રુ. 1,08,000 સ્ટેપ-4 સ્ટેપ-3 મુજબ રુ. 1,08,000 – વેકેન્સી સમયનું ગુમાવેલ ભાડું રુ. 9,000 = છેવટનું ગ્રો.વા.મૂ. રુ. 99,000 – મ્યુનિ. રુ. 2000 = ચો.વા.મૂ. રુ. 97,000 - ખાસ કપાતો (રુ. 29,100 + 16,550) રુ. 45,750 = કરપાત્ર આવક રુ. 51,250 (મૂડી વ્યાજની રકમ અગાઉ મળશે મળી ગઈ હશે) (3) મકાન નં.4 સ્ટેપ-1 મૂજબ રુ. 1,00,000; સ્ટેપ-2 મુજબ (ખરેખર મળેલ મળવાપાત્ર વાર્ષિક ભાડું રુ. 1,20,000; સ્ટેપ-3 (વધુ મૂલ્ય) રુ.1,20,000 – વેકેન્સી સમયનું ગુમાવેલુ ભાડું રુ. 5,000 = રુ. 1,15,000 (જે ગ્રો.મૂ. ગણાશે) – મ્યુનિ. વેરા રુ. 2,500 = ચો.વા.મૂ. રુ. 1,12,000 - ખાસ કપાતો (રુ. 33,750 + રુ. 35,000 રુ. 68,750 = કરપાત્ર આવક રુ. 43,750) (4) વિજયની અંગત રહેઠાણના મકાનની ખોટ (રુ.30,000 + 1/5 મૂડીકૃત વ્યાજ) રુ. 8000 બાદ કરતા રુ. 38,000 માં સંયુક્ત માલિકીના મકાનોનો હિસ્સો રુ. 28,500 ઉમેરતાં છેવટની ખોટ રુ. 9,500 અને

વિનયના અંગત રહેઠાણના મકાનની ખોટ (રુ.50,000 + 1/5 મૂડીકૃત વ્યાજ રુ. 12,000 બાદ કરતાં – રુ. 62,000 માં સંયુક્ત માલિકીની મિલકતોનો હિસ્સો રુ. 66,500 બાદ કરતાં) – રુ. 62,000 માં સંયુક્ત માલિકીની મિલકતોનો હિસ્સો રુ. 66,500 ઊમેરતાં છેવટે કરપાત્ર આવક રુ. 4,500)

28. નીચેની આપેલી વિગતો પરથી આકારણી વર્ષ 2014-15 માટે દરેક મકાનના ગ્રો.વા.મૂ. ની ગણતરી કરો.

| વિગત | અ(રુ.) | બ(રુ.) | ક(રુ.) |
|---|---|---|---|
| મ્યુનિસિપલ આકારણી(અ) | 12,500 | 12,500 | 24,900 |
| વાજબી ભાડું(બ) | 14,400 | 14,400 | 23,900 |
| પ્રમાણીત ભાડું(ક) | 12,900 | 16,200 | 23,500 |
| ખરેખર મળેલ ભાડું | 14,850 | 14,900 | 14,400 |
| નહી મળેલ ભાડું | 1,350 | 1,500 | 4,800 |

**જવાબ :** મકાન એ સ્ટેપ-1 મ્યુનિ. આકારણી મુજબનું મૂલ્ય (અ) અથવા વ્યાજબી ભાડું (બ) પૈકી રુ. 14,400 વધુ છે પરંતુ પ્રમાણિત ભાડું (ક) તેનાથી ઓછું હોવાથી રુ. 12,900 અપેક્ષિત ભાડું નક્કી થયા; સ્ટેપ-2 મળેલ કે મળવાપાત્ર ભાડું = રુ. 14,800 + રુ. 1,350 = રુ.16,200. અગાઉના સ્ટપે કરતા વધુ હોવાથી છેવટે ગ્રોસ વા.મૂ. રુ. 16,000 ગણાય.

મકાન-બી : સ્ટેપ-1(અ) અથવા (બ) પૈકી રુ. 14,400 વધુ છે (અને આ પ્રમાણિત ભાડાથી વધુ નથી) તેથી રુ. 14,400 અપેક્ષિત ભાડું ગણાય; સ્ટેપ-2 હેઠળ મળેલ કે મળવાપાત્ર ભાડું = રુ.14,900 + રુ.1,500 = રુ. 16,400. અગાઉના સ્ટેપ કરતાં વધુ હોવાથી ગ્રો.વા.મૂ. રુ. 16,400 ગણાય.

મકાન-સી : સ્ટેપ-1(અ) અથવા (બ) પૈકી રુ. 24,900 વધુ છે. પરંતુ પ્રમાણિત ભાડું(ક) તેનાથી ઓછું હોવાથી રુ. 23,500 અપેક્ષિત ભાડુ નક્કી થશે. સ્ટેપ-2 મળેલ કે મળવાપાત્ર ભાડું = રુ. 14,400 + રુ. 4,800 = રુ. 19,200 અગાઉના સ્ટેપ કરતા ઓછું હોવાથી આ સ્ટેપ ધ્યાનમાં લેવાશે નહીં, તેથી છેવટે સ્ટેપ-1 ની રકમ ગ્રો.વા.મૂ. રુ. 23,500 ગણાય.

29. શ્રી વનમાળીભાઈ ચાર મકાનો ધરાવે છે. જેની વિગતો નીચે મુજબ છે.

| વિગત | | મકાન-1 | મકાન-2 | મકાન-3 | મકાન-4 |
|---|---|---|---|---|---|
| 1. | મ્યુનિ. આકરણી | 60,000 | 40,000 | 54,000 | 72,000 |
| 2. | વાજબી ભાડું | 45,000 | 42,000 | 60,000 | 64,000 |
| 3. | મળવાપાત્ર ભાડું(માસિક) | 4,500 | - | - | - |
| 4. | મ્યુનિ. ટેક્ષ(ભરેલ) | 10% | 2.5% | 5% | 2.5% |
| 5. | સ્ટાન્ડર્ડ રેટ | 57,000 | - | - | - |
| 6. | બાંધકામ માટેની લોન પર વ્યાજ(ચૂકવવાનું બાકી) | 30,000 | 15,000 | - | 18,000 |
| 7. | બાંધકામ સમય દરમિયાન ચૂકવેલ વ્યાજ(મૂડીકૃત) | 30,000 | 15,000 | - | 12,000 |
| 8. | મ્યુનિ. ટેક્ષ ભરવા માટે લીધેલ લોન પર વ્યાજ | 200 | 300 | - | - |
| 9. | મળવાનું બાકી ભાડું | 2400 | - | - | - |
| 10. | ઉપયોગ | રહેઠાણ માટે ભાડે | અંગત રહેઠાણ | અંગત ધંધા માટે | અંગત રહેઠાણ |
| 11. | બાંધકામ પુરુ થયા વર્ષ | 2011-12 | 2009-10 | 2009-10 | 2010-11 |

શ્રી વનમાળીભાઈની આકરણી વર્ષ 2014-15 માટે મકાન-મિલકતોની કરપાત્ર આવક શોધો.

**જવાબ :** મકાન-મિલકતોની આવકના શીર્ષક હેઠળ ખોટ રુ. 10,000 મકાન-1 ખોટ રુ.300, મકાન-2 આવક રુ. 10,000 મકાન નં-4; ખોટ 20,000

**નોંધ :** (1) અંગત ધંધા માટે વપરાતું મકાન(મકાન નં.3) મકાન મિલકત આવકના શીર્ષક હેઠળ કરપાત્ર ગણાય નહીં.

(2) અંગત રહેઠાણ માટે વપરાતાં બે મકાનો પૈકી મકાન નં.2 ધારણાં મુજબ ભાડે આપેલ મકાન અને મકાન નં.2 ખરેખર અંગત વપરાશ માટે રાખેલ મકાન ગણવાથી એસેસીને કરવેરાની દૃષ્ટિએ લાભ છે.

(3) મકાન નં.1 : સ્ટેપ-1 મુજબ અપેક્ષિત ભાડું રુ. 57,000 સ્ટેપ-2 મુજબ મળવાપાત્ર ભાડું રુ. 54,000 (મળવાનું ભાડું ઘાલખાધ ગણાય નહીં. સ્ટેપ-3 વધુ મૂલ્ય રુ. 57,000 સ્ટેપ-4 વેકન્સી ન હોવાને લીધે છેવટનું ગ્રો.વા.મૂ. 57,001 – મ્યુનિ. કરવેરા રુ. 6000 = રુ. 51,000 – રુ. 51,300 (સ્ટાન્ડર્ડ કપાત રુ. 15,300 + ચાલુ પા.વ.નું બાકી વ્યાજ રુ. 30,000 +1/5 મૂડીકૃત વ્યાજ રુ. 6,000) = રુ. 300 ખોટ.

(4) મકાન નં.2 સ્ટેપ-1 મુજબ ગ્રો.વા.મૂ. રુ. 42,000 – મ્યુનિ. કરવેરા રુ. 1,000 = ચો.વા.મૂ. રુ.41,000 – રુ. 30,000 (સ્ટાન્ડર્ડ કપાત રુ. 12,300 + ચા.પા.વ.નું વ્યાજ રુ. 15,000 + 1/5 મૂડીકૃત વ્યાજ રુ. 3000) = કરપાત્ર આવક રુ. 10,700

(5) મકાન-4 ચો.વા.મૂ. રુ. શૂન્ય – રુ. 20,400(વ્યાજ રુ. 18000 + 1/5 લેખે રુ. 2,400) = ખોટ રુ. 20,400

# એકમ 4 ધંધાની કે વ્યવસાયની આવક

## : રૂપરેખા :

4.1 પ્રસ્તાવના
4.2 ધંધા અને વ્યવસાયનો અર્થ
4.3 ધંધા કે વ્યવસાયનો નફો કે લાભ શીર્ષક હેઠળની આવકો
4.4 ધંધા કે વ્યવસાયની આવકની ગણતરી અંગે અગત્યના મુદ્દા
4.5 વ્યવસાયના નફા કે લાભના શીર્ષક હેઠળની આવકમાંથી મજરે મળતી રકમ / કપાતો
4.6 સામાન્યતઃ મજરે મળતી કપાતો
4.7 ઘસારો (કલમ-૩૨)
4.8 કરવેરાના હેતુથી હિસાબોનું ઑડિટ
4.9 ધંધાની કરપાત્ર આવક દર્શાવતું પત્રક
◆ સ્વાધ્યાય

## 4.1 પ્રસ્તાવના

આવકના મુખ્ય પાંચ શીર્ષકો છે. જે પૈકી એક શીર્ષક 'ધંધા કે વ્યાવસાયનો લાભ કે નફો' છે. આ શીર્ષકની આવકનું મહત્ત્વ અન્ય શીર્ષક કરતાં વધુ છે. કારણ કે સરકારની આવકવેરાની મોટાભાગની આવક આ શીર્ષકમાંથી મળી રહે છે. "ધંધા કે વ્યાવસાયનો લાભ કે નફો" ને લગતી જોગવાઈઓ આવકવેરા ધારાની કલમ 28 થી 44 માં આપવામાં આવી છે. આ શીર્ષક હેઠળ કઈ કઈ આવકોનો સમાવેશ થાય છે તેમજ કયાં ખર્ચાઓ મજરે મળે છે. તેમજ ઘસારો અને ઓડિટ અંગેની વિગતવાર ચર્ચા કરવામાં આવી છે.

## 4.2 ધંધા અને વ્યવસાયનો અર્થ :-

**ધંધો :-** આવકવેરા ધારાની કલમ-2(13)માં આવેલ ધંધાની વ્યાખ્યા "ધંધામાં વેપાર વાણિજ્ય કે ઉત્પાદન કાર્ય કે વેપાર વાણિજ્ય કે ઉત્પાદન કાર્યની પ્રકૃતિવાળા કોઈપણ સાહસ કે કાર્યનો સમાવેશ થાય છે. ધંધાનો ઉદ્દેશ નફો કમાવવાનો હોય છે."

**વ્યવસાય કે રોજગાર :-**

આવકવેરા ધારાની કલમ-2(36)માં આપેલ વ્યાખ્યા પ્રમાણે "વ્યવસાય શબ્દમાં રોજગાર શબ્દનો સમાવેશ થઈ જાય છે. વ્યવસાયમાં ફક્ત બુદ્ધિ કૌશલ્યની જરૂર પડે છે અથવા શારીરિક કામ સાથે કૌશલ્યની જરૂર પડે છે અથવા શારીરિક કામ સાથે કૌશલ્યની જરૂર પડે છે. દા.ત. ડૉક્ટર, વકીલ, લેખક, ઓડિટર વગેરે કાયદાની દૃષ્ટિએ ધંધો, વ્યવસાય કે રોજગારની પ્રવૃત્તિઓમાં ભેદ પાડવાની જરૂર નથી. કારણ કે આ ત્રણેય પ્રવૃત્તિઓમાંથી પ્રાપ્ત થતી આવક કે નુકશાન એક જ શીર્ષક હેઠળ ગણતરી કરવામાં આવે છે. જે કાયદાની કલમ(28) મુજબ આ શીર્ષક હેઠળ પાત્ર બને છે. સટ્ટાનો ધંધો એક અપવાદ છે. સટ્ટાના ધંધામાંથી પ્રાપ્ત થતી આવક આ શીર્ષક હેઠળ કરપાત્ર ગણાય છે. તેમ છતાં તે અન્ય ધંધાથી સ્વતંત્ર અને અલગ ગણાય છે. સટ્ટાની ખોટ અન્ય ધંધા કે વ્યવસાયની આવક સામે મજરે મળી શકે નહીં જે ખોટ સટ્ટાની આવક સામે જ વધુમાં વધુ 8 વર્ષ સુધી નફા સામે જ મોડી વાળી શકાય છે."

## 4.3 ધંધા કે વ્યવસાયનો નફો કે લાભ શીર્ષક હેઠળની આવકો

કલમ 28 મુજબની નીચેની આવકો પણ આ શીર્ષક હેઠળ કરપાત્ર બને છે.

1. ધંધા કે વ્યવસાયનો નફો
2. અમુક વ્યક્તિઓને વળતર

દા.ત. ભારતીય કંપનીનું સંપૂર્ણ કે અંશતઃ સંચાલન કરનારના સંચાલન હક રદ કરતાં મળેલ રકમ.

3. ધંધાદારી-વ્યવસાયી મંડળની તેના સભ્યોને સેવાઓ આપવાથી થતી આવક.

4. નિકાસકારને મળતી પ્રોત્સાહક સગવડો, દા.ત. ઈમ્પોર્ટ એન્ટાઈટલમેન્ટ લાઈસન્સના વેચાણ થી થતો નફો સરકારી યોજના હેઠળ નિકાસની સામે મળતી રોકડ સહાય.

5. ધંધા-વ્યવસાયમાંથી મળતા લાભ અને સવલતો

6. ભાગીદારી પેઢીના ભાગીદારને મળેલ કે મળવાપાત્ર વ્યાજ, પગાર, બોનસ, કમિશન કે મહેનતાણું

7. ધંધા સાથે સંબંધિત જેવા કે પૅટન્ટ, કૉપીરાઈટ ટ્રેડમાર્ક વગેરે અન્ય કોઈ સાથે નહીં વહેંચવા બદલ મળેલ હોય તેવી આવકો

8. Keyman Insurance Policy હેઠળ મળેલ રકમ

## 4.4 ધંધા કે વ્યવસાયની આવકની ગણતરી અંગે અગત્યના મુદ્દા

(1) ધંધા એસેસી દ્વારા ચલાવાતો હોવો જોઈએ, એસેસીએ પોતે જ ધંધાનું સંચાલન કરવું જોઈએ. મેનેજર કે બીજી કોઈપણ અધિકૃત વ્યક્તિ દ્વારા એસેસીના ધંધાનું સંચાલન કરે તો પણ તો પણ તે ધંધો એસેસી દ્વારા ચલાવવામાં આવે છે. એમ માનવામાં આવે છે.

(2) બધા ધંધાની આવક ભેગી કરી કરપાત્ર આવક ગણાય એસેસીની માલિકીના એક કરતા વધુ ધંધા કે વ્યવસાય હોય તો તે તમામની કુલ આવક આ શીર્ષક હેઠળ કરપાત્ર ગણાય. જો કોઈ એક ધંધામાં ખોટ હોય તો તે બીજા ધંધાની આવક સામે માંડી વાળવામાં આવશે.

(3) સટ્ટાના ધંધાની ખોટ અન્ય ધંધા-વ્યવસાયની આવકમાંથી બાદ મળશે નહીં. સટ્ટાનો ધંધો એક અપવાદ છે. સટ્ટાના ધંધાનું નુકશાન હોય તો તે બિનસટ્ટાકીય ધંધાના નફા સામે માંડી વાળી શકાશે નહીં.

(4) પાછલા વર્ષ દરમિયાન ધંધો ચાલ્યો હોવો જોઈએ પાછલા વર્ષ દરમિયાન એસેસીએ ગમે તેટલા સમય માટે ધંધો ચલાવ્યો હોય તો પણ તે અંગે તેણે કર ચૂકવવા પડે. સંપૂર્ણ વર્ષ દરમિયાન ધંધો ચાલ્યો હોય તે જરૂરી નથી.

(5) વિસર્જન વખતે થતો નફો કરપાત્ર નથી :

ધંધાના વિસર્જન વખતે મિલકતો વેચાણના નફો કરપાત્ર નથી, પરંતુ સ્ટોક વેચાણનો નફો કરપાત્ર છે. સમગ્ર ધંધાવાળું એકમ તરીકે વેચી દેવામાં આવ્યો હોય. જેમાં સ્ટોકમાં સમાવેશ થયેલ હોય પરંતુ સ્ટોક અલગ પાડી શકાય તેમ ન હોય તો તે નફો સંપૂર્ણ કરપાત્ર નથી.

(6) ધંધાની લાભદાયક માલિકી પણ ધ્યાનમાં લેવામાં આવે છે. આવકવેરા કાયદાની દૃષ્ટિએ કરપાત્ર થનારી આવક મેળવનાર ખરેખર વ્યક્તિ કોણ છે. તે પ્રમાણે કરપાત્રતા નક્કી થાય છે. જો ચાલુ ધંધો ખરીદીને તેના કાયદેસરના માલિક તરીકે તેનું સંચાલન કરે તો પણ કંપનીની નોંધણી પહેલાનો નફો પણ કંપનીની દૃષ્ટિએ જ કરપાત્ર ગણાય.

(7) ધંધાકીય પ્રવૃત્તિની કોઈપણ આવક સામે તે અંગેનો ખર્ચ મજરે મળે છે.

ધંધાકીય પ્રવૃત્તિના કોઈ એક જ વ્યવહાર અંગે વર્ષ દરમિયાન જે કાંઈ ખર્ચા થયા હોય તે બધા તે વ્યવહારની આવક સામે મજરે મળે છે. આ વ્યવહાર પહેલાનાં ખર્ચા હોય તો પણ મજરે મળે છે.

(8) અપેક્ષિત નફો કરપાત્ર ગણાય નહીં.

ધંધાના ભવિષ્યમાં અપેક્ષિત નફા અને આવકવેરો ચૂકવવાની જવાબદારી ઊભી થતી નથી.

(9) ધંધાના સામાન્ય સિદ્ધાંતો અને પ્રણાલિકાઓ મુજબ બધા ખર્ચ બાદ મળે ;

ધંધાનો ખરેખર નફો કે ખોટ ગણતી વખતે વાણિજ્યના સામાન્ય સિદ્ધાંતો ધ્યાનમાં રાખવામાં આવે છે. આવકવેરા કાયદા મુજબ મજરે ન મળી શકે તેનો ખર્ચ પણ તે પ્રકારના વ્યવસાયના સામાન્ય સિદ્ધાંતો મુજબ મજરે મળી શકશે. મૂડી નુકશાન હોય તો તે આ શીર્ષક હેઠળ કપાત તરીકે બાદ ન મળે.

(10) પછીના વર્ષમાં થયેલી ઘાલખાધ વસૂલાત વગેરે કરપાત્ર છે.

અગાઉના હિસાબી વર્ષો દરમિયાન ખર્ચ નુકશાન કે જવાબદારી અંગે જે કપાત બાદ મળી હોય તે પછીથી વસૂલ થાય તો વસૂલાતના વર્ષની કરપાત્ર આવક તરીકે ગણાશે.

(11) બંધ કરેલ ધંધાના ખર્ચા મજરે મળે નહીં.

હિસાબી વર્ષ શરૂ થતાં પહેલા કોઈ ધંધો બંધ કરી દેવામાં આવ્યો હોય તો તેના ખર્ચા બીજા ધંધાની આવક સામે માંડી વાળવાની છૂટ નથી.

(12) કરાર અન્વયે ઊભી થતી જવાબદારી :

આવકવેરા કાયદામાં સ્પષ્ટ રીતે જણાવેલ કપાતો સિવાયની કપાતો પણ બાદ મળી શકે, જો તે કપાત વેપારી હિસાબી પદ્ધતિના સામાન્ય સિદ્ધાંતો પ્રમાણે બાદ મળતી હોય.

(13) ઉછીની લીધેલ મૂડી પર ચૂકવેલ વ્યાજ :

ઉછીની લીધેલ મૂડી પણ ચૂકવેલ વ્યાજ સ્પષ્ટ રીતે મજરે મળે છે. જેની વિગત પેઢીઓની આકારણી અંગેની કલમ-67(3)માં છે. કોઈ ભાગીદારે પેઢીમાં તેના નફાનો હિસ્સો કમાવવાના આશયથી નાણાં ઉછીના લઈને પેઢીમાં મૂડીરોકાણ ક્યું હોય તો તેના હિસ્સાના નફામાંથી તે આ વ્યાજ મજરે મેળવી શકે.

(14) ધંધા માટે આનુષંગિક હોય તે ખોટ માટે :

કાયદાની કલમ-30 થી 43ની જોગવાઈઓ મુજબ ધંધાકીય ખોટ મજરે મળતી નથી. તેમ છતાં જો આ ખોટ મૂડી-ખોટ ન હોય અને ધંધામાં આની ખોટ ધંધા સાથે ફક્ત સંકળાયેલી હોય એ પૂરતું નથી. પરંતુ ધંધા માટે આનુષંગિક હોય તે પણ જરૂરી છે.

ધંધા માટે આનુષંગિક હોય તેવી ખોટના ઉદાહરણ :

(1) ધંધા કે વ્યવસાયના કર્મચારીઓ દ્વારા બેદરકારી કે બેઈમાનીને પરિણામે થતું નુકશાન :

કર્મચારીએ રોકડ વેચાણની કે ઉઘરાણીની રકમ પેઢીમાં જમા ન લીધી હોય, એ જ રીતે કોઈ કર્મચારી પેઢીમાં નાણાંની ઉપાચત કે ચોરી કરે તો તે નુકશાન પણ મૂડી-નુકશાન ન હોવાથી ધંધાની આવક સામે મજરે મળે.

(2) કુદરતી કારણોસર કે યુદ્ધને કારણે કે રસ્તામાં ફેરફારને પરિણામે કે કર્મચારીની બેદરકારી કે કપટને કારણે ધંધાની ચાલુ મિલકતો ને નુકશાન થાય તો તે ધંધાકીય નુકશાન ગણી મજરે મળી શકે.

(3) કર્મચારીઓને એડવાન્સ તરીકે રકમ આપવાને પરિણામે નુકશાન થાય તો તે રકમ પણ ધંધાની આવકમાંથી મજરે મળી શકે. આ પ્રકારની એડવાન્સ રકમ યોગ્ય ધંધાકીય બુદ્ધિમત્તા પ્રમાણે જ આપેલી હોવી જોઈએ.

(15) ગેરકાયદેસર ધંધાની ખોટ :

આવકવેરા કાયદાની જોગવાઈના સંદર્ભમાં ગેરકાયદેસર ધંધાની ખોટ પણ ધંધા કે વ્યવસાયની આવકમાંથી મજરે મળી શકે. જો ગેરકાયદેસર ધંધાની આવક કે તેનો નફો કરપાત્ર ગણાતો હોય તો ગેરકાયદેસર ધંધાની ખોટ મજરે નહીં આપવાની કોઈ સત્તા નથી.

## 4.5 વ્યવસાયના નફા કે લાભના શીર્ષક હેઠળની આવકમાંથી મજરે મળતી રકમ / કપાતો

**1. મકાનનું ભાડું વેરો, વીમો વગેરે :**

(એ) એસેસીએ જો મકાન ભાડે લીધેલ હોય તો ચૂકવેલ ભાડું તેમજ જો તેણે સમારકામ ખર્ચ ભોગવવાનું સ્વીકાર્યું હોય તો ફક્ત મહેસૂલી પ્રકૃતિના સમારકામ અંગે ચૂકવેલી રકમ (બી) જો તે પોતે મકાનનો માલિક હોય તો મકાનના ફક્ત મહેસૂલી પ્રકારના સમારકામ માટે ખર્ચેલી ખરેખર રકમ.

આવા મકાન અંગે સ્થાનિક વેરો, જમીન મહેસૂલ અને વિમા પ્રીમિયમ પણ કપાત તરીકે બાદ મળશે. એસેસી ધંધા માટે ભાડે રાખેલ મકાનનો અંશતઃ પોતાના રહેઠાણ માટે પણ ઉપયોગ કરતો હોય તો માત્ર ધંધાકીય ભાગનું પ્રમાણસર ભાડુ અને પ્રમાણસર મરામત કપાત તરીકે બાદ મળી શકે.

**2. યંત્રો, પ્લાન્ટ કે ફર્નિચરનું સમારકામ, વીમો વગેરે :**

(એ) ધંધો કે વ્યવસાયના હેતુ માટે વપરાતા પ્લાન્ટ અને મશીનરી કે ફર્નિચરના ચાલુ સમારકામ(મહેસૂલી સ્વરૂપનું) અંગે ચૂકવેલ ખરેખર રકમ (બી) તેના નાશ કે નુકશાન સામે લીધેલા વિમા અંગે ચૂકવેલ પ્રીમિયમ (સી) ધંધામાં વપરાતા અને કર ભરનાર શખ્સની માલિકીના મકાન, પ્લાન્ટ અને મશીનરી તેમજ ફર્નિચર પરનો ઘસારો.

**3. ઘસારો :**

એસેસીની પોતાની માલિકીના મકાન, મશીન, પ્લાન્ટ અથવા ફર્નિચરનો ઉપયોગ ધંધા વ્યવસાયમાં કરવામાં આવતો હોય તો આ મિલકતોનો સમાવેશ યોગ્ય દરે કપાત મળે છે.

**4. વૈજ્ઞાનિક સંશોધન અંગેના ખર્ચ :**

(એ) (1) કર ભરનાર શખ્સે તેના ધંધાને લગતા વૈજ્ઞાનિક સંશોધન અંગે કરેલો સંપૂર્ણ મહેસૂલી ખર્ચ આવો મહેસૂલી કે મૂડીખર્ચ ધંધો શરૂ કર્યા પહેલાના ત્રણ વર્ષ દરમિયાન ચૂકાયો હોય તો પણ તે રકમ ધંધાના પ્રથમ પાછલા વર્ષમાં મજરે મળી શકશે.

(2) આ ઉપરાંત ગમે તે ધંધા અંગે સંશોધન કરવા માન્ય વૈજ્ઞાનિક સંશોધન સંસ્થા કે શિક્ષણ સંસ્થાને આપેલ રકમ


(3) પરંતુ જો માન્ય શિક્ષણ સંસ્થાને સામાજિકશાસ્ત્ર કે આંકડાશાસ્ત્રીય સંશોધન અંગે નાણાં આપવામાં આવે અને તે એસેસીના ધંધાને લગતું જ સંશોધન હોય તો તે અંગે 125% લેખે કપાત બાદ મળશે.

**નોંધ :** જમીનની ખરીદી કરી હોય તો તે મૂડીખર્ચની રકમ મજરે મળશે નહીં.

(બી) સંશોધન કરવા માન્ય વૈજ્ઞાનિક સંશોધન સંસ્થા કે શિક્ષણ સંસ્થાને આપેલ રકમ

1. વૈજ્ઞાનિક સંશોધન માટે કોઈ પણ રિસર્ચ એસોસિએશન કે માન્ય શૈક્ષણિક સંસ્થાઓને આપેલ ફાળા અંગે 175% લેખે કપાત બાદ મળશે.
2. ભારતમાં નોંધાયેલી કંપની કે જે આ હેતુ માટે માન્ય ઠરાવેલ હોય તેને વૈજ્ઞાનિક સંશોધન અને વિકાસ માટે આપેલ ફાળા અંગે 125% લેખે કપાત બાદ મળશે.
3. નેશનલ લેબોરેટરીને, યુનિવર્સિટીને, આઈઆઈટીને કે અન્ય કોઈ માન્ય વ્યક્તિને વૈજ્ઞાનિક સંશોધનના હેતુથી આ રકમ અંગે 200% લેખે કપાત બાદ મળશે.
4. બાયો-ટેક્નોલોજી વગેરેના સંશોધન અંગે કંપની દ્વારા પોતે જે મૂકી કે મહેસૂલી ખર્ચ કરવામાં આવ્યો હોય તેના 200% લેખે કપાત બાદ મળે છે. કંપનીનો ધંધો શરૂ કર્યા પહેલા કરેલ ખર્ચ અને મકાન અંગે 100% લેખે કપાત બાદ મળે છે.

   વૈજ્ઞાનિક સંશોધન અંગેનો ખર્ચ (કલમ-35 હેઠળ કપાતને પાત્ર છે.)




5. **પેટન્ટ રાઈટ કે કોપીરાઈટ મેળવવા કરેલ ખર્ચ (કલમ-35એ)**

તા.28/02/1966 પછી પરંતુ 1/04/1998 પહેલા જો એસેસી ધંધાન હેતુ માટે વાપરવા પેટન્ટ હકો કે કોપીરાઈટ મેળવવા મૂડીખર્ચ કરે તો 14 વર્ષ દરમિયાન તે સરખે હિસ્સે ધંધાના નફામાંથી બાદ મળી શકે. જો આ હકની મુદત 14 વર્ષની વહેલી પૂરી થતી હોય તો તેટલા સમયમાં સરખા વાર્ષિક હપ્તામાં માંડી વાળવાની રહે છે. પેટન્ટ કે કોપીરાઈટના વેચાણનો નફો ધંધાની આવક ગણાય. પાછલા વર્ષ 2016-17ના સંદર્ભમાં આ જોગવાઈની 14 વર્ષની મુદ્દત પૂરી થઈ હોવાથી અપ્રસ્તુત ગણાશે.

તા. 01/04/1998 કે ત્યાર પછી મેળવેલ પેટન્ટ રાઈટ કે કોપીરાઈટના ખર્ચ અંગે ઘસારો મજરે મળે છે.

6. **કૌશલ્ય પ્રાપ્તિ અંગેનો ખર્ચ (કલમ-35 એ.બી.)**

તા. 31/03/1998 પછી થયેલ ખર્ચ અંગેના કલમ હેઠળ કપાત બાદ મળશે નહીં. આ અંગે કલમ 32 હેઠળ કપાત બાદ મળશે.

7. **ટૅલિકોમ્યુનિકેશન સેવાઓ માટે સ્પેક્ટ્રમની ખરીદીનો ખર્ચ :**

આ અંગે કપાત નીચેની શરતોને આધિન બાદ મળશે.

1. આવો ખર્ચ મૂડી સ્વરૂપનો હોવો જોઈએ.
2. આવો ખર્ચ ધંધો શરૂ કર્યા પહેલા કે ત્યાર બાદ ગમે ત્યારે થયો હોવો જોઈએ.
3. આવો ખર્ચ ટૅલિકોમ્યુનિકેશન સેવાઓના ઉપયોગ મળશે. હક પ્રાપ્ત કરવા માટે થયો હોવો જોઈએ.
4. આવો ખર્ચ ખરેખર ચૂકવેલ હોવો જોઈએ.

સ્પેક્ટ્રમનો હક મેળવવા માટે કરેલ ખર્ચ જેટલા વર્ષ માટે હક મેળવ્યો હોય તેના આધારે પ્રમાણસર રકમ કપાત તરીકે બાદ થશે.

8. **ટૅલિકોમ લાઈસન્સ ફીની માંડવાળ(કલમ-35 એબીબી)**

આ અંગેની કપાત મેળવવા માટે નીચેની શરતો નક્કી કરવામાં આવી છે.

(1) આવો ખર્ચ મૂડી ખર્ચ હોવો જોઈએ.

(2) આવો ખર્ચ ધંધો શરૂ કર્યા પહેલાં અથવા ત્યાર પછી ગમે ત્યારે થયેલ હોવો જોઈએ.

(3) આવો ખર્ચ ટૅલિકોમ્યુનિકેશન સેવાઓ આપવા માટેના કોઈપણ હક્ક મેળવવા માટે થયો હોવો જોઈએ.

(4) આવો ખરેખર થયેલ ખર્ચ લાઈસન્સ મેળવવા માટે થયો હોય તે જરૂરી રે.

જો ધંધો શરૂ કર્યા પહેલાના સમયમાં આવો ખર્ચ થયો હોય તો જે વર્ષના ચૂકવણી કરી હોય તે વર્ષની અને ધંધો શરૂ કર્યા પછી ચૂકવણી કરી હોય તો તે વર્ષથી શરૂ કરીને લાઈસન્સની મુદત પૂરી થવાના વર્ષ સુધી સરખા વાર્ષિક હપ્તામાં આ અંગેની કપાત બાદ મળે છે.

**9. અમુક પ્રાથમિક ખર્ચની માંડવાળ (કલમ 35 ડી)**

જો કોઈ એસેસી ભારતીય કંપની કે સામાન્ય રહીશ હોય તો તેણે તા.31/03/1970 પછી ચૂકવેલ પ્રાથમિક ખર્ચ મજરે મળે.

(1) ધંધો શરૂ થતાં પહેલાના પ્રાથમિક ખર્ચા.

(2) ધંધો શરૂ થયા પછી વિસ્તાર માટે નવા ઔદ્યોગિક એકમની સ્થાપના માટેના પ્રાથમિક ખર્ચા આ પ્રકારના પ્રાથમિક ખર્ચા પ્રોજેક્ટની પડતર કિંમતના 5% સુધી જે આ હેતુ માટે માન્ય ગણાય છે. તા.31/3/1998 સુધીમાં પૂરા થયેલ પ્રોજેક્ટની રકમ 10 વાર્ષિક હપ્તામાં અને ત્યાર પછી થયેલ પ્રાથમિક ખર્ચની રકમ 5 વર્ષ દરમિયાન સરખા વાર્ષિક હપ્તામાં માંડી વાળવામાં આવશે.

**10. સ્ટોર કે સ્ટોકના વિમાનું પ્રીમિયન (કલમ-36) :**

ધંધામાં વપરાતા સ્ટોર અને સ્ટોકના નાશ કે નુકશાન સામે લીધેલા વિમાનું વીમા પ્રીમિયમ.

**11. કર્મચારીઓ અંગેના ખર્ચ : (કલમ-36(1)(2)) :-**

1. કર્મચારીઓને તેમની સેવા બદલ આપેલું કમિશન કે બોનસ.
2. માન્ય પ્રોવિડન્ડ ફંડ કે નિવૃત્તિ ફંડમાં માલિકે આપેલ ફાળાની રકમ.
3. ફક્ત પોતાના કર્મચારીઓના લાભાર્થે સ્થપાયેલ માન્ય ગ્રેચ્યુઈટી ફંડમાં માલિકે આપેલ ફાળાની રકમ.

**12. ધંધા માટે ઉછીની લીધેલી મૂડી પર વ્યાજ : (કલમ 36(1)(3)) :**

આ માટે બે શરતોનું પાલન થવું જોઈએ (1) મૂડી ખરેખર ઉછીની લીધેલ હોવી જોઈએ (2) તેના પર વ્યાજ ખરેખર ચૂકવેલું હોવું જોઈએ.

**13. ઝીરો(શૂન્ય) કૂપન બોન્ડ અંગે વટાવ :**

આવા બોન્ડ માળખાકીય સગવડો પૂરી પાડતી કંપની કે ફંડ દ્વારા કે પબ્લિક સેક્ટર કંપની દ્વારા બહાર પાડવામાં આવ્યા હોય. બોન્ડની ઈસ્યુ પ્રાઈઝ અને પાક્યા તારીખે ચૂકવવા પાત્ર રકમનો તફાવત(વટાવ) પ્રમાણસર ધોરણે બોન્ડની કુલ મુદત દરમિયાન માંડી વાળવામાં આવશે.

**14. ઢોર અંગે નુકશાન : (કલમ-36(1)(1)) :**

ધંધાના ઉપયોગમાં આવતા ઢોર જે મરી ગયા હોય અથવા નકામા થઈ ગયા હોય તેના વેચાણ પર ગયેલ ખોટ.

**15. ઘાલખાધની રકમ : (કલમ-36(1)(7)) :**

આ રકમ કર ભરનાર શખ્સે પાછલા વર્ષમાં લખી વાળેલી હોવી જોઈએ. આગલા વર્ષમાં લખી વાળેલી ઘાલખાધ પેટે કોઈ રકમ પરત મળે તો તે પાછલા વર્ષની આવકમાં ઉમેરાય છે.

આવી ઘાલખાધ મજરે લેવા માટેની શરતો નીચે મુજબ પ્રમાણે છે.

(1) આ લેણું એસેસીના ધંધા કે વ્યવસાય સાથે આનુષંગિક હોય તે જરૂરી છે.

(2) ઘાલખાધની આ રકમ ધંધાના લેણાં તરીકે અસ્તિત્ત્વમાં હોવી જોઈએ.

(3) પાછલા વર્ષની કે અગાઉના વર્ષની આવકની ગણતરીમાં તે લેણું ધ્યાનમાં લીધેલું હોવું જોઈએ.

(4) જે વર્ષમાં આ લેણું વસૂલ થઈ શકે એમ નથી એવું નક્કી થયું હોય તે પાછલા વર્ષમાં જ તે કપાત તરીકે બાદ મળે.

(5) જો પછીના કોઈ વર્ષમાં આ રીતે માંડી વાળેલ રકમ કે તેનો કોઈ ભાગ વસૂલ થાય તો તે વસૂલાતના વર્ષની આવક ગણાશે.

**16. કુટુંબ નિયોજનના પ્રચારના હેતુથી કરેલ ખર્ચ : (કલમ-36(1) IX)**

પોતાના કર્મચારીઓ માટે કંપની કુટુંબ નિયોજનના પ્રચાર અંગે કરેલ ખર્ચ જો મહેસૂલી સ્વરૂપનો હોય તો પૂરેપૂરો બાદ મળે. જો મૂડી સ્વરૂપનો ખર્ચ હોય તો પાંચ વર્ષ વચ્ચે સરખા ભાગે માંડી વાળવાની છૂટ મળે છે.

**17. અન્ય ખર્ચ(કલમ-37) :-**

ઉપર જણાવેલ શીર્ષક હેઠળ નહીં આવતા તેમજ તમામ ખર્ચ જે વ્યવસાય ચલાવવા માટે કરવામાં આવ્યા હોય અને મહેસૂલી સ્વરૂપના હોય તો મજરે મળે છે.

**જાહેરાત ખર્ચ :-** જાહેરાત, પ્રસિદ્ધ અને વેચાણ અંગેનો પૂરેપૂરો ખર્ચ મજરે મળી શકે. કલમ(37)(1)ની જોગવાઈ મુજબ ફક્ત ધંધા કે વ્યવસાય માટે થયેલ જાહેરાત ખર્ચ ધંધા કે વ્યવસાયની આવક સામે મજરે મળવાપાત્ર છે.

રાજકીય પક્ષો દ્વારા પ્રકાશિત પત્ર-પત્રિકાઓમાં આપેલ જાહેરાતનો ખર્ચ મજરે મળે નહીં. તેમજ ગુનાહિત હેતુ માટે કરેલ જાહેરાત ખર્ચ ધંધાની આવક સામે મજરે મળશે નહીં.

**18.** સિક્યુરિટી ટ્રાન્ઝેક્શન ટૅક્સ અંગે ચૂકવેલ રકમ ધંધા કે વ્યવસાયની આવક સામે માંડી વાળવામાં આવશે પરંતુ એ અંગે એવી શરત છે કે સિક્યુરિટી ટ્રાન્ઝેક્શનમાં ઉદ્ભવતો નફો આ શીર્ષક હેઠળની આવકમાં દર્શાવેલ હોય.

**19.** કોમોડિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ અંગે પણ ઉપર જણાવ્યાં જેવી જ જોગવાઈ કરવામાં આવી છે.

**20.** મુસાફરી ખર્ચ : ધંધાકીય હેતુ માટે થયેલ જોગવાઈ મુજબ મુસાફરી ખર્ચ પણ મજરે મળશે.

## 4.6 સામાન્યતઃ મજરે મળતી કપાતો

અન્ય કોઈપણ ધંધાકીય ખર્ચ કે જેનો કલમ 30થી 36માં સમાવેશ ન થયો હોય કે જે સંપૂર્ણપણે ધંધા કે વ્યવસાય ચલાવવા માટે જ કરવામાં આવ્યો હોય અને જે ધંધો કે વ્યવસાયની આવકમાંથી મજરે મળી શકે તેના ઉદાહરણો નીચે આપેલ છે.

**શરતો :-**

(1) આવો ખર્ચ ફક્ત ધંધા કે વ્યવસાય ચલાવવાના હેતુથી થયો હોવો જોઈએ.

(2) આવો ખર્ચ એસેસી દ્વારા ચલાવાતા ધંધા માટે થયો હોવો જોઈએ.

(3) આવો ખર્ચ મહેસૂલી પ્રકૃત્તિનો(નહિ કે મૂડી ખર્ચ) હોવો જોઈએ.

(4) આવો ખર્ચ એસેસીનો અંગત ખર્ચ ન હોવો જોઈએ. (દા.ત. માલિકની જિંદગીના વિમાનું પ્રીમિયમ)

(5) આવો ખર્ચ કોઈ ગેરકાયદેસર ધંધા માટે ન થયો હોવો જોઈએ.

(6) આવો ખર્ચ પાછલા વર્ષ દરમિયાન થયો હોવો જોઈએ.

1. માલની ખરીદી, ઉત્પાદન અને વેચાણ અંગે કરેલ ખર્ચ,
2. જે ખર્ચનો કલમ 30 થી 36 સુધીની જોગવાઈઓમાં સમાવેશ થતો નથી એવો રોજ-બરોજનો ધંધો ચલાવવાનો સમન્વય ખર્ચ.
3. ધંધાકીય હેતુઓ માટે કરેલ જાહેરાત ખર્ચ
4. કોઈ કંપની દ્વારા કંપનીના વિસર્જન માટેના દાવા સામે કંપનીનું અસ્તિત્ત્વ ટકાવી રાખવા માટે થયેલ કાનૂની ખર્ચ
5. ધંધાની મૂડી મિલકતોનો સ્વામિત્ત્વ હક સુરક્ષિત રાખવા માટે થયેલ ખર્ચ.

6. વેચાણવેરાની રકમ અને વેચાણવેરાના દાવા તથા અપીલ અંગેનો ખર્ચ
7. ધંધો ચલાવવામાં બેદરકારીને પરિણામે ચૂકવવું પડતું વળતર
8. ધંધાકીય કરાર રદ્દ કરવાને પરિણામે ચૂકવવું પડતું વળતર
9. ધંધાને નુકશાનકર્તા હોય તેવા કર્મચારીને નોકરીમાંથી છૂટા કરવાને પરિણામે કે કંપનીના સંચાલકને છૂટા કરવાને પરિણામે ચૂકવવું પડતું વળતર.
10. ધંધાકીય દૃષ્ટિએ યોગ્ય હોય તો મેનેજિંગ ડિરેક્ટરોની સેવાઓનો વહેલો અંત લાવવાને પરિણામે ચૂકવવું પડતું વળતર.
11. ફરજ ઉપર હોય તે સમય દરમિયાન કર્મચારીને થયેલી ઈજા કે અકસ્માત અંગે ચૂકવેલ વળતર.
12. સિવિલ કોર્ટમાં થયેલ કાનૂની ખર્ચ, રજિસ્ટ્રાર ઓફ કંપનીઝમાં ચૂકવેલ રકમ, પેનલ્ટી, ડેમેજીસ વગેરે અંગે ચૂકવેલ રકમ.
13. નફાના નુકશાન સામે લીધેલા વિમાનું પ્રીમિયમ અને કર્મચારી રાજ્ય વિમા યોજના હેઠળ ચૂકવેલ પ્રીમિયમ કે કર્મચારીઓના અકસ્માત વગેરે અંગે ચૂકવેલ પ્રીમિયમ.
14. કર્મચારીઓને આપેલ પેન્શન કે ગ્રેચ્યુઈટી
15. કર્મચારીઓની સુખાકારી માટેનો મહેસૂલી ખર્ચ
16. ધંધો મેળવવા માટે ચૂકવેલ કમિશન કે દલાલી
17. ધંધા કે વ્યવસાયના હિત માટે કોઈ વેપારી મંડળને આપેલ લવાજમ તથા ફરજિયાત ચૂકવવુ પડે તેવું લવાજમ.
18. દિવાળી કે અન્ય શુભ પ્રસંગે આપેલ ભેટ કે અન્ય ખર્ચા બાદ મળી શકે.
19. ડિબેન્ચર બહાર પાડવાનો કે લૉન મેળવવા અંગેનો ખર્ચ
20. પેટન્ટસ કે કોપીરાઈટ અંગે આપેલી રોયલ્ટી
21. જો ધંધા કે વ્યવસાય શરૂ થઈ ગયેલ હોય તો જ ધંધાકીય મિલકતની બાકી રકમ પરનું વ્યાજ
22. ઓડિટ અને હિસાબી ખર્ચની રકમ
23. એપ્રેન્ટિસ એક્ટ, 1961ની જોગવાઈ મુજબ પ્રાથમિક પ્રશિક્ષણ અંગેનો રિકરિંગ પ્રકૃતિનો ખર્ચ
24. વ્યવસાયવેરો બેકિંગ ટ્રાન્ઝેક્શન ટેક્સ અને સિક્યુરિટી ટ્રાન્ઝેક્શન ટેક્સ
25. તમારો ટેલિફોન વસાવો યોજના હેઠળ કે તત્કાલ ડિપોઝિટ યોજના હેઠળ મૂકેલ ડિપોઝીટની બધી રકમ. કોઈપણ કારણસર ટેલિફોનનું જોડાણ ન મળે અને ડિપોઝિટ પરત મળે તો તે રકમ ધંધાની કરપાત્ર આવક ગણાશે.
26. વહીવટી ખર્ચ દા.ત. પગાર પોસ્ટેજ, સ્ટેશનરી વગેરે.
27. ઉદ્‌ઘાટન પ્રસંગે કે અન્ય કોઈ વિશિષ્ટ પ્રસંગે થયેલ ખર્ચ(આવકવેરા અધિકારીને સંતોષ થાય તો જ)
28. સૌ પ્રથમ વખત ફ્લોરોસેન્ટ લાઈટિંગ અંગેનો ખર્ચ મૂડી ખર્ચ છે. પરંતુ તે અંગેના પછીના તમામ ખર્ચા મહેસૂલી ખર્ચ ગણીને કપાત તરીકે મજરે મળશે.

    જો કોઈ એસેસીએ મજરે મળવાપાત્ર કોઈ પણ કુલ રુ. 25,000/- થી વધુ ખર્ચની એક જ દિવસમાં એક જ વ્યક્તિને એકાઉન્ટ પેઈ ચેક/બેંક ડ્રાફ્ટ સિવાય ચૂકવણી કરી હોય તો આવી સંપૂર્ણ ચૂકવણી ધંધાની આવક સામે ખર્ચ તરીકે મજરે મળશે નહીં.

## 4.7 ઘસારો (કલમ-૩૨)

ઘસારો એટલે ઉપયોગને કારણે કે સમયના વહેવા સાથે મિલકતની કિંમતમાં થતો ઘટાડો. ધંધો

કે વ્યવસાયના ઉપયોગમાં આવતી મિલકતો ઉપર ઘસારાની રકમ મજરે આપવામાં આવે છે. આવી અદશ્ય મિલકતો પર 25%ના દરે ઘસારો મજરે મળે છે.

**1. કલમ 32(1) મુજબ ઘસારાની રકમ :**

(1) દશ્ય મિલકતો : મકાન, પ્લાન્ટ અને યંત્રો તથા ફર્નિચર પર

(2) અદશ્ય મિલકતો : કૌશલ્ય, પેટન્ટસ, કોપી રાઈટ્સ, ટ્રેડમાર્કસ, લાઈસન્સ, ફેન્ચાઈઝ કે એવો અન્ય કોઈ પણ ધંધા કે વ્યવસાયને લગતો હક્ક જેવી અદશ્ય મિલકતો પર 25%ના દરે ઘસારો મજરે મળે છે.

**2. ઘસારો મજરે મેળવવા માટેની શરતો :**

(1) એસેસી તે મિલકતનો માલિક હોવો જોઈએ.

(2) મિલકતનો ધંધા-વ્યવસાય માટે ઉપયોગ થયો હોવો જોઈએ.

(1) એસેસી તે મિલકતનો માલિક હોવો જોઈએ.

જો કોઈ એસેસી પોતાના ધંધા કે વ્યવસાય માટે કોઈ મકાન પેટે રાખે તો તે મિલકત અંગે 31/3/1990 પછી થયેલ મૂડી ખર્ચ (સમારકામ ખર્ચ) અંગે ઘસારો મેળવવાનો થાય છે. આ ઉપરાંત એસેસીની અંશતઃ માલિકી હકવાળી મિલકતો અંગે પણ ઘસારો મજરે મળશે.

(2) મિલકતનો ધંધો/વ્યવસાય માટે ઉપયોગ થયો હોવો જોઈએ.

જે ધંધા કે વ્યવસાયનો નફો આવકવેરાને પાત્ર છે. એવા ધંધા કે વ્યવસાય માટે જ આવી મિલકતોનો પાછલા વર્ષ દરમિયાન કે પાછલા વર્ષના અમુક સમય દરમિયાન ઉપયોગ થયો હોવો જોઈએ. પાછલા વર્ષ દરમિયાન મેળવેલી મિલકતનો ધંધા માટે ઉપયોગ થઈ શકે એવો સમય 180 દિવસથી ઓછો થતો હોય તો નિયત દર કરતાં અડધા દરે ઘસારો મજરે મળશે.

**3. કલમ-43(6)માં જણાવ્યા પ્રમાણે ઘટતી જતી બાકીની પદ્ધતિએ ગણેલ કિંમતનો અર્થ :-**

(1) અગાઉના પાછલાં વર્ષો દરમિયાન ખરીદેલી કે પ્રાપ્ત કરેલી મિલકતોની ખરેખર પડતર કિંમત બાદ તે મિલકત અંગે આવકવેરામાંથી ખરેખર મજરે મળેલ કુલ ઘસારો આકારણી વર્ષ 2017-18માં સંદર્ભમાં તા.1/4/2016 ના રોજની ઘસારા બાદ કિંમત નક્કી કરવી. આ જોગવાઈ દર્શાવે છે કે આવકવેરાના હેતુ માટે ઘસારો ફક્ત ઘરની જતી બાકીની રીતે જ માંડી વાળી શકાય. સીધી લીટીની પદ્ધતિ પ્રમાણે નહીં. પરંતુ આકારણી વર્ષ 1998-99 થી જે કંપનીઓ પાવર(વીજળી)નું ઉત્પાદન અને વિતરણ કરવા સ્થપાયેલ હોય તેમને સીધી લીટીની પદ્ધતિથી ઘસારો માંડી વાળવાની છૂટ છે. પાછલા વર્ષ દરમિયાન મેળવવી અને ધંધા કે વ્યવસાય માટે ઉપયોગમાં મુકેલી મિલકતોનો 180 દિવસથી ઓછા સમય માટે ઉપયોગ થયો હોય તો ઘસારાના માન્ય દરના 50% લેખે ઘસારો મજરે મળશે.

(2) એસેસીએ પાછલા વર્ષ દરમિયાન ખરીદેલ મિલકતોની ખરેખર પડતર ઉમેરાશે અને પાછલા વર્ષ દરમિયાન વેચેલ, કાઢી નાખેલ કે નાશ પામેલ મિલકત અંગે વસૂલ થયેલી રકમ બાદ થશે અને ત્યાર પછી જે રકમ વધે તે આ.વ. 2017-18નો ઘસારો ગણવાના હેતુથી મિલકતોના બ્લોકની ઘસારા-બાદ કિંમત ગણાય.

- એસેસીએ તેની કુલ આવકની ગણતરી વખતે ઘસારો મજરે ન માગ્યો હોય તો પણ આવકવેરા અધિકારીએ માન્ય ઘસારો બાદ આપવાનો રહેશે.

- અમુક સંજોગોમાં મિલકતો પર વધારાનો ઘસારો પણ બાદ મળશે. આ માટેની શરતો નીચે પ્રમાણે છે.

1) એસેસી તેના ધંધામાં કોઈ વસ્તુનું ઉત્પાદન કરતા હોય અથવા વિદ્યુતના ઉત્પાદન કે વિતરણના કામ સાથે સંકળાયેલ હોય.

2) એસેસીએ તા. 31/3/2005 પછી નવા પ્લાન્ટ અને યંત્રો ખરીદીને ગોઠવ્યાં હોય.

3) આવા પ્લાન્ટ અને યંત્રો વહાણ/વિમાનના ઉત્પાદન માટે ન હોવા જોઈએ. અન્ય કોઈ વ્યક્તિ દ્વારા તેનો અગાઉ ઉપયોગ ન થયો હોવો જોઈએ. આવા પ્લાન્ટ-તંત્રોની કારખાનામાં જ ગોઠવણી થઈ હોવી જોઈએ. આવા પ્લાન્ટ યંત્રો ચાના છોડ કે ઢોરઢાખર ઑફિસના સાધનો કે ટ્રાન્સપોર્ટના સાધનોના સ્વરૂપના ન હોવા જોઈએ અને આવા પ્લાન્ટ અને યંત્રો પર 100% ના દરે ઘસારો મળતો હોવો ન જોઈએ.

4) એસેસી એ તે અંગે નિયત ફોર્મમાં ચાર્ટડ એકાઉન્ટન્ટના પ્રમાણપત્ર સાથે વિગતો રજૂ કરેલી હોય.

વધારાના ઘસારાનો દર : મૂળ પડતરના 20%

(જો 180 દિવસથી ઓછા સમય માટે ઉપયોગ થયો હોય તો ઘસારાનો દર મૂળ પડતરના 10% ગણાશે.)

**4. ઘસારાની ગણતરી માટે નીચેની વિગતો ધ્યાનમાં રાખવી :-**

**(1) મિલકતોનો સમૂહ:-**

કલમ-2(11) મુજબ સમાન પ્રકારની મિલકતો જેવી કે મકાન ફર્નિચર, પ્લાન્ટ કે યંત્રો અંગે ઘસારાનો સમાન દર લાગુ થાય છે. મકાન શબ્દમાં જમીનનો સમાવેશ થતો નથી. પ્લાન્ટમાં વહાણ, પુસ્તકો, વાહનો, વૈજ્ઞાનિક સાધનો તેમજ દાક્તરી વાઢકાપના સાધનોનો સમાવેશ થાય છે. ઘસારાને પાત્ર મિલકતોને ચાર ભાગમાં વહેંચવામાં આવી છે.

(1) મકાન, (2) પ્લાન્ટ અને યંત્રો (3) ફર્નિચર (4) અદશ્ય મિલકતો (1/4/1998 કે ત્યાર પછી મેળવેલ હોય ને જ)

**(2) મિલકતોની મૂળ પડતર :-**

એસેસીની દષ્ટિએ મૂળકિંમતમાં એવો પ્રમાણસર ભાગ બાદ થઈ શકે કે જેની પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ચૂકવણી અન્ય વ્યક્તિ કે સંસ્થા દ્વારા થઈ છે. પ્લાન્ટ અને યંત્રોની ખરીદી અને ગોઠવણી માટે ધંધો શરૂ કર્યા પહેલા ઉછીની લીધેલી મૂડીનું વ્યાજ પણ મિલકતની મૂળ કિંમતમાં ઉમેરાય છે. અમે તે અંગે ઘસારો તથા રોકાણ ભથ્થું મજરે મળે છે. એક રીતે મિલકત વેચનારને બેંક પાસેથી ગેરંટી અપાવવા બદલે બેન્કને ચૂકવેલ કમિશન પણ ‘મૂળ કિંમત’માં ઉમેરાય છે.

મિલકતની મૂળ પડતર નીચે પ્રમાણે ગણાશે.

| | |
|---|---|
| મિલકતની મૂળ પડતર = | રૂ. |
| મિલકતની કુલ ખરીદ કિંમત કે પડતર | ✓ |
| (બાદ) મિલકતની ખરીદી કે બાંધકામ માટે જ મળેલ સહાય<br>— | ✓ |
| | × × |
| (ઉમેરો) +<br>(એ) મિલકતની ખરીદી કે બાંધકામ માટે લીધેલી લોનનું ઉત્પાદન શરૂ થયા તારીખ સુધીનું વ્યાજ<br>(બી) મિલકતની પ્રાપ્તિ માટે થયેલ ખર્ચા દા.ત. લારીભાડું, વીમો વગેરે.<br>(સી) મિલકતની સ્થાપના માટે થયેલ ખર્ચા દા.ત. પ્લેટફોર્મનો ખર્ચ, ટેક્નિકલ ફી વગેરે. | ✓<br>✓<br>✓ |
| મિલકતની મૂળ પડતર | × × |

**(3) મિલકતની ઘસારા બાદ કિંમત :-**

કોઈ પણ મિલકત સમૂહની ઘસારા બાદ કિંમત એટલે કે તે પાછલા વર્ષની શરૂઆતની ઘસારા બાદ કિંમત. આ રકમમાં પાછલા વર્ષ દરમિયાન ખરીદેલ મિલકતની પડતર ઉમેરાશે અને પાછલા વર્ષ દરમિયાન વેચેલ કે નાશ પામેલ મિલકત અંગે ભંગાર સહિતની ઊપજ બાદ થશે.

પરંતુ આવી બાદ કરવાની રકમ વર્ષની શરૂઆતની ઘસારા બાદ કિંમત + વર્ષ દરમિયાન ખરીદેલ મિલકતની મૂળ કિંમત + વેચેલ મિલકત અંગે ચૂકવેલ કાનૂની ખર્ચ વગેરેની કુલ રકમ કરતાં વધવી જોઈએ નહીં.

**5. ઘસારા અંગે મહત્ત્વની જોગવાઈઓ :-**

કલમ-32 હેઠળ ઘસારા અંગેની જોગવાઈ નીચે મુજબ છે.

(એ) એસેસીની સંપૂર્ણ કે અંશતઃ માલિકીની દશ્ય મિલકતો જેવી કે મશીનરી, પ્લાન્ટ, ફર્નિચર કે મકાન તેમજ અદશ્ય મિલકતો જેવી કે પેટન્ટસ વગેરે અંગે ફક્ત ઘટતી જતી બાકીની રીતે ઘસારો મજરે મળે છે.

(બી) આવી દરેક મિલકતોના સમૂહ અંગે સમાન દરે ઘસારો મજરે મળે છે.

(4) જે વર્ષમાં મિલકતનું વેચાણ કરવામાં આવે તે વર્ષ માટે ઘસારો ગણતા પહેલા તે મિલકત સમૂહની વર્ષની શરૂઆતની ચોપડે કિંમતમાંથી વેચાણની ઉપજ (ભંગારની ઉપજ સહિત) બાદ કરવામાં આવે છે. પરંતુ બાદ કરવાની આવી રકમ તે મિલકત સમૂહની ચોપડે કિંમત કરતાં વધુ હોય તો તે વધારો મૂડીનફાના શીર્ષક હેઠળ ટૂંકાગાળાના મૂડીનફા તરીકે દર્શાવવામાં આવશે અને કલમ-50ની નવી જોગવાઈ હેઠળ આવા મૂડીનફામાંથી કોઈ કપાત બાદ મળશે નહીં.

**6. કલમ-50ની મહત્ત્વની જોગવાઈ :-**

આ જોગવાઈ મુજબ કોઈ પણ મિલકત સમૂહ પેઢીની એક અથવા વધુ મિલકતો પાછલા વર્ષ દરમિયાન વેચી દેવામાં આવે તો તે અંગે નીચે મુજબ ગણતરી કરવી.

| | |
|---|---|
| પાછલા વર્ષની શરૂઆતની ઘસારા બાદ કિંમત | રુ. |
| +ઉમેરો : પાછલા વર્ષ દરમિયાન ખરીદેલ મિલકતની મુળ કિમત | ✓ |
| +ઉમેરો : વર્ષ દરમિયાન વેચેલ મિલકત અંગે થયેલ ખર્ચ | ✓ |
| - બાદ : પાછલા વર્ષ દરમિયાન વેચેલ મિલકતની કુલ ઉપજ | ✓ |
| = પાછલા વર્ષ માટે મિલકતોની ઘસારા બાદ કિંમત | × × |
| - બાદ : ઉપરોક્ત ઘસારા બાદ કિંમત પર નક્કી કરેલ દરે ઘસારો | ✓ |
| પાછલા વર્ષની અસર તારીખે ઘસારા બાદ કિંમત | × × |

**7. ઘસારાના દર :**

આકારણી વર્ષ 2017-18 માટે કેટલીક મિલકતોના ઘસારાના દર નીચે પ્રમાણે છે.

1. **મકાન :** મુખ્યત્ત્વે રહેઠાણ માટે વપરાતા મકાન અંગે 5% રહેઠાણ માટે નહીં વપરાતા મકાન અંગે 10% હંગામી પ્રકારનું બાંધકામ હોય તો 100%
2. **ફર્નિચર અને ફિટિંગ્સ :** ફર્નિચર વગેરે અંગે (ઈલેક્ટ્રિક ફિટિંગ્સ સહિત) 10%

3. **યંત્રો અને પ્લાન્ટ :** આ અંગે સામાન્ય દર 15% નો છે અને અમુક ઉદ્યોગો અને યંત્રો માટે 30%, 40% કે 50% નો છે. પ્રદુષણ નિવારણ માટેના પ્લાન્ટ યંત્રો અંગે 100%ના દરે, કમ્પ્યુટર્સ અને તેના સોફ્ટવેર પર 60% ના દરે, ફ્લોર મિલ, આયર્ન ઍન્ડ સ્ટીલ ઉદ્યોગ, એનર્જી સેવિંગ ડિવાઈસીસ વગેરેમાં 80%ના દરે અને રિફિલ તરીકે વપરાશમાં આવતા કાચ અને પ્લાસ્ટિકના સાધનો અંગે 50%ના દરે ઘસારો મજરે મળશે.

4. **દરિયામાં તરતા વહાણ અંગે :** 20% ના દરે

5. **અદશ્ય મિલકતો :** કૌશલ્ય, પેટન્ટસ વગેરે અંગે ઘસારાનો દર 25%નો છે.

**ઉદાહરણ-1 :**

શ્રીમતી પ્રાથનાના ધંધાનું હિસાબી વર્ષ 2016-17 નું વર્ષ છે. તા.1/4/2016 ના રોજ તેમની માલિકીના પાંચ યંત્રો પૈકી 30% ના દરે ઘસારો મજરે મળે એવા ત્રણ યંત્રોની ચોપડે કિંમત રુ. 4,50,000/- થાય છે. જ્યારે 15%ના દરે ઘસારો મજરે મળે એવા બે યંત્રોની ચોપડે કિંમત રુ. 4,80,000/- થાય છે.

તા. 30/4/2016 ના રોજ રુ. 2,50,000માં ખરીદેલ યંત્ર પર 30%ના દરે ઘસારો મજરે મળવાપાત્ર છે. 30%ના દરે ઘસારો બાદ મળી શકે એવું એક જૂનુ યંત્ર 1/7/2016 ના રોજ રુ. 2,10,000/-માં વેચી દેવામાં આવ્યું હોય તો આ.વ. 2017-18 માટે બંને યંત્ર-સમૂહો માટે કુલ મજરે મળવાપાત્ર ઘસારાની ગણતરી કરો.

જવાબ : આ.વ. 2017-18 માટે મજરે મળવાપાત્ર ઘસારાની ગણતરીનું પત્રક

| | |
|---|---|
| (I) તા.01/04/2016 ના રોજ પ્રથમ યંત્ર સમૂહ (જેમાં 30% ના દરે ઘસારો મજરે મળી શકે એવા 3 યંત્રો છે.) ની ઘસારા બાદ કિંમત | 4,50,000 |
| +ઉમેરો : તા. 30/04/2016 ના રોજ ખરીદેલ યંત્રની મૂળ કિંમત | 2,50,000 |
| | 7,00,000 |
| બાદ : તા. 01/07/2016 ના રોજ વેચેલ યંત્રની ઉપજ | 2,10,000 |
| પાછલા વર્ષ માટે ઘસારાની ગણતરી માટેનો આધાર | 4,90,000 |
| બાદ : પા. વર્ષ 2016-17 નો ઘસારો (4,90,000 ઠ 30%) | 1,47,000 |
| | 3,47,000 |
| (II) તા. 1/4/2016 ના રોજ દ્વિતીય યંત્ર સમૂહ (જેમાં 15% ના દરે ઘસારો મજરે મળી શકે એવા 2 યંત્રો છે.) ની ઘસારા બાદ કિંમત | 4,80,000 |
| બાદ : આ. વ. 2016-17 નો ઘસારો (9,60,000 ઠ 15%) | 72,000 |
| તા. 31/3/2007ની ઘસારા બાદ કિંમત (3,47,000 + 72,000) | 2,19,000 |

**ઉદાહરણ-2 :** મેસર્સ લક્ષ્મી ટ્રેડર્સની માલિકીના બે મકાનોની તા. 1/04/2016 ના રોજની ચોપડે કિંમત 7,50,000 છે. આ બંને મકાનો અંગે મજરે મળવાપાત્ર ઘસારાનો દર 10% છે. તા. 31/12/2016 ના આ પૈકીનું એક મકાન રુ. 15,00,000માં વેચી દેવામાં આવ્યું હતું અને તે પહેલા તા. 1/06/2016 માં રોજ રુ. 6,25,000 ની કિંમતનું (10% ના દરે ઘસારો મજરે મળી શકે તેવું) બીજુ મકાન ખરીદ્યું હતું.

આ.વ. 2017-18 માટે મજરે મળવાપાત્ર ઘસારા અંગે શું પરિસ્થિતિ છે ? તે જણાવો.

**જવાબ :** મજરે મળવાપાત્ર ઘસારાની ગણતરી :

પા.વ. 2016-17 આકારણી વર્ષ 2017-18

| વિગત | રકમ રુ. |
|---|---|
| તા. 1/4/2016 ના રોજ બે મકાનોની ઘસારા બાદ કિંમત | 7,50,000 |
| + ઉમેરો : 1/6/2016 ના રોજ ખરીદેલ મકાનની મૂળ કિંમત | 6,25,000 |
| | 13,75,000 |
| બાદ : જૂના મકાનની 31/12/2016 ના રોજ વેચાણ કિંમત રુ. 13,75,000 થી વધુ છે. તેથી તે પૈકી ફક્ત રુ. 13,75,000 જ બાદ મળશે. | 13,75,000 |
| તા. 31/3/2017 ના રોજ પૂરા થતા વર્ષ માટે ઘસારા બાદ કિંમત | |
| નોંધ : ઘસારા બાદ કિંમત શૂન્ય છે. તેથી આ મિલકત સમૂહ અંગે 2016-17 ના પાછલા વર્ષ માટે ઘસારો મજરે મળશે નહી. | |

## 4.8 કરવેરાના હેતુથી હિસાબોનું ઑડિટ

આવકવેરાધારાની કલમ-44 એબી ની જોગવાઈ મુજબ નીચે જણાવેલ દરેક શખસે તેના હિસાબોનું ઑડિટ કરાવવું ફરજીયાત બનાવવામાં આવ્યું છે.

(1) જે શખસના ધંધાનું પાછલા વર્ષનું કુલ વેચાણ કે કુલ પ્રાપ્તિ રુ. 1 કરોડથી વધુ હોય.

(2) જે શખસના વ્યવસાયની પાછલા વર્ષની કુલ પ્રાપ્તિ રુ. 50,00,000 થી વધુ હોય.

(3) જે શખસે પાછલા વર્ષની ધંધાની આવક અંગે કલમ-44બી, 44બીબી કે 44બીબીબી હેઠળ તેના ધંધાનો નફો કે લાભ ચોપડે ગણેલ નફા કે લાભ કરતાં ઓછો હોવાનો દાવો રજૂ કર્યો હોય અથવા

(4) જે શખસના ધંધાનો કલમ-44એડી હેઠળ ગણેલ નફો ચોપડે ગણેલ નફા કરતાં ઓછો છે. એવો દાવો રજૂ કર્યો હોય અને પાછલા વર્ષની તેની આવક નિયત મર્યાદા કરતાં વધુ હોય.

ઉપરોક્ત સંજોગોમાં તે શખસે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસે તેના ધંધાનું ઑડિટ કરાવીને ઑડિટ રિપોર્ટ સાથે નિયત સમય મર્યાદામાં અને નક્કી કરેલ ફોર્મમાં રજૂ કરવાનું હોય છે. જો ઉપર મુજબ કરવેરા ઑડિટ કરાવવામાં કસૂર થાય તો તે એસેસીએ તેના કુલ વેચાણ કે કુલ પ્રાપ્તિના 1/2% લેખે થતી રકમ અથવા રુ. 1,50,000/- બે માંથી જે રકમ ઓછી હોય તે દંડ તરીકે ચૂકવવાની જવાબદારી બને છે.

## 4.9 ધંધાની કરપાત્ર આવક દર્શાવતું પત્રક

| વિગત | રકમ રૂ. | રકમ રૂ. |
|---|---|---|
| નફા-નુકશાન ખાતા મુજબ ચોખ્ખો નફો (નફો+, નુકશાન-) | | ✓ |
| બાદ : અન્ય શીર્ષક હેઠળની આવક(જે એસેસીએ પેઢીના નફા નુકશાન ખાતે જમા કરેલી છે.) | | |
| 1. મકાન-મિલકતની આવક | ✓ | |
| 2. મૂડી નફો | ✓ | |
| 3. અન્ય સાધનોની આવક(જામીનગીરીનું વ્યાજ) | ✓ | ✓ |
| | | ×× |
| બાદ : અન્ય આવકો જે કરપાત્ર નથી. (જે એસેસીએ પેઢીના નફા નુકશાન ખાતે જમા કરેલી છે.) | | |
| 1. અગાઉ મંજુર નહી થયેલ ઘાલખાધ વસૂલાત (કરપાત્રા નથી) | ✓ | |
| 2. સંપૂર્ણ કરમુક્ત એવી જામીનગીરીનાં વ્યાજની આવક | ✓ | ✓ |
| | | ×× |
| ઉમેરો : મજરે નહી મળે તેવા ખર્ચાઓ(જે એસેસીએ પેઢીના નફા નુકશાન ખાતે ઉધારેલ છે.) | | |
| 1. અનામતો અને જોગવાઈઓ | ✓ | |
| 2. આવકવેરો, સંપત્તિવેરો(વેચાણવેરો કે જકાત નહી) | ✓ | |
| 3. મૂડી ખર્ચા | ✓ | |
| 4. મૂડી નુકશાન | ✓ | |
| 5. દાન અને સખાવતો | ✓ | |
| 6. અન્ય શીર્ષક હેઠળની આવકના ખર્ચાઓ | ✓ | |
| 7. અંગત ખર્ચા | ✓ | |
| 8. માલિકની મૂડીનું વ્યાજ, તેનો પગાર | ✓ | |
| 9. અમાન્ય ઘસારો | ✓ | |
| 10. ભાગીદારને ચૂકવેલ રકમ(ભાગીદારી પેઢીમાં જ) | ✓ | |
| 11. ભૂતકાળની ખોટ | ✓ | |
| 12. કવિદાની મર્યાદા ઉપરાંતના અન્ય ખર્ચાઓ (દા.ત. 20000 થી વધુની રોકડમાં ચૂકવણીના 100%) | ✓ | ✓ |
| | | ×× |
| બાદ : એસેસીએ મજરે નહી માંગેલ માન્ય ધંધાકીય ખર્ચ | | ✓ |
| | | ×× |
| ઉમેરો : નફા નુકશાન ખાતે જમા નહી કરેલ ધંધાકીય આવકો | | ✓ |
| **ધંધાની કરપાત્ર આવક** | | ×× |

**ઉદાહરણ : 3** માર્મિક મોબાઈલ ડીલરનું તા.31/3/2017 ના રોજ પૂરા થતા વર્ષનું નફાનુકશાન ખાતુ નીચે પ્રમાણે છે.

| | | | |
|---|---|---|---|
| ભાડું | 1,80,000 | કાચો નફો | 19,43,500 |
| સ્ટાફનો પગાર | 10,82,000 | મોબાઈલ ભાડું | 2,59,500 |
| દિવાળી અને પૂરાનો ખર્ચ | 12,000 | ભાડે આપેલ મકાનની | |
| લોનનું વ્યાજ | 1,20,000 | આવક (મળેલ ભાડું) | 3,60,000 |
| પરચૂરણ ખર્ચ | 67,000 | પરચૂરણ આવક | 26,000 |
| ઘાલખાધ | 7,500 | કમિશન | 37,000 |
| ધર્માદા | 11,000 | | |
| ઘાલખાધ અનામત | 22,000 | | |
| સ્થાનિક કરવેરા | 6,000 | | |
| મનોરંજન ખર્ચ | 8,500 | | |
| આગથી માલનું નુકશાન | 14,000 | | |
| ચોખ્ખો નફો | 10,96,000 | | |
| | 26,26,000 | | 26,26,000 |

**અન્ય વધારાની માહિતી :-**

(1) ચૂકવેલ ભાડાની રકમમાં રુ. 42,000ની રકમ એસેસીની પોતાની માલિકીના દુકાનના ભાડા અંગેની છે.

(2) સ્ટાફના પગારની રકમમાં એસેસીના ગ્રેજ્યુએટ પુત્રને આપેલ પગારના રુ. 96000 નો સમાવેશ થાય છે. એસેસીનો પુત્ર ધંધામાં ખંડ સમયની સેવાઓ આપે છે.

(3) એસેસીએ તેની પત્ની પાસેથી લીધેલ લૉન (સ્ત્રી ધનમાંથી નથી) પર વ્યાજના રુ. 25000 ચૂકાયા હતા. જેનો લૉનના વ્યાજમાં સમાવેશ થાય છે.

(4) દાણચોરીના વિદેશી મોબાઈલનું વેચાણ કરવાથી રુ. 1,60,000નો નફો થયો હતો જે ચોપડે દર્શાવેલ નથી.

(5) સ્થાનિક કરવેરામાં રુ. 3000/- ભાડે આપેલ મિલકતો અંગેના છે. આકારણી વર્ષ 2017-18 માટેની ધંધાની કરપાત્ર આવક ગણો.

**જવાબ :** માર્મિક મોબાઈલ ડીલરની ધંધાની કરપાત્ર આવકની ગણતરી :

વ્યક્તિ : પાછલું વર્ષ : 2016-17

સામાન્ય રહીશ : આકારણી વર્ષ : 2017-18

| | | |
|---|---|---|
| નફાનુકશાન ખાતા પ્રમાણે ચોખ્ખો નફા | | 10,96,000 |
| બાદ : મળેલ ભાડું (મકાન મિલકતની આવકના શીર્ષક હેઠળ આકારણી માટે) | | 3,60,000 |
| | | 7,36,000 |
| ઉમેરો : મજરે ન મળી શકે એવા ખર્ચા અને નફા નુકશાન ખાતે નહીં દર્શાવેલ છતાં કરપાત્ર હોય તેવી આવક | | |
| ધર્માદા | 11,000 | |
| પોતાની માલિકીની દુકાનનું ભાડુ(નામંજૂર) | 42,000 | |
| ભાડે આપેલ મિલકતો અંગેના વેરા | 3,000 | |
| ગ્રેજ્યુએટ પુત્રનો 1/2 પગાર(ખંડ સમય માટેનો) | 48,000 | |
| ઘાલખાધ અનામત | 22,000 | |
| પત્ની પાસેથી લીધેલી લોનનું વ્યાજ | 25,000 | |
| દાણચોરીના રેડિયાના વેચાણનો નફો | 1,60,000 | 3,11,000 |
| | ધંધાની કરપાત્ર આવક | 10,47,000 |

**ઉદાહરણ : 4** શ્રીમતી પ્રાથર્ના પટેલ અમદાવાદના એક જાણીતા એડવોકેટ છે. તેઓ પોતાના ચોપડા રોકડ પદ્ધતિએ રાખે છે. તેમના 31/3/2017 ના રોજ પૂરા થતા પાછલા વર્ષની નીચેની માહિતી પૂરી પાડે છે.

**આવક-જાવક ખાતું**

| આવક | રુ. | જાવક | રુ. |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | 1,12,000 | ઓફિસના સાધનોની ખરીદી | 2,40,000 |
| અસીલો પાસેથી ફી : | | મોટરકારના ખર્ચા | 1,40,000 |
| 2014-15 | 5000 | ઓફિસ ખર્ચા | 2,62,000 |
| 2015-16 | 10,000 | કર્મચારીઓનો પગાર | 14,51,000 |
| 2016-17 | 21,60,000 | ચૂકવેલ આવકવેરા | 65,000 |
| અસીલો તરફથી મળેલ ભેટ | 50,000 | લોન પર વ્યાજ | 11,000 |
| અસીલો પાસેથી લોન | 50,000 | પ્રોવિડન્ટ ફંડમાં ફાળો | 61,500 |
| | | લોન પરત કરી | 1,50,000 |
| | | બાકી આગળ લઈ ગયા | 6,500 |
| | **23,87,000** | | **23,87,000** |

**વધારાની માહિતી :**

(1) મોટરકારનો ઘસારો રુ. 30,000 ગણવાનો છે.

(2) મોટરકારનો 20% ભાગ અંગત વપરાશ માટે થાય છે.

(3) રુ. 60,000 ની ફી મળવાની બાકી છે.

(4) ઑફિસના સાધનો અંગે 10% ઘસારો માંડી વાળવાનો છે.

આકારણી વર્ષ 2017-18 માટેની ધંધો કે વ્યવસાયની કરપાત્ર આવકની ગણતરી કરો.

જવાબ : શ્રીમતી પ્રાર્થના પટેલનું ધંધા કે વ્યવસાયની કરપાત્ર આવક દર્શાવતું પત્રક

વ્યક્તિ : સામાન્ય રહીશ પાછલા વર્ષ : 2016-17

આકારણી વર્ષ : 2017-18

| ધંધા કે વ્યવસાયનો નફો : | રુ. | રુ. |
|---|---|---|
| અસીલો પાસેથી ફી (5,000 + 10,000 + 2,16,000) | 21,75,000 | |
| અસીલો તરફથી મળેલી ભેટ | 50,000 | 22,25,000 |
| બાદ : મજરે મળે એવા ખર્ચાઓ : | | |
| ઓફિસમાં સાધનો અંગે ઘસારો (2,40,000 ના 10%) | 24,000 | |
| મોટરકારના ખર્ચા (1,40,000 ના 80%) | 1,12,000 | |
| ઓફિસ ખર્ચા | 2,62,000 | |
| કર્મચારીનો પગાર | 14,51,000 | |
| લોન પરનું વ્યાજ | 11,000 | |
| મોટરકારનો ઘસારો (30,000 ના 80% ધંધાનો) | 24,000 | 18,84,000 |
| ધંધા કે વ્યવસાયની કરપાત્ર આવક | | 3,41,000 |

શ્રીમતી પ્રાર્થના પટેલ રોકડ પદ્ધતિથી હિસાબો રાખતી હોવાથી મળવાની બાકી ફી 60,000 આવકમાં ઉમેરાશે નહીં.

**ઉદાહરણ : 5** આવકવેરા કાયદા 1961 હેઠળ નીચે જણાવેલ ખર્ચો ધંધા કે વ્યવહારની કરપાત્ર આવક ગણતી વખતે મજરે મળશે કે નહીં તે જણાવો.

1. પેઢીના મેનેજરને વાર્ષિક રુ. 2,40,000 નો પગાર ચૂકવો છે. અને મેનેજરને આપેલ મફત રહેઠાણની સવલત અંગે માલિકે રુ. 60,000 ના ખર્ચા પણ ભોગવ્યા છે.
2. 2016-17 દરમિયાન 4 વર્ષની મુદત માટે પેટન્ટ હક્કની ખરીદી અંગેનો ખર્ચ રુ. 1,70,000
3. 2015-16 ના હિસાબી વર્ષની વેચાણવેરાની જવાબદારી અંગે તા.31/3/2017 ના રોજ પૂરા થતા વર્ષના નફા-નુકશાન ખાતુ રુ. 22,000 ની જોગવાઈ ઉધારેતી હતી.
4. રુ. 60,000 નો માલ આગથી બળી જવાથી થયેલ નુકશાનની પૂરેપૂરી રકમ નફા-નુકશાન ખાતે ઉધારેલી છે.
5. 2016-17 દરમિયાન પાંચ વર્ષ માટે ટેક્નિકલ જાણકારી પ્રાપ્ત કરવા માટે ચૂકવેલ રકમ રુ. 5,00,000.
6. 2016-17 દરમિયાન માન્ય સંશોધન માટે સ્થાપયેલ લેબોરેટરી પાસેથી પાંચ વર્ષ માટે ધંધા માટે ટેકનિકલ જાણકારી મેળવવા ચૂકવેલ રકમ રુ. 6,00,000.
7. ધંધાના મકાનના બાંધકામ માટે ઉછીની લીધેલી રકમ પર ચૂકવેલ વ્યાજ રુ. 2,50,000.

**જવાબ :**

(1) મૅનેજરનો પગાર તથા સવલત તરીકે આપેલ મકાન અંગેના તમામ ખર્ચા (2,40,000 + 60,000) ધંધાની આવક સામે મજરે મળવાપાત્ર છે.

(2) તા. 31/3/98 પછી ધંધા માટે મેળવેલ પેટન્ટસની ખરીદ કિંમત મૂડીખર્ચ ગણાય અને તે અંગે દર વર્ષે $\frac{1}{4}$ ભાગનો ઘસારો ધંધાની આવક સામે મજરે મળવાપાત્ર છે.

(3) વેચાણવેરા અંગેની જવાબદારી માટે નફાનુકશાન ખાતે ઉધરેલી જોગવાઈ મજરે મળે એવો ખર્ચ ગણાય નહીં. કલમ-43બ ની જોગવાઈ મુજબ કરવેરાની રકમ જે વર્ષમાં ખરેખર ચૂકવાય ત્યારે જ બાદ મળે.

(4) ધંધા માટેનો સ્ટોક મૂડી મિલકત નથી તેથી તે અંગેનું નુકશાન ધંધાની આવક સામે મજરે મળે એવો ખર્ચ છે.

(5) ધંધા માટે તા. 31/3/1998 પછી ટેકનિકલ જાણકારી મેળવવા અંગે એક સામટી રકમ ચૂકવી હોય તો તે વપરાશના હક મુજબ 5 વાર્ષિક હપ્તામાં ઘસારો બાદ મળશે.

(6) જો આવી ટેકનિકલ જાણકારી કલમ-32(2બી)માં જણાવેલ માન્ય લેબોરેટરી, યુનિવર્સિટી કે અન્ય સંસ્થામાં વિકસાવવામાં આવી હોય તો તેની ખરીદી અંગે એસેસીએ તા.31/3/1998 પછી ચૂકવેલી રકમ તેના ઉપયોગના અધિકારના વર્ષોમાં સરખે ભાગે ઘસારા તરીકે મજરે મળશે.

(7) ધંધાના મકાનના બાંધકામ માટે ઉછીની લીધેલી રકમ પર ચૂકવેલ વ્યાજ ધંધાની આવક સામે મજરે મળવાપાત્ર ખર્ચ છે.

## <u>સ્વાધ્યાય</u>

1. ધંધા-વ્યવસાયનો નફો કે લાભના શીર્ષક હેઠળ કરપાત્ર આવકોની જણાવો.
2. ધંધા-વ્યવસાયનો નફો કે લાભ શીર્ષક હેઠળની આવકમાંથી મજરે મળી શકે તેવા ખર્ચાઓ જણાવો.
3. ધંધાની આવકમાંથી થતા નફા અને લાભો ઉપર આવકવેરાને પાત્ર રકમની ગણતરી કરતી વખતે કયા ખર્ચાની રકમ મળી શકે છે. તેના પાંચ ઉદાહરણ આપો.
4. ધંધા વ્યવસાયની આવક પર ટૂંકનોંધ લખો.
5. ધંધાના નફાના શીર્ષક હેઠળ મજરે મળતી દસ આઈટમ જણાવો.
6. **યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

1. ભાગીદારે પેઢીને આપેલ લૉન કે મૂડી પર તેને મળતાં વ્યાજ અંગે તેની કરપાત્રતા શુ હશે ?
   a. અન્ય સાધનોની આવકના શીર્ષક હેઠળ કરપાત્ર ગણાય.
   b. ધંધા કે વ્યવસાયના નફા કે લાભના શીર્ષક હેઠળ કરપાત્ર ગણાય
   c. લોનનું વ્યાજ અન્ય સાધનોની આવકના શીર્ષક હેઠળ તથા મૂડીનું વ્યાજ ધંધા કે વ્યવસાયના નફા કે લાભના શીર્ષક હેઠળ કરપાત્ર ગણાય.
   d. બંને કલમ 10(2 એ) હેઠળ કરમુક્ત ગણાય.
2. ધંધા કે વ્યવસાયના શીર્ષક હેઠળ આવકની હિસાબી નોંધ રાખવા માટે એસેસીએ નીચે જણાવેલ પદ્ધતિઓ પૈકી કઈ પદ્ધતિનો અમલ કરવાનો હોય છે ?
   a. ફક્ત રોકડ પદ્ધતિ
   b. ફક્ત વેપારી હિસાબી પદ્ધતિ
   c. વેપારી હિસાબી પદ્ધતિ અથવા રોકડ પદ્ધતિ
   d. મિશ્ર પદ્ધતિ
3. નીચે જણાવેલ હિસાબી ધોરણો પૈકી કયું ધોરણ એસેસીએ તેના ધંધા કે વ્યવસાયના શીર્ષક હેઠળની આવકોની નોંધ માટે અમલ કરવાનું હોય છે.
   1) ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટસ ઓફ ઈન્ડિયાએ નક્કી કરેલ હિસાબી ધોરણ
   2) કેન્દ્ર સરકારે જાહેર કરેલ હિસાબી ધોરણ
   3) જે તે રાજ્યમાં પ્રવર્તમાન પારંપરિક હિસાબી ધોરણ
   4) વિવેકપૂર્ણ હિસાબી ધોરણ

4. કોઈ ખાસ ધંધાને લગતો અગાઉના આકારણી વર્ષનો આગળ ખેંચી લાવેલ અસમાવિષ્ટ ઘસારો નીચે જણાવેલ આવક સામે માંડી વાળવામાં આવશે.

   a. જે તે ખાસ ધંધાની આવક સામે

   b. કોઈ પણ ધંધાની આવક સામે

   c. આવકના કોઈ પણ શીર્ષક હેઠળની આવક સામે

   d. ધંધા કે વ્યવસાયના શીર્ષક હેઠળની આવક અપૂરતી હોય તો અન્ય કોઈ પણ શીર્ષક હેઠળની આવક સામે.

5. એસેસીના પોતાના ધંધા સંબંધિત વૈજ્ઞાનિક સંશોધન માટે તેણે ચૂકવેલ ખર્ચ અંગે કલમ-35 હેઠળ કપાત મેળવવા માટેની કઈ શરત છે.

   a. મહેસૂલી ખર્ચ હોય તો જ કપાત મળે.

   b. મૂડી ખર્ચ હોય તો જ કપાત મળે.

   c. મહેસૂલી તથા મૂડીખર્ચ – બંને અંગે કપાત મળે

   d. જમીનની ખરીદી કિંમત સિવાય મહેસૂલી તથા મૂડીખર્ચ બંને અંગે કપાત મળે.

6. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું છે ?

   a. જો પૂરતો નફો હોય તો જ એસેસીના અંગત ખર્ચા ધંધાની આવક સામે મજરે મળી શકે.

   b. નવા પ્લાન્ટ અને મશીનરીની ગોઠવણી અંગે એન્જિનિયરને ચૂકવેલ પગાર મજરે મળે તેવો ધંધાકીય ખર્ચ ગણાય.

   c. નિષ્ક્રિય ભાગીદારને ચૂકવેલ બોનસ પેઢીનો મજરે મળે એવો ખર્ચ ગણાય નહીં.

   d. ધંધાકીય હેતુ માટે લૉન મેળવવા અંગે ચૂકવેલ કમિશન મૂડી પ્રકૃતિનો ખર્ચ હોવાથી મજરે મળે એવો ખર્ચ ગણાય નહીં.

7. પ્લાન્ટ અને યંત્રોની તા. 1-4-2016 ના રોજની ચોપડે કિંમત રુ. 90,000 હતી. આ પૈકીનું 22,500 ની -ચોપડે કિંમતનું યંત્ર તા. 1-7-2016 ના રોજ રુ. 25000 માં વેચ્યું હતું. તા. 1-9-2016 અને તા.1-1-2017 ના રોજ રુ. 20,000 અને રુ.40,000ના નવા યંત્રો ખરીદ્યા હતા. ઘસારાનો દર 15%નો છે.

   આકારણી વર્ષ 2017-18 માટે પ્લાન્ટ અને મશીનરી પર મજરે મળવાપાત્ર ઘસારો કેટલો ગણાય.

   A. રૂ. 19125

   B. રૂ. 15750

   C. રૂ. 14469

   D. રૂ. 18750

8. નીચે આપેલી આવકો પૈકીની કઈ આવક ધંધાની આવકના શીર્ષક હેઠળ ગણાતી નથી.

   A. ઝવેરાતના વેપારી દ્વારા ઝવેરાત ભાડે આપવાથી થતી આવક

   B. ફર્નિચરના વેપારી દ્વારા ફર્નિચર ભાડે આપવાથી થતી આવક

   C. જમીન-મકાનની ખરીદ-વેચાણ કરનારને મકાન ભાડે આપવાથી થતી આવક

   D. ઉપર પૈકી એક પણ નહીં.

9. ધંધા કે વ્યવસાયની આવકના સંદર્ભમાં નીચે જણાવેલ ખર્ચાઓ પૈકી કયો ખર્ચ મજરે મળવાપાત્ર નથી.

A. આવકવેરો

B. વેચાણવેરો

C. સેવાકર

D. આ પૈકી એક પણ નહીં.

10. ધંધાની કરપાત્ર આવકની ગણતરી વખતે આખર સ્ટોકના ઓછા મૂલ્યાંકન અંગે શી અસર નોંધવામાં આવશે ?

A. તફાવતની રકમ ચોખ્ખા નફામાંથી બાદ કરવી.

B. તફાવતની રકમ ચોખ્ખા નફામા ઉમેરવી

C. કોઈ અસર દર્શાવવાની જરૂરી નથી.

D. ઉપર પૈકી એકપણ નહીં.

જવાબ : (1) B (2)C (3)B (4)D (5)D (6)C (7)B (8)C (9)A (10)B

7. એક ફેક્ટરીની નીચેની માહિતી આપવામાં આવી છે. જેના માલિક શ્રી કરન છે. તા.31/3/2017 ના રોજનું પૂરા થતાં વર્ષનું નફા-નુકશાન ખાતુ નીચે આપવામાં આવ્યું છે.

| વિગત | રુ. | વિગત | રુ. |
|---|---|---|---|
| શરૂઆતનો સ્ટોક | 5,00,000 | વેચાણ | 80,00,000 |
| ખરીદી | 50,00,000 | ભાડું મળ્યું | 9,00,000 |
| મજૂરી | 20,00,000 | આખરનો સ્ટોક | 7,00,000 |
| ઓડિટ ફી | 20,000 | ઘાલખાધ પરત | |
| ભાડે આપેલ મકાનનો મરામતખર્ચ | 5,98,000 | (જે પૈકી રુ. 10,000 ની રકમ અગાઉના | રુ. 000 |
| ઉઘરાણી ખર્ચ(ભાડા અંગે) | 42,000 | વર્ષમાં મંજૂર થઈ ન હતી) | |
| સામાન્ય ખર્ચ | 30,000 | | |
| લોન અંગે કમિશન | 10,000 | | |
| ઘાલખાધ અનામત | 40,000 | | |
| ઘાલખાધ | 50,000 | | |
| મૂડીનું વ્યાજ | 1,40,000 | | |
| સ્ટાફ કલ્યાણ ફંડમાં ફાળો | 50,000 | | |
| આવકવેરાની જોગવાઈ | 1,50,000 | | |
| ઘસારો(માન્ય) | 65,000 | | |
| ભાવિ જોખમ માટેનું અનામત | 30,000 | | |
| ચોખ્ખો નફો | 9,00,000 | | |
| | 96,25,000 | | 96,25,000 |

ઉપરની માહિતી પરથી આકારણી વર્ષ 2017-18ની ધંધાની કરપાત્ર આવક શોધો.

**જવાબ :** ધંધાની કરપાત્ર આવક રુ. 9,90,000

(1) ભાડે આપેલ મકાનનું ભાડું મકાન-મિલકતોની આવકના શીર્ષક હેઠળ કરપાત્ર આવક ગણાય અને મકાન મરામત અને ઉઘરાણી અંગે ચૂકવેલ ખર્ચ ધંધાની આવક સામે ધ્યાનમાં લેવાશે નહીં. (2) ઘાલખાધ પરતની આવક પૈકી રુ. 10,000 ની રકમ જે અગાઉમાં વર્ષોમાં નુકશાન તરીકે મંજૂર થઈ નથી. તે પાછલા વર્ષની કરપાત્ર આવક ગણાય નહીં. (3) આવકવેરાની જોગવાઈ, ઘાલખાધ અનામત કે ભાવિ જોખમ માટેનું અનામત મજરે મળી શકે નહીં. (4) મજરે ન મળી શકે તેવી રકમ(જે ચોખ્ખા નફામાં ઉમેરો) રુ. 1,00,000 અને આ શીર્ષક હેઠળ

કરપાત્ર નથી તેવી રકમો(જે બાદ કરો) રુ. 9,10,000.

8. ડો. જનકના તા.31/3/2017 ના રોજ પૂરા થતા વર્ષના રોકડ ખાતા પરથી તેમના ધંધા-વ્યવસાયની કરપાત્ર આવક નક્કી કરો.

| વિગત | રુ. | વિગત | રુ. |
|---|---|---|---|
| શરૂની બાકી | 25,000 | સ્ટાફ પગાર | 5,20,000 |
| ઓપરેશનની આવક | 6,00,000 | હોસ્પિટલનો વીમો | 30,000 |
| કન્સલ્ટિંગ ફી | 5,00,000 | મેગેઝિનની ખરીદી | 25,000 |
| દવાનું વેચાણ | 40,000 | દવાની ખરીદી | 60,000 |
| હોસ્પિટલની આવક | 3,00,000 | સાધનોની ખરીદી(1/4/16) | 1,80,000 |
| વિઝિટ ફી | 50,000 | વ્યવસાયવેરો | 3,000 |
| સાધનોનું વેચાણ(1/6/16) | 10,000 | એમ્બ્યુલન્સ ખર્ચ | 1,37,000 |
| દર્દીઓ તરફથી બક્ષિસ | 15,000 | કોન્ફરન્સ ફી | 20,000 |
| પગાર(મેડિકલ ઈન્સ્ટિટ્યુટમાંથી) | 2,60,000 | મોટર ખર્ચ | 40,000 |
| | | ઘરખર્ચ | 8,60,000 |
| ડિવિડન્ડ | 10,000 | આવકવેરો | 85,000 |
| મકાનનું ભાડું(ભાડે આપેલ) | 1,20,000 | આખર બાકી(ઓવરડ્રાફ્ટ) | -60,000 |
| | 19,30,000 | | 19,30,000 |

(1) સ્ટાફ પગારમાં પત્નીનો પગાર રુ. 30,000 સમાયેલ છે. પત્ની કોઈ જ સેવા આપતા નથી.

(2) મોટરનો 1/4 વપરાશ અંગત હેતુ માટે છે.

(3) સાધનોની શરૂની ઘસારા બાદ કિંમત રુ. 25,000 હતી. ઘસારાનો દર 20% છે.

**જવાબ :** ધંધા કે વ્યવસાયની આવકના શીર્ષક હેઠળ કરપાત્ર આવક રુ. 1,41,000.

(1) સાધનો અંગે માન્ય ઘસારો = શરૂની ઘસારા બાદ કિંમત રુ. 25000 + ખરીદી રુ. 1,80,000 – વેચાણ રુ. 10,000 = રુ. 1,95,000 નાં 20% = રુ. 39,000 (2) વ્યાવસાયિક આવકો = રુ. 6,00,000 + રુ. 5,00,000 + રુ. 40,000 + રુ. 3,00,000 + રુ. 50,000 + રુ. 15,000(બક્ષિસ) = રુ. 15,05,000.

(3) મજરે મળે તેવા ખર્ચા = પગાર રુ. 5,20,000 + વીમો રુ. 30,000 + રુ. 25,000 + દવાઓ રુ. 60,000 + રુ. 3000 + રુ. 1,37,000 + રુ. 20,000 + 3/4 મોટર ખર્ચ રુ 30,000 + ઘસારો રુ. 39,000 = રુ. 13,64,000.

9. શ્રી દેવાંશનું તા. 31/3/2017 ના રોજ પૂરા થતા વર્ષનું નફા-નુકશાન ખાતું નીચે મુજબ છે. જેના પરથી આકારણી વર્ષ 2017-18 માટે ધંધાની કરપાત્ર આવકની ગણતરી કરો.

| વિગત | રુ. | વિગત | રુ. |
|---|---|---|---|
| વીમો | 10,000 | કાચો નફો | 1,75,000 |
| લોનનું વ્યાજ | 15,000 | પરચૂરણ આવક | 8,000 |
| મૂડીનું વ્યાજ | 12,000 | સરકારી જામીનગીરીનું વ્યાજ | 5,000 |
| પગાર | 30,000 | | |
| ભાડું-વેરા | 10,000 | | |
| મોટર-ખર્ચા | 9,000 | | |
| કાનૂની ખર્ચા | 2,000 | | |
| મૂસાફરી ખર્ચા | 50,000 | | |
| ચોખ્ખો નફો | 50,000 | | |
| | **1,88,000** | | **1,88,000** |

**વધારાની માહિતી :**

(1) વિમા પૈકી રુ. 2000 અંગત જીવન વિમાના છે.

(2) તા.1/4/2016 ના રોજ મોટરની ઘસારા બાદ કિંમત રુ. 75,000 હતી. 20% ના દરે ઘસારો મજરે મળે છે. મોટરનો વપરાશ 1/3 અંગત ગણાવો.

(3) તા.1/4/16 ના રોજ જાહેરાત અંગે રુ. 35,000 નો ખર્ચ ચૂકવ્યો. આનો લાભ પાંચ વર્ષ સુધી રહેવાનો છે.

(4) તા. 1/1/17 ના રોજ રુ. 3,44,000 ની કિંમતના નવા યંત્રો ખરીદ્યાં જે અંગે મુસાફરી ખર્ચ રુ. 6000 થયો જેનો સમાવેશ ઉપર જણાવેલ રુ. 50,000 ના મુસાફરી ખર્ચામાં થયો છે. યંત્રો પર 20% ઘસારો મજરે મળી શકે છે.

(5) આકારણી અધિકારીએ પાછલા વર્ષ 2016-17 ની ઘાલખાધ રુ. 4889 માન્ય રાખેલ છે. જે ઉપર નોંધેલ નથી.

જવાબ : (ધંધા-વ્યવસાયની કરપાત્ર આવક 11,111)

(1) નફા નુકશાન મુજબનો નફો રુ. 50,000 + મજરે ન મળે એવા ખર્ચા રુ. 23,000 (રુ. 2000 + રુ. 12000 + રુ. 3000 + રુ. 6000) – રુ. 73,000 – અન્ય શીર્ષક હેઠળ કરપાત્ર હોય અથવા જે ખર્ચા મજરે મળે તેમ છે પરંતુ. નફા નુકશાન ખાતે ઉધાર્યા નથી. રુ. 81,889 (વ્યાજ 5000 + ઘસારો 10,000 + જા. પ. પ્રમાણસર 7000 + યંત્રોનો અડધા દરે ઘસારો 35,000 + નહીં નોંધેલ ઘાલખાધ 4889) = રુ. 11,111).

10. ડો. નિશાંતની નીચેની માનુસી પરથી આકરણી વર્ષ 2017-18 માટે તેમની ધંધા વ્યવસાયની આવકના શીર્ષક હેઠળ કરપાત્ર આવકની ગણતરી કરો.

ઉધાર જમા

તા.31/3/2017 ના રોજ પૂરા થતાં વર્ષનું આવક-જાવક ખાતુ.

| આવક | રુ. | જાવક | રુ. |
|---|---|---|---|
| | | હોસ્પિટલ ભાડું | 3,60,000 |
| બાકી આગળ લાવ્યા | 60,000 | સ્ટાફ પગાર | 6,90,000 |
| વિઝિટ ફી | 90,000 | મોબાઈલ બિલ | 18,000 |
| તપાસ ફી | 11,10,000 | વર્તમાનપત્રો મેગેઝિન | 4,000 |
| દવાનું વેચાણ | 1,20,000 | પુત્ર માટે બાઈક્ની ખરીદી | 2,00,000 |
| ઓપરેશન ચાર્જિસ | 10,80,000 | તબીબી સામયિકો | 10,000 |
| ઓપરેશન થિયેટરનું ભાડું | 45,000 | મોટરકારનો ખર્ચ | 60,000 |
| જન્મદિવસની ભેટ | 5,000 | મ્યુનિસિપલ ટેક્ષ | 28,000 |
| શેરના વેચાણની આવક | 45,000 | મુસાફરી ખર્ચ(અંગત) | 12,000 |
| જમીન વેચાણની આવક | 1,80,000 | જૈવિક કરારના નિકાલનો ખર્ચ | 9,000 |
| વ્યાજ અને ડિવિડન્ડ | 52,500 | વીમા પ્રીમિયમ(જીંદગીનું) | 15,000 |
| વાઢકાપના સાધનોનું વેચાણ | 30,000 | દવાની ખરીદી | 2,40,000 |
| દર્દીઓ પાસેથી મળેલ ભેટ | 30,000 | વાઢકાપના સાધનોની ખરીદી(1/7/2016) | 1,20,000 |
| | | એર કન્ડિશન્ડ પ્લાન્ટ(1/9/2016) | 8,85,500 |
| | | બાકી આગળ લઈ ગયા | 96,000 |
| | 28,47,500 | | 28,47,500 |

**વધારાની માહિતી :**

1. મોબાઈલ બિલમાં રુ. 3000 અંગત વપરાશના છે.
2. દવાઓનો શરૂઆતનો સ્ટોક રુ. 30,000 અને આખર સ્ટોક રુ. 45,000 હતો.
3. મોટરકારનો ઉપયોગ અંગત અને વ્યવસાય બંને હેતુ માટે સરખે ભાગે થાય છે.
4. વાઢકાપના સાધનોની શરૂઆતની ઘસારા બાદની બાકી રુ. 1,50,000 હતી. મજરે મળવાપાત્ર ઘસારો 20% વાર્ષિક છે.
5. મ્યુનિસિપલ ટેક્સમાં રુ. 20,000 રહેઠાણના મકાનના છે.
6. એરકન્ડિશન્ડ પ્લાન્ટ પર ઘસારાનો દર 15% નો છે.

**જવાબ :** ધંધા કે વ્યવસાયનો નફો શીર્ષક હેઠળની કરપાત્ર નફાની રકમ રુ. 8,52,175.

(1) જન્મદિવસની ભેટ, શૅરના વેચાણની આવક, જમીન વેચાણની આવક તથા વ્યાજ અને ડિવિડન્ડની આવક આ શીર્ષક હેઠળ કરપાત્ર ગણાશે નહીં, પરંતુ દર્દીઓ પાસેથી મળેલ ભેટ ધંધાની કરપાત્ર આવક ગણાશે.

(2) પુત્ર માટે બાઈકની ખરીદી, અંગત મુસાફરી ખર્ચ, પોતાની જિંદગીનું વિમા પ્રીમિયમ, મૉબાઈલ બિલ પૈકી અંગત વપરાશની રકમ અને અંગત રહેઠાણના મકાનનો મ્યુનિસિપલ ટેક્ષ આ શીર્ષક હેઠળ મજરે મળે તેવા ખર્ચ નથી.

(3) દવાઓના વપરાશનો ખર્ચ રુ. 2,25,000 વાઢકાપના સાધનોનો ઘસારો (રુ. 1,50,000 + 1,20,000 – 30,000 = 2,40,000 નાં 20%) = રુ. 48,000

(4) મોટરકારના ખર્ચની 1/2 રકમ પણ મજરે ન મળે તેવો ખર્ચ છે. એરકન્ડિશન્ડ પ્લાન્ટનો ઘસારો 1,32,825.

**એકમ 5**

# મૂડી નફો

## : રૂપરેખા :


5.1 મૂડી નફાનો અર્થ

5.2 મૂડી મિલકતનો અર્થ

5.3 મૂડી મિલકતના પ્રકારો

5.4 મૂડી નફાના પ્રકારો

5.5 કરમુક્ત મૂડી નફો

5.6 મૂડી નફા અંગેના મહત્ત્વનાં મુદ્દાઓ

5.7 મૂડી નફાની ગણતરી

5.8 લાંબાગાળાના મૂડી નફા અંગેની કપાતો

5.9 સ્વયં ઉદ્‌ભવતી મિલકતો અંગે મૂડી નફો

5.10 મૂડી નફાની ગણતરીનું પત્રક

5.11 ઉદાહરણો

• સ્વાધ્યાય


## 5.1 મૂડી નફાનો અર્થ

સામાન્ય રીતે મહેસૂલી આવક પર આવકવેરો લેવામાં આવે છે. પરંતુ મૂડી નફો એ મહેસૂલી આવક ન હોવા છતાં તેના પર આવકવેરો લેવામાં આવે છે. કરદાતાના રોજિંદા વ્યવહારમાંથી ઉદ્‌ભવતી આવકને મહેસૂલી આવક કહે છે. જ્યારે મિલકતની ફેરબદલીમાંથી ઉદ્‌ભવતા નફાને મૂડી નફો કહે છે. મૂડી નફા અંગે આવકવેરાના કાયદામાં કલમ-44 થી 55 એ સુધી જોગવાઈ કરવામાં આવી છે.

## 5.2 મૂડી-મિલકતનો અર્થ

મૂડી-મિલકત એટલે કે કરદાતાએ ધારણ કરેલી તમામ પ્રકારની સ્થાવર અથવા જંગમ, દશ્ય અથવા અદશ્ય મિલકતો. આ મિલકતો ભલે ધંધા કે વ્યવસાય સાથે જોડાયેલી હોય કે ન હોય, પરંતુ તેની ફેરબદલીથી ઉદ્‌ભવતા નફાને મૂડી-નફો ગણાય છે. જો કે આવકવેરાના હેતુ માટે નીચેની મિલકતોને મૂડી મિલકતો ગણવામાં આવતી નથી, જેથી તેની ફેરબદલી પ્રાપ્ત થતા નફાને મૂડી નફો ગણીને આવકવેરો વસૂલ કરવામાં આવતો નથી.

(1) ધંધાના કાચા માલનો, અર્ધતૈયાર માલનો કે તૈયાર માલનો સ્ટોક

(2) કરદાતાની કે તેના કુટુંબના સભ્યોના અંગત ઉપયોગ માટેની જંગમ મિલકતો દા.ત. કપડાં, ફર્નિચર, (ઝવેરાત સિવાય, હવાઈ જહાજ સિવાય) મોટરકાર, રેફ્રિજરેટર, એરકંડિશન વગેરે.

(3) ભારતમાં આવેલી ખેતીની જમીન બે જે 10,000 થી વધુ વસ્તીવાળા વિસ્તારની મ્યુનિસિપલ કે કેન્ટોમેન્ટની હદમાં કે કોઈપણ જાહેર કરેલ ક્ષેત્રમાં આવેલી ન હોય.

(4) (અ) ભારત સરકારના 6.5%ના ગોલ્ડ બોન્ડઝ 1977

(બ) 7%ના ગોલ્ડ બોન્ડઝ 1980

(ક) નેશનલ ડિફેન્સ ગોલ્ડ બોન્ડઝ 1980

(ડ) સ્પેશિયલ બેરર બોન્ડઝ 1991

(ઈ) ગોલ્ડ ડિપોઝિટ બોન્ડઝ

(જે મધ્યસ્થ સરકાર દ્વારા ગોલ્ડ ડિપોઝિટ સ્કીમ, 1999 દ્વારા બહાર પાડવામાં આવ્યા હોય)

પરંતુ નીચેની મિલકતને મૂડી-મિલકતો ગણવામાં આવે છે.

(1) ધંધાની પાઘડી (2) રાઈટ શૅર ખરીદવાના હક્ક (3) ભાગીદારી પેઢીમાં ભાગીદારનો હક્ક (4) ખાણનો ભાડા પટ્ટા-હક્ક અને ઉત્પાદનનો અધિકાર. દા.ત. પેટન્ટનો હક્ક (5) ટ્રેડમાર્ક તેમજ બ્રાન્ડનેમ (6) કંપની દ્વારા શૅરોની પુનઃખરીદી (7) કલમ-80 સીસીબી મુજબ યુનિટ પુનઃખરીદવામાં આવે (8) કર્મચારીને સ્ટોક ઓપ્શન (ESOP)

## 5.3 મૂડી મિલકતના પ્રકારો

આવકવેરાના કાયદા મુજબ મૂડી મિલકતના બે પ્રકારો પાડવામાં આવ્યા છે.

**મૂડી મિલકત**

| **ટૂંકાગાળાની મૂડી મિલકત** | **લાંબાગાળાની મૂડી મિલકત** |
|---|---|
| જે મૂડી મિલકતોને પ્રાપ્ત કર્યા પછીના ૩૬ માસ દરમિયાન વેચાણ, ફેરબદલી કે હસ્તાંતર કરી હોય તેવી મૂડી મિલકત | જે મૂડી મિલકતોને પ્રાપ્ત કર્યા પછીના ૩૬ માસ પછી વેચાણ, ફેરબદલી કે હસ્તાંતર કરી હોય તેવી મૂડી મિલકત |

**નોંધ :** આકારણી વર્ષ 1997-98 થી થયેલ ફેરફાર મુજબ નીચેની મિલકતો માટે ટૂંકાગાળાની મૂડી મિલકત માટેનો સમયગાળો 36 માસને બદલે 12 માસનો મૂકવામાં આવ્યો છે. એટલે કે 12 માસ પછી આવી મૂડી મિલકત ફેરબદલી થાય તો તેને લાંબાગાળાની મૂડી મિલકત ગણાશે.

(1) કંપનીના ઈક્વિટી કે પ્રેફરન્સ શૅર (શૅરબજારમાં શૅર નોંધાયેલ હોય)

(2) માન્ય શૅરબજારમાં નોંધાયેલ જામીનગીરીઓ (જેમાં ડિબેંચર અને સરકારી જામીનગીરીઓનો સમાવેશ થાય છે.)

(3) યુનિટ ટ્રસ્ટ ઑફ ઈન્ડિયાના યુનિટ (નોંધાયેલ કે નહીં નોંધાયેલ)

(4) મ્યુચ્યુઅલ ફંડના યુનિટો (નોંધાયેલ કે નહીં નોંધાયેલ)

(5) શૂન્ય કૂપન બોન્ડ (નોંધાયેલ કે નહીં નોંધાયેલ)

મિલકતનો સમય નક્કી કરવા અંગે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં લેવા જોઈએ.

(1) કર ભરનારે ખરીદેલ મિલકતોની ખરીદ્યા તારીખ ધ્યાનમાં લેવી.

(2) જો કર ભરનારને મિલકત વારસામાં કે બક્ષિસ તરીકે પ્રાપ્ત થઈ હોય કે એવા બીજા કોઈ કારણસર અવેજ ચૂકવ્યા વગર મેળવી હોય તો અગાઉના માલિકે જેટલા સમય માટે મિલકત ધારણ કરી હતી તેનો પણ સમાવેશ થશે.

(3) કંપનીઓના સંયોજનની યોજના હેઠળ કર ભરનારને નવી કંપનીના શૅર મળ્યા હોય ત્યારે જૂની કંપનીના શેર રોકાણનો સમય પણ ધ્યાનમાં રખાશે.

(4) ફડચામાં જનાર કંપનીના શૅર અંગે ફરચાની તારીખ પછીનો સમય ધ્યાનમાં લેવો નહીં.

(5) બોનસ શેરમાં મૂળ શૅરની પ્રાપ્તિની તારીખ નહીં, પરંતુ બોનસ શૅર મળ્યા તારીખ ધ્યાનમાં લેવી.

(6) જો કોઈ શૅરહોલ્ડર શૅર વગેરે ખરીદવાના હક્કનું વેચાણ કર્યું હોય તો જે તારીખે કંપનીએ આવા હકની ઓફર કરી હોય તે તારીખ ધ્યાનમાં લેવી.

## 5.4 મૂડી નફાના પ્રકારો

મૂડી નફાના બે પ્રકારો છે. (અ) ટૂંકાગાળાનો મૂડી નફો, (બ) લાંબાગાળાનો મૂડી નફો

**(અ) ટૂંકાગાળાનો મૂડી નફો :** ટૂંકાગાળાની મૂડી-મિલકતોના વેચાણ, ફેરબદલી કે હસ્તાંતર દ્વારા પ્રાપ્ત થતાં નફાને ટૂંકાગાળાનો મૂડી નફો કહે છે.

**(બ) લાંબાગાળાનો મૂડી નફો :** લાંબાગાળાની મૂડી-મિલકતોના વેચાણ, ફેરબદલી કે હસ્તાંતર દ્વારા પ્રાપ્ત થતાં નફા કે નુકશાનને લાંબાગાળાની મૂડી ખોટ કહે છે.

## 5.5 કરમુક્ત મૂડી નફો

નીચે જણાવેલ વ્યવહારોમાંથી મળતો મૂડી નફો કરમુક્ત ગણાય છે. કારણ કે આવકવેરોની કલમ-47(2) મુજબ ફેરબદલીના વ્યવહારો ગણાતાં નથી

(1) એચ. યુ.એફના સંપૂર્ણ કે અંશતઃ વિભાજન સમયે મિલકત વહેંચણીના વ્યવહારો કે ફેરબદલીથી ઉદ્ભવતો નફો.

(2) ફરચામાં ગયેલ કંપનીઓની મૂડી મિલકતો વહેંચતા થયેલી મિલકતોની વહેંચણી થતાં ઉદ્ભવતો નફો.

(3) બક્ષિસ, વસિયતનામા કે રદ થઈ શકે તેવા ટ્રસ્ટ દ્વારા મિલકતોની ફેરબદલી કરવાથી ઉદ્ભવતો નફો.

(4) શાસક કંપનીએ તેની સંપૂર્ણ માલિકીની ભારતીય ગૌણ કંપનીને ફેરબદલી કરેલી મિલકતોમાંથી ઉદ્ભવતો નફો.

(5) સંપૂર્ણ ગૌણ કંપનીએ તેની ભારતીય શાસક કંપનીને ફેરબદલી કરેલી મિલકતોમાંથી ઉદ્ભવતો નફો.

(6) સંયોજન યોજના હેઠળ ભારતીય સંયોજિત કંપનીને જેનું સંયોજન થવાનું હોય તે કંપની તરફથી ફેરબદલી કરેલી મિલકતો.

(7) નવી ભારતીય સંયોજિત કંપનીના શૅરના બદલામાં કોઈ શૅરહોલ્ડરે સંયોજન યોજના હેઠળ જૂની કંપનીના શૅરની કરેલી ફેરબદલી.

(8) તા.01-03-1970 પહેલા ભારતમાં આવેલી ખેતીની જમીન ફેરબદલીમાંથી ઉદ્ભવતો નફો.

(9) કરદાતાએ સરકાર, યુનિવર્સિટી, નેશનલ મ્યુઝિયમ, નૅશનલ આર્ટ ગેલેરી કે રાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતી કોઈ સંસ્થાને હસ્તાંતર કરેલી કલાકૃતિ, પુરાતત્ત્વ સંગ્રહ, કલા સંગ્રહ, પુસ્તક, હસ્તપ્રત, ચિત્ર, ફોટો કે છાપામાંથી ઉદ્ભવતો નફો.

(10) કન્વર્ટીવલ ડિબેંચરનું શેરોમાં કે અન્ય ડિબેંચરમાં રૂપાંતર થવાથી ઉદ્ભવતો નફો.

(11) એક બિનરહીશ દ્વારા અન્ય બિનરહીશ પરદેશમાં મૂડી મિલકતની ફેરબદલી, જો આ મૂડી મિલકત વિદેશી હૂંડિયામણની મદદથી શેર અથવા કન્વર્ટીબલ બોન્ડના રૂપમાં હોય.

(12) Sick Industries Company Act ની જોગવાઈ મુજબ કોઈ માંદી કંપની તેની જમીનની ફેરબદલી કરે અને તે માંદી કંપનીનું સંચાલન તેના કામદારોની સહકારી મંડળી દ્વારા થતું હોય તો તે ફેરબદલી ગણાશે નહીં.

(13) ડિમર્જરની યોજના હેઠળ નિયત શરતોને આધીન મૂડી રૂપી મિલકતોનું હસ્તાંતર.

(14) જામીનગીરી ઉછીની આપવાની યોજના હેઠળના વ્યવહારોને ફેરબદલી ગણાશે નહીં.

(15) એકાંકી પેઢીનું પેઢીમાં રૂપાંતર થાય ત્યારે મૂડી મિલકતોની ફેરબદલીને લીધે ઉદ્ભવતો નફો.

(16) માન્ય શેરબજારના સભ્ય દ્વારા પોતાનું સભ્યપદ શેરો અને ક્લિયરિંગ ટ્રેગિ હક્કની અવેજમાં ફેરબદલી કરી આપવામાં આવે તો તેવો વ્યવહાર ફેરબદલી ગણાય નહીં.

## 5.6 મૂડી નફા અંગેના મહત્ત્વના મુદ્દાઓ

(1) ફરજિયાત થાપણ યોજના (આવકવેરો ભરનાર માટે) 1974 ને લાંબાગાળા કે ટૂંકાગાળાનો મૂડી નફો લાગુ પડતો નથી.

(2) આકારણી વર્ષ 1988-89 થી સ્થાવર મિલકતનો કબજો યોગ્ય દસ્તાવેજ અને તેની નોંધણી કર્યા વગર આપવામાં આવશે તો પણ તેનો મૂડી નફો ગણાશે.

(3) મૂડી મિલકતની ફેરબદલી માટે અગાઉની મળેલ નાણાં મળ્યા હોય પરંતુ આવી ફેરબદલી થઈ ન શકતાં અગાઉથી મળેલા નાણાં જપ્ત કરવામાં આવે કે રાખી મૂકવામાં આવે તો, આ રીતે મળેલ નાણાં મૂડી નફાની ગણતરે માટે મૂડી મિલકતની પડતરમાંથી કરવામાં આવશે. દા.ત. 'અ' તેની મિલકતની ફેરબદલી અંગે શ્રી બ પાસેથી અગાઉથી 5,000 લીધા, પરંતુ શ્રી બ સાથે તે અંગેનો કરાર ન થઈ શકતાં, તે નાણાં અ એ જપ્ત કર્યા. આ મિલકત શ્રી અ એ પછીથી શ્રી ક ને 40,000માં વેચી જેની પડતર કિંમત 15,000 હતી. આ માટે નફાની ગણતરી નીચે મુજબ થશે.

| | | |
|---|---|---|
| મૂડી-મિલકતની વેચાણ કિંમત | | 40,000 |
| મૂડી-મિલકતની પડતર કિંમત | 15,000 | |
| બાદ : અગાઉ રદ કરેલ સોદાની જપ્ત કરેલ રકમ | 5,000 | 10,000 |
| મૂડી નફો | | 30,000 |

(4) આકારણી વર્ષ 2000-01 થી 'બાય-બેક ઓફ શૅર'ની યોજના અન્વયે શૅરહોલ્ડરોને મળતા અવેજના સંદર્ભમાં તેને થતો લાભ મૂડી-નફા તરીકે આકારણીને પાત્ર ગણવા નવી કલમ 46-એ હેઠળ વિશિષ્ટ જોગવાઈ કરવામાં આવી છે. તેમજ આવા લાભ તે કલમ-2(22) હેઠળ 'ડિમ્ડ ડિવિડન્ડ' તરીકે કરપાત્ર ગણવામાં આવશે નહીં.

(5) આવકવેરાના કાયદાની કલમ-10 મુજબ કરમુક્ત મૂડી નફા અંગે :

(1) યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાના યુનિટ 64ની ફેરબદલી જો તા. 01-04-2002 પછી થઈ હોય તો તેમાંથી પ્રાપ્ત થતો નફો મૂડી નફો ગણાશે નહીં. એટલ કે ટૂંકાગાળાનો કે લાંબાગાળાનો મૂડી નફો ગણાશે નહીં.

(2) આકારણી વર્ષ 2005-06 થી ખેતીની જમીન ફરજિયાત પ્રાપ્ત કરવામાં આવી હોય તો અમુક શરતોને આધીન તેમાંથી પ્રાપ્ત થતો મૂડી નફો વ્યક્તિ કે એચ.યુ.એફ. માટે કરમુક્ત ગણાશે.

(3) 2004ના નાણાંકીય ધારાની કલમ-10(38) ની જોગવાઈ મુજબ ટ્રાન્ઝેક્શન કર (Transaction tax) આવતા ઈક્વિટી શેરોની ફેરબદલી દ્વારા ઉદ્ભવતો લાંબાગાળાનો મૂડી નફો સંપૂર્ણ કરમુક્ત ગણાશે. આ માટેની શરતો નીચે મુજબ છે.

(અ) આ લાભ દરેક કર ભરનાર શખ્સને પ્રાપ્ત થશે

(બ) ઈક્વિટી શૅર અથવા ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડના યુનિટમાંથી લાંબાગાળાનો મૂડી નફો પ્રાપ્ત થયો હોય.

(ક) ફેરબદલી તા. 01-10-2004 ના રોજ કે તે પછી હોય

(ડ) ફેરબદલી માટે ટ્રાન્ઝેક્શન કર ચૂકવવામાં આવ્યો હોય

(ઈ) ટૂંકાગાળાનો મૂડી નફો પ્રાપ્ત થાય તો તેના ઉપર 10%ના દરે આવકવેરો વસૂલ કરવામાં આવશે.

## 5.7 મૂડી નફાની ગણતરી

1. ટૂંકાગાળાના મૂડી નફાની ગણતરી : આવકવેરાના કાયદાની કલમ-48(2) મુજબ ટૂંકાગાળાના મૂડી નફાની ગણતરી નીચે મુજબ છે.

ટૂંકાગાળાની મૂડી મિલકતની ફેરબદલીને પરિણામે જે અવેજ વેચાણ કિંમત પ્રાપ્ત થાય છે, તેમાંથી નીચેની રકમો મજરે મળે છે.

(1) મૂડી-મિલકતની પડતર કિંમત

(2) મૂડી-મિલકત માટે કરેલ સુધારા-વધારાનો મૂડી ખર્ચ

(3) મૂડી-મિલકતની ફેરબદલી અંગેના જરૂરી ખર્ચાઓ જેવા કે સ્ટેમ્પ ફી, નોંધણી ખર્ચ-દલાલી, વકીલ ફી વગેરે.

2. લાંબાગાળાની મૂડી નફાની ગણતરી : આકારણી વર્ષ 1997-98 થી અમલમાં આવેલ સુધારા મુજબ આવકવેરાના કાયદાની કલમ-48(2) મુજબ લાંબાગાળાના મૂડી નફાની ગણતરી નીચે મુજબ છે.

લાંબાગાળાની મૂડી મિલકતની ફેરબદલીને પરિણામે પ્રાપ્ત થયેલ ફેરબદલી કિંમત અથવા વેચાણ કિંમતમાંથી નીચેની રકમો મજરે મળશે.

**(1) મૂડી મિલકતની નિર્ધારિત પડતર :**

$$\frac{\text{મૂડી પડતર} \times \text{જે વર્ષ દરમિયાન મિલકતની ફેરબદલી થઈ હોય તે વર્ષનો ફુગાવાજન્ય સૂચકઆંક}}{\text{મૂડી મિલકતની પ્રાપ્તિના વર્ષનો ફુગાવાજન્ય સૂચકઆંક}}$$

**(2) મૂડી મિલકત અંગે થયેલ સુધારા-વધારાના ખર્ચની નિર્ધારિત પડતર :**

$$\frac{\text{મિલકતનો સુધારા-વધારાનો મૂડી ખર્ચ} \times \text{જે વર્ષ દરમિયાન મિલકતની ફેરબદલી થઈ હોય તે પડતરનો ફુગાવાજન્ય સૂચકઆંક}}{\text{મૂડી મિલકતના સુધારા-વધારાના વર્ષનો ફુગાવાજન્ય સૂચકઆંક}}$$

મૂડી મિલકતની પડતર કિંમત : મૂડી મિલકતની પડતર કિંમતની ગણતરી માટે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં લેવા પડશે.

(1) કરદાતાએ તા.01-04-2001 પહેલા મૂડી મિલકત મેળવેલ હોય તો તે મૂડી મિલકતની મૂળકિંમત અથવા તા.01-04-2001 ના રોજની વાજબી બજારકિંમત-બેમાંથી જે કિંમત કરદાતા નક્કી કરે તે કિંમત મૂડી મિલકતની પડતર કિંમત ગણવી.

(2) ફડચામાં ગયેલ કંપનીને શૅરહોલ્ડરો વચ્ચે મૂડી મિલકતની વહેંચણી કરી હોય તો વહેંચણીની તારીખે તેની જે વાજબી કિંમત હોય તે કિંમત કરદાતાની દ્રષ્ટિએ મૂડી મિલકતની પડતર કિંમત ગણાય.

(3) શેર કે સ્ટોકનું વિભાજન કે એકત્રીકરણ કરવાની પરિણામે શૅરનું સ્ટોકમાં કે સ્ટોકનું શેરમાં રૂપાંતર કરવાને પરિણામે કે એક પ્રકારના શૅરનું બીજા પ્રકારના શેરમાં રૂપાંતર કરવાને પરિણામે કરદાતાએ પ્રાપ્ત કરેલી મૂડી-મિલકતની પડતર કિંમત એટલે શેર કે સ્ટોકની પડતર કિંમત ગણાય. જો કે કન્વર્ટીબલ ડિબેંચરોનું શૅરમાં રૂપાંતર થાય ત્યારે મૂડી નફો ઉદ્‌ભવતો નથી અને ભવિષ્યમાં જ્યારે પણ શૅરનું વેચાણ થાય ત્યારે મૂળ ડિબેંચરની કિંમત જ તેની પડતર કિંમત ગણાશે.

(4) જ્યારે કોઈ શૅરહોલ્ડરોને બોનસ શૅર મળ્યા હોય ત્યારે આવા બોસ શૅરની પડતર કિંમત નીચે મુજબ ગણાશે.

(અ) જો મૂળ શૅર અને બોનસ શૅર 01-04-2001 પહેલા મેળવેલ હોય તો :

(1) મૂળ શૅરની ખરેખર પડતર કે તા. 01-04-2001 તા રોજની વાજબી બજારકિંમત પૈકી જે રકમ વધુ હોય તે પડતર તરીકે લેવી.

(2) બોનસ શૅરની તા. 01-04-2001 ના રોજની વાજબી બજારકિંમત પડતર તરીકે લેવી.

(બ) જો મૂળ શૅર તા. 01-04-2001 પહેલા મેળવ્યા હોય અને બોનસ શેરો તા. 01-04-2001 પછી મેળવ્યા હોય તો :

(1) મૂળ શૅરની ખરેખર પડતર અથવા તા.01-04-2001 ના રોજની વાજબી બજારકિંમત બેમાંથી વધુ કિંમત લેવી.

(2) બોનસ શૅરની પડતર શૂન્ય ગણવી.

(ક) જો મૂળ શૅર અને બોનસ શૅર તા. 01-04-2001 પછી મેળવેલ હોય તો :

(1) મૂળ શૅરની ખરેખર ખરીદ કિંમત પડતર કિંમત તરીકે લેવી.

(2) બોનસ શૅરની પડતર શૂન્ય ગણવી.

(5) જો કોઈ શૅરહોલ્ડરને હક્કના શૅર ખરીદવાનો હક્ક મળ્યો હોય તો હક્કની પડતર કિંમત શૂન્ય ગણાશે. પરંતુ જો આ હક્કનો ઉપયોગ કરીને કંપનીને નિશ્ચિત રકમ ચૂકવીને શૅર ખરીદે તો આવા શેરોની કિંમત તરીકે તેણે કંપનીને ચૂકવેલ રકમ તેની પડતર કિંમત ગણાશે.

(6) મૂડી મિલકતની ફેરબદલી અંગેના જરૂરી ખર્ચામાં જેવા કે સ્ટેમ્પ ફી, નોંધણી ખર્ચ, દલાલી, વકીલ ફી વગેરે. ફેરબદલી કિંમતમાંથી બાદ કરીને ચોખ્ખી ફેરબદલી કિંમત કે ચોખ્ખી વેચાણ કિંમત નક્કી થશે.

(7) સરકારે બહાર પાડેલ પરિપત્ર મુજબ પડતરનો ફુગાવાજન્ય સૂચકઆંક નીચે મુજબ છે.

| ક્રમ | નાણાંકીય વર્ષ | પડતરનો ફુગાવાજન્ય સૂચક આંક |
|---|---|---|
| 1 | 2001-2002 | 100 |
| 2 | 2002-2003 | 105 |
| 3 | 2003-2004 | 109 |
| 4 | 2004-2005 | 113 |
| 5 | 2005-2006 | 117 |
| 6 | 2006-2007 | 122 |
| 7 | 2007-2008 | 129 |
| 8 | 2008-2009 | 137 |
| 9 | 2009-2010 | 148 |
| 10 | 2010-2011 | 167 |
| 11 | 2011-2012 | 184 |
| 12 | 2012-2013 | 200 |
| 13 | 2013-2014 | 220 |
| 14 | 2014-2015 | 240 |
| 15 | 2015-2016 | 254 |
| 16 | 2016-2017 | 264 |
| 17 | 2017-2018 | 272 |

1997ના નાણાંકીય ધારા અન્વયે કલમ-48માં થયેલ સુધારા મુજબ, કરદાતા દ્વારા ફેરબદલી કરવામાં આવતી લાંબાગાળાની મિલકત જો કોઈ પણ કંપની કે કોર્પોરેશનના બોન્ડ કે ડિબેંચર હોય તો તેના સંદર્ભમાં ઉપર જણાવ્યા મુજબ ફુગાવાજન્ય સૂચકઆંકનો લાભ મળતો નથી.

**(8) ઉદાહરણ :** શ્રી અ એ 1995ના વર્ષ દરમિયાન 2,000 ચોરસ વારનો પ્લોટ, એક ચોરસ વાર દીઠ રુ. 200ના ભાવે ખરીદ્યા. જે તેમણે જાન્યુઆરી 2018માં ચોરસ વાર દીઠ રુ. 3,500 ના ભાવે વેચ્યો. આ પ્લોટની તા.01-04-2001 ના રોજની વ્યાજબી બજાર કિંમત ચોરસ વાર દીઠ રુ. 350

હતી. પ્લોટના વેચાણ અંગે રુ. 40,000 નો ખર્ચ થયો હતો. આકારણી વર્ષ 2018-19 માટે લાંબાગાળાનો મૂડી નફો નક્કી કરો.

| વિગત | રુ. | રુ. |
|---|---|---|
| વેચાણ કિંમત (2,000 × 3,500) | | 70,00000 |
| બાદ : (1) મૂડી પડતર : | | |
| 1995ની ખરીદ કિંમત (2,000 × 200) | 4,00,000 | |
| તા. 01-04-2001 ની વાજબી કિંમત (2,000 × 350) | 7,00,000 | |
| રુ. 7,00,000 ની સુધારેલી મૂડી પડતર | | |
| (7,00,000 × 272/100) | 19,04,000 | |
| (2) વેચાણ ખર્ચ | 40,000 | 19,44,000 |
| **લાંબાગાળાનો મૂડી નફો** | | **50,56,000** |

(9) મૂડી નફાની ગણતરી : મૂડી નફાની ગણતરી નીચે મુજબ છે.

| ટૂંકાગાળાની મૂડી નફાની ગણતરી દર્શાવતું પત્રક | | લાંબાગાળાની મૂડી નફાની ગણતરી દર્શાવતું પત્રક | |
|---|---|---|---|
| 1. ફેરબદલી કરેલ મિલકતની પ્રાપ્ત થયેલ રકમ | --- | 1. ફેરબદલી કરેલ મિલકતની પ્રાપ્ત થયેલ રકમ | --- |
| 2. બાદ :<br>(અ) ફેરબદલી માટે કરેલ ખર્ચા જેવા કે સ્ટેમ્પ ડ્યુટી, કાનૂની ખર્ચ વગેરે<br>(બ) મિલકત પ્રાપ્ત કરવાની કિંમત...<br>(ક) મિલકતનો સુધારા-વધારાનો ખર્ચ... | --- | 2. બાદ :<br>(અ) ફેરબદલી માટે કરેલ ખર્ચા જેવા કે સ્ટેમ્પ ડ્યુટી, કાનૂની ખર્ચ વગેરે<br>(બ) મિલકત પ્રાપ્તિની સુધારેલ મૂડી પડતર<br>(ક) મૂડી-મિલકતના સુધારા-વધારાના મૂડી ખર્ચની સુધારેલી મૂડી પડતર | --- |
| 3. ટૂંકાગાળાનો મૂડી નફો | --- | 3. લાંબાગાળાનો મૂડી નફો | --- |
| 4. બાદ : કપાતો<br>(કલમ-54બી, 54ડી, 54જી) | --- | 4. બાદ : કપાતો<br>(કલમ-54, 54બી, 54ડી, 54ઈસી, 54એફ) | --- |
| ટૂંકાગાળાનો કરપાત્ર મૂડી નફો | --- | લાંબાગાળાનો કરપાત્ર મૂડી નફો | --- |

**5. લાંબાગાળાના મૂડી નફા અંગે કેટલીક કપાતો**

**(1) રહેઠાણના મકાનની ફેરબદલીમાંથી ઉદ્‌ભવતા નફામાંથી રહેઠાણના મકાનમાં રોકાણ કરવાથી મળતી કપાત(કલમ-54) :**

કરદાતા કે તેના માતાપિતાના અંગત રહેઠાળ તરીકે છેલ્લા ત્રણ વર્ષથી વાપરવામાં આવતું મકાન વેચી દેતાં થતો લાંબાગાળાનો નફો નીચેની શરતોને આધીન કરમુક્ત છે.

(1) મકાનની ફેરબદલી કરનાર વ્યક્તિ અવિભક્ત કુટુંબ હોય.

(2) રહેઠાણનું મકાન ત્રણ વર્ષથી વધુ સમય માટે ઉપયોગમાં લીધું હોય. (લાંબાગાળાની મૂડી-મિલકત હોય)

(3) ફેરબદલી કરનાર વ્યક્તિ ફેરબદલી તારીખથી એક વર્ષ પેહલાં કે બે વર્ષ પછીના ગાળામાં રહેઠાણના મકાનની ખરીદી કરી હોય અથવા ફેરબદલી તારીખ પછીના ત્રણ વર્ષમાં નવું રહેઠાણનું મકાનનું બાંધકામ પૂરું કર્યુ હોય (રહેઠાણ માટેના મકાનના ફેરબદલી તારીખના ત્રણ

વર્ષના ગાળા દરમિયાન બાંધકામ પુરું થયું હોવું જોઈએ એનો અર્થ એમ નથી થતો કે નવાં રહેઠાણના મકાનનું બાંધકામ જૂનું મકાન વેંચ્યા પછી જ શરુ થયું હોય, નવા મકાનનું બાંધકામ વેચાણ તારીખ પહેલા પણ શરૂ કરવાની છૂટ છે.)

(4) રહેઠાણ માટે ખરીદેલ કે બંધાયેલ નવું મકાન ઓછામાં ઓછું ત્રણ વર્ષ દરમિયાન ફેરબદલી કરેલ ન હોવું જોઈએ અને જો ફેરબદલી કરવામાં આવે તો અગાઉ મળેલ કરમુક્તિનો લાભ પરત કરવો પડશે.

**નોંધ :** (1) આકારણી વર્ષ 1988-89 થી લાંબાગાળાનો મૂડી નફાનો નવા બાંધકામ માટે કે નવાં મકાનની ખરીદી માટે જે તે વર્ષના આ આવકવેરાના રિટર્ન ભરવાની તારીખ સુધી ઉપયોગમાં લેવામાં ન આવે તો તે રકમ ખાસ બેંકમાં કે સંસ્થામાં આ સિવાયના હેતુ માટે ઉપાડી ન શકાય તે રીતે જમા કરવી પડશે અને આ જમા કરેલ રકમ અંગેનો પુરાવો આવકવેરાના રિટર્ન સાથે આપવો પડશે. (કલમ-54(2) અનુસાર)

**નોંધ :** (2) જો નવું ખરીદેલ કે બાંધેલ રહેઠાણનું મકાન ત્રણ વર્ષમાં ફેરબદલી કરવામાં આવે તો તે વખતે અગાઉ મળેલ કરમુક્તિની રકમ આવક તરીકે ઉમેરવામાં આવશે.

**નોંધ :** (3) મકાન મિલકતની પડતર કિંમતમાં જમીનની કિંમતનો સમાવેશ થઈ જાય છે.

**કરમુક્તિની રકમ :**

(અ) આ નવાં મકાનની પડતર કિંમત કરતાં મૂડી નફાની રકમ ઓછી હોય તો બધો જ નફો મૂડી નફો કરમુક્ત ગણાશે.

(બ) નવાં મકાનની પડતર કિંમત કરતાં મૂડી નફાની રકમ વધુ હોય તો ફક્ત વધારાનો મૂડી નફો (જેનું રોકાણ કરવામાં આવ્યું નથી) તે કરપાત્ર ગણાશે.

**ઉદાહરણ :** શ્રી અ પાસે એક રહેઠાણનું મકાન છે, જે તેમણે તા. 30-06-2004 ના રોજ રુ. 2,50,000માં ખરીદ્યું હતું. તેમણે આ મકાન તા. 30-06-2017 ના રોજ રુ. 18,00,000 માં વેંચ્યુ હતું. આ વ્યવહારથી પ્રાપ્ત થતો લાંબાગાળાનો મૂડી નફો નીચે મુજબ નક્કી થશે. (આકારણી વર્ષ 2018-19)

| વિગત | રુ. |
|---|---|
| તા. 30-06-2017 ના રોજની વેચાણ કિંમત | 18,00,000 |
| બાદ : મૂડી પડતર : | |
| તા. 30-06-2004 ના રોજની પડતર કિંમત રુ. 2,50,000ની ફુગાવાજનક કિંમત : | |
| 2,50,00 × 272 (સૂચક આંક 2017-18) / 113 (સૂચક આંક 2004-05) | 6,01,770 |
| લાંબાગાળાનો મૂડી નફો | 11,98,230 |

**(2) ખેતીના હેતુ માટે વપરાતી જમીનની ફેરબદલીમાંથી મળતા મૂડી નફા અંગે (કલમ-54બી) :**

**શરતો :**

(1) કર ભરનાર વ્યક્તિ હોય

(2) ખેતીના ઉપયોગવાળી જમીનની ફેરબદલી થઈ હોય અને તેમાંથી લાંબાગાળાનો મૂડી નફો પ્રાપ્ત થતો હોય.

(3) ફેરબદલી તારીખથી અગાઉના બે વર્ષ સુધી વ્યક્તિ કે તેના માતાપિતા દ્વારા જે જમીનનો ખેતીના હેતુ માટે ઉપયોગ કરતાં હોય.

(4) ફેરબદલી તારીખથી બે વર્ષ દરમિયાન નવી ખેતીવાડીની જમીન ખરીદવામાં આવી હોય.

**કપાતની રકમ :**

(1) નવી ખરીદેલ ખેતીની જમીનની પડતર કિંમત મૂડી નફા કરતાં વધુ તો બધો મૂડી નફો કરમુક્ત ગણાય.

(2) નવી ખરીદેલ ખેતીની જમીનની પડતર કિંમત મૂડી નફા કરતા ઓછી હોય તો જેટલી રકમ રોકાયેલ છે તે કરમુક્ત ગણાશે અને બાકીની રકમ કરપાત્ર મૂડીનફો ગણાશે.

**નોંધ :**

(1) નવી ખરીદેલ ખેતીની જમીન ત્રણ વર્ષ સુધી ફેરબદલી કરી શકાશે નહીં. જો તે પહેલા ફેરબદલી કરવામાં આવી હોય તો અગાઉના પ્રાપ્ત થયેલ કરમુક્ત રકમ આવક ગણવામાં આવશે.

(2) ખેતીની જમીન ગ્રામ્ય વિસ્તાર કે શહેરી વિસ્તારમાં આવી હશે તો પણ આ કપાતનો લાભ મળશે.

(3) કલમ-54બી હેઠળ કરમુક્તિનો લાભ મેળવવાના આશયથી પણ મૂડી નફાની રકમ માન્ય બેંકમાં ખાતુ ખાલી ડિપોઝીટ કરી શકાય છે.

**ઉદાહરણ :** શ્રી અ પાસે તા.01-07-2017 ના રોજ અમદાવાદ કોર્પોરેશન વિસ્તારમાં આવેલ ખેતીની જમીન રુ. 20,10,000ની કિંમતે વેચાણ કરી હતી. વેચાણ ખર્ચ રુ. 10,000 થયો હતો. આ જમીન તેમણે તા. 01-10-2014 ના રોજ રુ. 9,60,000માં ખરીદી હતી. તેમણે તા. 01-09-2017 ના રોજ નવી ખેતીની જમીન રુ. 2,00,000 માં ખરીદી હતી. મૂડી નફાની ગણતરી નીચે મુજબ થશે.

| **વિગત** | **રુ.** |
|---|---|
| તા. 01-07-2017 ના રોજ ફેરબદલી કિંમત | 20,10,000 |
| બાદ : વેચાણ ખર્ચ | 10,000 |
| **ચોખ્ખી ઉપજ કિંમત** | **20,00,000** |
| બાદ સુધારેલ મૂડી પડતર : $\frac{9,60,00 \times 272}{240}$ | 10,88,000 |
| **લાંબાગાળાનો મૂડી નફો** | **9,12,000** |
| બાદ : નવી ખરીદ જમીનની કિંમત (કલમ-54બી મુજબ) | 2,00,000 |
| **કરપાત્ર લાંબાગાળાનો મૂડી નફો** | **7,12,000** |

**નોંધ :** જો નવી ખરીદેલ ખેતીની જમીન રુ. 9,12,000 માં ખરીદી હોય તો બધો જ મૂડી નફો કરમુક્ત ગણાય.

**(3) જાહેર કરાયેલ બૉન્ડમાં રોકાણ કરવામાં આવે (કલમ-54 ઈ.સી.) :**

**શરતો :**

(1) તમામ પ્રકારના કરદાતાઓને આ કલમનો લાભ મળે છે.

(2) પાછલા વર્ષમાં ફેરબદલી કરેલ મૂડી મિલકતોમાંથી લાંબાગાળાનો મૂડી નફો પ્રાપ્ત થયો હોવો જોઈએ.

(3) મૂડી મિલકતની ફેરબદલી તારીખથી 6 માસ દરમિયાન તે મૂડી નફાનું વિશિષ્ટ મિલકતોમાં રોકાણ કર્યું હોવું જોઈએ. નાણાંકીય વર્ષ દરમિયાન રુ. 50 લાખથી વધુ નહીં.

(4) લાંબાગાળાની વિશિષ્ટ મિલકતોમાં કરેલ રોકાણ અંગે કલમ-80 સીના કુલ આવકમાંથી કપાતનલ લાભ લઈ શકાશે નહીં.

**વિશિષ્ટ શરતો :** જે વિશિષ્ટ મિલકતોમાં રોકાણ કરવાનું છે. તે મિલકતમાં ત્રણ વર્ષ પછી પરત કરવાના હોય તેવા બોન્ડ નીચે મુજબ છે.

(1) National Highway Authority of India (2) Rural Electrification Corporation Limited દ્વારા બહાર પાડેલ તા. 01-04-2006 તે ત્યાર પછી બહાર પાડેલ ત્રણ વર્ષની મુદતના બૉન્ડ.

**કપાતની રકમ :** (1) જો બધો જ લાંબાગાળાનો મૂડી નફો વિશિષ્ટ મિલકતોમાં રોકાણ કરવામાં આવ્યો હોય તો બધો જ મૂડી નફો કરમુક્ત ગણાશે. (2) જો બધો જ લાંબાગાળાનો મૂડી નફો વિશિષ્ટ મિલકતોમાં રોકાણ કરવામાં ન આવ્યો હોય તો જેટલો નફો રોકાણ કર્યો હોય તે કરમુક્ત ગણાશે અને બાકીનો નફો કરપાત્ર ગણાશે.

**નોંધ :** વિશિષ્ટ મિલકતોમાં રોકાણ કરેલ રકમ ત્રણ વર્ષ સુધી ફેરબદલી કરી શકાશે નહીં. જો તે પહેલા ફેરબદલી કરવામાં આવે તો અગાઉ મળેલ કપાતની રકમ કરપાત્ર ગણાશે.

**ઉદાહરણ :** શ્રી રામે તા. 15-02-2018 ના રોજ ઝવેરાત રુ. 4,22,000 ની કિંમતે વેંચ્યું જેની દલાલીના રુ. 2,000 ચૂકવ્યા હતા. આ ઝવેરાત તેમણે તા. 25-07-2011 ના રોજ રુ. 72,000 ની કિંમતે ખરીદ્યા હતા. તેમણે તા. 25-03-2018 ના રોજ નેશનલ હાઈવે ઑથોરીટી ઑફ ઈન્ડિયાના 3 વર્ષના બૉન્ડ રુ. 4,00,000 ના ખરીદ્યા હતા. તેમની આકારણી વર્ષ 2018-19ની કરપાત્ર આવક નીચે મુજબ ગણાશે.

| વિગત | રુ. |
|---|---|
| તા. 15-2-2018ના રોજ ઝવેરાતની કિંમત | 4,22,000 |
| બાદ : ચૂકવેલ દલાલી | 2,000 |
| ચોખ્ખી ઉપજ કિંમત | 4,20,000 |
| બાદ : મૂડી મિલકતની સુધારેલ પડતર : $\frac{72,000 \times 272}{184}$ | 1,06,435 |
| લાંબાગાળાનો મૂડી નફો | 3,13,565 |
| બાદ : કલમ-54ઈસી મુજબ કપાત : રુ. 4,00,000 ના બોન્ડમાં રોકાણ (વધુમાં વધુ નફા જેટલું) | 3,13,565 |
| કરપાત્ર લાંબાગાળાનો મડી નફો | શૂન્ય |
| પરંતુ જો તેમણે રુ. 2,00,000 ના બોન્ડ ખરીદ્યા હોય તો કલમ-54ઈસી મુજબ કપાતની રકમ રુ. 2,00,000 જ મળશે. જેથી બાકીની રકમ (3,13,565-2,00,000)= રુ. 1,13,565 કરપાત્ર મૂડી નફો ગણાય | |

**(4) મૂડી નફાની રકમનું રહેઠાણના મકાનમાં રોકાણ અંગે કપાત (કલમ-54 એફ)**

**શરતો :**

(1) ફેરબદલી કરનાર એસીસી વ્યક્તિ હિન્દુ અવિભક્ત કુટુંબનો હોવો જોઈએ.

(2) ફેરબદલી કરનારની મિલકત રહેઠાણના મકાન સિવાયની અન્ય કોઈપણ મિલકત હોવી જોઈએ.

(3) આ પ્રકારની મિલકતમાંથી લાંબાગાળાનો મૂડી નફો પ્રાપ્ત થયો હોવો જોઈએ.

(4) મિલકતની ફેરબદલી તારીખથી એક વર્ષ પહેલા અથવા બે વર્ષ પછીના સમયગાળામાં રહેઠાણ માટે મકાન ખરીદ્યું હોય અથવા મિલકતની ફેરબદલી તારીખથી ત્રણ વર્ષ દરમિયાન રહેઠાણ માટેનું નવું મકાન બંધાવ્યુ હોય.

(5) આવી મિલકતની ફેરબદલી તારીખે એસીસીની માલિકીના રહેઠાણ માટે અન્ય કોઈ એક વધુ મકાન હોય તેમજ જૂની મૂડી મિલકતની વેચાણ તારીખથી પછીના બે વર્ષમાં રહેઠાણ માટેનું અન્ય કોઈ એકથી વધુ મકાન ખરીદવામાં આવે અથવા પછીના ત્રણ વર્ષમાં રહેઠાણ માટેનું અન્ય કોઈ એકથી વધુ મકાન બાંધકામ આવે તો કલમ-54 એફ, નો લાભ મળશે નહીં.

(6) મિલકતની ફેરબદલી તારીખથી એસીસી પોતાના પાછલા વર્ષનું આવકવેરાનું રીર્ટન ભરે ત્યાં સુધીમાં રહેઠાણ મકાનની ખરીદી કે બાંધકામમાં મૂડી નફાનો ઉપયોગ ન કર્યો હોય તો તે રકમ ચોક્કસ બૅંકમાં કે સંસ્થામાં ડિપોઝિટ કરવી જોઈએ, અને આ અંગેનો પુરાવો આવકવેરાના રિર્ટન સાથે રજૂ કરવો પડશે.(કલમ 54(2) મુજબ)

**કરમુક્તિની રકમ :** (1) જો ખરીદેલ કે બંધાવેલ મકાનની પડતર કિંમત, વેચેલ જૂની મિલકતની ઉપજતી ચોખ્ખી રકમ કરતાં ઓછી હોય તો બધો મૂડી નફો કરમુક્ત ગણાય.

(2) જૂની મૂડી મિલકતના વેચાણમાંથી ઉપજતી ચોખ્ખી રકમ રહેઠાણના મકાનમાં પૂરેપૂરી રોકવામાં ન આવે તો પ્રમાણસર ધોરણે કરમુક્તિનો લાભ મળશે. જેનું સૂત્ર પાછળ મુજબ છે.

કરમુક્ત મૂડી નફો = કુલ મૂડી નફો ×રહેઠાણના મકાનમાં રોકાણ/ વેચેલ મિલકતની ચોખ્ખી ઊપજ કિંમત

**નોંધ :** આ કલમનો લાભ લેવા માટે જે રહેઠાણનું મકાન ખરીદ્યું હોય તે મકાન ઓછામાં ઓછા 3 વર્ષ સુધી વેચી શકાય નહીં. આ મુદત પહેલા તેનું વેચાણ કે ફેરબદલી કરવામાં આવે તો કલમ-54 એફ મુજબ અગાઉ જે કરમુક્તિનો લાભ મળ્યો હશે તે રદ ગણીને આવકવેરો ચૂકવવો પડશે.

**ઉદાહરણ :** શ્રી મિતેશ માર્ચ, 2002 માં ખરીદ કરેલા રોકાણ કે જેની પડતર રુ. 70,000 હતી. તે 2017ના નવેમ્બર માસમાં રુ. 6,84,000માં વેચે છે, જેને વેચતા રુ. 4,000 દલાલીના ચૂકવ્યાં છે.

– જો તેઓ જૂન-2018માં રહેઠાણનું મકાન રુ. 7,50,000 માં ખરીદે(હાલ તેઓ ભાડાના મકાનમાં રહે છે અને અન્ય કોઈ રહેઠાણનું મકાન ધરાવતા નથી.)

– અથવા તેઓ આ જ સમયે રુ. 3,40,000 ની કિંમતે એક ફ્લેટ ખરીદે તો કલમ-54 એફ નીચે મળતી કરમુક્તિ દર્શાવો.

સૌ પ્રથમ લાંબાગાળાની મૂડી નફાની રકમ નક્કી કરવી.

| | |
|---|---|
| ચોખ્ખી ઊપજ(રુ. 6,84,000- રુ. 4,000) | 6,80,000 |
| બાદ : પડતર કિંમત : 70,000 × 272/100 | 1,90,400 |
| લાંબાગાળાનો મૂડી નફો = | 4,89,600 |

**સંજોગો :**

(1) નવા મકાનમાં કુલ રોકાણ રુ. 7,50,000 જે ચોખ્ખી ઊપજ રુ. 6,80,000 થી વધુ હોવાથી પૂરેપૂરો મૂડી નફો કરમુક્ત ગણાશે.

(2) નવા ફ્લટેમાં રોકાણ રુ. 3,40,000 જે ચોખ્ખી ઊપજ રુ. 6,80,000 થી ઓછી હોવાથી પ્રમાણસર કરમુક્તિ ગણાશે.

$$\text{કરમુક્ત મૂડી નફો} = \frac{\text{લાંબાગાળાનો મૂડીનફો} \times \text{નવું રોકાણ}}{\text{ચોખ્ખી ઊપજ કિંમત}}$$

$$= \frac{4,89,600 \times 3,40,000}{6,80,000} = 2,44,800$$ રુ. કરમુક્ત ગણાશે.

જ્યારે, બાકીની રકમ કરપાત્ર ગણાશે.

**9. સ્વયં ઉદ્‌ભવતી મિલકતોની ફેરબદલી દ્વારા મળતો મૂડી-નફો(કલમ-55(2))**

ધંધાની પાઘડીની ફેરબદલીથી પ્રાપ્ત થતી રકમ આવકવેરાને પાત્ર ન ગણાય કારણ કે તે મૂડી સ્વરૂપની આવક છે. એ અંગેનો સુપ્રીમ કોર્ટ ''કમિશનર ઓફ ઈન્કમટેક્ષ વિરુદ્ધ શ્રીનિવાસ સેટ્ટી''ના ચુકાદામાં જણાવેલું. આ ચુકાદા મુજબ પાઘડી જેવી સ્વયં ઉદ્‌ભવતી મૂડી રૂપી મિલકતનું રૂપાંતર મૂડી નફાની ગણતરી માટે વિષયવસ્તુ બની શકે નહીં. આમ, આ રીતે મળતી રકમ સંપૂર્ણ કરમુક્ત ગણાય પરંતુ સરકારે આ ચુકાદાનો લાભ ચાલુ ન રહે તે માટે આકારણી વર્ષ 1988-89 થી આવકવેરાના કાયદાની કલમ-55(2)માં સુધારો કરીને એવી સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી કે સ્વયં ઉદ્‌ભવતી એવી પાઘડીની મિલકતની પડતર કિંમત શૂન્ય ગણવામાં આવશે અને મૂડી નફાની ગણતરી કરવી.પાઘડી સિવાયની અન્ય મિલકતો જેનો ઉદ્‌ભવ સ્વયંભૂ હોય તેની કોઈ પડતર કિંમત આંકી શકાશે નહીં. આથી ભાડુઆત હક્ક, ટ્રેડમાર્ક, કોપીરાઈટ જેવી મિલકતોની ફેરબદલી પ્રાપ્ત થતી રકમ ઉપર આવકવેરો લાગશે નહીં. પરંતુ 1994 ના નાણાં ધારામાં કલમ-55(2)માં વધુ ફેરફાર પાઘડીની સાથે સ્વયં ઉદ્‌ભવતી મિલકતો જેવી કે ભાડુઆત હક્ક, સ્ટેટ કેરેજ પરમીટ તેમજ લૂમ અવર્સને પણ આવરી લેવામાં આવી. આ ઉપરાંત 1997ના નાણાંકીય ધારા મુજબ આકારણી વર્ષ 1998-99થી કોઈ પણ વસ્તુ ઉત્પાદન કરવાના હક્કને પણ કલમ-55(2)માં સમાવેશ કરવામાં આવ્યો અને તેમાંથી પ્રાપ્ત થતા નફાને મૂડી નફો ગણવામાં આવશે.

2001ના નાણાંકીય ધારા મુજબ આકારણી વર્ષ 2002-03 થી કલમ-55(2) હેઠળ ટ્રેડમાર્ક, તેમજ બ્રાન્ડ નેમનો પણ સમાવેશ કરીને તેની ફેરબદલી સબંધી મૂડી-નફાને કરપાત્ર ગણવામાં આવશે એવી જોગવાઈ કરવામાં આવી છે.

**10. મૂડી-નફાના દાખલાની ગણતરી માટેનું પત્રક**

| વિગત | રુ. | રુ. |
|---|---|---|
| **(1) ટૂંકાગાળાનો મૂડી નફો : ટૂંકાગાળાની મૂડી મિલકતની વેચાણ કિંમત** | ............ | |
| બાદ : વેચાણ અંગેના ખર્ચાઓ | ............ | |
| મિલકતની ચોખ્ખી ઊપજ કિંમત | | ............ |
| બાદ મિલકતની પડતર કિંમત અને મિલકતનો સુધારા વધારાનો મૂડી ખર્ચ | | ............ |
| ટૂંકાગાળાનો મૂડી નફો : | | ............ |
| (મિલકત ફેરબદલી તેની પ્રાપ્તિના 36 માસ દરમિયાન થઈ હોય પરંતુ ઈક્વિટી શેર અને પ્રેફરન્સ શેર તથા માન્ય શેરબજારમાં નોંધાયેલ જામીનગીરીઓ માટે 12 માસ દરમિયાન થઈ હોય તો નફો ટૂંકાગાળાનો મૂડી નફો ગણાશે. | | |
| **(2) લાંબાગાળાનો મૂડી નફો :** | | |
| લાંબાગાળાની મૂડી-મિલકતની ઊપજ કિંમત (ઉપર જણાવ્યાથી વધુ સમય દરમિયાન મિલકતની ફેરબદલી થઈ હોય) | ............ | |
| બાદ : મિલકતની ફેરબદલી અંગેના ખર્ચાઓ | ............ | |
| મિલકતની ચોખ્ખી ઊપજ કિંમત | | ............ |
| બાદ : (1) મિલકતની સુધારેલી મૂડી પડતર : | | |
| મિલકતની સુધારેલી મૂડી પડતર × <u>ફેરબદલીના વર્ષનો સૂચકઆંક</u><br>ખરીદીના વર્ષનો સૂચકઆંક | ............ | |
| (2) મિલકત અંગેના સુધારા-વધારાનો સુધારેલ મૂડીખર્ચ | | |
| <u>સુધારા-વધારાનો મૂડીખર્ચ × ફેરબદલીના વર્ષનો સૂચકઆંક</u><br>સુધારા-વધારાના વર્ષનો સૂચકઆંક | ............ | ............ |
| લાંબાગાળાનો મૂડી નફો : | | ............ |
| બાદ : સામાન્ય કપાતો :<br>(જેવી કે કલમ-54, 54બી, 54ડી, 54ઈસી, 54એફ, 54જી વગેરે) | | ............<br>............ |
| કરપાત્ર લાંબાગાળાનો મૂડી નફો : | | ............ |

**11. ઉદાહરણો**

**ઉદાહરણ : 1**

શ્રી કપિલદેવની નીચે આપેલ માહિતી પરથી આકારણી વર્ષ 2018-19 માટે કરપાત્ર મૂડીનફાની ગણતરી કરો.

તા. 10-03-2006ના રોજ રુ. 1,09,000 માં ખરીદેલ ઝવેરાત તા. 2-11-17 ના રોજ રુ. 5,95,000 માં વેચી દીધું. ઝવેરાત ખરીદતી વખતે રુ. 2,000 અને વેચાણ કરતી વખતે રુ. 5,000 દલાલીનો ખર્ચ કર્યો હતો.

તા. 03-11-2017 ના રોજ નેશનલ હાઈવે ઑથોરિટી ઑફ ઈન્ડિયાના રુ. 80,000 ના બૉન્ડ ખરીદ્યા હતા. જે ત્રણ વર્ષ બાદ પુનઃચૂકવણીને પાત્ર છે. (2005-06 નો સૂચકઆંક 117 અને 2017-18 ના વર્ષનો સૂચકઆંક 272 છે.)

જો ઉપરોક્ત વ્યવહારમાં નેશનલ હાઈવે ઑથોરિટીના બૉન્ડ ખરીદવાને બદલે પોતે જે ભાડાના મકાનમાં રહેતા હતા તે રુ. 1,00,000 માં ખરીદ લે તો જવાબમાં શું ફેર પડશે ? (ગુ. યુનિ. માર્ચ, 2007)

**જવાબ :** શ્રી કપિલદેવની કરપાત્ર મૂડીનફાની ગણતરી દર્શાવતું પત્રક

પાછલું વર્ષ : 2017-18 આકારણી વર્ષ : 2018-19

| વિગત | રુ. | રુ. |
|---|---|---|
| ઝવેરાતની વેચાણ કિંમત | | 5,95,000 |
| બાદ : વેચાણ ખર્ચ | | 5,000 |
| **ચોખ્ખી ઊપજ કિંમત** | | **5,90,000** |
| બાદ : સુધારેલી મૂડી પડતર | | |
| ખરીદ કિંમત | 1,09,000 | |
| + ખરીદીનો ખર્ચ | 2,000 | |
| ચોખ્ખી ખરીદ કિંમત | 1,11,000 | |
| $\frac{1,11,000 \times 272}{117}$ | | (2,58,051) |
| **લાંબાગાળાનો મૂડી નફો :** | | **3,31,949** |
| બાદ : કલમ-54 ઈઢ્ઢી મુજબ કપાત : | | |
| નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા બોન્ડમાં રોકાણ રુ. 80,000 પરંતુ કપાત ફક્ત નફા જેટલી જ રકમ મળશે. | | 80,000 |
| **કરપાત્ર લાંબાગાળાનો મૂડી નફો :** | | **2,51,949** |
| લાંબાગાળાની મૂડી નફા(ગણતરી કરેલ) | | 3,31,949 |
| બાદ : કલમ-54 એફ મુજબ કપાત :(મકાનમાં રોકાણ કરેલ) | | |
| $3,31,949 \times \frac{1,00,000}{5,90,000}$ | | 52,263 |
| **કરપાત્ર લાંબાગાળાનો મૂડી નફો :** | | **2,61,686** |

**ઉદાહરણ : 2** કુમારી કેટરીનાએ હિસાબી વર્ષ 2017-18 માટે નીચેના વ્યવહારો કરેલા છે. તેના પરથી કરપાત્ર મૂડી નફો શોધો.

| ક્રમ | મિલકતનું નામ | ખરીદ તારીખ | ખરીદ કિંમત રુ. | વેચાણ તારીખ | વેચાણ કિંમત | ફેરબદલી ખર્ચ રુ. | સૂચક આંક |
|---|---|---|---|---|---|---|---|
| (1) | શહેરી જમીન | 01-01-1995 | 5,000 | 01-01-2018 | 95,000 | 3,100 | 100 |
| (2) | રહેઠાણનું મકાન(એકમાત્ર) | 01-01-2007 | 61,000 | 01-01-2018 | 6,200 | 6,200 | 122 |
| (3) | ઝવેરાત | 01-01-2017 | 28,000 | 01-01-2018 | 1,75,000 | 1,200 | 148 |
| (4) | અંગત મોટર | 01-01-2003 | 44,700 | 01-01-2018 | 1,00,000 | 1200 | 105 |

**અન્ય વિગતો :**

(1) તા. 01-04-2001 ની શહેરી જમીનની વાજબી કિંમત રુ. 20,000 હતી.

(2) તેમણે તા. 01-03-2017 ના રોજ રહેઠાણનો નવો ફ્લેટ રુ. 50,000માં ખરીદેલ છે.

(3) વર્ષ 2017-18 નો સૂચક આંક 272 છે. (ગુ.યુનિ. માર્ચ, 2008)

જવાબ : કુમારી કેટરીનાનો કરપાત્ર મૂડી નફો દર્શાવતું પત્રક

પાછલું વર્ષ : 2017-18 આકારણી વર્ષ : 2018-19

| વિગત | રુ. | રુ. |
|---|---|---|
| લાંબાગાળાનો મૂડી નફો : | | |
| (1) શહેરી જમીન : વેચાણ કિંમત | 95,000 | |
| બાદ : ફેરબદલી ખર્ચ | 3,100 | |
| ચોખ્ખી ઊપજ કિંમત | 91,900 | |
| બાદ : સુધારેલી મૂડી પડતર : $\frac{20,000 \times 272}{100}$ | 54,400 | |
| **મૂડી નફો** | | **37,500** |
| (2) રહેઠાણનું મકાન : | | |
| વેચાણ કિંમત | 2,60,000 | |
| બાદ : ફેરબદલી ખર્ચ | 6,200 | |
| ચોખ્ખી ઊપજ કિંમત | 2,53,800 | |
| બાદ : સુધારેલ મૂડી પડતર : $\frac{61,000 \times 272}{112}$ | 1,36,000 | |
| મૂડી નફો | 1,17,800 | |
| બાદ : કલમ-54 મુજબ કપાત (નવા ફ્લેટ રોકાણ) | 50,000 | |
| | | **67,800** |
| (3) ઝવેરાત : | | |
| વેચાણ કિંમત | 1,75,000 | |
| બાદ : ફેરબદલી ખર્ચ | 1,200 | |
| ચોખ્ખી ઊપજ કિંમત | 1,73,800 | |
| બાદ : સુધારેલ મૂડી પડતર : | | |
| $\frac{28,000 \times 272}{148}$ | 51,460 | |
| **મૂડી નફો** | | **1,22,340** |
| (4) અંગત મોટર (મૂડી મિલકત નહી ગણાય) | | |
| **કુલ કરપાત્ર લાંબાગાળાનો મૂડી નફો** | | **2,27,640** |

**ઉદાહરણ : 3** પવનકુમારની હિસાબી વર્ષ 2017-18 ની નીચેની માહિતી પરથી કરપાત્ર મૂડી-નફાની ગણતરી કરો.

| **મિલકતનું નામ** | **શહેરી જમીન** | **ઝવેરાત** | **અંગત મોટર** |
|---|---|---|---|
| ખરીદ તારીખ | 1-1-76 | 1-1-02 | 1-1-95 |
| ખરીદ કિંમત | 3,000 | 42,000 | 80,000 |
| તા. 1-4-01 ની વાજબી કિંમત | 40,000 | - | - |
| વેચાણ કિંમત | 3,85,000 | 4,32,000 | 50,000 |
| વેચાણ ખર્ચ | 25,000 | 12,000 | 2,000 |
| સંબંધિત સૂચકઆંક | 100 | 100 | 100 |

**નોંધ :**

(1) બધી જ મિલકતો જાન્યુઆરી 2018માં વેચેલ છે.

(2) હિસાબી વર્ષ 2017-18નો સૂચક આંક 272 છે. (ગુ.યુનિ. માર્ચ, 2009)

**જવાબ :** શ્રી પવનકુમારનો કરપાત્ર મૂડી નફો દર્શાવતું પત્રક

પાછલુ વર્ષ : 2017-18 આકારણી વર્ષ : 2018-19

| **વિગત** | **રુ.** | **રુ.** |
|---|---|---|
| (1) શહેરી જમની : વેચાણ કિંમત | 3,85,000 | |
| બાદ : વેચાણ ખર્ચ | 25,000 | |
| **ચોખ્ખી ઊપજ કિંમત** | **3,60,000** | |
| બાદ : સુધારેલી મૂડી પડતર $\left(40,000 \times \frac{272}{100}\right)$ | 1,08,800 | **2,51,200** |
| (2) ઝવેરાત : વેચાણ કિંમત | 4,32,000 | |
| બાદ વેચાણ ખર્ચ | 12,000 | |
| **ચોખ્ખી ઊપજ કિંમત** | **4,20,000** | |
| બાદ : સુધારેલી મૂડી પડતર $\left(42,000 \times \frac{272}{100}\right)$ | 1,14,240 | **3,05,760** |
| (3) અંગત મોટર મૂડી મિલકત ગણાય નહી | | - |
| **કરપાત્ર લાંબાગાળાનો મૂડી નફો:** | | **5,56,960** |

**ઉદાહરણ : 4** શ્રીમાન રામાણીએ તા. 10-03-2013 ના રોજ રુ. 4,80,000 નું કેટલુંક ઝવેરાત ખરીદ્યું હતું. આ ઝવેરાત તેમણે તા. 15-01-2018 ના રોજ રુ. 12,00,000માં વેચેલ છે. તેમણે તા.15-02-2018 ના રોજ સૌ પ્રથમવાર રુ. 6,00,000 નું રહેઠાણ મકાન ખરીદેલ છે. કરપાત્ર મૂડી નફો શોધો. (સૂચક આંક 2012-13 માટે 200 અને 2017-18 માટે 272)

**(ગુ. યુનિ. માર્ચ, 2010)**

**જવાબ :** શ્રીમાન રામાણીનો કરપાત્ર મૂડી નફો દર્શાવતું પત્રક

પાછલું વર્ષ : 2017-18 આકારણી વર્ષ : 2018-19

| **વિગત** | **રુ.** | **રુ.** |
|---|---|---|
| ઝવેરાતની વેચાણ કિંમત | | 12,00,000 |
| બાદ : સુધારેલ મૂડી પડતર $\left(4{,}80{,}000 \times \frac{272}{200}\right)$ | | 6,52,800 |
| **લાંબાગાળાનો મૂડી નફો :** | | **5,47,200** |
| બાદ : કપાત (કલમ 54) મુજબ<br>મૂડી નફો x <u>નવા રહેઠાણના મકાનમાં રોકાણ</u><br>મૂડી મિલકતની ચોખ્ખી ઊપજ કિંમત<br>$\left(5{,}47{,}200 \times \frac{6{,}00{,}000}{12{,}00{,}000}\right)$ | 1,08,800 | 2,51,200<br><br><br>2,73,600 |
| **કરપાત્ર લાંબાગાળાનો મૂડી નફોઃ** | | **2,76,600** |

**ઉદાહરણ : 5** ખુશાલીએ તા. 31-03-2018 ના રોજ પૂરા થતા વર્ષ દરમિયાન કરેલા વ્યવહારોની વિગતો નીચે મુજબ છે. તેના પરથી કરપાત્ર મૂડી નફો શોધો.

| **મિલકતનું નામ** | **ખરીદ તારીખ** | **વેચાણ તારીખ** | **ખરીદ કિંમત રુ.** | **વેચાણ કિંમત** | **1-4-01 ની કિંમત રુ.** | **સૂચક આંક** |
|---|---|---|---|---|---|---|
| રહેઠાણનો બંગલો | 1-1-94 | 31-12-17 | 80,000 | 17,00,000 | 3,00,000 | 100 |
| હીરા માણેક | 1-1-13 | 31-10-17 | 96,000 | 1,96,000 | - | 200 |
| ચાંદી | 1-1-13 | 30-09-17 | 90,000 | 1,80,000 | - | 200 |
| અંગત કાર | 1-1-06 | 01-01-18 | 90,700 | 60,000 | - | 117 |
| રહેઠાણનો ફ્લેટ | 1-3-18 | - | 6,68,000 | - | - | - |

વર્ષ 2017-18નો સૂચક આંક 272 છે. (ગુ. યુનિ. માર્ચ, 2011)

જવાબ : ખુશાલીનો કરપાત્ર મૂડી નફો દર્શાવતુ પત્રક

પાછલું વર્ષ : 2017-18 આકારણી વર્ષ : 2018-19

| વિગત | રુ. | રુ. |
|---|---|---|
| (1) રહેઠાણનો બંગલો : ચોખ્ખી ઊપજ કિંમત | 17,00,000 | |
| બાદ : સુધારેલ મૂડી પડતર $\frac{3,00,000 \times 272}{100}$ | 8,16,000 | |
| | **8,84,000** | |
| **બાદ : કલમ-54 મુજબ કપાત (નવા ફલેટની ખરીદ કિંમત)** | 6,68,000 | **2,16,000** |
| (2) હિરા માણેક : ચોખ્ખી ઊપજ કિંમત | 1,96,000 | |
| બાદ : સુધારેલ મૂડી પડતર : $96,0000 \times \frac{272}{100}$ | 1,30,560 | **65,440** |
| (3) ચાંદી : ચોખ્ખી ઊપજ કિંમત | 1,80,000 | |
| બાદ : સુધારેલ મૂડી પડતર : $\frac{90,000 \times 272}{200}$ | 1,22,400 | **57,600** |
| (4) અંગત મોટર મિલકત ગણાય નહી | | - |
| **કુલ કરપાત્ર લાંબાગાળાનો મૂડી નફો** | | **3,39,040** |

**ઉદાહરણ : 6** કિંજલે તા.31-3-18 ના રોજ પૂરા થતા વર્ષ દરમિયાન કરેલ વ્યવહારોની વિગતો નીચે મુજબ છે. તેના પરથી કરપાત્ર મૂડી-નફો શોધો.

| મિલકત | રહેઠાણનું મકાન | અંગત કાર | ખેતીની જમીન | સોનું |
|---|---|---|---|---|
| વેચાણ કિંમત રુ. | 8,30,000 | 60,000 | 5,00,000 | 4,53,000 |
| ખરીદ કિંમત રુ. | 50,000 | 90,000 | 3,00,000 | 1,50,000 |
| તા.1-4-01 ની કિંમત રુ. | 2,00,000 | - | - | - |
| ખરીદ તારીખ | 1-3-98 | 1-1-07 | 1-1-15 | 1-1-08 |
| વેચાણ તારીખ | 31-3-18 | 1-3-18 | 1-2-18 | 31-12-17 |
| વેચાણ ખર્ચ | 30,000 | 2,000 | 50,000 | 3,000 |
| સૂચક આંક | 100 | 122 | 240 | 129 |

**નોંધ :**

(1) તેમણે તા. 1-3-18ના રોજ રહેઠાણનું મકાન રુ. 2,00,000 માં ખરીદેલ છે.

(2) હિસાબી વર્ષ 2017-18નો સૂચક આંક 272 છે. (ગુ. યુનિ, માર્ચ, 2012)

**જવાબ :** કિંજલનો કરપાત્ર મૂડી નફો દર્શાવતું પત્રક

પાછલું વર્ષ : 2017-18 આકારણી વર્ષ : 2018-19

| વિગત | રુ. | રુ. |
|---|---|---|
| લાંબાગાળાનો મૂડી નફો | | |
| (1) રહેઠાણનું મકાન : | | |
| **વેચાણ કિંમત** | **8,30,000** | |
| **બાદ : વેચાણ ખર્ચ** | 30,000 | |
| ચોખ્ખી ઊપજ કિંમત | 8,00,000 | |
| બાદ : સુધારેલ મૂડી પડતર : $2{,}00{,}000 \times \frac{272}{100}$ | 5,44,000 | |
| | 2,56,000 | |
| બાદ : કપાત (કલમ-54 મુજબ નવા રહેઠાણના મકાનની ખરીદી) | 2,00,000 | |
| લાંબાગાળાનો મૂડી નફો | | **56,000** |
| **(2) અંગત કાર :** | | – |
| **મૂડી મિલકત ગણાય નહી** | | |
| **(3) ખેતીની જમીન :** | | – |
| **મૂડી મિલકત ગણાય નહી** | | |
| **(4) સોનું :** | | |
| **વેચાણ કિંમત** | **4,53,000** | |
| **બાદ : વેચાણ ખર્ચ** | **3,000** | |
| **ચોખ્ખી ઊપજ કિંમત** | **4,50,000** | |
| બાદ : સુધારેલ મૂડી પડતર : $1{,}50{,}000 \times \frac{272}{129}$ | **3,16,280** | |
| લાંબાગાળાનો મૂડી નફો | | **1,33,720** |
| કરપાત્ર લાંબાગાળાનો મૂડી નફો : | | **1,89,720** |

**ઉદાહરણ : 7** શ્રી રોહિતે પોતાનું રહેઠાણનું મકાન તા.1-7-2017 ના રોજ રુ. 9,60,400 માં વેચ્યું હતુ. આ મકાન તેમણે તા.1-1-97 ના રોજ રુ. 40,000 માં ખરીદ્યું હતું. જેની તા. 1-4-01 ના રોજ વાજબી બજાર કિંમત રુ. 2,50,000 હતી. મકાનની ફેરબદલી અંગેનો ખર્ચ રુ. 10,400 થયો હતો. તેમણે તા. 1-1-2018 ના રોજ નવું રહેઠાણનું મકાન રુ. 2,00,000 ખરીદ્યુ હતું. આકારણી વર્ષ 2018-19 માટે તેમની મૂડી નફાની ગણતરી કરો.

જો તેમણે આ મકાન રુ. 3,00,000માં ખરીદ્યું હોય તો તમારા જવાબમાં શો ફેર પડે ?

**જવાબ :** શ્રી રોહિતના મૂડી નફાની ગણતરી દર્શાવતું પત્રક

પાછલું વર્ષ : 2017-18 આકારણી વર્ષ : 2018-19

**મૂડી નફો**

| વિગત | | રુ. |
|---|---|---|
| (1) તા. 1-7-2017 ના રોજની વેચાણ કિંમત | | 9,60,400 |
| બાદ : ફેરબદલીનો ખર્ચ | | 10,400 |
| | **ચોખ્ખી વેચાણ કિંમત** | **9,50,000** |
| બાદ : મિલકતની પડતર કિંમત | | |
| 2,50,000(1-4-01 ની વા.બ.કિં) × 272 (ફેરબદલીના વર્ષનો સૂચક આંક) / 100(2001-02 નો સૂચક આંક) | | 6,80,000 |
| | લાંબાગાળાનો મૂડી નફો | 2,70,000 |
| બાદ : કલમ-54 મુજબ કપાત | | 2,00,000 |
| | કરપાત્ર મૂડી નફો | 70,000 |
| (2) લાંબાગાળાનો મૂડી નફો(ઉપરની ગણતરી મુજબ) | | 2,70,000 |
| **બાદ : કલમ-54 મુજબ કપાત (બધો જ મૂડી નફો નવા મકાનમાં રોક્યો હોવાથી લાંબાગાળાનો મૂડી નફો છે તે રકમ)** | | **2,70,000** |
| | **કરપાત્ર લાંબાગાળાનો મૂડી નફો** | ------- |

**ઉદાહરણ : 8** શ્રી રાજેશકુમારની નાણાંકીય વર્ષ 2017-18 દરમિયાન વેચેલ મૂડી મિલકતોની વિગત નીચે પ્રમાણે છે.

| **મિલકતનું વર્ણન** | **ખરીદનું વર્ષ** | **ખરીદ કિંમત રુ.** | **1-4-01 ના રોજની વાજબી બજાર કિંમત રુ.** | **વેચાણ અંગેના ખર્ચા રુ.** | **વેચાણ કિંમત રુ.** | **સૂચક આંક** |
|---|---|---|---|---|---|---|
| ઝવેરાત | 1999-00 | 40,000 | 50,000 | 5,000 | 2,70,000 | 100 |
| મકાન | 2012-13 | 94,000 | - | 2,000 | 2,60,000 | 200 |
| ડિબેંચર | 5-11-16 | 40,000 | - | 1,000 | 44,000 | 264 |

ઉપરોક્ત વિગતો પરથી આકારણી વર્ષ 2018-19 માટે કરપાત્ર મૂડી નફાની ગણતરી કરો. ડિબેંચર શેરબજારમાં બિનનોંધાયેલા છે. (વેચાણ વર્ષનો સૂચકઆંક 272 છે.)

જવાબ : શ્રી રાજેશકુમારની મૂડી નફાની ગણતરી દર્શાવતુ પત્રક

પાછલું વર્ષ : 2017-18 આકારણી વર્ષ :2018-19

| વિગત | રુ. | રુ. |
|---|---|---|
| (1) ટૂંકાગાળાનો મૂડી નફો: (શેરબજારમાં નોંધાયેલ નથી માટે) | | |
| ડિબેંચરોની : વેચાણ કિંમત | 44,000 | |
| **બાદ : વેચાણ ખર્ચા** | **1,000** | |
| **ચોખ્ખી ઊપજ કિંમત** | 43,000 | |
| બાદ : મૂડી પડતર | 40,000 | |
| **ટૂંકાગાળાનો મૂડી નફો(1)** | | **3,000** |
| (2) લાંબાગાળાનો મૂડી નફો : | 2,56,000 | |
| (1) ઝવેરાત અંગે : વેચાણ કિંમત | 2,70,000 | |
| બાદ : વેચાણ ખર્ચા | 5,000 | |
| **ચોખ્ખી ઊપજ કિંમત** | **2,65,000** | -- |
| **બાદ : સુધારેલ મૂડી પડતર :** $\frac{50,000 \times 272}{100}$ | **1,36,000** | **1,29,000** |
| **(2) મકાન અંગે : વેચાણ કિંમત** | **2,60,000** | |
| **બાદ : વેચાણ ખર્ચા** | **2,000** | |
| **ચોખ્ખી ઊપજ કિંમત** | **2,58,000** | |
| **બાદ : સુધારેલ મૂડી પડતર :** $\frac{94,000 \times 272}{200}$ | **1,27,840** | **1,30,160** |
| **કુલ લાંબાગાળાનો મૂડી નફો(2)** | | **2,59,160** |
| **કુલ મૂડી નફો (1) + (2)** | | **2,62,160** |

**ઉદાહરણ : 9** નીચે આપેલ માહિતીના આધારે શ્રી નીતિન માટે આકારણી વર્ષ 2017-18 ના વર્ષનો કરપાત્ર મૂડી નફો ગણો.

| મિલકતનું નામ | વેચાણ તારીખ | વેચાણ કિંમત રુ. | ખરીદ તારીખ | ખરીદ કિંમત રુ. | વેચાણ અંગેના ખર્ચા |
|---|---|---|---|---|---|
| રહેઠાણનું મકાન | 1-2-18 | 11,50,000 | 5-10-00 | 3,00,000 | 30,000 |
| ડિબેંચર(નોંધાયેલ) | 28-2-18 | 60,000 | 4-5-17 | 30,000 | 500 |
| મોટરકાર(અંગત વપરાશ માટે) | 15-10-17 | 1,50,000 | 8-8-95 | 2,25,000 | 1,000 |
| ઝવેરાત | 10-11-17 | 6,00,000 | 4-1-95 | 60,000 | 10,000 |
| રહેઠાણનો ફ્લટે | - | - | 30-03-18 | 2,20,000 | - |

રહેઠાણના મકાન અને ઝવેરાતની વ્યાજબી બજાર કિંમત તા. 1-04-01 ના રોજ અનુક્રમે રુ. 4,00,000 અને રુ. 90,000 હતી. તા. 1-1-18 ના રોજ તેમણે 3 વર્ષના નૅશનલ હાઈવે ઑથોરીટી ઑફ ઈન્ડિયાના બૉન્ડસ રુ. 1,95,000માં ઝવેરાતના વેચાણની ઉપજમાંથી ખરીદ્યા હતા. સૂચક આંક 2001-02:100, 2012-13:200 અને 2017-18:272 છે.

જવાબ : શ્રી નીતિનનો કરપાત્ર મૂડી નફાની ગણતરી દર્શાવતું પત્રક

પાછલું વર્ષ : 2017-18 આકારણી વર્ષ : 2018-19

| વિગત | | રુ. | રુ. |
|---|---|---|---|
| (અ) લાંબાગાળાનો મૂડીનફો : | | | |
| (1) રહેઠાણનું મકાન : વેચાણ | | 11,50,000 | |
| **બાદ : વેચાણ ખર્ચ** | | **30,000** | |
| | ચોખ્ખી ઊપજ કિંમત | 11,20,000 | |
| **બાદ : સુધારેલ મૂડી પડતર :** $\frac{4,00,000 \times 272}{100}$ | | 10,88,000 | |
| | લાંબાગાળાનો મૂડી નફો | 32,000 | |
| બાદ : કલમ-54 મુજબ નવો ખરીદેલ ફ્લેટમાં રોકાણ (તા.30-3-13 ના રોજ) રુ. 2,20,000 પરંતુ કપાત ફક્ત મૂડીનફા જેટલી | | 32,000 | |
| | **કરપાત્ર મૂડી નફો** | | - |
| (2) ઝવેરાત : વેચાણ | | 6,00,000 | |
| | **બાદ : વેચાણ ખર્ચ** | **10,000** | |
| | **ચોખ્ખી ઊપજ કિંમત** | **5,90,000** | |
| **બાદ : સુધારેલ મૂડી પડતર :** $\frac{90,000 \times 272}{100}$ | | **2,44,000** | |
| | **લાંબાગાળાનો મૂડી નફો** | **3,45,200** | |
| **બાદ : કલમ-54 ઈસી મુજબ કપાત : નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયાના 3 વર્ષના બોન્ડમાં રોકાણ રુ. 1,95,000 આથી મૂડી નફા સુધીની કપાત મળશે.** | | **1,95,000** | **1,50,200** |
| | **કરપાત્ર લાંબાગાળાનો મૂડી નફો** | | **1,50,200** |
| **(બ) ટૂંકાગાળાનો મૂડી નફો** | | | |
| **ડિબેંચર : વેચાણ** | | **60,000** | |
| **બાદ : વેચાણ ખર્ચ** | | **500** | |
| | **ચોખ્ખી ઊપજ કિંમત** | **59,500** | |
| **બાદ : પડતર કિંમત** | | **30,000** | |
| | **(બ) કરપાત્ર ટૂંકાગાળાનો મૂડી નફો** | | **29,500** |
| | **કુલ કરપાત્ર મૂડી નફો(અ) + (બ)** | | **1,79,700** |

**નોંધ :** અંગત વપરાશ અંગેની મોટરકાર મૂડીમિલકત ગણાતી નથી માટે તેમાંથી મળતો નફો કરપાત્ર મૂડી નફો ગણાશે નહીં.

**ઉદાહરણ : 10** તારીખ 31-3-2018 ના રોજ પૂરા થતા વર્ષ દરમિયાન જીગાએ કરેલા વ્યવહારો નીચે મુજબ છે. તેના પરથી કરપાત્ર મૂડી નફો શોધો.

| **મિલકત** | **ખરીદ કિંમત રુ.** | **વેચાણ કિંમત રુ.** | **ખરીદ તારીખ** | **1-4-81ની કિંમત રુ.** | **સંબંધિત સૂચક આંક** |
|---|---|---|---|---|---|
| 1. ખેતીની જમીન | 1,00,000 | 3,00,000 | 10-6-07 | - | 129 |
| 2. શહેરી જમીન | 32,000 | 5,30,000 | 10-1-97 | 1,20,000 | 100 |
| 3. શેરબજારમાં નહી નોંધાયેલ ડિબેંચર | 55,000 | 1,85,000 | 10-1-13 | - | 200 |

નોંધ :

(1) બધી જ મિલકતો જાન્યુઆરી 2018માં વેચેલ છે.

(2) નાણાંકીય વર્ષ 2017-18નો સૂચકઆંક 272 છે.

(ગુજ. યુનિ. એપ્રિલ, 2013)

જવાબ : જીગાભાઈની મૂડી નફાની કરપાત્ર આવક દર્શાવતું પત્રક

પાછલું વર્ષ : 2017-18 આકારણી વર્ષ : 2018-19

| **વિગત** | **રુ.** | **રુ.** |
|---|---|---|
| (1) ખેતીની જમીન : | | |
| (મૂડી-મિલકત નથી તે ગ્રામ્ય વિસ્તારમાં આવેલ છે તેમ ધારેલ છે.) | | |
| **(2) શહેરી જમીન :** | | |
| વેચાણ કિંમત | 5,30,000 | |
| **બાદ : સુધારેલ મૂડી પડતર :** $\frac{1,20,000 \times 272}{100}$ | 3,26,400 | **2,03,600** |
| (3) શેરબજારમાં નહી નોંધાયેલ ડિબેંચર : | | |
| વેચાણ કિંમત | 1,85,000 | |
| **બાદ : સુધારેલ મૂડી પડતર :** $\frac{55,000 \times 272}{200}$ | 74,800 | **1,10,200** |
| **કુલ કરપાત્ર લાંબાગાળાનો મૂડી નફો** | | **3,13,800** |

**સ્વાધ્યાય**

**અ. સૈદ્ધાંતિક પ્રશ્નો**

(1) મૂડી નફો એટલે શું ? (ગુ. યુનિ. એપ્રિલ, 2013)

(2) મૂડી મિલકતો એટલે શું ? તેમાં કઈ મિલકતોનો સમાવેશ થાય છે અને કઈ મિલકતોનો સમાવેશ થતો નથી ?

(3) 'મૂડી મિલકત' અને 'મૂડી નફો' બે પદો સમજાવો.

(4) મૂડીનફા અંગેના કરમુક્ત વ્યવહારો જણાવો.

(5) મૂડી ખોટ માંડી વાળવા કે આગળ ખેંચી જવાની જોગવાઈઓ જણાવો.

(6) મૂડી મિલકતની પડતર કિંમત અને સુધારેલ મૂડી પડતરનો અર્થ સમજાવો.

**(7) ટૂંકનોંધ લખો.**

1. મૂડી મિલકતો
2. મૂડી નફો
3. મૂડી નફાના પ્રકારો
4. કરમુક્ત મૂડી નફો
5. લાંબા અને ટૂંકાગાળાનો મૂડી નફો
6. ટૂંકાગાળાનો મૂડી નફો
7. લાંબાગાળાનો મૂડી નફો
8. કલમ-54 ઈસી મુજબ કરમુક્ત મૂડી નફા અંગેની જોગવાઈ

**(8) નોંધ લખો :**

1. રહેઠાણના મકાનની ફેરબદલીથી થતાં નફા અંગે કલમ-54 ની જોગવાઈ ચર્ચા કરો.

2. મૂડી નફાના હેતુ માટે બોનસ શેરની પડતરના નિયમો

(ગુજ. યુનિ., એપ્રિલ, 2013)

**બ. વ્યવહારિક પ્રશ્નો**

(1) શ્રી જગડુશાએ તા. 1-7-2012ના રોજ નીચેની મિલકતોનું વેચાણ કર્યુ.

| વિગત | જમીન | સોનું | ઝવેરાત |
|---|---|---|---|
| ખરીદ તારીખ | 1-5-94 | 10-6-03 | 2-11-14 |
| વેચાણ કિંમત રુ. | 16,00,000 | 5,90,000 | 3,50,000 |
| ખરીદ કિંમત રુ. | 2,00,000 | 50,000 | 2,70,000 |
| તા. 1-4-01 ના રોજની બજાર કિંમત | 4,00,000 | - | - |

તા. 30-8-2017 ના રોજ તેમણે રહેઠાણનું મકાન રુ. 12,00,000 ની કિંમતે ખરીદ્યું. ખરીદી અગાઉ તેઓ રહેઠાણનું મકાન ધરાવતા ન હતા.

| વર્ષ | સૂચક આંક | વર્ષ | સૂચક આંક |
|---|---|---|---|
| 2001-02 | 100 | 2014-15 | 240 |
| 2003-04 | 109 | 2012-13 | 272 |

આકારણી વર્ષ 2018-19 માટે તેમની કરપાત્ર મૂડી નફાની ગણતરી કરો.

2. શ્રીમતી સ્મિતા જોશી ભારતીય નાગરિક અને સામાન્ય રહીશનો દરજ્જો ધરાવે છે. નાણાંકીય વર્ષ 2017-18 દરમિયાન તેઓએ કેટલીક મિલકતો વેચી છે. જ્યારે કેટલીક મિલકતો મૂડી નફામાંથી રાહત મેળવવા ખરીદી છે. તમારે તેઓની મૂડી નફાના શીર્ષક હેઠળ કરપાત્ર મૂડી નફાની ગણતરી કરવાની છે.

| ક્રમ | મિલકતો | ખરીદ તારીખ | ખરીદ કિંમત રુ. | વેચાણ તારીખ. | 1-4-01 ના રોજની વાજબી બજાર કિંમત | વેચાણ કિંમત | ફેરબદલી | સંબંધિત સૂચક આંક |
|---|---|---|---|---|---|---|---|---|
| (1) | અંગત રહેઠાણનું મકાન | 1-1-95 | 50,000 | 1-9-17 | 1,00,000 | 8,92,000 | 5,000 | 100 |
| (2) | ખેતીની જમીન | 1-11-91 | 30,000 | 1-11-17 | 6,000 | 2,50,000 | - | 100 |
| (3) | ડિબેંચર | 16-8-11 | 99,500 | 20-12-17 | - | 3,50,000 | 6,000 | 184 |
| (4) | ઝવેરાત | 1-2-95 | 60,000 | 28-2-18 | 1,00,000 | 9,00,000 | 4,000 | 100 |
| (5) | અંગત રહેઠાણનું મકાન(નવું) | 31-12-17 | 2,50,000 | - | - | - | - | - |

ખેતીની જમીન 10,000 થી ઓછી વસ્તીવાળા ગામડામાં આવેલ છે. નાણાંકીય વર્ષ 2017-18નો સૂચકઆંક 272 છે.

3. શ્રી બ નીચેની વિગતો રજૂ કરે છે તેને આધારે આકારણી વર્ષ 2018-19 માટે કરપાત્ર મૂડી નફાની ગણતરી કરો.

| મિલકતનું નામ | પ્રાપ્તિ તારીખ | પ્રાપ્તિ કિંમત રુ. | સુધારા-વધારનો ખર્ચ રુ. | વેચાણ તારીખ | વેચાણ કિંમત |
|---|---|---|---|---|---|
| ૧. ડિબેંચર | 1-1-03 | 1,00,000 | શૂન્ય | 27-3-18 | 6,00,000 |
| ૨. મકાન | 1-1-11 | 6,00,000 | 1,00,000 (1-1-12) | 27-3-18 | 12,00,000 |

૧. મકાન વેચાણનો ખર્ચ રૂ. ૫૦,૦૦૦ થયો છે. જે પૈકી ૩૦% રકમ ખરીદનારે ભોગવેલ છે.

૨. સૂચક આંક નીચે મુજબ છે.

| નાણાંકીય વર્ષ | 2002-03 | 2003-04 | 2010-11 | 2011-12 | 2017-18 |
|---|---|---|---|---|---|
| સૂચક આંક | 105 | 109 | 167 | 184 | 272 |

4. મિ. રાહુલે તા. 10-06-2006 ના રોજ દલાલ પાસેથી ક્ષ કંપનીના બિનનોંધાયેલ રુ. 10નો એક એવા 1,000 ઈક્વિટી શેરો રુ. 120ની કિંમતે ખરીદ્યા. તેમણે દલાલીના રુ. 2,000 ચૂકવ્યા. તા. 10-5-2009 ના રોજ કંપની તરફથી તેમને બે શૅરદીઠ એક શૅર બોનસશૅર તરીકે મળ્યા. તેમજ તા. 10-5-2017ની તારીખે કંપનીએ તેમને એક શેરદીઠ એક શેર હક્કના ધોરણે શૅરદીઠ રુ. 100 ની કિંમતે ખરીદવાનો હક્ક આપ્યો. મિ. રાહુલે 50% હક્કના શેર તા. 20-5-2017 ના રોજ રુ. 15,000 માં વેચી દીધા.

તા. 20-03-2018 ના રોજ તેમણે પોતાના બધા જ શૅરો શૅરદીઠ રુ. 340ની કિંમતે વેચી દીધા. આકારણી વર્ષ 2018-19 માટે તેમનો કરપાત્ર મૂડી નફો શોધો. (2006-07, 2009-10 અને 2017-18નો સૂચકઆંક અનુક્રમે 122, 148 અને 272 છે.)

5. નીચે આપેલ માહિતી પરથી શ્રી યોગેશ પટેલની આકારણી વર્ષ 2018-19ની કરપાત્ર મૂડીનફાની ગણતરી કરો. નાણાંકીય વર્ષ 2017-18 નો સૂચકઆંક 272 છે. શ્રી યોગેશ નવા મકાન સિવાય તમામ મિલકતો નાણાંકીય વર્ષ 2017-18માં વેચી દીધી છે.

| ક્રમ | ખરીદ તારીખ | વેચાણ કિંમત રુ. | વેચાણ ખર્ચ રુ. | ખરીદ કિંમત રુ. | મિલકત અંગેની માહિતી | સંબંધીત સૂચક આંક |
|---|---|---|---|---|---|---|
| ૧. | 1-1-88 | 13,69,000 | 10,000 | 3,50,000 | અંગત રહેઠાણનું મકાન(એકમાત્ર) | 100 |
| ૨. | 1-5-17 | 2,00,000 | - | 1,60,000 | રિલાયન્સ લિ. ના ડિબેંચર(નોંધાયેલ) | |
| ૩. | 1-3-13 | 1,39,700 | 4,000 | 53,200 | અરવિંદ લિ. ના ડિબેંચર (નોંધાયેલ) | 200 |
| ૪. | 1-9-05 | 25,70,000 | 12,000 | 9,99,000 | ઝવેરાત | 117 |
| ૫. | 1-1-18 | - | - | 3,80,000 | અંગત રહેઠાણનું મકાન(નવું) | - |

અંગત રહેઠાણના જૂના મકાનની તા.1-4-01 ના રોજની વ્યાજબી બજાર કિંમત રુ. 5,00,000 હતી. જ્યારે ઝવેરાતની તા.01-04-01 ના રોજની વ્યાજબી બજાર કિંમત રુ. 12,00,000 હતું.

6. શ્રી ઉજ્જ્વલ પાછલા વર્ષ 2017-18માં રુ. 30,00,000માં વેચેલ રહેઠાણના મકાનનું અંગે નીચેની વિગતો રજૂ કરે છે.

(1) મકાન 1977-78માં રુ. 80,000માં ખરીદેલ હતું. (2) 1988-99માં પ્રથમ માળનું બાંધકામ રુ. 1,00,000 ના ખર્ચથી કર્યું હતુ. (3) 2004-05ના વર્ષમાં બીજા માળનું બાંધકામ રુ. 2,00,000ના ખર્ચે કર્યુ હતું. (4) તા. 1-4-01 ના રોજની વાજબી બજાર કિંમત રુ. 4,70,000 હતી. (5) તેમણે ઉપરોક્ત મકાનના વેચાણ પછી તુરત જ નવું રહેઠાણનું મકાન રુ. 20,00,0000માં ખરીદ્યુ હતુ. (6) સૂચકઆંક નીચે મુજબ છે. 2001-02 : 100, 2004-05 : 113, 2017-18 : 272, આકારણી વર્ષ 2018-19 માટે કરપાત્ર મૂડી નફાની ગણતરી કરો.

**13. હેતુલક્ષી પ્રશ્નો**

નીચે આપેલ દરેક પેટાપ્રશ્નના એક કરતાં વધુ જવાબો આપેલા છે. પરંતુ, તે પૈકી ફક્ત એક જ જવાબ સાચો છે. તમારે સાચો જવાબ જણાવવાનો છે અને તે માટે જરૂરી ગણતરી કે સમજૂતી આપવાની છે.

(1) ભારતીય કંપનીના શૅર યુનિટ ટ્રસ્ટ ઑફ ઈન્ડિયાના યુનિટ મ્યુચ્યુઅલ ફંડના યુનિટ અને માન્ય શૅરબજારમાં નોંધાયેલ જામીનગીરીઓ સિવાયની મૂડી-મિલકતોને લાંબાગાળાની મૂડી-મિલકત ત્યારે જ કહેવાય કે જ્યારે કરદાતાએ તે મિલકત નીચે જણાવેલ સમય મર્યાદા કરતાં વધુ સમય માટે ધારણ કરી હોય.

(1) 24 માસ (2) 12 માસ (3) 36 માસ (4) 48 માસ

**જવાબ :** આથી, સાચો જવાબ (3) છે.

(2) શ્રી અ એ 1995માં ખરીદેલ રુ. 75,000 નું ઝવેરાત તા. 31-12-2017 ના રોજ રુ. 10,00,000 ની કિંમતે વેચાણ કર્યું છે. વેચાણ કિંમતના 5% લેખે ખર્ચ થયો છે. ઝવેરાતની તા.1-4-01 ના રોજની વ્યાજબી બજાર કિંમત રુ. 2,00,000 હતી. તા. 1-2-2018 ના રોજ રુ. 4,75,000નું રહેઠાણનું મકાન ખરીદ્યુ હોય તો તેમની કરપાત્ર મૂડી નફાની રકમ નીચે મુજબ રહેશે. 2001-02 અને 2017-18 ના સૂચક આંક અનુક્રમે 100 અને 272 છે.

(1) રુ. 9,50,000 (2) રુ. 98,000 (3) રુ. 2,03,500 (4) રુ. 4,75,000

જવાબ :

| | |
|---|---|
| ઝવેરાતની વેચાણ કિંમત | 10,00,000 |
| બાદ : વેચાણ ખર્ચ(5% લેખે) | 50,000 |
| ચોખ્ખી ઊપજ કિંમત | 9,50,000 |
| **બાદ : સુધારેલ મૂડી પડતર :** $\frac{2,00,000 \times 272}{100}$ | 5,44,000 |
| **લાંબાગાળાનો મૂડી નફો** | **4,06,000** |
| **બાદ : કલમ-54 એફ મુજબ કપાત :** $\frac{4,06,000 \times 4,75,000}{9,50,000}$ | 2,03,000 |
| **કરપાત્ર મૂડી નફો** | **2,03,000** |

આથી સાચો જવાબ (3) છે.

(3) શ્રી ક્ષ એ 1984મા રુ. 75,000 રહેઠાણનું મકાન ખરીદેલ હતું અને 1987 માં તેનો સુધારા વધારાનો મૂડી ખર્ચ રુ. 5,000 થયો હતો. રૂા મકાન તા. 1-7-2017 ના રોજ રુ. 8,84,000 માં વેચ્યું. મકાનની તા.1-4-01 ના રોજની વાજબી બજાર કિંમત રુ. 2,00,000 હતી. વેચાણ ખર્ચ રુ. 28,000 થયો હતો. તેમણે તા. 1-1-2018 ના રોજ નવું રહેઠાણનું મકાન રુ. 4,00,000માં ખરીદ્યુ હતુ. 2001-02 અને 2017-18 ના સૂચકઆંક અનુક્રમે 100 અને 272 છે. તેમનો આકારણી વર્ષ 2018-19 નો કરપાત્ર મૂડી નફો નીચે મુજબ કેટલો હશે ?

(1) રુ. 8,000 (2) શૂન્ય (3) રુ. 8,56,000 (4) રુ. 4,000

| | |
|---|---|
| મકાનની વેચાણ કિંમત | 8,84,000 |
| બાદ : ખેચાણ ખર્ચ | 28,000 |
| ચોખ્ખી ઉપજ કિંમત | 8,56,000 |
| **બાદ : સુધારેલ મૂડી પડતર :** $\frac{2,00,000 \times 272}{100}$ | 5,44,000 |
| **લાંબાગાળાનો મૂડી નફો** | **3,12,000** |
| **બાદ : કલમ-54એફ મુજબ કપાત(બધો જ નફો નવા મકાનમાં રોકાયેલ હોવાથી)** | 3,12,000 |
| **કરપાત્ર મૂડી નફો** | **શૂન્ય** |

આથી સાચો જવાબ(2) છે.

(4) શ્રી મહેશે 1996-97 ના વર્ષ દરમિયાન રુ. 75,000 નું ઝવેરાત ખરીદ્યુ હતુ. જેની તા. 1-4-01 ના રોજની વ્યાજબી બજાર કિંમત રુ. 3,00,000 હતી. શ્રી મહેશનું તા. 1-10-07 ના રોજ મૃત્યુ થયુ અને તેના વસિયતનામા મુજબ શ્રી મુકેશને ઝવેરાત મળ્યું. આ ઝવેરાત મુકેશે તા. 1-8-2017 ના રોજ રુ. 9,06,000માં વેચાણ કર્યુ. તો મુકેશનો કરપાત્ર મૂડી નફો નીચે પ્રમાણે થશે. 2001-02, 2007-08 અને 2017-18 નો સૂચક આંક અનુક્રમે 100; 129 અને 272 છે.

(1) રુ. 9,06,000 (2) રુ. 90,000 (3) કોઈ જવાબ નથી (4) શૂન્ય

**જવાબ :**

| **મૂડી નફાની ગણતરી** | **રુ.** |
|---|---|
| ઝવેરાતની વેચાણ કિંમત | 9,06,000 |
| **બાદ : સુધારેલ મૂડી પડતર :** $\frac{3,00,000 \times 272}{100}$ | 8,16,000 |
| **(મહેશની ખરીદ કિંમત ધ્યાનમાં લેવાશે)** | |
| **લાંબાગાળાનો મૂડી નફો** | **90,000** |

આથી સાચો જવાબ (2) છે.

(5) શ્રી કલ્પેશ 2011-12 દરમિયાન એક કંપનીના 500 શેરો દરેક રુ. 10 નો રુ. 40ના ભાવે ખરીદેલ હતા અને ખરીદીનો ખર્ચ રુ. 400 થયો હતો. જૂન 2014માં કંપની તરફથી 100 બોનસ શૅર મળ્યા હતા. સપ્ટેમ્બર 2016 માં 100 હક્કના શૅર શૅરદીઠ રુ. 20 ના ભાવે મળ્યા હતા. તેમણે જૂન-2017 માં બોનસ શૅર દીઠ રુ. 100 ની કિંમતે અને જુલાઈ-2017 માં હક્કના શૅર શૅરદીઠ રુ. 110ના ભાવે વેચ્યાં હતા. આકારણી વર્ષ 2018-19 નો કરપાત્ર મૂડી નફો નીચેનામાંથી કેટલો હશે ?

(1) રુ. 10,000 (2) રુ. 9,000 (3) રુ. 20,000 (4) રુ. 19,000

**જવાબ :**

| (અ) બોનસ શેરનો મૂડી નફો : | રુ. |
|---|---|
| બોનસ શેરની વેચાણ કિંમત (100 × રુ. 100) | 10,000 |
| બાદ : પડતર કિંમત (બોનસ શેર હોવાથી) | શૂન્ય |
| **લાંબાગાળાનો મૂડી નફો(અ)** | **10,000** |
| (બ) હક્કના શેરોનો મૂડી નફો : | |
| હક્ક શેરોની વેચાણ કિંમત (100 × રુ. 100) | 11,000 |
| બાદ : હક્ક શેરોની વેચાણ કિંમત (100 × રુ. 20) | 2,000 |
| **ટૂંકાગાળાનો મૂડી નફો(બ)** | **9,000** |
| **કુલ મૂડી નફો (અ + બ)** | **19,000** |

આથી સાચો જવાબ (4) છે.

(6) આકારણી વર્ષ 2018-19 માટે લાંબાગાળાના મૂડી નફાની ગણતરી માટે કરદાતા ઈચ્છે તો મિલકતની

(1) તા. 1-4-81 (2) તા. 1-4-01

(3) તા. 1-4-74 (4) તા. 1-4-2012 ની વ્યાજબી બજારકિંમતનો આધાર લઈ શકે છે.

જવાબ : સાચો જવાબ (2) છે.

(7) શ્રી મેહુલ જે મકાનમાં છેલ્લા 25 વર્ષથી રહેતો હતો તે મકાન તા. 1-10-2017 ના રોજ રુ. 8,82,000 માં વેચાણ કર્યુ. વેચાણ ખર્ચ રુ. 10,000 થયો હતો. આ મકાન તેમણે રુ. 70,000 માં ખરીદ્યું હતું અને તેની તા. 1-4-01 ના રોજની વાજબી બજારકિંમત રુ. 3,00,000 હતી. આકારણી વર્ષ 2001-02 અને 2017-18 નો સૂચક આંક 100 અને 272 છે. આકારણી વર્ષ 2018-19 નો તેમનો કરપાત્ર મૂડી નફો નીચે મુજબ હશે.

(1) રુ. 56,000 (2) રુ. 9,000 (3) રુ. 20,000 (4) રુ. 19,000

**જવાબ :**

| મૂડી નફાની ગણતરી | રુ. |
|---|---|
| મકાનની વેચાણ કિંમત | 8,82,000 |
| બાદ : વેચાણ ખર્ચ | 10,000 |
| ચોખ્ખી ઉપજ કિંમત | 8,72,000 |
| **બાદ : સુધારેલ મૂડી પડતર :** $\frac{3,00,000 \times 272}{100}$ | 8,16,000 |
| **લાંબાગાળાનો મૂડી નફો** | **56,000** |

આથી, સાચો જવાબ(1) છે.

(8) જો કરદાતા લાંબાગાળાના મૂડી નફા ઉપર 10% આવકવેરો વત્તા સરચાર્જ ભરવા માંગે તો મિલકતની ગણતરી માટે (1) સુધારેલ મૂડી પડતરની ગણતરી કરી શકાય. (2) સુધારેલ મૂડી પડતર ગણતરી ન કરી શકાય (3) બે માંથી કોઈ નહીં.

જવાબ : આથી, સાચો જવાબ (2) છે.

(9) નીચેની મિલકતો પૈકી કઈ મિલકતો મૂડી-મિલકત નથી તે જણાવો (મૂડી નફાના હેતુ માટે)

(1) ધંધાનો સ્ટોક (2) પાઘડી

(3) અંગત વપરાશની મોટરકાર (4) શેર ખરીદવાનો હક્ક

(માર્ચ, 2010)

જવાબ : આથી, સાચો જવાબ (3) છે.

(10) નીચેના પૈકી કઈ મિલકત મૂડી-મિલકત ન ગણાય ?

(1) સોનું (2) અંગત કાર (3) શહેરી જમીન (4) પાઘડી

(માર્ચ, 2012)

જવાબ : આથી, સાચો જવાબ (2) છે.

(11) નીચેની મિલકતો મૂડી-મિલકત છે કે નહીં તે જણાવો.

(1) માલનો સ્ટોક (2) અંગત વાહન (3) ખેતીની જમીન (4) પાઘડી (5) ઝવેરાત (6) કોપી રાઈટ

(ગુ. યુનિ. એપ્રિલ, 2013)

જવાબ : (1) થી (3) મૂડી મિલકત નહીં ગણાય જ્યારે (4) થી (6) મૂડી મિલકત ગણાશે.

(12) તારીખ 1-4-01 પહેલા ખરીદેલ શૅરની સુધારેલ પડતર શોધવા માટે શેરની કઈ કિંમત ધ્યાનમાં લેવાય છે.

(અ) ખરીદ કિંમત (બ) 1-4-01 ની વ્યાજબી કિંમત

(ક) શૂન્ય (ગુ. યુનિ. એપ્રિલ, 2013)

(13) નીચેના પૈકી કઈ મિલકત મૂડી મિલકત ન ગણાય ?

(અ) શેર ખરીદવાનો હક્ક (બ) ખાણનો પરા હક્ક

(ક) અંગત કપડાં (ગુ. યુનિ. એપ્રિલ, 2013)

એકમ 6

# અન્ય સાધનોની આવક

## : રૂપરેખા :


**6.1 અન્ય સાધનોની આવકના શીર્ષક હેઠળ કરપાત્ર આવકો**

**6.2 મજરે આવતી કપાતો અને મજરે ન મળતી કપાતો**

**6.3 જામીનગીરીના વ્યાજની આવક**

**6.4 સંપૂર્ણ કરમુક્તજામીનગીરીઓ**

**6.5 જામીનગીરીના વ્યાજની આવક અંગે આવકવેરાની ચૂકવણી માટે જવાબદાર નહીં ગણાતી વ્યક્તિઓ**

**6.6 જામીનગીરીના વ્યાજની આવકની ગણતરી માટે મજરે મળતા ખર્ચાઓ**

**6.7 કરમુક્ત અને કરબાદજામીનગીરીઓ**

**6.8 ગ્રોસિંગ અપનો અર્થ અને તેના નિયમો**

**6.9 ઉદાહરણો**

**6.10 અભ્યાસ પ્રશ્નો**

**6.11 હેતુલક્ષી પ્રશ્નો**


## 6.1 અન્ય સાધનોની શીર્ષક હેઠળ કરપાત્ર આવકો

આવકવેરાના હેતુથી કુલ આવક ગણવા માટે આપણે અગાઉ જોઈ ગયા છીએ તેમ કુલપાંચ શીર્ષકો પાડવામાં આવ્યાં છે અને તે દરેકની કેટલીક વિશિષ્ટ કપાતો તથા અગાઉ દર્શાવેલી સામાન્ય કપાતોને આધારે કરદાતાની કુલ આવક નક્કી થશે. આ હેતુ માટે અગાઉના ચાર શીર્ષકના ન સમાયેલ તમામ આવકો અન્ય સાધનોની આવકના શીર્ષક હેઠળ ધ્યાનમાં લેવાય છે.(કલમ-56(1))

**અન્ય સાધનોની આવકના શીર્ષક હેઠળની આવકો :** આ શીર્ષક હેઠળ આવકવેરાના કાયદાની કલમ-56(2)(i)મુજબ નીચેની આવકનો સમાવેશ થાય છે.

(1) એન્યુઈટી ડિપૉઝીટની મળેલી અથવા મળવાપાત્ર રકમ

(2) ધંધાની આવકમા સમાવેશ થતો ન હોય તે પ્લાન્ટ, યંત્રો, ફર્નિચરના ભાડાની આવક

(3) જો ધંધાની આવક તરીકે કરપાત્ર થતી ન હોય તે પ્લાન્ટ, યંત્રો, ફર્નિચર સાથે મકાનભાડાની આવક (મકાન ભાડે આપ્યા વિના આવી મિલકતો ભાડે આપી શકાય તેમ ન હોય તો)

(4) લોટરી, વ્યૂહરચના, દોડ કે ઘોડાદોડ, પત્તાની રમતો, જુગાર કે અન્ય શરતોમાંથી મળતી આકસ્મિક આવક.

(5) સાહિત્ય કે કળાના કાર્ય અંગે મળેલ રોયલ્ટી

(6) નો-હાઉનો વિકાસ કરનારને મળેલ રકમ

(7) ખુલાસા વગરની રોકડ, રોકાણો અને અન્ય રકમ

(8) રોકાણ માટેની રાખવામાં આવેલી જામીનગીરી પરનું વ્યાજ, પરંતુ જો જામીનગીરી લે-વેચ દ્વારા નફો મેળવવા માટે રાખેલ હોય તો તેનું વ્યાજ ધંધા-વ્યવસાયની આવકના શીર્ષક નીચે કરપાત્ર બનશે.

(9) જામીનગીરીઓ સિવાયનું વ્યાજ દા.ત. બૅંક ખાતાનું વ્યાજ, ઉછીના આપેલ નાણાંનુ વ્યાજ, બાંધી મુદતની થાપણોનું વ્યાજ.

(10) ભારતબહાર આવેલી ખેતીની જમીનમાંથી થતી આવક

(11) પેટા ભાડે આપેલ મકાનનું ભાડું

(12) વ્યવસાયી વ્યક્તિઓને અન્ય કામો માટે મળતું મહેનતાણું, દા.ત. પરીક્ષા તરીકે મળતી ફી

(13) ડિરેક્ટરોની ફી

(14) ખુલ્લી જમીનનું ભાડું

(15) પરદેશી જામીનગીરીઓ પર મળતું વ્યાજ

(16) માલિક અને કર્મચારી વચ્ચે સંબંધ ન હોય તેવી વ્યક્તિઓને મળેલ, ફી વગેરે. દા.ત. શિક્ષકોને મળતી પ્રાઈવેટ ટ્યુશન ફી

(17) વીમા કંપની પાસેથી મળતું ઍજન્ટને કમિશન

(18) સંસદ સભ્ય કે વિધાનસભાના સભ્યને મળતો પગાર

(19) કલમ-60 થી 64 અનુસાર બીજી વ્યક્તિની આવકો કે જેનો એસીસીની આવકમાં સમાવેશ થાય છે.

(20) લેખકોને મળતી રોયલ્ટીની આવક

(21) વિદેશી સરકાર તરફથી મળેલ પગાર, કમિશન વગેરે

(22) કલમ-214 'એડવાન્સ ટેક્ષ' ઉપર મળેલું વ્યાજ

(23) નૅશનલ સેવિંગ્સ સ્કીમ (દ્વ.જી.જી.)હેઠળ ખોલાવેલ ખાતામાંથી કરેલ ઉપાડ

(24) નૅશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ, કિસાન વિકાસપત્ર અને ઈન્દિરા વિકાસપત્રમાં કરેલ રોકાણ પર મળેલ, લેણું થયેલ વ્યાજ

(25) કંપનીનો ડિરેક્ટર જે કંપનીનો કર્મચારી ન હોય તેને મળતી ગ્રેજ્યુઈટીની રકમ

(26) ફેમીલી પૅન્શન મુજબ મળતું વ્યાજ.

(27) પાછલા વર્ષ દરમિયાન અવેજ ચૂકવ્યા વગર રોકડ કે મિલકત કુલરુ.50,000 થી વધુ મળી હોય તો મળેલ પૂરેપૂરી રકમ આ શીર્ષક નીચે કરપાત્ર ગણાશે. જો કે તેના કેટલાક અપવાદો અને નિયમો ધ્યાનમાં રાખવા.

## 6.2 મજરે મળતી કપાતો અને મજરે ન મળતી કપાતો

**(અ) મજરે મળતી કપાતો :** કલમ-57 અનુસાર નીચેની કપાતો મજરે મળે છે.

(1) નાણાં રોકાણ માટે લીધેલી રકમનું વ્યાજબી વ્યાજ (2) જો પ્લાન્ટ ભાડે આપ્યા હોય તો તેનો મરામત, ઘસારો, વીમાનો ખર્ચ (3) આવક કમાવા ખરેખર કરેલો ખર્ચ (4) જામીનગીરીનું વ્યાજ મેળવેલા અંગે કરેલ ખર્ચ (જેની ચર્ચા અલગ કરી છે.) (5) આ પ્રકારની આવક મેળવવા (આકસ્મિક આવક સિવાય) કરેલ વ્યાજબી ખર્ચ જે મૂડી ખર્ચ ન હોય તેમજ સંપૂર્ણપણે આવી આવક મેળવવા માટે કરેલ હોય.

**(બ) મજરે ન મળતી રકમો :** (1) કર ભરનારનો અંગત ખર્ચ (2) ભારત બહાર ચૂકવવાનું વ્યાજ (3) ભારત બહાર ચૂકવવાનો પગાર, જેના પર કર ભરાયો નથી કે પ્રાપ્તિ સ્થાનેથી કર કપાતો નથી. (4) કંપની બાબતમાં ડિરેક્ટર કે મહત્ત્વનું હિત ધરાવતી વ્યક્તિને કે તેમના સગાને લાભ મળે તેવો ખર્ચ (5) આકસ્મિક આવક મેળવવા થયેલખર્ચ

## 6.3 જામીનગીરીના વ્યાજની આવક

આકારણી વર્ષ 1989-90માં થયેલાં સુધારા અનુસાર જામીનગીરી પરના વ્યાજની આવકનું શીર્ષક રદથાય છે. તેને બદલે રોકાણના ઉદ્દેશથી જામીનગીરીઓમાં રોકાણ કર્યુ હોય તો તેનું વ્યાજ અન્ય સાધનોની આવકના શીર્ષક નીચે કરપાત્ર બનશે. જ્યારે નફાના ઉદ્દેશથી જામીનગીરીની લે-વેચ

કરવા માટે ખરીદી કરી હોય તો તેમાંથી પ્રાપ્ત થતું વ્યાજ ધંધા-વ્યવસાયની આવકના શીર્ષક નીચે કરપાત્ર બનશે. જામીનગીરીના વ્યાજનાં નીચેના વ્યાજનો સમાવેશથાય છે.

(1) મધ્યસ્થ સરકાર કે રાજ્યસરકારની જામીનગીરીઓ પરનું વ્યાજ (2) કોર્પોરેટર સંસ્થાઓ કે કોર્પોરેશનની જામીનગીરીઓ પરનું વ્યાજ (3) સ્થાનિક સંસ્થાનો જેવી કે પોર્ટ ટ્રસ્ટ ઑથોરીટીઝ, મ્યુનિ. કોર્પોરેશનની લૉન કે જામીનગીરીઓ પરનું વ્યાજ, જેમાં પ્રોમિસટી નોટ, ટ્રેઝરી બિલ્સ, શૅર સર્ટિફિકેટસ, બેરર બૉન્ડના વ્યાજનો સમાવેશ થાય છે. (5) કંપનીઓના બૉન્ડઝ, ડિબેન્ચર્સ વગેરે પરનું વ્યાજ.

આ ઉપરાંત કોઈ પણ વ્યાજ પણ અન્ય સાધનોની આવકના શીર્ષક નીચે કરપાત્ર બને છે.

જામીનગીરીના વ્યાજની ગણતરી માટે નીચેના મુદ્દાઓ પણ ધ્યાનમાં રાખવા જોઈએ.

(અ) લેણું થયેલ વ્યાજ જામીનગીરીઓ પરનું વ્યાજ જે વર્ષે લેણું થાય તે જ વર્ષની આવક ગણાશે પછી ભલે તે ગમે તે વર્ષ પ્રાપ્ત થાય. પરંતુ જો જામીનગીરીનું અગાઉના વર્ષનું વ્યાજ પાછલા વર્ષ દરમિયાન મળ્યું હોય અને તે વર્ષ દરમિયાન આવકમાં દર્શાવ્યું ન હોય તો તેનો પાછલા વર્ષની આવકમાં સમાવેશ કરવામાં આવશે.

**(બ) લેણી તારીખ અને માલિકી હક્ક :** જે તારીખે વ્યાજ લેણું થાય તે તારીખે જે વ્યક્તિ તે જામીનગીરીની માલિક હોય તો તેની આવકમાં તે વ્યાજનો સમાવેશ થાય છે એટલે કે વ્યાજ સાથે અને વ્યાજ બાદ ખરીદ-વેચાણ ધ્યાનમાં લેવાશે નહીં.

**(ક) મૂળસ્થાને આવકવેરો :** જામીનગીરીના વ્યાજ પર આવકવેરો મૂળસ્થાનેથી કાપી લેવામાં આવે છે. આથી વ્યાજની આવક જ્યારે કુલ આવકમાં ઉમેરવામાં આવે ત્યારે વ્યાજની મળેલી ચોખ્ખી આવકમાં કાપી લીધેલી આવકવેરો ઉમેરીને વ્યાજની કુલ આવકની ગણતરી થાય છે.

## 6.4 સંપૂર્ણ કરમુક્તજામીનગીરીઓ

કેટલીક જામીનગીરીઓનું વ્યાજ જામીનગીરીઓનું વ્યાજ ગણાય છે, પરંતુ તે આવકવેરા કાયદાની કલમ-10(15) હેઠળ સંપૂર્ણ કરમુક્ત છે. તે નીચે મુજબ છે.

(1) 15 વર્ષીય રાષ્ટ્રીય એન્યુઈટી સર્ટિફિકેટનું વ્યાજ (2) 1991ના સ્પેશિયલ બેરર બૉન્ડની ચૂકવણી વખતે મળનાર પ્રિમીયમ (3) ટ્રેઝરી સેવિંગ્સ ડિપોઝીટ સર્ટિફિકેટનું વ્યાજ (10 વર્ષના) (4) પોસ્ટ ઑફિસ કેશ સર્ટિફિકેટનું વ્યાજ (5 વર્ષના) (5) ખાસ ડિપોઝીટ યોજનાનું વ્યાજ (6) નૅશનલ ડિફેન્સ ગોલ્ડ 1980 પરનું વ્યાજ (7) 7 વર્ષના નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટસ અને પોસ્ટ ઑફિસ નૅશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ્સનું વ્યાજ (8) પોસ્ટ ઑફિસ ક્યુમ્યુનીટી ટાઈમ ડિપોઝિટ ખાતા પરનું વ્યાજ (9) સેન્ટ્રલ બૅંક ઑ સીલોનના ઈસ્યુ વિભાગ પાસેની જામીનગીરીઓ (10) કોઈ પણ વિદેશી બૅંક દ્વારા કોઈપણ અનુસૂચિત ભારતીય બૅંકમાં મૂકેલ ડિપોઝિટનું વ્યાજ (11) સરકારે જાહેર કરેલ હોય તેવી પબ્લિક સેક્ટર કંપનીના ડિબેન્ચર પરનું વ્યાજ (12) 12 વર્ષીય નેશનલ પ્લાન બચત સર્ટિફિકેટ્સનું વ્યાજ અને 10 વર્ષના નેશનલ પ્લાન સર્ટિફિકેટ (13) પોસ્ટ ઑફિસ બચતબૅંકનું વ્યાજ તથા બાંધી મુદતની થાપણનું વ્યાજ (12 વર્ષ 7 વર્ષ) (14) 7 ટકાના કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ બૉન્ડનું વ્યાજ (15) સ્ટેટ બૅંક ઓફ ઈન્ડિયાના NRI Bonds પરનું વ્યાજ (16) 9 ટકાના રિલિફ બોન્ડ પરનું વ્યાજ (વ્યક્તિ કે એચ.યુ.એફ. માટે જ) (17) સરકારે સ્પષ્ટપણે જાહેર કરેલી કરમુક્તજામીનગીરીઓનું વ્યાજ.

## 6.5 જામીનગીરીઓના વ્યાજની આવક અંગે આવકવેરાની ચૂકવણી માટે જવાબદાર નહીં ગણાતી વ્યક્તિઓ

આવકવેરા કાયદાની કલમ-10ની પેટા કલમ-20 થી 26માં જણાવ્યા મુજબનીચે જણાવેલ વ્યક્તિઓ જામીનગીરીઓના વ્યાજની આવક મળી હોવા છતાં તેના પર આવકવેરાની ચૂકવણી માટે જવાબદાર ગણાતી નથી.

(1) સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા (2) હાઉસિંગબોર્ડ (3) વૈજ્ઞાનિક સંશાધન માટેની સંસ્થા (4) શૈક્ષણિક

સંસ્થાઓ કે યુનિવર્સિટી જે સંપૂર્ણપણે શિક્ષણના હેતુઓ માટે ચાલતી હોય (નફાના હેતુ માટે નહીં) (5) હૉસ્પિટલ કે અન્ય તબીબી સારવાર આપતી જાહેર સંસ્થાઓ કે જેનો હેતુ નફો કમાવવાનો ન હોય (6) માન્ય ક્રિકેટ, હોકી, ફુટબોલ કે બીજી કોઈ રમતનું સંચાલન કરતી સંસ્થાઓ (7) રજિસ્ટર્ડ ટ્રેડ (10) જાહેર સરખાવતી અને ધાર્મિક સંસ્થાઓ

## 6.6 જામીનગીરીઓના વ્યાજની આવકમાંથી મજરે મળતા ખર્ચાઓ

જામીનગીરીઓના વ્યાજની આવકમાંથી નીચે મુજબના ખર્ચા મજરે મળે છે.

(1) વ્યાજ વસૂલ કરવા કે ઉઘરાવવાનો ખર્ચ (2) વ્યાજ વસૂલ કરવા માટે બેંક ચાર્જિસ (3) જામીનગીરી ખરીદવા ઉછીની લીધેલ રકમનું વ્યાજ

**નોંધ :**

(1) જામીનગીરી ખરીદ વેચાણની દલાલી, કમિશન, સ્પેમ્પ ખર્ચ, નુકશાન કે નફો આ શીર્ષક નીચે મજરે મળે નહીં.

(2) કરમુક્ત સરકારી જામીનગીરી ખરીદવા લૉન લેવામાં આવી હોય તો લૉનનું વ્યાજ તે જામીનગીરીના કરમુક્ત વ્યાજમાંથી બાદ કરવામાં આવે છે.

(3) જામીનગીરીઓના વ્યાજની આવક ખરેખર વસૂલાતના ધોરણે નહીં પરંતુ નક્કી કરેલી તારીખે લેણી થતી આવકના ધોરણે ગણાય છે. તેથી ચોક્કસ તારીખે વ્યાજ વસૂલ ન થયું હોય તેમ છતાં આવક ધ્યાનમાં લેવાશે.

## 6.7 કરમુક્ત અને કરબાદ જામીનગીરીઓ

| વિગત | સરકારી જામીનગીરીઓ | | | વેપારી જામીનગીરીઓ | |
|---|---|---|---|---|---|
| | સંપૂર્ણ કરમુક્ત | અંશતઃ કરમુક્ત | કરબાદ | કરમુક્તિ | કરબાદ |
| (૧) મૂળસ્થાનેથી આવકવેરાની કપાત | કપાત થતી નથી | કપાત થતી નથી | કપાત થાય છે | કપાત થતી નથી | કપાત થાય છે |
| (૨) ગ્રોસિંગ અપ | થતું નથી | થતું નથી | થાય છે | થાય છે | થાય છે |
| (૩) કુલ આવકમાં સમાવેશ | સમાવેશ થતો નથી | સમાવેશથાય છે | કુલ આવકમાં સમાવેશ થાય છે. | કુલ આવકમાં સમાવેશ થાય છે. | કુલ આવકમાં સમાવેશ થાય છે. |

નોંધ : નાણાંકીય વર્ષ 2012-13 દરમિયાન મૂળ સ્થાને આવકવેરાની કપાત નીચે મુજબ છે.

(1) સરકારી કોર્પોરેશનો અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના ડિબેન્ચરો કે અન્ય જામીનગીરી અથવા શૅરબજારમાં નોંધાયેલ(કંપનીના) ડિબેન્ચરો ઉપર 10% જો આવક મેળવનાર PAN નંબર ન આપી શકે તો 20% લેખે TDS કપાશે. (2) અન્યવેપારી જામીનગીરી ઉપર 20% (3) જો આવક મેળવનાર બિનરહીશ હોય તો ઉપરના દરમાં સરચાર્જ, એજ્યુકેશનસેસ અને હાયર એજ્યુકેશનસેસ ઉમેરવામાં આવશે.

## 6.8 ગ્રોસિંગ અપનો અર્થ અને તેના નિયમો

આવકવેરા ધારા નીચે વ્યાજ ચૂકવનાર વ્યક્તિ ઉપર કેટલીક શરતોને આધીન કર કાપી લેવાની જવાબદારી નાંખવામાં આવી છે. વ્યાજની આવકમાંથી મૂળસ્થાનેથી આવકવેરો કાપી લેવામાં આવ્યો હોયતો જે આવક મળે તેમાં કાપી લીધેલો આવકવેરો ઉમેરીને વ્યાજની કુલ આવક ગણવામાં આવે છે. આવી રીતે વ્યાજને કરસહિત બનાવવાની પ્રક્રિયાની ગ્રોસિંગ અપ કહેવાય છે.

મળેલું વ્યાજ + સંસ્થાને કાપી લીધેલ કર = ગ્રોસ વ્યાજ. દા.ત. ધારો કે મૂળસ્થાનેથી કરપાતનો દર 10% છે, માટે રુ.100 વ્યાજ ચૂકવવાનું હોયતો રુ.10 કર કાપીને રુ.90 ચૂકવવા જોઈએ. એક કંપની 9% લેખે કરમુક્તવ્યાજ ચૂકવે છે. જો અ પાસે રુ. 10,000 ની જામીનગીરીઓ હોય તો તેને રુ.900 વ્યાજ મળશે.

| | | |
|---|---|---|
| રુ. ચોખ્ખું વ્યાજ | | ગ્રોસ આવક |
| 90 | = | 100 |
| 900 | = | (?) રુ.1000 ગ્રોસિંગ અપ પછીની આવક ગણાશે. |

**નોંધ :**

(1) આકારણી વર્ષ 2013-14 માટે કરકપાતના દર નીચે મુજબ છે : (કંપની સિવાયની વ્યક્તિ માટે)

(અ) કર બાદ સરકારી જામીનગીરીઓ, સરકારી કોર્પોરેશનો અને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓના ડિબેન્ચર વગેરે અને શૅરબજારમાં નોંધાયેલ(કંપનીઓના) ડિબેંચર પર 10%

(બ) અન્ય વેપારી જામીનગીરીઓ પર 20%

(ક) જો આવક મેળવનાર બિનરહીશ હોય તો ઉપર જણાવેલદરોમાં નિયમ મુજબ સરચાર્જ, એજ્યુકેશન સેસ અને હાયર એજ્યુકેશન સેસ ઉમેરવામાં આવશે.

(2) જો વ્યાજની આવક રુ.10,000 થી વધુ ન હોયતો મૂળસ્થાનેથી આવકવેરો કાપવો નહીં અને આ સંજોગોમાં ગ્રોસિંગ કરવામાં આવતું નથી.

(3) તા.1-6-97 થી અમલમાં આવેલ કલમ-193(iv)ની નવી જોગવાઈ મુજબ સરકાર કે રાજ્ય સરકારની કરપાત્ર સરકારી જામીનગીરી પર વ્યાજની કુલ રકમમાંથી 'મૂળસ્થાનેથી આવકવેરો'તારીખ 1-6-97 પછી કપાતો નથી.

**ગ્રોસિંગ અપના નિયમો :**

(1) કરમુક્ત સરકારી જામીનગીરીઓ અંગે વ્યાજનો દર કે વ્યાજની રકમ જણાવી હોય તો પણ તે ગ્રોસિંગ અપ થાય નહીં. (કારણ કે કરમુક્ત જામીનગીરીઓ પર મૂળસ્થાનેથી આવકવેરો કાપવામાં આવતો નથી.)

(2) કર બાદ સરકારી કે વેપારી જામીનગીરીઓ અંગે વ્યાજની મળેલ રકમ દર્શાવી હોય તો ગ્રોસિંગ અપ કરવું પડે.

(3) કર બાદ સરકારી જામીનગીરી કે વેપારી જામીનગીરી અંગે વ્યાજનો દર આપ્યો હોય તો ગ્રોસિંગ અપ કરવું નહીં.

(4) કર મુક્ત વેપારી જામીનગીરીઓ અંગે વ્યાજનો દર જણાવ્યો હોય કે મળેલ વ્યાજનો ઉલ્લેખ હોય તો ગ્રોસિંગ અપ કરવું પડે.

(5) જો કરભરનારની વાર્ષિક વ્યાજની આવક રુ.5,000 થી વધુ કોઈ પણ સંજોગોમાં ગ્રોસિંગ અપ કરવું નહીં.

## 6.9 ઉદાહરણો

**ઉદાહરણો : 1**

નીચેની આવકો કયાં શીર્ષક નીચે કરપાત્ર થાય છે તે જણાવો. (જવાબ કૌંસમાં આપ્યા છે)

(1) ધંધાના ચોખ્ખા નફા પર બે ટકા લેખે કર્મચારીને માલિક તરફથી મળેલ કમિશન(પગાર)

(2) જામીનગીરીના વેપારમાં માલ સ્ટોક તરીકે ધારણ કરેલ કરમુક્ત સરકારી જામીનગીરીઓ પર મળેલ વ્યાજ (ધંધા-વ્યવસાયની આવક)

(3) મકાન-મિલકત પેટા ભાડે આપવાથી થતી ભાડાની આવક (અન્ય સાધનોની આવક)

(4) અગાઉની બાદ ઘાલખાધ-વસૂલાત (ધંધાની આવક)

(5) વ્યવસાયી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને યુનિવર્સિટી તરફથી એકાઉન્ટન્સીનું પેપર કાઢવા માટે મળેલું મેહનતાણું (અન્ય સાધનોમાંથી આવક)

(6) ભારતમાં આવેલી ખેતીની જમીનના વેચાણમાંથી થયેલો નફો (કરમુક્ત : જો 10,000 થી ઓછી વસ્તીવાળા વિસ્તારમાં આવેલી ન હોય તો 'મૂડી નફાના શીર્ષક' હેઠળ કરપાત્ર)

(7) એન્યુઈટી ડિપોઝિટ યોજના હેઠળ મળવાપાત્ર અથવા મળેલી એન્યુઈટીની રકમ (અન્ય સાધનોમાંથી આવક)

(8) શિક્ષણ ખર્ચને પહોંચી વળવા મળેલ શિષ્યવૃત્તિની રકમ (કરમુક્ત)

(9) ફક્ત ધંધાની આવક મળેવતી ભાગીદારી પેઢીમાંથી મળતો નફાનો ભાગ (ધંધા કે વ્યવસાયની આવક)

**ઉદાહરણ : 2** નીચેની આવકો કયાં શીર્ષક નીચે કરપાત્ર થાય છે તે જણાવો. (જવાબ કૌંસમાં આપ્યા છે.)

(1) એડવોકેટને મળેલ ફી (ધંધા વ્યવસાયની આવક)

(2) તાતા લોકોમોટિવના ડિબેન્ચરનું વ્યાજ (અન્ય સાધનની આવક)

(3) ઈન્વેસ્ટરના શૅર વેચાણ ઉપરનો નફો

(4) તાતા લોકોમોટિવમાં ફિક્ષસ્ડ ડિપોઝિટનું વ્યાજ (અન્ય સાધનોમાંથી આવક)

(5) સેવકને મળેલું બોનસ (પગાર)

(6) શૅરનો ધંધો કરતી વ્યક્તિને શૅરના વેચાણમાંથી મળતો નફો (ધંધા કે વ્યાવસાયમાંથી નફો)

(7) વાયદાના શૅરના વેપારમાંથી થતો નફો (ધંધા-વ્યવસાયમાંથી નફો)

(8) સેવકને નિવૃત્તિ વખતે આપવામાં આવેલી ગ્રેજ્યુઈટી (પગાર)

**ઉદાહરણ : 3** શ્રી અ ને નાણાંકીય વર્ષ 2017-18ની નીચે મુજબની રકમો મળી છે. આવકવેરાના શીર્ષક હેઠળ તે આવક કરપાત્ર થશે તે દર્શાવો :

(1) નોંધાયેલી પેઢીમાંથી નફાનો ભાગ રુ.15,000/- અને મૂડીરોકાણ ઉપર વ્યાજ રુ.5,000/-

(2) તેઓ એક વખારના માલિક છે જે ભાડે આપેલી છે, જેનું વાર્ષિક ભાડું રુ.6,000/- પ્રાપ્ત થયું છે.

(3) તેમના રહેઠાણ માટે માલિકીનો બંગલો છે જેનું ભાડાનું મૂલ્ય રુ. 6,000/- છે.

(4) બૅંકની બાંધી મુદતની થાપણોનું વ્યાજ રુ.20,000/-

(5) ભારતીય કંપનીમાંથી ડિવિડન્ડની આવક રુ.8,000/-

(6) શૅરના સટ્ટાનો નફો રુ. 3,000/-

(7) ત્રણ વર્ષથી વધુ સમય માટે રોકાણ તરીકે રાખેલ શૅરના વેચાણનો નફો રુ.15,000/-

(8) કંપનીમાંથી ડિરેક્ટરની બેઠક રુ.1,200/-

(9) સફરજનના ખેતરની આવક રુ.5,000/-

(10) જૂના ઘરવપરાશની ફર્નિચર વેચાણની ઉપજ રુ.3,000/-

જવાબ : ધંધા વ્યવસાયની આવક (2) મકાન-મિલકતની આવક (3) મકાન-મિકલકતની આવક (4) અન્ય સાધનોની આવક (5) કરમુક્ત છે(6) ધંધા વ્યવસાયની આવક (7) મૂડીનફાની આવક (8) અન્ય સાધનોની આવક (9) કરમુક્ત છે (10) કરમુક્ત છે.

ઉદાહરણ : 4 નીચેની આવકો આવકના કયાં શીર્ષક હેઠળ કરપાત્ર થશે તે જણાવો. (માર્ચ, 2008)

| | | |
|---|---|---|
| જવાબ : | (1) લોટરીની આવક | અન્ય સાધનોની આવક |
| | (2) અગાઉ મજરે આવેલ ઘાલખાધની વસૂલાત | ધંધા વ્યવસાયની આવક |
| | (3) મકાન-મિલકતની આવક | પગારની આવક |

**ઉદાહરણ-5 :** નીચેના પૈકી કઈ આવકો અન્ય સાધનના શીર્ષક હેઠળ કરપાત્ર ગણાય ? (ગમે તે ચાર)

**જવાબ :** (1) મકાનનું પેટા ભાડું (2) જમીનનું ભાડું (3) લોટરીની આવક (4) જન્મદિવસની બક્ષિસ (5) આવકવેરાનું રિફંડ (6) ખેતીની આવક (ભારતમાં) (ગુ. યુનિ. એપ્રિલ 2013)

**જવાબ :** 1 થી 4 અન્ય સાધનના શીર્ષક નીચે આવક ગણાશે.

**ઉદાહરણ : 6** શ્રી સહેવાલની નીચેની માહિતી ઉપરથી આકારણી વર્ષ 2018-19 માટે અન્ય સાધનોની આવકની ગણતરી કરો.

| | | |
|---|---|---|
| (1) | 10% ના પૉર્ટ ટ્રસ્ટ બૉન્ડ | રુ. 2,50,000 |
| (2) | 12% ના અતુલ લિ. ના પ્રેફરન્સ શૅર | રુ.2,00,000 |
| (3) | 10% ના રિલાયન્સ એનર્જી લિ.ના કરમુક્ત ડિબેન્ચર (કરકપાતનો દર 20%) | રુ.2,00,000 |
| (4) | 8% ના અતુલ લિ.ના ડિબેંચર | રુ. 4,00,000 |
| (5) | લોટરીની આવક (કરકપાતનો દર 30%) | રુ. 2,10,000 |
| (6) | ભૂતપૂર્વ માલિક પાસેથી પેન્શન | રુ. 48,000 |

તા. 30-11-17ના રોજ અતુલ લિ.ના રુ.1,00,000ના ડિબેન્ચર વેચી દીધા. દલાલીના રુ.100 અને ઉઘરાણી ખર્ચના રુ.150 ચૂકવેલ છે. ઉપરોક્ત રોકાણો ઉપર વ્યાજ 30-6 અને 31-12ના રોજ મળેલ છે.

જવાબ : શ્રી સેહવાગની અન્ય સાધનોની કરપાત્ર આવક દર્શાવતુ પત્રક

પાછલું વર્ષ : 2017-18 આકારણી વર્ષ : 2018-19

| **વિગત** | | **રુ.** |
|---|---|---|
| (1) 10%ના પોર્ટ ટ્રસ્ટ બોન્ડનું વ્યાજ | | 25,000 |
| (2) અતુલ લિ. ના પ્રેફરન્સ શૅરનું ડિવિડન્ડ (કરમુક્ત) | | - |
| (3) રિલાયન્સ એનર્જી લિ.ના ડિબેન્ચરનું વ્યાજ 2,00,000 $\times \frac{10}{100} \times \frac{100}{80}$ | | |
| (4) અતુલના ડિબેંચરનું વ્યાજ( છ માસનું) | | |
| (4,00,000નું 8% લેખે છ માસનું) | 16,000 | |
| (3,00,000નું 8% લેખે છ માસનું) | <u>12,000</u> | |
| (5) લોટરીની આવક 2,10,000 $\times \frac{100}{70}$ | | 25,000 |
| | | 28,000 |
| | | 3,00,000 |
| કુલ આવક | | 3,78,000 |
| બાદ : કપાતો ઉઘરાણીનો ખર્ચ | | 150 |
| કરપાત્ર આવક | | 3,77,850 |

**ઉદાહરણ 7 :** નીચેની માહિતી ઉપરથી નિલેશની આકારણી વર્ષ 2018-19 માટે 'અન્ય સાધનોની આવક'ના શીર્ષક હેઠળ થતી કરપાત્ર આવકની ગણતરી કરો :

| | | |
|---|---|---|
| (1) | મળેલ ફેમિલી પેન્શન | રુ.60,000 |
| (2) | ભારતીય કંપનીના શૅર ઉપર મળેલ ડિવિડન્ડ | રુ.12,000 |
| (3) | બૅંક ફીક્સ્ડ ડિપોઝીટનું વ્યાજ | રુ. 2,100 |
| (4) | મકાનના પેટા ભાડુઆત પાસેથી મળેલ ભાડુ | રુ. 9,000 |
| (5) | આર.પી.લિ.ના ડિબેન્ચરનું વ્યાજ (કરકપાતનો દર 10%) | રુ. 2,700 |
| (6) | પત્તાની રકમમાંથી મળેલ આવક (કરકપાતો દર 30%) | રુ. 17,500 |
| (7) | કંપનીની બૉર્ડ મિટિંગમાં હાજર રહેવા બદલ મળેલ સિટીગ ફી | રુ. 4,000 |
| (8) | મકાન અને યંત્રોનું ભેગું ભાડુ | રુ. 32,000 |
| (9) | ખુલાસા વગરના સાધનોમાંથી મળેલ આવક | રુ. 1,200 |
| (10) | સંપૂર્ણ કરમુક્ત સરકારી જામીનગીરીઓનું વ્યાજ | રુ. 8,000 |

શ્રી નિલેશે ઉપરની આવકમાંથી નીચેની કપાતની માંગણી કરેલ છે :

| | | |
|---|---|---|
| (i) | ભારતીય કંપનીના શૅરમાં રોકાણ માટે લીધેલ લૉનનું વ્યાજ | રુ. 3,000 |
| (ii) | આર.પી.લિ. ના ડિબેન્ચરમાં રોકાણ માટે લીધેલ લૉનનું વ્યાજ | રુ. 600 |
| (iii) | પત્તાની રમતની આવક મેળવવા કરેલ ખર્ચ | રુ. 3,000 |

(માર્ચ, 2009)

જવાબ : શ્રી નિલેશની અન્ય સાધનોની કરપાત્ર આવક દર્શાવતું પત્રક

પાછલું વર્ષ : 2017-18 આકારણી વર્ષ : 2018-19

| વિગત | | રુ. |
|---|---|---|
| (1) ફેમીલી પેન્શન | 60,000 | |
| - કપાત (1/3 અથવા રુ. 15,000 બે માંથી ઓછું હોય તે) | 15,000 | 45,000 |
| (2) ભારતીય કંપનીના શૅરો ઉપરનું ડ્વિડન્ડ (કરમુક્ત) | | -- |
| (3) બૅંક ફિક્સ ડિપોઝિટનું વ્યાજ | | 2,100 |
| (4) મકાનના પેટા ભાડુઆત પાસેથી મેળલ ભાડું | | 9,000 |
| (5) આર.પી. લિમિટેડના ડિબેંચરનું વ્યાજ $(2{,}000 \times \frac{100}{80})$ | | 3,000 |
| (6) પત્તાની રમતમાંથી મળેલ આવક $(2{,}000 \times \frac{100}{80})$ | | 25,000 |
| (7) કંપનીની મિટિંગની હાજરી અંગેની સિટીંગ ફી | | 4,000 |
| (8) મકાન અને યંત્રોનું ભેગું ભાડું | | 32,000 |
| (9) ખુલાસા વગરના સાધનોમાંથી મળેલ આવક | | 12,000 |
| (10) સંપૂર્ણ કરમુક્ત સરકારી જામીનગીરીનું વ્યાજ કરમુક્ત | | -- |
| | **કુલ આવક** | 1,32,100 |
| બાદ : કપાતો : આર.પી.લિ. ના ડિબેંચર માટે લીધેલ લોનનું વ્યાજ | | 600 |
| | **કરપાત્ર આવક** | **1,31,500** |

**નોંધ :**

(1) ભારતીય કંપનીના શેરમાં રોકાણ માટે લીધેલ લૉનનું વ્યાજ કપાતને પાત્ર નથી, કારણ કે તેની આવક કરમુક્ત છે.

(2) પત્તાની રમતની આવક મેળવવા કરેલ ખર્ચની રકમ કપાતને પાત્ર નથી.

**ઉદાહરણ : 8** શ્રી નરેન્દ્ર શર્મા સન ફાર્મા કંપની લિ. ના સંચાલક છે. નાણાંકીય વર્ષ 2017-18 દરમિયાન કંપનીમાંથી સંચાલક તરીકે રુ. 6,000 ફીની આવક મળી હતી. વડોદરામાં તેમની માલિકીનું ફેક્ટરીનું મકાન વાર્ષિક રુ. 40,000 થી ભાડે આપેલ છે. જેમાં પ્લાન્ટ અને મશીનરીનું ભાડુ પણ સમાયેલું છે. મકાન અને પ્લાન્ટનું ભાડુ અલગ પાડી શકાય તેમ નથી. ફેક્ટરીના મકાન તથા પ્લાન્ટનો ઘસારો રુ. 8,000 છે. મરામત અને વીમાનો ખર્ચ રુ. 6,000 છે. ઘોડાદોડની નેટ આવક રુ. 10,500 મળેલ છે. (મૂળ સ્થાનેથી કપાતનો દર 30% છે.)

આકારણી વર્ષ 2018-19 માટે અન્ય સાધનોના શીર્ષક હેઠળ તેમની કરપાત્ર આવકની ગણતરી કરો :

(માર્ચ, 2010)

જવાબ : શ્રી નરેન્દ્ર શર્માની અન્ય સાધનોની કરપાત્ર આવક દર્શાવતું પત્રક

પાછલું વર્ષ : 2017-18 આકારણી વર્ષ : 2018-19

| વિગત | | રુ. | રુ. |
|---|---|---|---|
| (1) સંચાલક તરીકે ફી | | | 6,000 |
| (2) ભાડે આપેલ ફેક્ટરીના મકાન અને પ્લાન્ટનું ભાડું | | 40,000 | |
| ભાડું : ઘસારો | 8,000 | | |
| મરામતને વીમા ખર્ચ | 6,000 | 14,000 | 26,000 |
| (3) ઘોડા-દોડની આવક $(10,500 \times \frac{100}{70})$ | | | 15,000 |
| **કુલ કરપાત્ર આવક** | | | 47,000 |

**ઉદાહરણ : 9** શ્રી રોહિતની પાછલા વર્ષ 2017-18ની નીચેની માહિતી પરથી, તેઓની અન્ય સાધનોની આવકના શીર્ષક હેઠળની કરપાત્ર આવકની ગણતરી દર્શાવો :

| | | |
|---|---|---|
| (1) | બૅંક ફિક્સ્ડ ડિપોઝીટ પરનું વ્યાજ | રુ. 5,800 |
| (2) | 7% ના કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ બૉન્ડ પરનું વ્યાજ | રુ. 5,000 |
| (3) | પૉર્ટ ટ્રસ્ટ બૉન્ડ પરનું વ્યાજ | રુ. 2,500 |
| (4) | 7.5 % ના ક્રિસ લિમિટેડના ડિબેન્ચરર્સ પરનું વ્યાક (TDS 10%) | રુ. 9,000 |
| (5) | લોટરીની આવક (TDS 30%) | રુ. 17,500 |
| (6) | 8% ના કનક લિમિટેડ કરમુક્ત ડિબેન્ચરર્સ પરનું વ્યાજ (TDS 20%) | રુ. 12,000 |

(માર્ચ, 2011)

જવાબ : શ્રી રોહિતની અન્ય સાધનોની કરપાત્ર આવક દર્શાવતું પત્રક

પાછલું વર્ષ : 2017-18 આકારણી વર્ષ : 2018-19

| વિગત | રુ. | રુ. |
|---|---|---|
| (1) બેંક વ્યાજ (ગ્રોસ) | | 5,800 |
| (2) 7% કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ બેંકનું વ્યાજ (કરમુક્ત) | | -- |
| (3) પોર્ટ ટ્રસ્ટ બોન્ડનું વ્યાજ | | 2,500 |
| (4) 7.5% ના ક્રિસ લિ. ના ડિબેંચરનું વ્યાજ $(9,000 \times \frac{100}{90})$ | | 10,000 |
| (5) લોટરીની આવક $(17,500 \times \frac{100}{70})$ | | 25,000 |
| (6) 8%ના કનક કંપની લિ. ના કરમુક્ત ડિબેંચરનું વ્યાજ $\left(12,000 \times \frac{100}{80}\right)$ | | 15,000 |
| **કુલ કરપાત્ર આવક** | | 58,300 |

**ઉદાહરણ : 10** કુમારી હિરલે તા. 31મી માર્ચ, 2017 ના રોજ પૂરા થતાં વર્ષ માટે તેની રોકાણોની વિગતો નીચે પ્રમાણે આપી છે.

(1) રુ. 10,000 ના 7% પૉર્ટ ટ્રસ્ટ બૉન્ડ્ઝ (2) રુ. 27,000 ના 10%ના એચ.ડી.એફ.સી લિ.ના રિડીમેબલ ડિબેન્ચર (નોંધાયેલ) (ટી.ડી.એસનો દર 10%) (3) રુ. 45,000 ની 10%ની સરકારી લૉન, (4) રુ. 32,000ના 10%ના અંબુજા લિ.ના કરમુક્ત ડિબેંચર (બિનનોંધાયેલ) (ટી.ડી.એસનો દર 20%)

તા. 1-6-2017 ના રોજ 7%ના પૉર્ટ ટ્રસ્ટ બૉન્ડ્ઝ રુ. 15,000માં વેચીને રાજમોતી લિ.ના રોકડેથી કરમુક્ત રુ. 20,000 ના 12% ના ડિબેંચર રુ. 22,000માં ખરીદ્યા હતા. (ટી.ડી.એસ. 20%)

તા. 1-8-2017 ના રોજ 10%ની સરકારી લૉન દાર્શિનક કિંમતે વેચી દીધી હતી.

રોકાણો પર દરેક વર્ષમાં 1 લી જુલાઈ અને 1 લી જાન્યુઆરીના રોજ વ્યાજની ચૂકવણી થાય છે.

તેમના વિવિધ રોકાણો પર વ્યાજ ઉઘરાવી આપવા બદલ બૅંકે રુ. 130 કમિશન વસૂલ કર્યું હતું તથા પૉર્ટ ટ્રસ્ટ બૉન્ડ્ઝનું વેચાણ તેમજ રાજમોતી લિ. ના ડિબેંચરેની ખરીદી અંગે રુ. 200 દલાલીના વસૂલ કર્યા હતા.

કુમારી હિરલની આકારણી વર્ષ 2018-19 માટે આવકના 'અન્ય સાધનોની આવક'ના શીર્ષક હેઠળની કરપાત્ર આવકની ગણતરી કરો :

જવાબ : શ્રી હિરલની અન્ય સાધનોની કરપાત્ર આવક દર્શાવતું પત્રક

પાછલું વર્ષ : 2017-18 આકારણી વર્ષ : 2018-19

| વિગત | રુ. | રુ. |
|---|---|---|
| (1) 7%ના પોર્ટ ટ્રસ્ટ બોન્ડનું વ્યાજ (વ્યાજની તારીખ પહેલાં વેચી નાંખ્યા છે જેથી વ્યાજ મળે નહી.) | | |
| (2) 10%ના એચ.ડી.એફ.સી. લિ.ના રિડીમેબલ ડિબેંચરનું વ્યાજ : (નોંધાયેલ) $(27{,}000 \times \frac{10}{100})$ | 2,700 | |
| (3) 10%ની સરકારી લોન (છ માસનું) $(45{,}000 \times \frac{10}{100} \times \frac{6}{12})$ | 2,250 | |
| (4) 10%ના અંબુજા લિ.ના કરમુકત ડિબેંચર $\left(32{,}000 \times \frac{10}{100} \times \frac{100}{80}\right)$ | 4,000 | |
| (5) 12% ના રાજમોતી લિ. ના કરમુક્ત ડિબેંચર $(20{,}000 \times \frac{12}{100} \times \frac{100}{80})$ | 3,000 | |
| કુલ ગ્રોસ આવક | | 11,950 |
| બાદ : બેક કમિશન | | 130 |
| કરપાત્ર વ્યાજની આવક | | 11,820 |

**ઉદાહરણ : 11** શ્રી રામની તા. 31-3-2018 ના રોજ પૂરા થતાં વર્ષ માટેની તેમના રોકાણો અને વ્યાજની આવક અંગેની માહિતી નીચે મુજબ છે

(1) 9% ના ભારતીય રિઝર્વ બૅંકના કરમુક્ત રિલીફ બૉન્ડ્ઝ રુ. 50,000

(2) 10%ના કરમુક્ત કેન્દ્ર સરકારના બૉન્ડ્ઝ રુ. 1,00,000

(3) 14%ના આઈ.ડી.બી.આઈના બૉન્ડ્ઝ રુ. 1,00,000

(4) 14%ના એ.બી.સી. લિ. ના ડિબેન્ચર જે અમદાવાદ સ્ટોક એક્ષચેન્જમાં નોંધાયેલ છે તેના રુ. 100નો એક એવા રુ. 96ની કિંમતે ખરીદેલાં ડિબેન્ચર રુ. 48,000

(5) સ્ટોક એક્ષચેન્જમાં ટી.ડી.એસ.નો દર 10% નોંધાયેલ, ક્ષ લિ.ના ડિબેંચર ઉપર મળેલ વ્યાજની આવક રુ. 10,800

(6) સ્ટોક એક્ષચેન્જમાં નોંધાયેલ 'ય' લિ. ના ડિબેન્ચર ઉપર મળેલ વ્યાજ રુ. 14,000 ટી.ડી.એસ.નો દર 10%

(7) 'પી' લિ. ના શેરનું મળેલ ડિવિડન્ડ રુ. 2,500

(8) તા. 10-7-2017ના રોજ 'ક્યુ' લિ. તેમના રુ. 10 નો એક એવા 1,000 શેર જે શૅર દીઠ રુ. 60 ની કિંમતે ખરીદ્યા તેના ઉપર કંપનીએ 50% ડિવિડન્ડ જાહેર કર્યુ.

(9) રુ. 10 નો એક એવા 1,00,000 ના પ્રેફરન્સ શૅર ઉપર કંપની એ તા.31-3-2018ના રોજ આપેલ ડિવિડન્ડ 15%.

આકારણી વર્ષ 2018-19 માટે શ્રીમતી રામની 'અન્ય સાધનોની આવક'ના શીર્ષક હેઠળ કરપાત્ર આવક શોધો.

જવાબ : શ્રી રામની અન્ય સાધનોની કરપાત્ર આવક દર્શાવતું પત્રક

પાછલું વર્ષ :2017-18 આકારણી વર્ષ : 2018-19

| વિગત | રુ. |
|---|---|
| (1) 9%ના આર.બી.આઈ.ના બોન્ડનું વ્યાજ(કરમુક્ત) | -- |
| (2) કેન્દ્ર સરકારના બોન્ડઝ | 10,000 |
| (3) આઈ.ડી.બી.આઈ.ના બોન્ડઝનું વ્યાજ : | 14,000 |
| (4) એ.બી.સી.ના ડિબેંચરનું વ્યાજ મૂળકિંમત રુ. 50,000 થશે. $\left(\frac{48,000\times100}{96}\right)$ <br> ડિબેંચરનું વ્યાજ (50,000 નું 14% લેખે) $\left(50,000\times\frac{14}{100}\right)$ | 7,000 |
| (5) ક્ષ લિ.ના ડિબેંચર પર મળેલ વ્યાજ(ગ્રોસિંગ અપ કરીને) $\left(\frac{10,800\times100}{90}\right)$ | 12,000 |
| (6) ય લિ. ના ડિબેંચરનું વ્યાજ $\left(\frac{14,400\times100}{90}\right)$ | 16,000 |
| (7) પી.લિ. નું ડિવિડન્ડ કરમુક્ત ગણાશે. | -- |
| (8) ક્ષ ય લિ. નું ડિવિડન્ડ | -- |
| (9) પ્રેફરન્સ શેરનું ડિવિડન્ડ | -- |
| **કુલ કરપાત્ર આવક** | **59,000** |

**ઉદાહરણ : 12** શ્રી દિનેશ મહેતાની તા. 31-3-2018 ના રોજ પૂરા થતાં વર્ષના રોકાણની વિગત નીચે પ્રમાણે છે.

(1) રુ. 40,000 ની 9% ની કરમુક્ત સરકારી જામીનગીરી

(2) રુ. 35,000 ની 12% ના અંબિકા લિ. ના ડિબેન્ચરો

(3) રુ. 20,000 ના 7.5% ના કંડલા પોર્ટ ટ્રસ્ટના બોન્ડઝ

(4) રુ. 15,000 ના 10% અ લિ.ના પ્રેફરન્સ શૅર વ્યાજ વસૂલ કરવા બૅંકે રુ. 200 કમિશન ગણ્યું છે. તેણે પોર્ટ ટ્રસ્ટ બોન્ડઝ ખરીદવા લીધેલ લૉનનું વ્યાજ રુ. 700 ચૂકવ્યું છે. વ્યાજ 1લી જાન્યુઆરી અને 1લી જુલાઈએ લેણું થાય છે.

આકારણી વર્ષ 2018-19ની અન્ય સાધનોની આવકના શીર્ષક હેઠળ કરપાત્ર આવક શોધો.

જવાબ : શ્રી દિનેશ મહેતાની અન્ય સાધનોની કરપાત્ર આવક દર્શાવતું પત્રક

પાછલું વર્ષ : 2017-18 આકારણી વર્ષ : 2018-19

| વિગત | | રુ. |
|---|---|---|
| (1) 9%ના કરમુક્ત સરકારી જામીનગીરીનું વ્યાજ | | 3,600 |
| (2) 12%ના અંબિકા લિ. ના ડિબેંચરનું વ્યાજ | | 4,200 |
| (3) 7.5%ના કંડલા પોર્ટ ટ્રસ્ટના બોન્ડઝનું વ્યાજ | | 1,500 |
| (4) 10%ના ક્ષ લિ. ના પ્રેફરન્સ શેરનું ડિવિડન્ડ (કરમુક્ત) | | -- |
| **કુલઆવક** | | **9,300** |
| **બાદ : કપાતો :** | | |
| **(1) બેંક કમિશન** | **200** | |
| **(2) પોર્ટ ટ્રસ્ટ બોન્ડ ખરીદવા લીધેલ લોનનું વ્યાજ** | **700** | **900** |
| **અન્ય સાધનોની કરપાત્ર આવક** | | **8,400** |

## 6.10 અભ્યાસ પ્રશ્નો

### (અ) સૈદ્ધાંતિક પ્રશ્નો

1. અન્ય સાધનોની આવકના શીર્ષક નીચે કરપાત્ર આવકો દર્શાવો.
2. અન્ય સાધનોની આવકના શીર્ષક હેઠળ દર્શાવતી કોઈપણ ચાર આવકના ઉદાહરણો આપો. (ગુ. યુનિ. માર્ચ, 2010)
3. વ્યાજની આવકનું 'ગ્રોસિંગ-અપ' કરવાના નિયમો જણાવો. (ગુ. યુનિ. માર્ચ, 2008)
4. અન્ય સાધનોની આવકની ગણતરી માટે મજરે મળતી રકમો જણાવો. (ગુ. યુનિ. માર્ચ, 2008)
5. ટૂંકનોંધ લખો

(1) કરમુક્ત અને કરબાદ જામીનગીરીઓ
(2) સંપૂર્ણ કરમુક્ત જામીનગીરીઓ
(3) અન્ય સાધનોની આવક
(4) ગ્રોસિંગ-અપ
(5) બોન્ડ વોશિંગ વ્યવહારો
(6) જામીનગીરી વ્યાજની કરપાત્રતા

**(બ) વ્યવહારિક પ્રશ્નો**

1. શ્રી નયનકુમાર પાછલા વર્ષ 2017-18માં નીચે દર્શાવેલ આવકો મેળવે છે તેના પરથી અન્ય સાધનોની આવકના મથાળાં હેઠળ કરપાત્ર આવકની ગણતરી કરો.

| | | |
|---|---|---|
| (1) | પરત કરી શકાય તેવા (રીડિમેબલ) નોંધાયેલ ડિબેન્ચરનું વ્યાજ (ટી.ડી.એસ.નો દર 10%) | રુ. 2,700 |
| (2) | ક્યુમ્યુલેટીવ પ્રેફ. શૅરપરનું ડિવિડન્ડ | રુ. 2,400 |
| (3) | વિદેશી કંપનીના જામીનગીરી પર વ્યાજ | રુ. 2,000 |
| (4) | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના બોન્ડ પરનું વ્યાજ (ટી.ડી.એસ. નો દર 10%) | રુ. 2,700 |
| (5) | વિદેશી સરકારની જામીનગીરી પર વ્યાજ | રુ. 5,600 |
| (6) | યુનિટ ટ્રસ્ટ ઓફ ઇન્ડિયા પાસેથી મળેલ ડિવિડન્ડ | રુ. 600 |

(જવાબ : કુલ પાત્ર આવક રુ. 13,600, પ્રેફ. શૅર ડિવિડન્ડ કરમુક્ત આવક છે તેમજ યુ.ટી.આઈ.નું ડિવિડન્ડ પણ કરમુક્ત છે.)

2. શ્રી ખંડેરિયાની આવકની આવકની નીચેની વિગતો પરથી આકારણી વર્ષ 2018-19 માટે તેમની અન્ય સાધનોની આવકની ગણતરી કરો.

| | | |
|---|---|---|
| (1) | ભારતીય કંપનીઓ પાસેથી ગ્રોસ ડિવિડન્ડ | રુ. 15,000 |
| (2) | બેંકોની થાપણોનું વ્યાજ | રુ. 8,000 |
| (3) | ડિબેંચર પર મળેલ વ્યાજ (નેટ) (મૂળ સ્થાનેથી કપાતનો દર 10%) | રુ. 9,000 |
| (4) | લોટરીનું ઇનામ (નેટ) (મૂળ સ્થાનેથી કપાતનો 30%) | રુ. 35,000 |
| (5) | પત્તાની રમતમાં નુકશાન | રુ. 10,000 |
| (6) | જુગારની રમતમાં આવક | રુ. 6,000 |
| (7) | ધારાસભ્ય તરીકે મળેલ પગાર | રુ. 24,000 |
| (8) | પી.પી.એફનું વ્યાજ | રુ. 10,000 |

(જવાબ : કુલ કરપાત્ર આવક રુ. 92,000, ભારતીય કંપનીનું ડિવિડન્ડ અને પી.પી.એફ.નું વ્યાજ કરમુક્ત આવક છે. પત્તાના નુકશાનમાંથી જુગારની આવક બાદ કર્યા પછીનું નુકશાન રુ. 4,000 આગળના વર્ષે લઈ જવાશે.)

3. શ્રી રાજન મોદી પાસે તા. 1-4-2017 ના રોજ નીચે મુજબ રોકાણો હતા.

(1) રુ. 30,000 ની 6%ની સરકારી લૉન

(2) રુ. 20,000 ના જીવન વીમા કોર્પોરેશનના 7.5%ના ડિબેંચરો

(3) રુ. 18,000 ના આયુષી લિ. ના 10%ના કરમુક્ત ડિબેંચર ટી.ડી.એસ. નો દર 10%

(4) રુ. 20,000 ના ટેલ્કો લિ. ના ઈક્વિટી શૅર વર્ષ દરમ્યાન ટેલ્કો લિ. ના ઈક્વિટી શૅર ઉપર રુ. 3,500 ડિવિડન્ડની આવક થઈ હતી.

6%ની સરકારી લૉન પર દરેક વર્ષમાં 1લી જુલાઈના રોજ અને બાકીના રોકાણો પર દરેક વર્ષમાં 1લી જુલાઈ અને 1લી જાન્યુઆરીના રોજ વ્યાજની ચૂકવણી થાય છે. વ્યાજ વસૂલ કરવા માટે બેંક રુ. 100 કમિશન ગણ્યું છે.

આકારણી વર્ષ 2018-19 માટે તેમની કરપાત્ર આવકની ગણતરી કરો.

(જવાબ : કુલ કરપાત્ર આવક રુ. 3,700, ગ્રોસ આવક રુ. 3,800 અને કપાત રુ. 100, એલ.આઈ.સી. ના ડિબેંચરનું વ્યાજ અને ટેલ્કોના ઈક્વિટી શૅરનું ડિવિડન્ડ કરમુક્ત ગણાશે.)

4. શ્રી કમલ ભારતીય નાગરિક અને સામાન્ય રહીશ છે. પાછલા વર્ષ 2017-18 દરમ્યાન તેમને મળેલ આવકોને નીચે આપેલી માહિતીના આધારે 'અન્ય સાધનોની આવક' શીર્ષક હેઠળ કરપાત્ર આવક ગણો.

(1) લોટરીમાં લાગેલ ઈનામ રુ. 50,000 (ગ્રોસ)

(2) ગુજ. યુનિ. તરફથી પરીક્ષાના પેપર્સ તપાસવાની મળેલ રકમ રુ. 4,000

(3) 7%ના કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ બોન્ડઝ પર મળેલ રુ. 8,000 તથા વિદેશી કંપનીઓ પાસેથી મળેલ ડિવિડન્ડ રુ. 12,000.

(4) ભારતીય કંપનીઓ તરફથી મળેલ ડિવિડન્ડ રુ. 8,000 તથા વિદેશી કંપનીઓ પાસેથી મળેલ રુ. 12,000.

(5) કિસાન વિકાસ પત્ર તથા ઈન્દિરા વિકાસ પર લેણું થયેલ અને ચઢેલ વ્યાજ અનુક્રમે રુ. 7,100 અને રુ. 8,900.

(6) જાહેર ભવિષ્ય નિધિના ખાતામાં જમા થયેલ વ્યાજ રુ. 10,000.

(7) નોંધાયેલ કરમુક્ત ડિબેન્ચર પર મળેલ વ્યાજ (મૂળસ્થાનેથી કરકપાત 10%) રુ. 9,000

તેમણે ભારતીય કંપનીઓના શૅર અને વિદેશી કંપનીઓના શૅર ખરીદવા માટે લીધેલ લૉન પર વ્યાજ અનુક્રમે રુ. 1,000 અને રુ. 3,000 ચૂકવ્યા છે તથા જે કંપનીના શૅર પર ડિવિડન્ડ મળતું નથી તેની ખરીદ માટે લીધેલ લૉન પર રુ. 2,000 વ્યાજના ચૂકવેલા છે.

(જવાબ : કુલ કરપાત્ર આવક રુ. 89,000, કુલ ગ્રોસ આવક રુ. 92,000, કપાત રુ. 3,000 કેપિટલ ઈન્વે. બૉન્ડ, ભારતીય કંપનીનું ડિવિડન્ડ, પી.પી. એફ નું વ્યાજ કરમુક્ત છે. વિદેશી કંપનીના શૅર ખરીદવા લીધેલ લૉનનું વ્યાજ જ બાદ મળશે.)

5. નીચેની વિગતો પરથી આકારણી વર્ષ 2018-19 ની અન્ય સાધનોની કરપાત્ર આવક નક્કી કરો.

| | **વિગત** | **રુ.** |
|---|---|---|
| (1) | લેખક તરીકે મળેલ રોયલ્ટી(નેટ) | 15,000 |
| (2) | ભારતીય કંપનીનું ડિવિડન્ડ | 20,000 |
| (3) | વિદેશી કંપનીનું ડિવિડન્ડ(ભારતમાં મળેલ છે.) | 12,000 |
| (4) | બાંધી મુદતનું વ્યાજ | 16,000 |
| (5) | શેરના સટ્ટાનો નફો | 30,000 |
| (6) | લોટરીની આવક(ગ્રોસ) | 40,000 |
| (7) | કિસાન વિકાસ પત્રનું વ્યાજ | 5,000 |
| (8) | પી.પી.એફ. નું વ્યાજ | 20,000 |

(જવાબ : કુલ કરપાત્ર આવક રુ. 88,000 ભારતીય કંપનીનું ડિવિડન્ડ, પી.પી.એફ.નું વ્યાજ કરમુક્ત છે. શેર સટ્ટાની આવક ધંધા-વ્યવસાયની આવકના શીર્ષક નીચે કરપાત્ર છે.)

6. નીચે આપેલી માહિતી પરથી આકારણી વર્ષ 2018-19 માટે અન્ય સાધનોમાંથી આવકના શીર્ષક હેઠળ કરપાત્ર આવકની ગણતરી કરો.

(1) રુ. 1,00,000 ના 9%ના કરમુક્ત રિલીફ બૉન્ડસ

(2) 16%ના રુ. 2,00,000 ના આઈ.ડી.બી.આઈ.ના બૉન્ડસ

(3) રુ. 96,000 ના 14% ના ડિબેંચર જેની દાર્શિનક કિંમત રુ. 1,00,000 છે.

(4) ક્ષ લિ.ના ડિબેન્ચરનું વ્યાજ રુ. 27,000 મળેલ છે. (ટી.ડી.એસ. નો દર 10%)

(5) રુ. 4,000 નું ડિવિડન્ડ અ લિ.ના શૅર પર મળેલ છે.

(જવાબ : કરપાત્ર આવક રુ. 85,000 ક્ષ લિ.ના ડિબેન્ચરનું વ્યાજ ગ્રોસિંગ અપ કરવું, જેથી તે રુ. 30,000 થશે. કંપનીનું ડિવિડન્ડ કરમુક્ત ગણાશે.)

7. શ્રી કપીલ એક ભાડાના મકાનમાં રહે છે. તેમણે પોતાના પેટા ભાડુઆત પાસેથી રુ. 24,000 ભાડુ વસૂલ કર્યુ છે. આ ભાડુઆત વતી રુ. 3,000 લાઈટ બીલ તથા 1,500 પાણીનાં ચૂકવ્યા છે. તેમને વર્ષ દરમિયાન રુ. 8,000 બેંકમાંથી વ્યાજ તથા 16,000 ડિવિડન્ડ મળ્યું છે. તેમનો પોતાનો ખાલી પ્લોટ ભાડે આપેલ જેનું ભાડું 30,000 મળેલ છે. વિદેશી બેંકમાંથી મૂકેલ

થાપણોનું રુ. 9,000 વ્યાજ મળેલ છે. આકારણી 2018-19 માટે અન્ય સાધનોની આવક નક્કી કરો.

(જવાબ : રુ. 66,000 પેટા ભાડાની ચોખ્ખી આવક રુ. 19,500 ગણાશે, ડિવિડન્ડ કરમુક્ત ગણાશે.)

8. તા. 1-4-2017 ના રોજ શ્રી વૈભવના રોકાણો નીચે મુજબ હતા.

(1) રુ. 60,000 ની 12% ગુજરાત સરકારની લૉન

(2) અશોક લિ. ના રુ. 20,000ના 10%ના કરમુક્ત ડિબેંચર (ટી.ડી.એસ. 20%) તા. 31-3-18 ના રોજ રુ. 40,000 ની ગુજરાત સરકારની લૉન વેચી દીધી અને રુ. 40,000ની મૂળ કિંમતના વધારાના અશોક લિ. ના 10% ના રુ. 102ના ભાવે કરમુક્ત ડિબેંચર ખરીદ્યા. આ જ દિવસે તે હેતુ રુ. 40,000ની બેંક લૉન 12%ના દરે લીધી.

(3) રીડિમેબલ નોંધાયેલ ડિબેંચરનું વ્યાજ રુ. 2,700 (ટી.ડી.એસ.નો દર 10%)

(4) અરુણ લિ. ના રુ. 1,35,000ના 10%ના કરમુક્ત ડિબેંચર (ટી.ડી.એસ.નો દર 10%)

(5) લોટરીનું ઇનામ રુ. 1,57,000 (ટી.ડી.એસ.નો દર 30%)

(6) સંજય લિ.ના રુ. 63,000ના 10% ના કર બાદ ડિબેંચર(ટી.ડી.એસ.નો દર 10%)

(7) ખુલાસા વગરની રોકડ રુ. 1,00,000

(8) બૅંકની બાંધી મુદત થાપણનું વ્યાજ રુ. 4,000

(9) 7%ના કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ બોન્ડનું મળેલ વ્યાજ રુ. 7,000

બધી જ જામીનગીરીઓ ઉપર 30મી જૂન અને 31મી ડિસેમ્બરના રોજ વ્યાજ મળે છે. આકારણી વર્ષ 2018-19 માટે અન્ય સાધનોની કરપાત્ર આવક શોધો.

(જવાબ : અન્ય સાધનોની આવક રુ. 3,60,000 જેમાં ગુજરાત સરકારની લૉનનું વ્યાજ 3,600 + 1,200 = 4,800 અશોક લિ.ના ડિબેંચરનું વ્યાજ રુ. 5,000 રિડિમેબલ ડિબેંચરનું વ્યાજ રુ. 3,000 અરુણ લિ.નું વ્યાજ રુ. 15,000, લોટરીનું ઈનામ રુ. 2,25,000 સંજય લિ. ના ડિબેંચરનું વ્યાજ 6,400, ખેલાસા વગરની આવક રુ. 1,00,000 બૅંક વ્યાજ રુ. 4,000 જ્યારે કપાત તરીકે ચૂકવેલ વ્યાજ રુ. 3,200 7%ના કેપિટલ બૉન્ડનું વ્યાજ કરમુક્ત ગણાશે.)

## 6.11 હેતુલક્ષી પ્રશ્નો

નીચે આપેલ દરેક પેટાપ્રશ્નના એક કરતાં વધુ જવાબો આપેલા છે. પરંતુ તે પૈકી ફક્ત એક જ જવાબ સાચો છે. તમારે સાચો જવાબ જણાવવાનો છે અને તે માટે જરૂરી ગણતરી કે સમજૂતી આપવાની છે.

(1) શ્રી એચ. પી. કોલેજમાં ડાયરેક્ટર ઓફ ફિઝિકલ એજ્યુકેશન તરીકે નોકરી કરે છે. તેઓને વાર્ષિક રુ. 3,75,000 નો પગાર મળે છે. ઉપરાંત તેમને નીચેની વધારાની આવક પણ થાય છે.

(1) યુનિવર્સિટી દ્વારા આયોજિત રમતોત્સવમાં નિર્ણાયક તરીકે બજાવેલ ફરજો અંગે મળેલ મહેનતાણું રુ. 1,500

(2) પાનાની રમતમાં મળેલી આવક રુ. 1,500.

(3) જુગારમાં ગુમાવેલ રકમ રુ. 3,000

(4) પો.ઓ.સેવિંગ્સ બૅંક ખાતામાં જમા મળેલ વ્યાજ રુ. 1,500 છે.

(5) ઘોડા-દોડમાંથી થયેલ આવક રુ. 10,000 (ગ્રોસ)

આકારણી વર્ષ 2018-19 માટે અન્ય સાધનોની આવકના શીર્ષક હેઠળ કરપાત્ર આવક નીચે પ્રમાણેની થાય.

(1) રુ. 11,500 (2) રુ. 9,000 (3) રુ. 9,500 (4) રુ. 6,500

(ગુ. યુનિ. એપ્રિલ, 2006)

જવાબ : અન્ય સાધનોની આવક :

| | | | |
|---|---|---|---|
| (1) | યુનિવર્સિટી દ્વારા નિર્ણાયક તરીકે મળેલ મહેનતાણું | | 1,500 |
| (2) | પાનાની રમતમાં મળેલી આવક | 1,500 | |
| | - જુગારમાં ગુમાવેલ રકમ(વધુમાં વધુ જુગારની આવક સુધી) | 1,500 | -- |
| (3) | ઘોડાદોડમાંથી મળેલ આવક | | 10,000 |
| | અન્ય સાધનોની આવક | | 11,500 |

**આથી સાચો જવાબ (1) છે.**

(2) ખેતીવાડી કંપનીને ચૂકવેલ ડિવિડન્ડએ કઈ આવક ગણાય ?

(1) ખેતીની આવક (2) ધંધા વ્યવસાયની આવક

(3) અન્ય સાધનોની આવક (4) મકાન મિલકતની આવક (માર્ચ, 2007)

જવાબ : સાચો જવાબ (3) છે. અન્ય સાધનોની આવક ગણાય. જો કે ભારતીય કંપની હોય તો તે કરમુક્ત ગણાશે.

(3) શ્રી અતુલને નાણાંકીય વર્ષ 2017-18 દરમિયાન પેટા ભાડેઆત પાસેથી મળેલ ભાડાની આવક રુ. 10,000 છે અને પેટા ભાડુઆતને આપેલ સગવડો અંગે રુ. 1,000નો ખર્ચ કર્યો છે. શહેર વિસ્તારમાં આજેલ જમીનના પ્લોટ ભાડે આપવાથી મળેલ ભાડું રુ. 5,000 છે. ભારતીય કંપનીનું ડિવિડન્ડ રુ. 5,000 જ્યારે વિદેશી કંપનીનું મળેલ ડિવિડન્ડ રુ. 10,000 છે. તેમને નોકરી દરમિયાન ઓવર ટાઈમમાંથી રુ. 20,000 મળ્યા છે. આકારણી વર્ષ 2018-19 માટે અન્ય સાધનોની આવકના શીર્ષક નીચે તેમની કુલ કરપાત્ર આવક નીચે મુજબ નક્કી કરો.

(1) રુ. 44,000 (2) રુ. 29,000 (3) રુ. 24,000 (4) રુ. 25,000

જવાબ : અન્ય સાધનોની આવકની ગણતરી :

| | | | |
|---|---|---|---|
| (1) | પેટા ભાડુઆત પાસેથી મળેલ આવક | 10,000 | |
| | બાદ : આ અંગે કરેલ ખર્ચ | 1,000 | 9,000 |
| (2) | જમીન પ્લોટનું ભાડું | | 5,000 |
| (3) | વિદેશી કંપનીનું ડિવિડન્ડ | | 10,000 |
| | અન્ય સાધનોની આવક | | 24,000 |

**આથી, સાચો જવાબ (3) છે.**

**નોંધ :** જમીન પ્લોટ ઉપર બાંધકામ થયેલ ન હોવાથી અન્ય સાધનોથી આવક ગણાશે. જ્યારે ઓવરટાઈમ પગારના શીર્ષક નીચે કરપાત્ર ગણાશે.

(4) શ્રી પ્રકાશ એક કંપનીના મેનેજર છે. તેઓને નાણાંકીય વર્ષ 2017-18 દરમિયાન પેટા ભાડાની આવક રુ. 8,000, કરવેરાનું પુસ્તક લખવા અંગે રોયલ્ટીના રુ. 10,000, કરવેરા અંગે આપેલ ભાષણો અંગે રુ. 25,000 અને તે માટે વાહનખર્ચના રુ. 1,000 મળ્યા છે. આ ઉપરાંત તેના પિતા પાસેથી બક્ષિસના રુ. 30,000 મળ્યા છે. તેમની ચકાસણી વર્ષ 2018-19ની અન્ય આવકના શીર્ષક અંગેની કરપાત્ર આવક નીચે પ્રમાણે નક્કી થશે.

(1) રુ. 73,000 (2) રુ. 48,000 (3) રુ. 42,000 (4) રુ. 43,000

| જવાબ : | | રુ. |
|---|---|---|
| (1) | પેટા ભાડુઆત પાસેથી મળેલ આવક | 8,000 |
| (2) | કરવેરા અંગે આપેલ ભાષણની આવક | 25,000 |
| (3) | કરવેરાના પુસ્તકની રોયલ્ટી | 10,000 |
| | અન્ય સાધનોની આવક | 43,000 |

**આથી સાચો જવાબ (4) છે.**

**નોંધ :** વાહનખર્ચ આવક ગણાશે નહીં; જ્યારે પિતા પાસેથી મળેલ બક્ષિસ રુ. 25,000 થી વધુ હોવા છતાં તે સગા પાસેથી મળેલ હોવાથી કરપાત્ર આવક ગણાશે નહીં.

(4) શ્રી પરેશ પરમારની કુલ ગ્રોસ આવક હિસાબી વર્ષ 2017-18 માટે રુ. 2,90,000 છે. જેમાં સરકારી જમીનમાં વ્યાજના રુ. 30,000 તથા ભારતીય કંપનીના ઈક્વિટી શેર ઉપર મળેલ ડિવિડન્ડના રુ. 20,000 સમાયેલા છે. તેમણે રુ. 32,000 ની રકમ જવાહરલાલ નહેરુ મેમોરિયલ ફંડમાં દાન તરીકે આપેલ છે. આકારણી વર્ષ 2018-19 માટે તેમની કુલ કરપાત્ર આવક કેટલી થાય ?

(1) રુ. 2,61,000 (2) રુ. 2,54,000 (3) રુ. 2,38,000 (4) રુ. 2,75,000

(માર્ચ, 2010)

જવાબ : શ્રી પરેશ પરમારની કરપાત્ર આવકની ગણતરી :

| **વિગત** | **રુ.** |
|---|---|
| કુલ ગ્રોસ આવક | 2,90,000 |
| બાદ : ભારતીય કંપનીનું ડિવિડન્ડ (કરમુક્ત આવક) | 20,000 |
| | 2,70,000 |
| બાદ : જવાહરલાલ નહેરુ મેમોરિયલ ફંડમાં દાન (કલમ 80જી) | 16,000 |
| કરપાત્ર આવક | 2,54,000 |

**આથી સાચો જવાબ(2) છે.**

(6) નીચેની માહિતી પરથી અન્ય સાધનની આવક શોધો.

(1) લોટરીનું ઈનામ(નેટ)(ટી.ડી.એસ. 30%) રુ. 70,000

(2) ડિરેક્ટર તરીકે મળેલ ફી રુ. 10,000

(1) રુ. 1,00,000 (2) રુ. 1,10,000 (3) રુ. 80,000 (4) રુ. 90,000

(માર્ચ, 2011)

| | | |
|---|---|---|
| જવાબ : | લોટરીની આવક $70,000 \times \frac{100}{70}$ | 1,00,000 |
| + | ડિરેક્ટરની ફી | 10,000 |
| | કુલ કરપાત્ર આવક | 1,10,000 |

આથી સાચો જવાબ (2) છે.

(7) આકસ્મિક આવક કયાં શીર્ષક હેઠળ કરપાત્ર ગણાય ?

(1) પગાર **(2) અન્ય સાધન**

(3) મૂડી નફો (4) ધંધા-વ્યવસાયની આવક

(માર્ચ, 2013)

(8) કોલેજના અધ્યાપકને યુનિ.ના પેપર તપાસવા અંગે મળેલ મહેનતાણું કયા શીર્ષક હેઠળ કરપાત્ર ગણાય ?

(1) પગાર **(2) અન્ય સાધન**

(3) ધંધા-વ્યવસાય (4) મૂડી નફો (માર્ચ, 2012)

(9) લોટરીના ઈનામની મળેલ ચોખ્ખી રકમ રુ. 17,500 છે. ટી.ડી.એસ.નો દર 30% છે. લોટરીની આવક નક્કી કરો.

(અ) રુ. 25,000 (બ) રુ. 17,500

(ક) રુ. 12,500

**જવાબ : આથી સાચો જવાબ (અ) છે.**

એકમ 7

# માલ અને સેવાકર – 1

## : રૂપરેખા :


- પ્રસ્તાવના

7.1 પરોક્ષ કરવેરાની લાક્ષણિકતાઓ

7.2 પરોક્ષ કરવેરાની બંધારણીય વેધતા

7.3 માલ અને સેવાકર (GST)

7.4 માલ અને સેવાકર (GST)નું માળખું

7.5 માલ અને સેવાકર (GST) કાયદાઓનું અવલોકન અને તેનો વ્યાપ

7.6 GST ના ફાયદાઓ, પડકારો અને મર્યાદાઓ

7.7 પૂર્વકાલીન પરોક્ષ કર અને માલ અને સેવા કરના માળખાનો તફાવત

7.8 માલ અને સેવા કરની પરિષદ (GST Council)

7.9 રાજ્ય નુકસાન ભરપાઈ માળખું

7.10 નોંધણી (રજીસ્ટ્રેશન)

- સ્વાધ્યાય


## પ્રસ્તાવના

માલ અને સેવાકર (ગુડ્સ અને સર્વિસીઝ ટેક્સ-GST) એ માલ અને સેવાઓની સપ્લાય પર લાગતા પરોક્ષ કર (અથવા વપરાશ કર) છે. સપ્લાય પ્રક્રિયામાં દરેક પગલા પર જીએસટી લાગુ પડે છે, પરંતુ અંતિમ ગ્રાહક સિવાયના સપ્લાયના વિવિધ તબક્કામાં તમામ પક્ષોને આવેલલ શાખ (ક્રેડીટ) મળે છે. ગુડ્સ અને સેવાઓ કરના સપ્લાયના વેરાની પાંચ ટેક્સ સ્લેબમાં વહેંચાયેલી છે. 0%, 0.25%,3%, 5%, 12%, 18% અને દર 28%. જો કે, માનવ વપરાશનો આલ્કોહોલિક બીકર, જીએસટી હેઠળ કરપાત્ર નથી અને તેના બદલે અગાઉના કરમાળખા મુજબ, જે તે સરકારો દ્વારા અલગ કર લેવામાં આવે છે. જીએસટીના દરો ઉપરાંત એરેટેડ પીણાં, વૈભવી કાર, પાન મસાલા અને તમાકું ઉત્પાદનો જેવી કેલીક વસ્તુઓ પર સેસ પણ લાગુ થાય છે.

GST ભારત સરકાર દ્વારા ભારતના બંધારણના 101મા સુધારાના અમલીકરણ દ્વારા 1 જુલાઈ, 2017 થી લાગુ થયો છે. 12 એપ્રિલ 2017 ના રોજ કેન્દ્ર સરકારે ચાર જીએસટીને લગતા કાયદા ઘડ્યાઃ

- સેન્ટ્રલ જીએસટી (Central GST-CGST) ધારો, 2017
- સંકલિત જીએસટી (Integrated GST-IGST) ધારો, 2017
- યુનિયન ટેરિટરી જીએસટી (Union Territory GST-UTGST) ધારો, 2017
- જીએસટી (રાજ્યો માટે વળતર - Compensation to States ) ધારો, 2017

રાજધાની વિધાનસભાઓ SGST એક્ટ અને કેન્દ્રશાસિત પ્રદેશોએ UTGST એક્ટ ઘડ્યા છે.

## 7.1 પરોક્ષ કરની લાક્ષણિકતાઓ :

1 કરનો ભાર એક વ્યકિતથી બીજા વ્યક્તિમાં ખસેડી શકાય

2 તે ગુડ્સ અને સેવા પર લાદવામાં આવે છે

3 તે માલના કે સેવાના ભાવમાં વધારો કરે છે.

4 આ કરનો બીજો માલ કે સેવાના વપરાશ કર્તા પર પડે છે.

## 7.2 પરોક્ષ કરવેરાની બંધારણીય વેધતા

ભારતમાં કોઈપણ કાનૂન કાયદેસર રીતે લાગુ પાડવા માટે, તે પ્રથમ બંધારણીય હોવું જરૂરી છે જેની માટે ભારતના બંધારણમાં આવા કાયદાની જોગવાઈ હોવી આવશ્યક છે.

ભારતના બંધારણની કલમ 265 મુજબ, ''કોઈપણ કર કાયદાની સત્તા સિવાય વસૂલી શકાય નહીં''

ભારતના બંધારણની કલમ 246-શિડ્યુલ 7 મુજબ સરકારને પરોક્ષ કરવેરા વસુલવાની સત્તા આપવામાં આવી છે.

ભારતના બંધારણની કલમ 246 A માં માલ અને સેવાઓના કર અંગેની ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે.

## 7.3 માલ અને સેવા કર (GST) : અર્થ

જુના કર માળખામાં કેટલીક મર્યાદાઓ હતી. આ મર્યાદાઓ દૂર કરવી જરૂરી હતી આ બધી મર્યાદાઓને જીએસટી ના અમલથી દૂર કરવામાં આવી. અગાઉના પરોક્ષ કર માળખાની મર્યાદા નીચે મુજબ હતી.

- જટિલ વહીવટીકરણ
- રાજ્યો વચ્ચે ટેક્સની એકરૂપતાનો અભાવ
- ડબલ ટેક્સની પદ્ધતિ
- ગુડ્ઝ અને સર્વિસ વચ્ચેના વિવાદ

GST ના અમલથી કયાં કેન્દ્રિય કરવેરા નાબૂદ થશે ?

- સેન્ટ્રલ એક્સાઈઝ ડયુટી
- એક્સાઈઝ અને કસ્ટમની વધારાની ડયુટીઝ
- સ્પેશિયલ એડિશનલ ડયુટી ઓફ કસ્ટમ્સ
- સર્વિસ ટેક્સ
- સેવાઓ અને વસ્તુઓ પર લાગુ પડતા સેસ અને સરચાર્જ

જીએસટીના અમલથી રાજ્ય સરકારના કરવેરા નાબૂદ થશે ?

- વેટ
- સેલ્સ ટેક્સ
- લક્ઝરી ટેક્સ
- એન્ટ્રી ટેક્સ
- એન્ટરટેઇનમેન્ટ ટેક્સ
- લોટરી, એડવર્ટાઈઝ, સટ્ટા, ગેમ્બ્લિંગ પર લાગુ પડતા ટેક્સ
- સેસ અને સરચાર્જ

હાલના કયા ટેક્સ જી.એસ.ટી પછી પણ રહેશે ?

(1) Toll Taxes (ટોલ ટેક્સ)

(2) Tax on Alcohol (આલ્કોહોલ પર ટેક્સ)

(3) Stamp Duty (સ્ટેમ્પ ડ્યુટી)

(4) Professional Tax (પ્રોફેશનલ ટેક્સ)

(5) Basic Custom Duty (બેઝિક કસ્ટમ ડ્યુટી)

(6) Electricity Duty (ઈલેક્ટ્રીક ડ્યુટી)

(7) Export Duty (એક્સપોર્ટ ડ્યુટી)

**જી.એસ.ટી. માંથી શું બહાર રહેશે ?**

- પેટ્રોલિયમ ક્રૂડ
- હાઈસ્પીડ ડીઝલ
- મોટર સ્પિરીટ (જેને સામાન્યરીતે પેટ્રોલ કહેવાય છે)
- કુદરતી ગૅસ
- એલએશન ટર્બાઈન ફ્યુલ
- માનવ વપરાશ માટેનો આલ્કોહોલીક લીકર

ઉપરની વસ્તુઓ પર ટેક્સ લગાડવા માટે જે તે રાજ્ય સરકાર સ્વતંત્ર રહેશે.

**અર્થ :**

સેન્ટ્રલ એક્સાઈઝ કાયદા અન્વયે માલના ઉત્પાદન તબક્કે એક્સાઈઝ ડયુટી ભરવાની થતી હતી. સેવા પૂરી પાડવામાં સર્વિસ ટેક્ષ ભરવાનો થતો હતો. માલના વેચાણ તબક્કે વેટ ભરવાનો થતો હતો. આ ઉપરાંત રાજ્ય બહારથી માલના રાજ્યમાં પ્રવેશ તબક્કે એન્ટ્રી ટેક્ષ કેટલાક સંજોગોમાં ખરીદ વેરો ભરવાનો થતો હતો. આવા બધા જ પરોક્ષ વેરાના સ્થાને માલ અથવા સેવા અથવા બન્નેની સપ્લાયના તબક્કે ઉઘરાવવાનો થતો એક વેરો એટલે જી.એસ.ટી.

ભારત એક સમવાયતંત્ર દેશ હોઈ જેમાં કેન્દ્ર સરકાર અને જે તે રાજ્ય સરકારને બંધારણની જોગવાઈ પ્રમાણે વેરા ઉઘરાવવાની સત્તા પ્રાપ્ત થતી હોઈ જી.એસ.ટી.ની વેરા પદ્ધતિમાં પણ દ્વિસ્તરીય વેરો ઉઘરાવવાનો થશે. માલ અથવા સેવા અથવા બંનેની સપ્લાયના ઇન્ટ્રા સ્ટેટ એટલે કે રાજ્યની અંદર થતા વ્યવહારો ઉપર સેન્ટ્રલ ગુડઝ એન્ડ સર્વિસ ટેક્ષ એક્ટ અન્વયે સેન્ટ્રલ ટેક્ષ અને ગુજરાત ગુડઝ એન્ડ સર્વિસ ટેક્ષ અન્વયે સ્ટેટ ટેક્ષ ઉઘરાવવાનો થશે. માલ અથવા સેવા અથવા બંનેની સપ્લાયના આંતર રાજ્ય વ્યવહારો ઉપર ધી ઈન્ટિગ્રેટેડ ગુડઝ એન્ડ સર્વિસ ટેક્ષ એક્ટની જોગવાઈ અન્વયે ઈન્ટિગ્રેટેડ ટેક્ષ ઉઘરાવવાનો થશે

આમ, જી.એસ.ટી. વેરા પદ્ધતિ એટલે એક દેશ – કોઈપણ ચીજવસ્તુ અથવા સેવા ઉપર એક ટેક્ષ (1 Tax, 1 Market, 1 Nation)

## 7.4 માલ અને સેવાકર (GST)નું માળખું

કેન્દ્ર સરકારે અને રાજ્ય સરકારે જી.એસ.ટી. કાયદો પસાર કરેલ મુજબ જી.એસ.ટી. ત્રણ ભાગમાં વહેંચાયેલ છે.

**(1) એસ.જી.એસ.ટી. (રાજ્ય સરકાર હેઠળ આવશે)**

એસ.જી.એસ.ટી.માં હાલના તબક્કે વેટ, મનોરંજન વેરો, લક્ઝરી ટેક્ષ, લોટરી વગેરે પરનો વેરો રાજ્યના લગતા ટેક્ષ અને સરચાર્જ તેમજ એન્ટ્રી ટેક્ષ આ કાયદામાં મર્જ કરી રાજ્ય ગુડઝ એન્ડ સર્વિસ ટેક્ષ(એસ.જી.એસ.ટી.) નામ આપવામાં આવેલ છે.

**(2) સી.જી.એસ.ટી. (કેન્દ્ર સરકાર હેઠળ આવશે)**

સી.જી.એસ.ટી. કેન્દ્ર સરકારને મળવાપાત્ર વેરો જેવા કે એક્સાઈઝ ડયુટી, વધારાની એક્સાઈઝ ડયુટી તથા અન્ય કાયદા હેઠળ લાગતી સ્પેશિયલ એક્સાઈઝ ડયુટી, સર્વિસ ટેક્ષ, વધારાની કસ્ટમ, સેસ અને સરચાર્જ નો સમાવેશ આ કાયદામાં કરેલ છે.

**(3) આઈ.જી.એસ.ટી. (ઇન્ટિગ્રેટેડ જી.એસ.ટી.)**

આઈ.જી.એસ.ટી. માલ અને સેવાઓના આંતર રાજ્યના વ્યવહારો પર લાગુ પડશે એટલે કે રાજ્ય બહાર સપ્લાય કે સેવાઓ કરવામાં આવશે તેના ઉપર વેરો લેવામાં આવશે. આ વેરો કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવશે.

આઈ.જી.એસ.ટી. નો દર (સી.જી.એસ.ટી. અને એસ.જી.એસ.ટી. ના કુલ દર બરાબર હશે.)

જી.એસ.ટી. કાયદાનો અમલ ત્રણ વિભિન્ન કાયદા થકી કરવામાં આવશે.

સી.જી.એસ.ટી. એક્ટ, 2017

એસ.જી.એસ.ટી. એક્ટ, 2017

આઈ.જી.એસ.ટી. એક્ટ, 2017

આ ઉપરાંત જી.એસ.ટી (Compensation to States ) એક્ટ 2017 હેઠળ અમુક સપ્લાય ઉપર સેસ પણ વસૂલ થશે. યુનિયન ટેરી ટરીમાં થતી સપ્લાય ઉપર એસ.જી.એસ.ટી એક્ટના બદલે યુનિયન ટેરીટરી જી.એસ.ટી એક્ટ 2017 અનુસાર વેરો વસૂલ કરવામાં આવે અને તેને UTGST કહી શકાય.

**ઉદાહરણ :**

- ગુજરાતના વેપારી “A” એ રુ. 10,000/- તો માલ ગુજરાતના વેપારી “B” ને વેચ્યો.
- ગુજરાતનો વેપારી “B” એ માલ રુ. 20,000/- માં રાજસ્થાનના વેપારી “C” ને વેચ્યો.
- અને એ જ રાજસ્થાનના વેપારીએ એ જ માલ રાજસ્થાનના ગ્રાહકને (End User ને) રુ. 30,000/- માં વેચ્યો.
- જી.એસ.ટી. નો કુલ દર 18% છે. આ અંગેની ગણતરી નીચે મુજબ થશે.

| વિગત | A to B ને<br>ગુજરાતથી ગુજરાત | B to C ને<br>ગુજરાતથી રાજસ્થાન | End User ને<br>રાજસ્થાનથી ગ્રાહક |
|---|---|---|---|
| માલની કિંમત | રુ. 10,000/- | રુ. 20,000/- | રુ. 30,000/- |
| CGST | રુ. 700/- | - | રુ. 2,700/- |
| SGST | રુ. 700/- | - | રુ. 2,700/- |
| IGST | - | રુ. 3,600/- | - |

**જી.એસ.ટી. ના દરો :-**

- EXEMPTED :- એજ્યુકેશન, સ્વાસ્થ્ય સેવાઓ (Health Care) , ખેતી અને કૃષિ, જાહેર પરિવહન સેવાઓ, વગેરે
- ZERO “0” :- જીવન જરૂરિયાતની વસ્તુઓ જેમ કે ફૂડ ગેઈતસ, તાજા શાકભાજી, વગેરે
- 5% :- ખાદ્યતેલ, ખાંડ, મસાલા, ચા, વગેરે
- 12% :- દંતમંજન, મીણબતી વગેરે.
- 18% :- મોટાભાગની વસ્તુઓ અને સેવાઓ પર [STANDARD RATE]
- 28% :- લક્ઝરી વસ્તુઓ ઉપર જેમકે નાનીકાર, પ્રિમીયમ કાર, સિગારેટ્સ, એ.સી, રેફ્રિજરેટર વગેરે..
- 28% + CESS :- લક્ઝરી કાર, તમાકુ અને સિગારેટ જેવી વસ્તુઓ.

## 7.5 માલ અને સેવા કર (GST) કાયદાઓનું અવલોકન અને તેનો વ્યાપ

a) નવું GST કાયદો કેન્દ્રના 3 કાયદા અને રાજ્યના 29 કાયદા દ્વારા સંચાલિત છે. સીજીએસટી એક્ટની કલમ 9 ચાર્જીંગ સેક્શન છે અને તે ગુડ્સ અને સર્વિસીસના વિવિધ આંતરરાજ્ય વ્યવહારો પર ટેક્સ વસૂલ કરવા કેન્દ્રને સત્તા આપે છે. જેમાંથી નીચે જણાવેલ 4 કાયદા 12 મી એપ્રિલ, 2017 ના રોજ સંસદ દ્વારા પસાર કરવામાં આવ્યા છેઃ

- સેન્ટ્રલ જીએસટી (Central GST - CGST) એક્ટ, 2017

- સંકલિત જીએસટી (Integrated GST - IGST) એક્ટ, 2017

- યુનિયન ટેરિટરી જીએસટી (Union GST - UGST) એક્ટ, 2017

- જીએસટી (રાજ્યો માટે વળતર- Compensation to States) એક્ટ 2017

CGST કાયદામાં 174 કલમ, 21 પ્રકરણો, 3 શેડ્યુલ્સ છે.

GST એક્ટ જમ્મુ અને કાશ્મીર રાજ્ય સહિત સમગ્ર ભારતમાં વિસ્તરે છે.

b) તમામ રાજ્યોના SGST કાયદાઓ CGST કાયદા જેવા જ છે જે માલ અને સેવા કરની વસૂલાતને લગતા થોડા ફેરફારો સાથે છે કારણ કે રાજ્યો આંતરરાજ્ય વ્યવહારો પર કર વસૂલ કરવા માટે અધિકૃત નથી. તે વિવિધ સંબંધિત મુદ્દાઓ જેમકે માલ અને સેવાઓની સપ્લાય, રજિસ્ટ્રેશન, પુરવઠાની જગ્યા, વળતર, રિફંડ વગેરે નક્કી કરે છે.

c) કેન્દ્ર દ્વારા IGST વસૂલવામાં આવે છે અને એકત્રિત કરવામાં આવે છે. IGST, CGST વત્તા SGST છે અને માલ અને સેવાઓની આંતર-રાજ્ય કરપાત્ર પુરવઠો પર લાગુ થાય છે. ઈન્ટર-સ્ટેટ સપ્લાયરને IGST, CGST અને SGST ની ખરીદી પર ક્રેડિટ એડજસ્ટ કર્યા પછી વેલ્યૂ એડિશન પર ચૂકવણી કરવી પડશે. સંબંધિત માહિતી સેન્ટ્રલ એજન્સીને સુપરત કરવામાં આવે છે જે ક્લિયરિંગ હાઉસ મિકેનિઝમ તરીકે કાર્ય કરે છે, દાવાને ચકાસે છે અને સંબંધિત સરકારોને ભંડોળ સ્થાનાંતરિત કરે છે.

IGST કાયદામાં 25 કલમ, 9 પ્રકરણો છે.

d) કેન્દ્રશાસિત પ્રદેશ જીએસટી (UTGST) ઈન્ટરસ્ટેટ ગુડ્સ અને સર્વિસીસની સપ્લાય ઉપરનો કરવેરો છે. આ કાયદો ભારતના તમામ કેન્દ્રશાસિત પ્રદેશોને લાગુ પડશે, જેમ કે :

આંદામાન અને નિકોબાર ટાપૂ, લક્ષદ્વીપ, દાદરા અને નગર હવેલી, દમણ અને દિવ, ચંદીગઢ અને આવા અન્ય સ્પષ્ટ પ્રદેશો, કેન્દ્રશાસિત પ્રદેશો પર UTGST ની વસુલાત SGST ની સમકક્ષ રહેશે. UTGST માટે ઈનપુટ ટેક્સ ક્રેડિટ ઉપયોગિતા નિયમો SGST જેટલા જ રહેશે. આનાથી અનુક્રમે SGST અથવા તેના વિરુદ્ધ તેની પ્રથમ સેટ-ઑફની મંજૂરી મળે છે. નીચેના ઉદાહરણો પરથી પણ IGST, SGST, CGST અને UTGST કઈ રીતે લાગુ પડે છે તે સમજી શકાય.

| વિગત | આ બંને અંતર-રાજ્ય (Intra-State) ગુજરાતમાં સપ્લાય કરે ત્યારે | આ બંને આંતર-રાજ્ય (Inter-State) સપ્લાય કરે ત્યારે | આ બંને યુનિયન ટેરીટરીમાં જ Intra State સપ્લાય કરે ત્યારે |
|---|---|---|---|
| માલની કિંમત | 10,000 | 10,000 | 10,000 |
| 9% CGST | 900 | - | 900 |
| 9% SGST | 900 | - | - |
| 9% CGST | - | - | 900 |
| 18% IGST | - | 1,800 | - |
| કુલ રકમ | 11,800 | 11,800 | 11,800 |

## 7.6 GST ના ફાયદાઓ, પડકારો અને મર્યાદાઓ

- દેશમાં એકસમાન ટેક્સ માળખું લાગુ થશે. વેટ, ઓક્ટ્રોય, એન્ટ્ર ટેક્સ, પરચેઝ ટેક્સ, લક્ઝરી ટેક્સ, સર્વિસ ટેક્સ, સેસ, એન્ટરટેઈનમેન્ટ ટેક્સ, એક્સાઈઝ ડયુટી વગેરે તમામ ટેક્સ નીકળી જશે. નાગરિકો હાલ 30 થી 35% ટેક્સ ભરે છે.
- જી.એસ.ટી. લાગુ થવાથી સૌથી વધુ ફાયદો સામાન્ય નાગરિકને મળશે. કારણ કે, આખા દેશમાં દરેક વસ્તુ એક સરખી કિંમત પર જ મળશે. પછી તે દેશના કોઈપણ રાજ્યમાંથી કેમ ના ખરીદે. હાલ સામાન ખરીદતી વખતે લાગી રહેલા 30-35% ટેક્સમાં 10% નો ઘટાડો થવાની સંભાવના છે.
- જી.એસ.ટી. ના કારણે પેપર વર્ક ઓછું થશે અને ટેક્સની અવધિ વધારવાથી વધશે.
- વિશ્વના 160 કરતા વધુ દેશોમાં આ કરપ્રણાલી લાગુ રે. અનુમાન છે કે ભારતમાં તેનાથી જીડીપી માં 1 થી 2% સુધીની વૃદ્ધિ થશે.
- જી.એસ.ટી. લાગુ થવા પર કંપનીઓને માથાફૂટ અને ખર્ચ પણ ઓછો થશે. વ્યાપારીઓનો સામાન એક સ્થળેથી બીજા સ્થળે લઈ જવામાં કોઈ મુશ્કેલી નહીં નડે.
- હવે એક એવી વ્યવસ્થા વિકસિત થઈ રહી છે. જે વ્યવસ્થાના કારણે ભ્રષ્ટાચારની આખી ઉઘરાણી પ્રક્રિયા ઝીરો તરફ જશે અને તેના કારણે દેશને ભ્રષ્ટાચાર મુક્ત બનાવવાની દિશામાં આપણને તક મળશે.

**જી.એસ.ટી.થી રાજ્યોને થતા ફાયદા :-**

- રાજ્યને માલના ખરીદ વેચાણ ઉપરાંતના વિવિધ વ્યવહારો પર વેરો લેવાનો અધિકાર ચાલુ રહેશે.
- સેવાકીય ક્ષેત્રોમાં વેરો લેવાનો અધિકાર રાજ્યને મળશે.
- રાજ્યોને જે નુકશાન થશે તેનું વળતર પાંચ વર્ષ સુધીમાં કેન્દ્ર સરકાર ચૂકવશે.

**પડકારો :-**

- કેન્દ્ર અને રાજ્ય સરકાર એક વિચારસરણીથી ચાલશે નહીં તો કરદાતાઓની તકલીફ વધશે.
- કેન્દ્ર અને રાજ્ય સરકાર બંને વેપારીઓ પર વર્ચસ્વ જમાવવાનો પ્રયત્ન કરશે તો વેપારીઓને સમાન કર વ્યવસ્થાનો ફાયદો થવાના બદલે મુશ્કેલીઓ વધશે.
- જીએસટી નેટવર્ક કરદાતાઓની મુશ્કેલીઓનો યોગ્ય અને તાત્કાલીક નિકાલ નહીં કરે તો નવી કરપ્રણાલીમાં વેપારીનો વિશ્વાસ રહેશે નહીં.

**જી.એસ.ટી.ની મર્યાદાઓ :-**

- આખી દુનિયામાં જી.એસ.ટી. લાગુ કરનારા દેશોમાં યોજાયેલી ચૂંટણીમાં જે તે દેશના કોઈપણ સરકાર ફરીથી ચૂંટાઈને સત્તા પર આવી નથી. કારણ કે જી.એસ.ટી.ના લાગુ થવાને કારણે પ્રારંભિક તબક્કામાં મોંઘવારી વધવાનું રાજકીય નુકશાન સત્તાધારી પક્ષ ભોગવવું પડે છે.
- અમુક વસ્તુ કે સેવાઓ મોંઘી થશે જેમ કે રોજબરોજની સેવા પર 15% સેવા કર હતો, જે 18% થશે એટલે કે 3% મોંઘવારી વધશે.

## 7.7 પૂર્વકાલીન પરોક્ષ કર અને માલ અને સેવા કરના માળખાનો તફાવત

| નં | મુદ્દા | પૂર્વકાલીન પરોક્ષ કરવેરા | માલ અને (GST) સેવાના કર |
|---|---|---|---|
| 1 | યોજના | માલ અને સેવાઓ માટે અલગ અલગ કાયદાઓ છે. દા.તઃ સેન્ટ્રલ એક્સાઈઝ એક્ટ, 1944, દરેક રાજ્યનાં અલગ અલગ VAT કાયદાઓ. | માલ અને સેવાઓનાં કર માટે એક જ કાયદો છે. |
| 2 | કર દર | માલ અને સેવાઓ પર લાગતાં કરના દર અલગ-અલગ હોય છે. દા.તઃ એક્સાઈઝ - 12.36% સર્વિસ ટેક્ષ - 15% | માલ અને સેવા બંને માટે એક જ કર દર છે |
| 3 | કાસ્કેડિંગ ઈફેક્ટ | આ સમસ્યા ઉદ્ભવે છે, કારણ કે CST અને બીજા ઘણાં કરની વેરાશાખ નથી. | IGST આવવાથી આ સમસ્યા ઊભી થશે નહીં અને પૂરી વેરાશાખ મળશે. |
| 4 | અનુપાલન | અનુપાલન કરવું જટિલ છે કેમ કે વિવિધ જોગવાઈઓ અને નિયમો છે. | અનુપાલન કરવું સરળ છે, કેમ કે માલ અને સેવા માટે એક જ કાયદો છે. |
| 5 | પારદર્શક કર વહીવટ | કર બે તબક્કામાં લાગુ પડે છે. 1) જ્યારે ઉત્પાદન ફેક્ટરીમાંથી બહાર આવે છે. 2) જ્યારે માલ રીટેલ આઉટલેટ પર મળે ત્યારે | GST વપરાશના અંતિમ તબક્કા સુધી લાગુ પડે છે, જેથી કર વહીવટ પારદર્શક રીતે થઈ શકે છે. |

## 7.8 માલ અને સેવા કરની પરિષદ (GST Council)

ગુડ્સ એન્ડ સર્વિસીઝ ટેક્સ કાઉન્સિલ (જીએસટી કાઉન્સિલ) સપ્ટેમ્બર 2016 માં ભારતના બંધારણની કલમ 279 A હેઠળ બનાવવામાં આવી છે. જીએસટીનો મુખ્ય ઉદ્દેશ્ય માલસામાન અને સેવાઓના એકરૂપ રાષ્ટ્રીય બજારનો વિકાસ કરવાનો છે.

**<u>જીએસટી પરિષદની રચના :</u>**

1 કેન્દ્રીય નાણાં પ્રધાન (ચૅરમેન તરીકે)

2 મહેસૂલ અથવા નાણાં મંત્રાલયના રાજ્યના કેન્દ્રીય પ્રધાન

3 દરેક રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત નાણાં અથવા કરવેરા અથવા અન્ય કોઈ મંત્રીના હવાલોના પ્રધાન.

ઉપરોક્ત ઉપરાંત :

1 સચિવ (મહેસૂલ) જીએસટી કાઉન્સિલના કાર્યકારી સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવશે.

2 ચૅરપર્સન, સેન્ટ્રલ બોર્ડ ઑફ ઈન્ડાયરેક ટેક્ષિસ એન્ડ કસ્ટમ્સ (સીબીઆઈસી) ને જીએસટી કાઉન્સિલની તમામ કાર્યવાહીમાં એક કાયમી આમંત્રિત (બિન-મતદાન) તરીકે સમાવવામાં આવશે.

3 જીએસી કાઉન્સિલ સચિવાલયમાં (જી.એસ.ટી. કાઉન્સિલ સચિવાલયમાં જી.એસ.ટી કાઉન્સિલના વધારાના સચિવના સ્તરે) બનાવવામાં આવશે.

4 જીએસી કાઉન્સિલ સચિવાલયમાં (કમિશનર ભારતના સંયુક્ત સચિવના સ્તરે) કમિશનરની જગ્યાઓ પણ બનાવવામાં આવશે.

**જીએસટી પરિષદના કાર્યો :**

બંધારણની કલમ 279A એ (4) મુજબ, કાઉન્સિલ, જીએસટીને લગતા મહત્ત્વના મુદ્દાઓ પર સંઘ અને રાજ્યોને નીચેના ઉપર ભલામણો કરશેઃ

1 કયાં કર, સેસ, અને સરચાર્જને નાબુદ કરી જીએસટીમાં સમાવવા ?

2 કયાં ગુડ્સ અને સેવાઓ જીએસટીથી આધીન હોઈ શકે છે અથવા તેમાંથી મુક્ત રાખવા ?

3 જીએસટી અરજી માટે ટર્નઓવરની થ્રેશોલ્ડ મર્યાદા;

4 જીએસટીના દરો;

5 મોડેલ જીએસટી કાયદાઓ, સિદ્ધાંતો, આઈજીએસટીનું વિભાજન અને પુરવઠાની જગ્યાએ સંબંધિત સિદ્ધાંતો

6 આઠ ઉત્તર પૂર્વી રાજ્યો, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર અને ઉત્તરાખંડના સંદર્ભમાં વિશેષ જોગવાઈઓ;

7 અન્ય જીએસટી સંબંધિત બાબતો.

## 7.9 રાજ્ય નુકસાન ભરપાઈ માળખું

ગુડ્સ અને સર્વિસીસ ટેક્સ (જીએસટી) ના અમલીકરણના કારણે સરકારે આવક ખાદ્ય માટે રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશોને વળતર આપવાનું છે. જીએસટી (રાજ્યોને વળતર માટેના) ધારો, 2017 ની જોગવાઈઓ મુજબ ગુડ્સ અને સર્વિસીસ ટેક્સના અમલીકરણને કારણે રાજ્યોને મહેસૂલ ગુમાવવાની થાય તો 5 વર્ષના સંક્રમણ સમયગાળા દરમિયાન વળતર ચૂકવવાપાત્ર રહેશે અને રાજ્યને ચૂકવવાપાત્ર વળતરની જોગવાઈ તાત્કાલિક ગણતરી કરી દર બે મહિનાના અંતે રિલીઝ કરવામાં આવશે.

સંક્રમણ સમયગાળા દરમિયાન આવક ગુમાવવા માટે રાજ્યોને ચૂકવવાપાત્ર વળતરની રકમની ગણતરી માટે બેઝ વર્ષ તરીકે નાણાંકીય વર્ષ 2015-16 લેવામાં આવ્યું છે. પરિવર્તન સમયગાળા દરમિયાન રાજ્ય માટે આવકની અંદાજિત વૃદ્ધિ દર વાર્ષિક 14% હશે.

## 7.10 રજીસ્ટ્રેશન (નોંધણી)

જે વ્યક્તિનો માલ તથા સેવા અથવા બંને તો સપ્લાય કોઈ એક નાણાંકીય વર્ષમાં રુ. 20 લાખથી વધુ હશે તેવા વ્યક્તિ એ જે રાજ્યમાંથી વેરાપાત્ર માલ તથા સેવા કે બંને સપ્લાય કરશે તેવા રાજ્યમાં ફરજિયાત નોંધણી નંબર મેળવવો પડશે.

અરુણાચલ પ્રદેશ, આસામ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ તથા સિક્કીમ, ત્રિપુરા, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ જેવા ઉત્તર પૂર્વીય રાજ્ય માટે એગ્રીગેટ ટર્નઓવર રુ. 10 લાખનું ગણવું.

એગ્રીગેટ ટર્નઓવર એટલે કોઈ વ્યક્તિએ એક પાન નંબરથી કરેલ વેરાપાત્ર કે વેરામુક્ત ભારત કે ભારત બહાર કરેલ માલ કે સેવા જે બંનેનો કરેલ સપ્લાયનું મૂલ્ય.

એગ્રીગેટ ટર્નઓવરમાં રિવર્સ ચાર્જ હેઠળ ભરવાપાત્ર ઈનવર્ડ સપ્લાય તથા જી.એસ.ટી., એસ.જી.એસ.ટી., આઈ.જી.એસ.ટી., યુ.જી.એસ.ટી તથા સેસ તરીકે ભરેલ વેરાનો સમાવેશ થશે નહીં.

નીચે જણાવેલ કિસ્સામાં વ્યક્તિએ ફરજિયાત નોંધણી નંબર એગ્રીગેટ ટર્નઓવરની મર્યાદા ધ્યાને લીધા સિવાય મેળવવો જોઈશે.

(1) હાલના પ્રવર્તમાન કાયદા જેવા કે વેટ, સર્વિસ ટેક્ષ તથા એક્સાઈઝ એક્ટ હેઠળના નોંધાયેલ વ્યક્તિ.

(2) ટ્રાન્સફરી અથવા સક્સેસર (ઉત્તરાધિકારી) કોઈ ધંધો તબદીલીથી અથવા સેક્સેશનથી મેળવેલ હોય.

(3) હાઈકોર્ટના આદેશથી કે ડીમર્જર કે અમાલગમેશન કિસ્સામાં આર.ઓ.સી. માંથી સર્ટિફિકેટ ઓફ ઇનકોર્પોરેશન મળે ત્યારથી.

(4) જો કોઈ વ્યક્તિ વેરાપાત્ર આંતરરાજ્ય સપ્લાય કરે.

(5) જો કોઈ વ્યક્તિ કેજ્યુઅલ ટેક્ષેબલ વ્યક્તિ તરીકે ટેક્ષેબલ સપ્લાય કરે.

(6) જો કોઈ વ્યક્તિ રિવર્સ ચાર્જ હેઠળ ટેક્ષ ભરવા જવાબદાર થાય.

(7) જો કોઈ વ્યક્તિ કલમ-9(5) હેઠળ એગ્રીગેટર તરીકે વેરા ભરવા જવાબદાર થાય.

(8) નોન રેસિડન્ટ ટેક્ષેબલ પર્સન વેરાપાત્ર સપ્લાય કરે.

(9) જો કોઈ વ્યક્તિ એજન્ટ તરીકે વેરાપાત્ર સપ્લાય કરે.

(10) કોઈ વ્યક્તિ ઇનપુટ સર્વિસ ડિસ્ટ્રીબ્યુટર

(11) કોઈ વ્યક્તિ ઈ-કોમર્સ, ઓપરેટર દ્વારા માલ કે સેવા કે બંનેનો સપ્લાય કરે.

(12) બધા જ ઈ-કોમર્સ ઓપરેટર.

(13) બધા જ વ્યક્તિ કે જેઓ ઓનલાઈન ડેટા અને ઇન્ફોર્મેશન ભારત બહારથી ભારતમાં નોંધણી નંબર ધરાવતા ન હોય તેવા વ્યક્તિને સપ્લાય કરે.

(14) અન્ય એવા વ્યક્તિ કે વ્યક્તિઓના પ્રકાર જેનો સમાવેશ મહોનામું બહાર પાડી સમાવેશ કરવામાં આવે.

**નોંધણી નંબર મેળવવા જવાબદાર નથી તેવા વ્યક્તિઓ :-**

- કોઈપણ વ્યક્તિ કે જે ફક્ત વેરામુક્ત માળ કે સેવા આપવા બંનેનો સપ્લાય કરતાં હોય અથવા વેરાને પાત્ર નથી તેવો સપ્લાય કરતાં હોય.
- ખેડૂત જે જમીનની ખેતીમાંથી ઉગાડેલ ખેત પેદાશનો સપ્લાય કરે.
- જી.એસ.ટી. કાઉન્સિલ સૂચન કરે તેવા વ્યક્તિ કે વ્યક્તિઓના પ્રકાર
- જે વ્યવહાર અનુસૂચિ-3 મુજબ સેવા કે માલના સપ્લાયના નથી તેવા વ્યક્તિઓ.

ફરજિયાત નોંધણી નંબર મેળવવા માટેની અરજી વ્યક્તિ નોંધણી નંબર લેવા માટે જે રાજ્યમાંથી જવાબદાર થાય તેવા દરેક રાજ્યમાં 30 દિવસની અંદર કરવી જોઈશે.

કેજ્યુઅલ ટેક્ષેબલ પર્સન અને નોન રેસિડન્ટ ટેક્ષેબલ પર્સનને ધંધો શરુ કરતાં પહેલા દિવસ અગાઉ નોંધણી નંબર મેળવવા માટે અરજી કરવી જોઈએ.

**નોંધણી નંબર મેળવવા માટેના અગત્યના પુરાવા :**

- ફોટોગ્રાફ્સ – માલિક, ઑથોરાઈઝ્ડ વ્યકિત, ડિરેક્ટર્સ કર્તા વગેરેના
- વ્યક્તિના બંધારણનો પુરાવો
- ધંધાની મુખ્ય જગ્યા તથા વધારાની જગ્યાના માલિકીના પુરાવા તથા જો જગ્યા માલિકીની ન હોય તો અન્ય પુરાવા.
- બેંક ખાતાની વિગત
- ઓથોરાઈઝેશન ફોર્મ

- નોંધણી નંબર મેળવવા માટેને અરજી નંબર મેળવવા જવાબદાર થાય ત્યારથી 30 દિવસમાં કરવી જોઈએ.
- નોંધણી નંબર માટે કોણે કયાં નમૂનામાં અરજી કરવી જોઈએ ? તે નીચે મુજબ છે.

  નોંધણી નંબર મેળવવા માટે દરેક વ્યક્તિ એ ફોર્મ જી.એસ.ટી. REG.-1 ના પાર્ટ-એ અને પાર્ટ-બી મુજબની માહિતી પૂરી પાડવી જોઈશે. જેની પ્રક્રિયા નીચે મુજબ છે.

**ભાગ-એ માં ચકાસણીની પ્રક્રિયા :-**

- REG-1 ના પાર્ટ એ માં પાન નંબર, મોબાઈલ નંબર તથા ઈ-મેઈલ આઈ-ડી આપવાના રહેશે.
- પાન નંબરની ખરાઈ CBDT ની વેબસાઈટથી થશે.
- ઈ-મેઈલ આઈ-ડી અને મોબાઈલ નંબરની ખરાઈ One Time Password(OTP) થી થશે.
- ખરાઈ પૂર્ણ થયા બાદ Application Reference No. (ARN) થી જનરેટ થશે જે અરજદારને તેના મોબાઈલ તથા ઈ-મેઈલ પણ જણાવવામાં આવશે.

**ભાગ-બી ની પ્રક્રિયા :-**

- પાર્ટ-બી માં અગાઉ જણાવ્યા તે મુજબ બધા જ પુરાવા અને માહિતી સોફ્ટ કોપીમાં આપવા જોઈએ.
- નોંધણી નંબરની અરજી કરી સહી સાથેની જોઈશે. જેમાં ડિજીટલ સિગ્નેચરનો ઉપયોગ કરી શકાશે.
- બધી જ વિગતો ઈલેક્ટ્રોનિકલ અપલોડ થયા પછી Reg-2 માં એક્નોલેજમેન્ટ જનરેટ થશે.

**અરજીની ચકાસણી :-**

- નોંધણી નંબર માટેની અરજી ઓનલાઈન કર્યા બાદ જે તે અધિકારી સદર અરજીની ચકાસણી કરશે.
- અરજી જો યોગ્ય લાગશે તો સ્ટેટ તથા સેન્ટ્રલ ગવર્મેન્ટ ચાલુ કામકાજના દિવસમાં ઓનલાઈન નોંધણીનું પ્રમાણપત્ર આપવામાં આવશે.
- જો અરજીમાં પુરાવા ઓછાં હશે અથવા વધુ માહિતીની જરૂર હશે તો અરજી કર્યાના 3 દિવસમાં જે તે અધિકારી જી.એસ.ટી REG.-3 માં ઓનલાઈન નોટિસ આપશે.
- વ્યક્તિએ જી.એસ.ટી. REG-4 માં નોટીસ આપ્યાના 7 દિવસમાં પ્રત્યુત્તર આપવાનો રહેશે.
- જો પ્રત્યુત્તર યોગ્ય હશે તો જ તે અધિકારી REG-4 માં કરેલ ખુલાસો મંજૂર કરી ખુલાસો અથવા વધારાના પુરાવાના આધારે સદર ખુલાસો મળ્યાના દિવસમાં નોંધણી નંબર આપશે.
- જો માંગેલ માહિતી અયોગ્ય અથવા અપૂરતી હશે તો નોંધણી નંબર મેળવવા કરેલ અરજી રિજેક્ટ કરતો આદેશ જી.એસ.ટી. REG-5 માં કરશે.
- અરજી કર્યાના દિવસમાં જો કોઈ પણ કાર્યવાહી અધિકારી દ્વારા કરવામાં નહીં આવે તો જી.એસ.ટી REG-6 માં નોંધણી પ્રમાણપત્ર મળી જશે.
- તેવી જ રીતે જી.એસ.ટી REG-4 માં પુરાવા અને માહિતી આપ્યા પછી દિવસમાં કોઈ કાર્યવાહી અધિકારી તરફથી કરવામાં નહીં આવી તો પણ જી.એસ.ટી REG-6માં ફાઈનલ નોંધણી નંબર મળવાપાત્ર થશે.

  જ્યારે કોઈ વ્યકિત નોંધણી નંબર મેળવવા જવાબદાર હશે અને જ્યારથી નોંધણી નંબર માટે જવાબદાર થાય ત્યારથી 30 દિવસમાં સમયસર અરજી કરશે તો જે દિવસથી નોંધણી નંબર લેવા જવાબદાર હશે તે દિવસથી અમલી બનતો નોંધણી નંબર સદર વ્યકિત ને મળશે. પરંતુ

જ્યારે અરજી મોડી કરેલ હશે તેવા કિસ્સામાં નોંધણીનું પ્રમાણપત્ર અરજી આપ્યા તારીખથી નોંધણી દાખલો આપવામાં આવશે.

**નોંધણી દાખલામાં સુધારો :-**

નોંધણી દાખલામાં સુધારાને બે ભાગમાં વહેંચવામાં આવેલ છે. એ મુખ્ય સુધારો જેવા કે, ધંધાનું નામ, ધંધાની મુખ્ય જગ્યા તથા ધંધાના માલિકનો સુધારો અને અન્ય સુધારો જેવા કે ધંધાની માત્ર કે સેવાના પ્રકારમાં વધારો કે ઘટાડો કરવો, ધંધાની વધારાની જગ્યાની માહિતી વગેરે.

નોંધણી નંબરમાં મુખ્ય અને મહત્ત્વના સુધારા માટેની અરજી ઓનલાઈન કરવી જોઈએ. તેની સંલગ્ન માહિતી અને પુરાવા પણ આપવા જોઈશે અને ત્યાર પછી જો અધિકારી આદેશ પસાર કરે ત્યારથી તે સુધારો અમલી બનશે. જો માહિતી અપૂરતી અને અયોગ્ય હશે તો જે તે અધિકારી અરજી નામંજૂર કરી શકે છે. અન્ય સુધારા કરવા ફક્ત ઓનલાઈન અરજી કર્યેથી સદર સુધારા નોંધણી પ્રમાણપત્રમાં થઈ ગયેલા ગણાશે.

કોઈપણ વ્યક્તિનો નોંધણી નંબર દરેક રાજ્યમાં 15 ડીજીટનો રહેશે. જે મુખ્યત્ત્વે તેના પાન નંબર આધારિત હશે. 15 ડીજીટના પાન નંબરમાં નીચેની વિગતોનો સમાવેશ થશે.

(1) પહેલા બે ડીજીટ સ્ટેટનો કોડ

(2) 10 આંકડાનો પાન નંબર

(3) 13મો ડીજીટ એ એક રાજ્યમાં કેટલા રજીસ્ટ્રેશન છે તેની સંખ્યા દર્શાવે છે.

(4) 14મો ડીજીટ 'Z' રહેશે

(5) 15મો ડીજીટ ચેક ડીજીટ

નિયમ-20 મુજબ GSTIN સર્ટિફીકેટ ધંધાની દરેક જગ્યાઓ ડીસપ્લે થાય તે રીતે મુકવું જોઈશે તથા GSTIN ધંધાના દરેક પ્રવેશ દ્વારા પર લખવો જોઈએ.

કોઈપણ રજીસ્ટર્ડ વ્યક્તિની નીચેના સંજોગોમાં જાતે પોતે અરજી કરી નોંધણી દાખલો રદ્દ કરાવી શકાશે.

(1) ધંધો બંધ થાય ત્યારે

(2) ગ્રોસ લિમિટથી ટર્નઓવર ઓછું થાય ત્યારે.

(3) ધંધાની તબદીલી અથવા મર્જર અને અમાગમેશનના કિસ્સામાં

(4) પાન નંબર બદલાય ત્યારે

(5) નિયત સમય મર્યાદામાં ધંધો શરૂ કરે નહીં ત્યારે

(6) નોંધણી નંબર લીધા પછી વેરાની જવાબદારી થતી ન હોય ત્યારે

(7) માલિકી ધોરણે ધંધો કરતાં માલિકનું અવસાન થાય ત્યારે.

નીચેના કિસ્સામાં જે તે અધિકારી શો-કોઝ નોટિસ આપી નોંધાયેલ વેપારીનો નોંધણી દાખલો રદ્દ કરી શકશે.

(1) રજીસ્ટર્ડ વ્યકિત દ્વારા જી.એસ.ટી. દાયદાની જોગવાઈઓ કે નિયમનું કોન્ટ્રાવેશન યાને કે ભંગ થાય ત્યારે

(2) લમસમ વેરાનો વિકલ્પ ધરાવનાર નોંધાયેલી વ્યક્તિ સળંગ ત્રણ પત્રક નહીં ભરે ત્યારે

(3) લમસમ વેરાનો વિકલ્પ ધરાવતો ન હોય તેવા તમામ નોંધાયેલ વ્યક્તિ છ માસ સુધી પત્રક નહીં ભરે ત્યારે

(4) જો નોંધણી નંબર છેતરપીડી, ખોટી માહિતી તથા માહિતી છૂપાવીને મેળવવામાં આવ્યો હોય ત્યારે.

જો કોઈ પણ રજીસ્ટર્ડ પર્સનનો નોંધણી નંબર CGST Act. હેઠળ રદ્દ થાય ત્યારે એસ.જી.એસ.ટી. એક્ટ હેઠળ આપમેળે રદ્દ થયેલ ગણાશે. જ્યારે નોંધણી નંબર રદ્દ થાય ત્યારે આખર સ્ટોકમાં રહેલ માલ ઉપર તુરંત જ વેરો ભરવાની જવાબદારી તે વ્યક્તિની ઉપસ્થિત થશે.

## <u>સ્વાધ્યાય</u>

- **નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.**

(1) પરોક્ષ કર એટલે શું ?

(2) નોંધણી નંબર મેળવવા માટેની લિમિટ કેટલી છે ?

(3) GST પરિષદ ના ચેરમેન તરીકે કોણ કામ કરે છે ?

- **તફાવત લખો :**

(1) પૂર્વકાલીન પરોક્ષકર અને GST

- **નીચેના પ્રશ્નોના સાચો વિકલ્પ જણાવો. (MCQ)**

(1) GSTના અમલ પછી નીચેનામાંથી કયો કેન્દ્રીય કરવેરો નાબૂદ થશે નહીં ?

(a) બેઝિક કસ્ટમ ડ્યુટી (b) એક્સાઈઝ અને કસ્ટમની વધારાની ડ્યુટી

(c) સર્વિસ ટેક્સ (d) વેટ

(2) GSTમાંથી શું બહાર રહેશે નહીં ?

(a) કુદરતી ગેસ (b) પેટ્રોલ

(c) સ્ટીલ (d) હાઈસ્પીડ ડીઝલ

(3) નીચેનામાંથી કયો GST નો પ્રકાર નથી ?

(a) MGST (b) CGST

(c) SGST (d) IGST

(4) નીચેનામાંથી કઈ વસ્તુ ઉપર 0% GST લાગુ પડે છે ?

(a) લોખંડ (b) કમ્પ્યુટર

(c) કાર (d) તાજા શાકભાજી

(5) નીચેનામાંથી કઈ વસ્તુ ઉપર GST સેસ (CESS) લાગુ પડતી નથી ?

(a) લક્ઝરી કાર (b) ખાંડ

(c) તમાકુ (d) સિગારેટ

(6) ઉત્તરપૂર્વીય રાજ્યમાટે નોંધણી નંબર મેળવવા એગ્રગેટ ટર્નઓવર ની લિમિટ કેટલી છે ?

(a) 5 લાખ (b) 10 લાખ

(c) 15 લાખ (d) 20 લાખ

(7) GST પરિષદના ચેરમેન તરીકે કોણે હોય છે ?

(a) કેન્દ્રિય ઉદ્યોગ પ્રધાન (b) સચિવ શ્રી (મહેસૂલ)

(c) કેન્દ્રિય નાણાંપ્રધાન (d) કમિશનર

(8) GST નોંધણી નંબર કેટલા ડીજીટનો હોય છે ?

(a) 7 (b) 15

(c) 18 (d) 20

(9) નીચેનામાંથી કઈ સેવા GST હેઠળ કરમુક્ત નથી ?

(a) શૈક્ષણિક (b) સ્વાસ્થ્ય

(c) ઈ-કોમર્સ (d) ખેતી

(10) કોને GST નો સ્ટાન્ડર્ડ રેટ કહેવામાં આવે છે ?

(a) 5% (b) 12%

(c) 0% (d) 18%

(11) માલ અને સેવા કર એ............કરવેરો છે.

(a) પ્રત્યક્ષ (b) પરોક્ષ

(c) ઉપરનામાંથી એકપણ નહીં

(12) માલ અને સેવા કર સૌપ્રથમ .......... દ્વારા અમલમાં મુકવામાં આવ્યો.

(a) ભારત (b) યુકે

(c) ફ્રાન્સ (d) કેનેડા

(13) માલ અને સેવા કર .......... આધારે વસૂલ થાય છે.

(a) માલ અને સેવાના ઉપભોગ (b) માલનાં ઉત્પાદનનાં આધારે

(c) સેવા પૂરી પાડવાના આધારે (d) ઉપરનામાંથી એકપણ નહીં

(14) માલ અને સેવા કર ........... સિદ્ધાંત આધારિત છે.

(a) ઉપભોગ આધારિત (b) ઉદ્‌ભવ આધારિત

(c) ઉપરનામાંથી એકપણ નહીં (d) ઉપરનાં બન્ને

(15) માલ અને સેવા કર બધાને લાગુ પડે છે સિવાય કે ..........

(a) આલ્કોહોલ (b) મીઠું

(c) ખાંડ (d) વાહનો

(16) CGST અને SGST નાં કાયદાની કરમુક્તિ મર્યાદા

(a) Rs.20 લાખ (b) Rs.1 કરોડ

(c) Rs.50 લાખ (d) Rs.75 લાખ

(17) સમાધાન વેરાની ટર્નઓવર મર્યાદા ?

(a) Rs.75 લાખ (b) Rs.1 કરોડ

(c) Rs.50 લાખ (d) Rs.25 લાખ

(18) નીચેનામાંથી કયો માલ અને સેવા કરનો દર નથી ?

(a) Nil (b) 12%

(c) 15% (d) 28%

(19) માલ અને સેવા કરની પરિષદના ચેરમેન કોણ હોય?

(a) કેન્દ્રિય નાણાં મંત્રી (b) પ્રધાન મંત્રી

(c) રાષ્ટ્રપતિ (d) મુખ્યમંત્રી

(20) ભારત સિવાય બીજા કયાં દેશે બેવડા માલ અને સેવા કરને અપનાવ્યો છે ?

(a) અમેરિકા (b) યુકે

(c) કેનેડા (d) યુએઈ

**MCQ ના જવાબો**

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | (a) | 2. | (c) | 3. | (a) | 4. | (d) | 5. | (b) | 6. | (b) | 7. | (c) |
| 8. | (b) | 9. | (c) | 10. | (d) | 11. | (b) | 12. | (c) | 13. | (a) | 14. | (a) |
| 15. | (a) | 16. | (a) | 17. | (b) | 18. | (c) | 19. | (a) | 20. | (c) | | |

**ટૂંકમાં જવાબ આપો.**

**1. માલ અને સેવા કર એટલે શું**

**જવાબ :** માલ અને સેવા કર દ્વારા ભારતમાં પરોક્ષ કરવેરાના સંદર્ભમાં નવા યુગનો પ્રારંભ થઈ રહ્યો છે. GST દ્વારા વિવિધ પ્રકારના પરોક્ષ કરવેરાનું એકત્રીકરણ થાય છે અને માલ અને સેવાઓ અંગે ઈનપુ વેરા શાખ (Tax Credit) આપવાની જોગવાઈ છે. માલ અને સેવા કર દરેક તબક્કે લેવામાં આવે છે એટલે કે ઉત્પાદકથી શરૂ કરીને તેના છેવટના વપરાશ સુધીના અરેક તબક્કે વસૂલ કરવામાં આવે છે, પરંતુ અગાઉના તબક્કા અંગે ચૂકવેલ વેરાની માંડવાળ (Set-off) કે વસૂલાતની જોગવાઈ કરવામાં આવી છે.

2. મોડેલ માલ અને સેવા કર માં કુલ કેટલાં કાયદાનો સમાવેશ થાય છે?

**જવાબ :** પાંચ

**3. ઈનપુટ શાખ એટલે શું?**

**જવાબ :** ઉપર જણાવ્યા મુજબ કોઈ પણ રજિસ્ટર્ડ શખસે ખરીદેલ માલ કે મેળવેલ સેવાઓ અથવા તે બંને અંગે જે કેન્દ્રિય માલ અને સેવા કર (CGST), રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશ માલ અને સેવા કર (SGST/UGST) કે સંકલિત માલ અને સેવા કર (IGST)ની ચૂકવણી કરી હોય તો તે રકમ ઈનપુટ શાખ કહેવાય છે.

**4. IGST નું આખું નામ શું છે?**

**જવાબ :** ઈન્ટિગ્રેટેડ માલ અને સેવા કર

**5 રાજ્યની અંદર માલની ફેરબદલ માટે કયા કાયદા લાગુ પડે છે?**

**જવાબ :** કેન્દ્રિય માલ અને સેવા કર (CGST) and રાજ્ય માલ અને સેવા કર (SGST)

**6 કયા કેન્દ્રિય કરવેરા માલ અને સેવા કર દ્વારા તબદીલ કરવામાં આવ્યા?**

**જવાબ :** કેન્દ્ર આબકારી જકાત, આબકારી જકાત (ઔષધીય અને ટૉયલેટ-પ્રસાધનો), વધારાની આબકારી જકાત (ખાસ મહત્ત્વનો માલ), વધારાની આબકારી જકાત (કાપડ અને કાપડ ઉત્પાદનો), વધારાની કસ્ટમ ડ્યૂટી (CVD), વધારાની ખાસ કસ્ટમ ડ્યૂટી (SAD), સેવા કર (Service Tax), માલ અને સેવાઓના પૂરવઠા સાથે સંકળાયેલ સરચાર્જ અને ઉપકર (Cess)

**7 વિપરિત ચાર્જ એટલે શું?**

**જવાબ :** સામાન્ય : માલ અને સેવાઓનો પુરવઠો આપનાર પક્ષા જ સરકારને ‘માલ અને સેવા કર’ ચૂકવવા માટે જવાબદાર ગણાય છે. તેમ છતાં કેટલાક વિશિષ્ટ સંજોગોમાં જેવા કે, માલ અને સેવાઓના આયાત થઈ હોય તેમજ અમુક સૂચિત પૂરવઠાઓના કિસ્સાઓમાં ‘માલ અને સેવા કર’ ચૂકવવાની જવાબદારી પૂરવઠો મેળવનાર પર લાદવામાં આવે છે. જેને વિપરિત ચાર્જ કહેવાય છે.

**8. સમાધાન વેરો એટલે શું?**

**જવાબ :** આ અધિનિયમ (Act) માં આપેલી જોગવાઈઓની વિરૂદ્ધમાં ન હોય અને કલમ 9ની પેટા કલમ (3) અને (4)ની જોગવાઈઓને આધીન રહીને, અગાઉના નાણાંકીય વર્ષમાં જેનું એકંદર ટર્ન ઓવર રૂ.1 કરોડ કરતાં વધુ ન રહ્યં હોય તેવી રજિસ્ટર થયેલી વ્યક્તિ પોતે ભરવાપાત્ર

વેરા ને બદલે, ઠરાવવામાં આવે તેવા દરે તેણે ખરેખર ચૂકવવાપાત્ર લેવીને બદલે નીચે મુજબ થતો વેરો ભરવાનો વિકલ્પ પસંદ કરી શકે છે :

(અ) ઉત્પાદક હોય તેવા કિસ્સામાં રાજ્ય કે યુનિયન ટેરિટરીઝ વિસ્તારમાં પૂરવઠા (turnover) ના 1% થી વધુ ન હોય તેટલો વેરો.

(બ) અનુસૂચિ-2 (Schedule-II) ના પરિચ્છેદ 6 ના ખંડ (બ)માં ઉલ્લેખાયેલ પુરવઠો મોકલવામાં રોકાયેલી વ્યક્તિના કિસ્સામાં રાજ્ય કે યુનિયન ટેરિટરીઝમાં ટર્નઓવરના 2.5% થી વધુ ન હોય તેટલો વેરો.

(ક) બીજા પૂરવઠાકાર (વેપારીઓ)ના કિસ્સામાં રાજ્યમાં કે યુનિયન ટેરિટરીઝમાં ટર્નઓવરના 0.5%થી વધુ ન હોય તેટલો વેરો.

પરંતુ સરકાર જાહેરનામામાંથી ઉપરોક્ત રૂ.1 કરોડની મહત્તમ મર્યાદાને કાઉન્સિલ દ્વારા નક્કી કરેલ છે.

**9. માલ અને સેવા કરનાં કાયદા હેઠળ કરપાત્ર વ્યકિત એટલે શું?**

**જવાબ :** 'માલ એ સેવા કર' ના કાયદા હેઠળ 'વેરાપાત્ર શખસ' એટલે કે એવો શખસ કે જે ભારતમાં કોઈ પણ સ્થળે ધંધો ચલાવતો હોય અને જેણે આ કાયદા હેઠળ રજિસ્ટ્રેશન કરાવ્યું હોય કે જેણે આવું રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી હોય. કોઈ પણ શખસ કે જે કોઈ પણ પ્રકારની આર્થિક પ્રવૃત્તિ કરે છે (કે જેમાં વેપારવાણિજ્યનો સમાવે પણ થાય છે) તે કરપાત્ર શખસ ગણાય છે.

**10. એકત્રિત ટર્નઓવર એટલે શું?**

**જવાબ :** એકત્રિત ટર્નઓવર (વેચાણ) એટલે (પરંતુ કોઈ વ્યક્તિ દ્વારા જેના પર Reverse Charge ને આધારે વેરો ભરવાપાત્ર થતો હોય તેવા ઈનવર્ડ પૂરવઠાનું મૂલ્ય ધ્યાનમાં લીધા સિવાય) તમામ વેરાપાત્ર પૂરવઠાનું મુક્તિ મળેલ પૂરવઠા (exempted supplies) નું, માલ અથવા સેવા અથવા તે બંનેની નિકાસનું અને સરખા કાયમી ખાતા નંબર ધરાવતી વ્યક્તિઓના રાજ્યની અંદરના પૂરવઠાનું, અખિલ ભારત ધોરણે ગણતરી કરવાનું એકંદર મૂલ્ય, પરંતુ તેમાં કેન્દ્રિય વેરા (IGST) રાજ્ય વેરા (SGST), યુનિયન રાજ્યક્ષેત્ર વેરા (USGST), સંકલિત વેરા (IGST) અને ઉપકારનો સમાવેશ થતો નથી.

## એકમ 8

# માલ અને સેવાકર – 2

## : રૂપરેખા :


8.1 માલ

8.2 સેવાઓ

8.3 શખસ

8.4 એકંદર વેચાણ અથવા કુલ વેચાણ (Aggregate Turnover)

8.5 કરપાત્ર શખસ

8.6 ધંધો

8.7 ધંધાનું સ્થળ

8.8 પરવઠો, કરપાત્ર બનાવ, પૂરવઠાનું સ્થળ, પૂરવઠાનો સમય

8.9 કરપાત્ર પ્રદેશ અને બિનકરપાત્ર પ્રદેશ

8.10 વિપરિત ચાર્જ

8.11 પતાવટ કે સમાધાન વેરો (ઉચ્ચક વેરો)

8.12 કરમુક્તિઓ

8.13 માલ અને સેવા કરના દર

8.14 ઈનપુટ વેરા અને ઈનપુટ વેરાશાખનો ખ્યાલ

8.15 વેરાભરતિયું

8.16 જમા અને ઉધાર નોંધ

8.17 માલ અને સેવા કર અંતર્ગત વિવિધ રિટર્ન

8.18 ઈ-વે બિલ

8.19 માલ અને સેવા કરનું ઓડિટ માળખું

8.20 આકારણી (ગુનો, દંડ, લેઈટ ફી)

8.21 સ્વયં આકારણી

8.22 ઈ-કૉમર્સ વ્યવહારોની કરપાત્રતા

8.23 શૂન્યદરનો પુરવઠો

◆ સ્વાધ્યાય


### 8.1 માલ કલમ 2 (52), GST એક્ટ

'માલ' એટલે મની અને સિક્ટોરિટીઝ સિવાયની દરેક પ્રકારની જંગમ (Movable) મિલકત અને તેમાં કાર્યવાહીપાત્ર દાવાઓ, વધતા પાકો, ઘાસ અને જમીનના ભાગ સાથે જોડાયેલા અથવા બનેલા વસ્તુઓનો સમાવેશ થાય છે જે પૂરવઠો પૂરો પાડતા પહેલાં કરવા માટે સંમતિ થયેલ થે.

માલમાં શામેલ છે :

– દરેક પ્રકારની જંગમ મિલકત

– કાર્યવાહીપાત્ર દાવાઓ (Actionable Claims)

વધતાં જતા પાક, ઘાસ અને જમીનના ભાગ સાથે જોડાયેલા અથવા બનેલાં વસ્તુઓ જે પૂરવઠો પૂરો પાડતાં પહેલાં અથવા પૂરવઠાના કરાર હેઠળ જુદા પાડવા માટે સંમતિ થયેલ છે.

માલમાં શામેલ નથી :

મની અને સિક્યુરિટીઝ

જમીન પર પાક, ઘાસ, લાકડું વગેરે ઊગે છે અને તેથી તેઓ પૃથ્વી સાથે જોડાયેલા છે અને તે સ્થાવર મિલકત તરીકે માનવામાં આવે છે. ક્યારેક માલિક દ્વારા ખરીદદારને પાક, ઘાસ, લાકડાં વગેરે વેચવા માટે કરાર દાખલ કરવામાં આવે છે. જ્યાં સુધી આ વસ્તુઓ પૃથ્વીથી અલગ ના થાય ત્યાં સુધી તે જંગમ મિલકત હોઈ શકતી નથી અને તેથી તેને માલ તરીકે વર્ગીકૃત કરી શકાતી નથી.

જી.એસ.ટી. અધિનિયમની કલમ 2 (1) જણાવે છે કે કાર્યવાહીપાત્ર દાવાઓનો સંપત્તિના સ્થાનાંતરણ અધિનિયમ 1882ની કલમ 3 માં જણાવ્યા મુજબ રહેશે.

## 8.2 સેવાઓ કલમ-2 (102), CGST એક્ટ

સેવાઓનો અર્થ માલ, નાણાં અને સિક્ટોરિટીઝ સિવાયની કોઇપણ પ્રવૃત્તિ છે, પરંતુ તેમાં પૈસાના ઉપયોગ અથવા તેની રોકડ અથવા તેના રૂપાંતરણને રોકડ દ્વારા અથવા અન્ય કોઇ મોડ દ્વારા, એક સ્વરૂપમાંથી બીજા સ્વરૂપમાં રૂપાંતરણ કરવામાં આવે, જેની માટે અલગ ચાર્જ કરવામાં આવે છે, તો તેનો સમાવેશ થાય છે.

**સમજૂતી 1 :** સેવાઓમાં નાણાંમાં ટ્રાન્ઝેક્શન શામેલ છે પરંતુ તેમાં પૈસા અને સિક્યોરિટીઝ શામેલ નથી. એનો અર્થ એ કે જો કોઇ અલગ ચાર્જ વગર સોદા કર્યા હોય તો ધ્યાનમાં લેવું નહીં.

**ઉદાહરણ :** એક વ્યક્તિ રૂ. 2,000 નોટના વિનિમય માટે બૅંકમાં જાય છે. બૅંક એ તેના બદલામાં રૂ. 100 ની નોટ આપી. આને પૈસામાં ટ્રાન્ઝેક્શન તરીકે માનવામાં આવતું નથી કારણ કે પૈસામાં ટ્રાન્ઝેક્શન માટે અથવા તેના રૂપાંતરણ માટે કંઇ પણ શુલ્ક નથી અને તેથી સેવા નથી.

**સમજૂતી 2 :** પૈસાના ઉપયોગ અથવા તેની રોકડ અથવા તેના રૂપાંતરણને રોકડ દ્વારા અથવા અન્ય કોઇ મોડ દ્વારા, એક સ્વરૂપમાંથી બીજા સ્વરૂપમાં રૂપાંતરણ કરવામાં આવે, જેની માટે અલગ ચાર્જ કરવામાં આવે છે, તો તેનો સમાવેશ થાય છે.

**ઉદાહરણ :** રોકડની ડિપોઝિટ પર બેન્ક દ્વારા ડિમાન્ડ ડ્રાફ્ટ (DD) જારી કરવામાં આવી છે. આ પૈસામાં વ્યવહાર છે. આ જીએસટીને આધીન નથી. પરંતુ જો આવા રૂપાંતરણ માટે કોઈ કમિશન વસૂલવામાં આવે તો તેને 'રૂપાંતરણ ચાર્જ' ગણવામાં આવશે અને ઉપરોક્ત સ્પષ્ટતા 2 મુજબ જી.એસ.ટી.ને જવાબદાર રહેશે.

## 8.3 શખસ (Person) કલમ-2 (84), CGST એક્ટ

શખસમાં નીચે પ્રમાણેનો સમાવેશ થાય છે :

(1) વ્યક્તિ ;

(2) હિન્દુ અવિભાજ્ય કુટુંબ (HUF);

(3) કંપની ;

(4) પેઢી ;

(5) મર્યાદિત જવાબદારી ભાગીદારી

(6) વ્યક્તિઓ અથવા વ્યક્તિઓના જૂથનું જોડાણ

(7) સેન્ટ્રલ એક્ટ, સ્ટેટ એક્ટ અથવા પ્રોવિન્સિયલ એક્ટ હેઠળ સ્થાપિત કોઇપણ કોર્પોરેશ અથવા કંપની એક્ટ, 2013ની કલમ 2 (45)માં વ્યાખ્યાયિત કોઇપણ સરકારી કંપની ;

(8) ભારત બહારના દેશના કાયદા દ્વારા અથવા તેના હેઠળ સ્થપાયેલ કોઇપણ સંસ્થા કોર્પોરેટ ;

(9) સહકારી સોસાયટીથી સંબંધિત કોઇપણ કાયદા હેઠળ નોંધાયેલ સહકારી સોસાયટી ;

(10) સ્થાનિક સત્તા ;

(11) કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર ;

(12) સોસાયટી નોંધણી અધિનિયમ, 1860 હેઠળ વ્યાખ્યાયિત સોસાયટી ;

(13) ટ્રસ્ટ ;

(14) દરેક કૃત્રિમ ન્યાયિક વ્યક્તિ જેનો ઉપરના કોઇપણમાં સમાવેશ થતો નથી ;

## 8.4 એકંદર વેચાણ અથવા કુલ વેચાણ (Aggregate Turnover) કલમ-2 (6), CGST એક્ટ

એકંદર વેચાણ એટલે એક જ PAN ધરાવતી વ્યક્તિનો કરપાત્ર અને કરમુક્ત માલ પુરવઠો અને માલ અને સેવાઓની નિકાસ મૂલ્યનો સરવાળો, જે ભારતના તમામ ધોરણે ગણવામાં આવે છે. તેમાં જી.એસ.ટી. એક્ટ હેઠળ જો કોઇ ટેક્સ ગણવામાં આવે તો તેને બાકાત રાખે છે.

## 8.5 કરપાત્ર શખસ (Taxable person) કલમ-2 (107), CGST એક્ટ

કરપાત્ર શખસ એટલે જે જી.એસ.ટી. એક્ટ હેઠળ નોંધાયેલ કે કલમ 22 અથવા કલમ 24 હેઠળ નોંધણી કરવા માટે જવાબદાર હોય.

## 8.6 ધંધો - કલમ-2 (17), CGST એક્ટ

ધંધામાં નીચે પ્રમાણેનો સમાવેશ થાય છે :

1. કોઇપણ વેપાર, વાણિજ્ય, ઉત્પાદન, વ્યવસાય અથવા કોઇપણ અન્ય સમાન પ્રવૃત્તિ, તે નાણાંકીય લાભ માટે હોય કે નહીં તે;
2. ઉપરોક્ત (a) અથવા તેના અનુસંધાનમાં કોઇપણ પ્રવૃત્તિ અથવા વ્યવહાર;
3. ઉપરોક્ત (a)ની સ્વભાવમાં કોઇપણ પ્રવૃત્તિ અથવા ટ્રાન્ઝેક્શન, તે ટ્રાન્ઝેક્શનમાં જથ્થો, આવર્તન, સાતત્યતા અથવા નિયમિતતા હોય કે નહીં;
4. ધંધાની શરૂઆત અથવા બંધ થવાના સંબંધમાં મૂડી માલ સહિતના માલ સેવાઓ સપ્લાય અથવા સંપાદન;
5. ક્લબ, ઍસોસિએશન, સોસાયટી, અથવા આવા કોઇપણ સંસ્થા (સબસ્ક્રિપ્શન અથવા અન્ય કોઇપણ અવેજ માટે) દ્વારા તેના સભ્યોને અપાતી સુવિધાઓ અથવા લાભો;
6. કોઇપણ વ્યક્તિનો કોઇપણ સ્થળે પ્રવેશ, કોઇપણ અવેજ માટે;
7. કોઇ વ્યક્તિ દ્વારા ઑફિસના ધારક તરીકે પૂરી પાડવામાં આવતી સેવાઓ, જે તેના વેપાર, વ્યવસાય અથવા વ્યવસાયના કોર્સ અથવા આગળના ભાગમાં સ્વીકારવામાં આવી છે.
8. રેઇસ ક્લબની પ્રવૃત્તિઓ જેમાં તેના દ્વારા ટોટલાઇઝેટર તરીકે કે તે ક્લબના બુકમેકરને લાઇસન્સની સેવા.
9. કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર કે સ્થાનિક સત્તા દ્વારા કરવામાં આવતા કોઇપણ પ્રવૃત્તિ કે વ્યવહાર કે જેમાં તે જાહેર સત્તાઓ તરીકે પ્રવૃત્ત હોય.

## 8.7 ધંધાનું સ્થળ - કલમ-2 (85), CGST એક્ટ

ધંધાના સ્થળમાં નીચેનાંનો સમાવેશ થાય છે.

1. જ્યાંથી સામાન્ય રીતે વ્યવસાય હાથ ધરવામાં આવે છે તે સ્થળ, અને વેરહાઇસ, ગોડાઉન અથવા અન્ય કોઇ સ્થળ સામેલ હોય છે જ્યાં કરપાત્ર વ્યક્તિ તેનો માલસંગ્રહ કરે છે, પૂરવઠો આપે છે અથવા માલ કે સેવાઓ મેળવે છે અથવા બન્ને;
2. એવી જગ્યા જ્યાં કરપાત્ર વ્યક્તિ તેના હિસાબી ચોપડા રાખે છે;
3. એવું સ્થળ જ્યાં કરપાત્ર વ્યક્તિ એજન્ટ દ્વારા વ્યવસાયમાં રોકાયેલો હોય.

## 8.8 પુરવઠો (સપ્લાય), કરપાત્ર બનાવ, પુરવઠાનું સ્થળ, પુરવઠાનો સમય

**મહત્ત્વ :**

- વેટના કાયદામાં ખરીદ અને વેચાણના વ્યવહાર પર વેરો લાગે અને એક્સાઈઝ ડ્યુટી ઉત્પાદન પર લાગે છે. જ્યારે જી.એસ.ટી. માલ/સેવાઓના 'સપ્લાય' પર વેરો લાગે.
- જી.એસ.ટી.માં સપ્લાય એ મહત્ત્વનો ભાગ ભજવશે.
- રૂ. 50,000/- થી ઉપરની સપ્લાય ઉપર ઈ-વે (E-Way) બીલની આવશ્યકતા રહેશે.

**સપ્લાયની વ્યાખ્યા (CGST એક્ટ, 2017 ની કલમ 7) :**

- માલ કે સેવાની તબદીલી કરતા વ્યવહારો ઉપરાંત તેમાં જણાવેલ અન્ય ઘણી પ્રવૃત્તિઓનો પણ સપ્લાયમાં સમાવેશ થશે.
- સામાન્ય રીતે અવેજ લઈને જે માલનો કે સેવાનો પૂરવઠો આપવામાં આવે તેનો સમાવેશ સપ્લાયમાં થતો હોય છે. પરંતુ આ વ્યાખ્યા મુજબ પરિશિષ્ટ-1 માં આપેલ પ્રવૃત્તિઓ માટે અવેજ ન હોય તો પણ તેને સપ્લાય ગણવાની છે. સેવાની આયાત અવેજ આપીને કરેલ હોય તો તે ધંધા માટે હોય કે ન હોય તો પણ તેને સપ્લાય ગણવામાં આવશે. પરિશિષ્ટ-2 મુજબ જણાવેલ પ્રવૃત્તિઓ માલ કે સેવાની સપ્લાય ગણવામાં આવશે. આમ છતાં સપ્લાયમાં પરિશિષ્ટ-3 માં જણાવેલ પ્રવૃત્તિઓનો સમાવેશ થતો નથી. આ ઉપરાંત કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને સ્થાનિક સત્તામંડળો દ્વારા કરવામાં આવતી અમુક નિર્ધારિત પ્રવૃત્તિઓ કે વ્યવહારને પણ માલ કે સેવાની સપ્લાય ગણવામાં આવશે નહીં.
- વેચાણ, ટ્રાન્સફર, બાર્ટર, લાયસન્સ, લીઝ ભાડે આપવું કે કોઈપણ રીતે માલ કે સેવાનો ધંધા અવેજના બદલામાં ધંધા કે ધંધાના વિકાસ માટે નિકાલ કરવો તેનો પણ સપ્લાયમાં સમાવેશ થાય છે.
- સપ્લાય માટે માલિકીની તબદીલ કે બે ધંધાકારનું હોવું જરૂરી નથી.
- દા.ત. એક જ કંપનીની એક રાજ્યની એક બ્રાંચમાંથી બીજી રાજ્યની બીજી બ્રાંચમાં માલ કે સેવાની તબદીલીને સપ્લાય ગણાશે તેથી તેના ઉપર GST લાગુ પડશે.

નીચે મુજબના વ્યવહારોનો સપ્લાયની પરિભાષામાં સમાવેશ થશે :-

- મફતમાં માલ અથવા સેવા આપવી.
- ભાડાની આવક
- માલની આયાત (ઈમ્પોર્ટ ઓફ ગુડઝ)
- વિદેશથી સેવા લીધી હોય (ઈમ્પોર્ટ ઓફ સર્વિસ)
- બ્રાંચ અથવા એજન્ટ તે માલ મોકલવો.
- જોબવર્કર તે જોબવર્ક માટે માલ મોકલવો હોય તો તેના પર.
- ધંધાની કોઈપણ મિલકતનો અંગત વપરાશ કર્યો હોય તો તેના પર.
- બાર્ટર સિસ્ટમ હેઠળ માલની અદલા-બદલી કરવી.

**સપ્લાયનો સમય :**

**1. માલ સપ્લાયનો સમય (કલમ 12, CGST એક્ટ, 2017) :**

(a) માલ સપ્લાયનો સમય નીચેની તારીખોમાંથી જે વહેલી હશે તે ગણાશે.

◆ ઈન્વોઈસ તારીખ અથવા કલમ 31(1) પ્રમાણે ઈન્વોઈસ ઈસ્યુ કરવાની છેલ્લી તારીખ

◆ ચૂકવણીની તારીખ

(b) રિવર્સ ચાર્જના કિસ્સામાં, સપ્લાયનો સમય નીચેની તારીખોમાંથી જે વહેલી હશે તે ગણાશે.

♦ માલ મળવાની તારીખ

♦ ચૂકવણીની તારીખ

♦ સપ્લાયર દ્વારા ઇન્વોઇસ ઇશ્યુ કર્યાના 30 દિવસ પછીની તારીખ

જો માલ સપ્લાયનો સમય નક્કી કરવાનો શક્ય ન હોય તો, સપ્લાય મેળવનારનો ચોપડે એન્ટ્રીની તારીખ ગણવી.

| | |
|---|---|
| દા.ત. માલ મળ્યાંની તારીખ | 15/5/2018 |
| ઇન્વોઇસ તારીખ | 01/6/2018 |
| ચોપડામાં એન્ટ્રી તારીખ | 18/5/2018 |

આ કિસ્સામાં સપ્લાયનો સમય 15/5/2018 ગણાશે.

**2. સેવા સપ્લાયનો સમય (કલમ-13, CGST એક્ટ, 2017)**

(a) સેવા સપ્લાયનો સમય નીચેની તારીખોમાંથી જે વહેલી હશે તે ગણાશે.

◆ ઇન્વોઇસ તારીખ અથવા કલમ 31(1) પ્રમાણે ઇન્વોઇસ ઇસ્યુ કરવાની છેલ્લી તારીખ

◆ સેવાનું પેમેન્ટ જે તારીખે કરવામાં આવે.

◆ સેવા મળ્યાનું જે તારીખે ચોપડે નોંધવામાં આવે.

(b) રિવર્સ ચાર્જના કિસ્સામાં, સપ્લાયનો સમય નીચેની તારીખોમાંથી જે વહેલી હશે તે ગણાશે.

♦ ચૂકવણીની તારીખ

♦ સપ્લાયર દ્વારા ઇન્વોઇસ ઇશ્યુ કર્યાના 60 દિવસ પછીની તારીખ

| | |
|---|---|
| દા.ત. ચૂકવણીની તારીખ | 15/7/2018 |
| ઇન્વોઇસ તારીખ | 15/5/2018 |
| ચોપડામાં એન્ટ્રી તારીખ | 18/7/2018 |

આ કિસ્સામાં સપ્લાયનો સમય 15/5/2018 ગણાશે.

**સપ્લાય કર્યાનો સમય ક્યારે ગણવામાં આવશે :**

નીચેના પૈકી સૌથી પહેલા જે થાય તેને સપ્લાય કર્યાનો સમય ગણવામાં આવશે.

- માલ/સેવાઓ મળ્યાની તારીખ
- સપ્લાયનું બીલ જે તારીખ મળેલ હોય.
- સપ્લાયનું પેમેન્ટ જે તારીખે કરવામાં આવેલ હોય.
- માલ લેનારના ચોપડામાં જે તારીખે એન્ટ્રી થયેલ હોય.

જ્યારે માલ જાંગડ (Approval) પર મોકલેલ હોય.

- માલ અપ્રૂવ થયાની તારીખ
- જે માલ 6 મહિનાની અંદર પાછો આવે તો ટેક્ષ નહીં લાગે.
- 6 માસ બાદ જી.એસ.ટી લાગશે.

જ્યારે માલ ખસેડી શકાય તેમ ન હોય.

- ત્યારે જ્યારે માલ પ્રાપ્ત કરનારને માલ હવાલે કરવામાં આવે તે દિવસે.

રિવર્સ ચાર્જ(સર્વિસ અથવા માલ લેનાર ને ભરવો પડતો ટેક્ષ)

**સપ્લાયની કિંમત શું ગણાશે ? (કલમ-15, CGST એક્ટ, 2017)**

- માલ/સેવાઓ ના બીલના જણાવેલ રકમ
- સપ્લાય કરનારને જેરકમ ચૂકવવી જોઈતી હતી, પરંતુ માલ કે સેવા મેળવનારે તે ચૂકવી હોય અને તેનો સમાવેશ સપ્લાયની કિંમતમાં ન થયો હોય તેવી રકમ ઉપર ટેક્ષ ભરવાનો રહેશે.
- કોઈને વિના મૂલ્યે માલ આપવામાં આવે છે કે ઘટાડેલી કિંમતે પણ આપેલ હોય તો પણ તે માલની મૂળકિંમત ઉપર જ જી.એસ.ટી. ભરવો પડશે.
- રોયલ્ટી અને લાયસન્સ ફી ઉપર પણ વેરો ભરવાનો થશે.
- સપ્લાયને લગતા ખર્ચાઓ જેવા કે પેકિંગ, ટ્રાન્સપોર્ટ, રોયલ્ટી કમિશન જેવા ખર્ચાનો માલની કિંમતમાં સમાવેશ કર્યો હશે તો તેના પર ટેક્ષ લાગશે.
- સપ્લાય સાથે સંકળાયેલ કોઈપણ પ્રકારની સબસીડીની રકમ પર જી.એસ.ટી. લાગશે પરંતુ કેન્દ્ર કે રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલ સબસિડીનો સમાવેશ મૂલ્યમાં થશે નહી.
- સપ્લાય પછી ડિસ્કાઉન્ટ આપેલ હોય (કેશ ડીસ્કાઉન્ટ) એટલે કે બીલ માં તેનો સમાવેશ કરવામાં ન આવેલ હોય તો તેવા ડિસ્કાઉન્ટ બાદ નહીં મળે.
- સપ્લાયરે કરેલા કોઈપણ ખર્ચાઓનું રિઈનબર્સમેન્ટ જ્યારે કરવામાં આવે તો તે રિઈનબર્સમેન્ટની રકમ ઉપર જી.એસ.ટી લાગશે.

## 8.9 કરપાત્ર પ્રદેશ અને બિનકરપાત્ર પ્રદેશ [કલમ ૨ (૧૦૯), કલમ ૨ (૭૯)], CGST એક્ટ

વેરાપાત્ર કે કરપાત્ર પ્રદેશ એટલે આ અધિનિયમની જોગવાઈઓ લાગુ પડતી હોય તેવો પ્રદેશ અને બિનકરપાત્ર પ્રદેશ એટલે વેરાપાત્ર પ્રદેશની બહાર આવેલો પ્રદેશ.

## 8.10 વિપરિત ચાર્જ (રિવર્સ ચાર્જ - RCM)

– રિવર્સ ચાર્જ એટલે ટેક્સ ચૂકવવાની જવાબદારી માલ અથવા સેવાના સપ્લાયરને બદલે માલ અથવા સેવા પ્રાપ્ત કરનારની હોય છે.

– કાયદાની જોવગાઈ પ્રમાણે નીચેની ત્રણ પરિસ્થિતિમાં RCM આવે છે.

1. જો રજીસ્ટર્ડ વ્યક્તિ અનરજીસ્ટર્ડ વ્યક્તિ પાસેથી માલ અથવા સેવાઓ ખરીદતા હોય, તો તેવી પરિસ્થિતિમાં રજીસ્ટર્ડ વ્યક્તિ (માલ અથવા સેવા પ્રાપ્ત કરનાર વ્યક્તિ) જી.એસ.ટી. ચૂકવવા જવાબદાર રહેશે.
2. કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર દ્વારા સૂચિત કરવામાં આવેલ તમામ પ્રકારના માલ અથવા સેવાના સપ્લાય ઉપર RCM લાગું પડશે.

   કલમ 9(3) - CGST / SGST Act, 2017

   કલમ 5(3) - IGST Act, 2017
3. જો કોઈ ઇ-કૉમર્સ ઓપરેટર મારફત સેવાઓ પૂરી પાડવામાં આવે તો આવા ઇ-કૉમર્સ ઓપરેટર રિવર્સ ચાર્જ પ્રમાણે GST ચૂકવવા જવાબદાર થશે.

   ઉદાહરણ તરીકે, Urbanclap એક ઈ-કૉમર્સ ઓપરેટર છે, જે પ્લમ્બર, ઇલેક્ટ્રિશિયન, શિક્ષકો વગેરેની સેવાઓ પૂરી પાડે છે. આ કિસ્સામાં જી.એસ.ટી. ચૂકવવા માટે Urbanclap જવાબદાર છે.

## 8.11 પતાવટ કે સમાધાન વેરો (ઉચ્ચક વેરો) (કલમ ૧૦, CGST એક્ટ)

1. જે વ્યક્તિનું વાર્ષિક વેચાણ રૂ. 1 કરોડ સુધીનું હોય તેઓને 1% થી ઓછા નહિ તેવા દરે ઉચ્ચક વેરો ભરવાનો વિકલ્પ આપવામાં આવે છે. (આ વેચાણની મર્યાદા રૂ. 1.50 કરોડ કરવાની ભલામણ છે.)

2. આંતરરાજ્ય માલ કે સેવાઓ પૂરી પાડતી વ્યક્તિને અમુક અપવાદો સિવાય ઉચ્ચકવેરાનો વિકલ્પ આપવામાં આવતો નથી.
3. જે વ્યક્તિએ ઉચ્ચકવેરાનો વિકાસ સ્વીકારેલ હોય તે વેરો ઉઘરાવી શકશે નહિ.
4. જે વ્યક્તિ આ વિકલ્પ સ્વીકારશે તેને ઇનપુટ ટેક્સ ક્રેડિટ મળશે નહિ.
5. જો કોઇ વ્યક્તિને ખોટી રીતે આ વિકલ્પ આપવામાં આવ્યો હોય તો કાયદા મુજબની ભરવાપાત્ર વેરાની રકમ ઉપરાંત વેરાની રકમ જેટલો દંડ ભરવા જવાબદાર રહેશે. દંડ કરતા પહેલાં તે વ્યક્તિને સાંભળવાની વ્યાજબી તક આપવામાં આવે છે.

## 8.12 કરમુક્તિઓ

જી.એસ.ટી.માંથી કરમુક્તિ આપેલ ઘણાં પ્રકારનાં માલ કે પ્રોડક્ટ્સ છે. જેમ કે, પ્રાણીઓનો ખોરાક, જળચર પ્રાણીઓનો ખોરાક, દૂધ, પાન, નાળિયેર, બ્રેડ, છાશ, દહીં, લસ્સી, ઇંડા, ગોળ, નાના છોકરાઓની કલરફૂલ ચોપડીઓ, ગર્ભનિરોધક, માટીના ઘડા, શૈક્ષણિક સેવા, જલાઉ લાકડાં, માછલી, ફળ, શાકભાજી, ખાદીની વસ્તુઓ, સાંભળવાના ઉપકરણો, લોહી, માણસના વાળ, ભારતીય ધ્વજ, સ્વદેશી હેન્ડક્રાફ્ટ સંગીતના સાધનો, ન્યાયિક અને બિનવ્યવસાયિક સ્ટેમ્પ પેપર, કોર્ટ ફી સ્ટેમ્પ, કુમકુમ, બિંદુ, સિંદુર, જીવંત પ્રાણીઓ, વૃક્ષ અને છોડ, તબીબી સારવાર, મ્યુનિસિપલ વેસ્ટ, ક્લિનિકલ વેસ્ટ, કાર્બનિક ખાતર, પ્લાસ્ટિક બંગડીઓ, મરઘાંઓનો ખોરાક, પ્રસાદ, બ્રેઇલ ચોપડીઓ, પૂજા સામગ્રી, મીઠું, સ્લેટ, પેન્સિલ, ચોક, નાળિયેર પાણી અન્ય બ્રાન્ડેડ લોટ, મેંદો અનબ્રાન્ડેડ બેસન, અનબ્રાન્ડેડ કુદરતી મધ, છૂટક અનાજ, છૂટક, પનીર પાણી (સિવાય કે વાયુયુક્ત, મિનરલ, શુદ્ધ) લાકડાનું ચારકોલ, વગેરે.

કેટલીક સેવાઓને પણ જી.એસ.ટી.માંથી કરમુક્તિ આપવામાં આવી છે, જેમ કે રહેઠાણના ઉપયોગ માટે ભાડેથી આપેલ રહેણાંક મકાનો, માર્ગદ્વારો, માલ પરિવહનની સેવાઓ, સિવાય કે માલપરિવહન એજન્સીની સેવાઓ અને કુરિયર એજન્સીની સેવાઓ.

## 8.13 માલ અને સેવાકરના દર

જી.એસ.ટી. પરિષદ દ્વારા તારીખ ૧ જુલાઈ ૨૦૧૭ થી અમલમાં આવેલ કર અંગે વિવિધ દર નક્કી કરેલ છે. કેટલીક વસ્તુઓ અને સેવાઓના દરનો ખ્યાલ નીચે મુજબ છે, પરંતુ તે વખતોવખત ફેરફારને પાત્ર છે.

- **'શૂન્ય' ટેક્સનો દર :**

  **માલ :** દૂધ, ફળ, શાકભાજી, બ્રેડ, મીઠું, દહીં, સિંદુર, કુદરતી મધ, બંગડીઓ, હેન્ડલૂમ, બેસન, ઇંડા, છાપેલાં પુસ્તકો, જ્યુડિશિયલ પેપર્સ અને સમાચારપત્રો

  **સેવાઓ :** એવી તમામ હોટલો અને ગેસ્ટહાઉસ કે જ્યાં ભાડું રૂ. ૧,૦૦૦ થી ઓછું હોય તેમને માલ અને સેવાકર ભરવાનો રહેતો નથી.

- **5% ટેક્સનો દર :**

  **માલ :** મલાઈ કાઢી લીધેલ દૂધનો પાઉડર, ફ્રોઝન શાકભાજી, કૉફી, કોલસો, ખાતર, ચા, મસાલા, કેરોસીન, આયુર્વેદિક દવાઓ, કાજુ, લાઈફ બોટ વગેરે.

  **સેવાઓ :** રેલવે અને એરલાઇન્સ સાથેના નાનાં રેસ્ટોરન્ટ, નોન એસી રેસ્ટોરન્ટ અને જે દારૂ, ટેક-અવે ભોજન પૂરું પાડતી હોય તેવી તમામ રેસ્ટોરન્ટ કે જે કોઇ હોટલમાં હોય કે જે હોટલમાં રૂમનું ભાડું રૂ. 7,500 થી ઓછું હોય.

- **12% ટેક્સનો દર :**

  **માલ :** ફ્રોઝન મીટ પ્રોડક્ટ્સ, બટર, ચીઝ, ઘી, અથાણાં, ફળોનો રસ, નમકીન, છત્રીઓ, દવાઓ, માનવનિર્મિત કાપડ વગેરે.

  **સેવાઓ :** વિમાનની બિઝનેસ ક્લાસની ટિકિટ

- **18% ટેક્સનો દર :**

  **માલ :** મોટાભાગની વસ્તુઓ અને સેવાઓનો આ સ્લેબમાં સમાવેશ થાય છે. કેટલાંક માલ અને સેવાઓની યાદી નીચે મુજબ છે :

  સુગંધિત શુદ્ધ ખાંડ, પાસ્તા, કેક, ડિટર્જન્ટ, વોશિંગ પાઉડર, આઇસક્રિમ, ખનીજ જળ, સ્ટીલ પ્રોડક્ટ્સ, કેમેરા, સ્પીકર્સ, સી.સી.ટી.વી., ઓપ્ટિકલ ફાઇબર, સફેદ ચોકલેટ, કસ્ટર્ડ પાઉડર, ઇલેક્ટ્રિકલ બોર્ડ, પેનલ્સ, વાયર, દરવાજાં, એલ્યુમિનિયમ ફ્રેમ વગેરે.

  **સેવાઓ :** રૂ. 7,500 કે તેથી વધુ રૂમ ભાડાવાળી હોટલમાં રેસ્ટોરન્ટ, ટેલિકોમ સેવાઓ, આઈ.ટી. સેવાઓ, બ્રાન્ડેડ વસ્ત્રો વગેરે.

- **28% ટેક્સનો દર :**

  **માલ :** વ્યક્તિગત વપરાશ માટે બીડી, ગોળ, પાન-મસાલા, પેઇન્ટ, સનસ્ક્રીન, વૉલપેપર, સિરામિક ટાઇલ્સ, વૉટર હિટર, વૉશિંગ મશીન, વેક્યુમ ક્લિનર, મૉટરસાઇકલ્સ, એરક્રાફ્ટ, વજનનું મશીન વગેરે.

  **સેવાઓ :** રાજ્ય દ્વારા અધિકૃત ખાનગી રન લોટરી રેસ, ક્લબ સટ્ટાબાજી, સિનેમા વગેરે.

## 8.14 ઈનપુટ વેરા અને ઈનપુટ વેરાશાખનો ખ્યાલ

વેરાશાખા રજીસ્ટર્ડ પર્સન યાને કે નોંધણી નંબર ધરાવતી વ્યક્તિને મળવાપાત્ર થાય છે. રજીસ્ટર્ડ પર્સનની કલમ-2(94)માં આપેલ વ્યાખ્યા પ્રમાણે તેમાં યુનિક આઈડેન્ટીટી નંબર ધરાવતા (1) યુનાઈટેડ નેશન્સ ઓર્ગેનાઈઝેશનની કોઈ સંસ્થા (2) કોઈ મલ્ટિલેટરલ નાણાંકીય સંસ્થા (3) યુનાઈટેડ નેશન્સ(પ્રિવીલેઝ એન્ડ ઇમ્યુનિટીઝ) એક્ટ, 1947 અન્વયે નોંધાયેલ સંસ્થા અને (4) ફોરેન કન્ટ્રિઝની કોન્સ્યુલેટ અથવા એમ્બેસીનો સમાવેશ થતો નથી.

**વેરાશાખનો દાવો નીચે પ્રમાણે મજરે મળવાપાત્ર થશે : કલમ-49(3) :-**

(1) ઈન્ટિગ્રેટેડ ટેક્ષની વેરાશાખ પ્રથમ ભરવાના થતા ઈન્ટિગ્રેટેડ ટેક્ષ સામે ત્યારબાદ જમા રહેતી રકમ સેન્ટ્રલ ટેક્ષ સામે અને બાકી રહેતી વેરાશાખની રકમ સ્ટેટ ટેક્ષ/યુનિયન ટેરેટરી ટેક્ષ સામે મજરે મળવાપાત્ર થશે.

(2) સેન્ટ્રલ ટેક્ષની વેરાશાખ પ્રથમ સેન્ટ્રલ ટેક્ષ સામે અને વધતી વેરાશાખ ભરવાના થતા ઈન્ટિગ્રેટેડ ટેક્ષની સામે બાદ આપવામાં આવશે. સેન્ટ્રલ ટેક્ષની વેરાશાખ કોઈપણ સંજોગોમાં સ્ટેટ ટેક્ષ અન્વયે ભરવાના વેરા સામે બાદ મળવાપાત્ર થશે નહીં.

(3) સ્ટેટ ટેક્ષની વેરાશાખ પ્રથમ સ્ટેટ ટેક્ષ સામે અને વધતી વેરાશાખ ભરવાના થતા ઈન્ટિગ્રેટેડ ટેક્ષ સામે બાદ આપવામાં આવશે. સ્ટેટ ટેક્ષની વેરાશાખ કોઈપણ સંજોગોમાં સેન્ટ્રલ ટેક્ષ અન્વયે ભરવાના થતા વેરા સામે બાદ મળવાપાત્ર થશે નહીં.

**કઈ રકમની વેરાશાખ મળવાપાત્ર થશે :-**

- માલ અથવા સેવા અથવા બંનેની સપ્લાયમાં લાગેલ વેરાની રકમની વેરાશાખ મળવાપાત્ર થશે.
- કલમ-2(52)માં માલનો અને કલમ-2(102)માં સેવાનો અર્થ આપેલ છે તેવા માલ અથવા સેવાની સપ્લાયમાં લાગેલ વેરાની રકમની વેરાશાખ મળવાપાત્ર થશે.
- કલમ-2(19)માં સમાવેશ થતા કેપિટલ ગુડ્ઝ એટલે કે મશીનરી કે જેની રકમ હિસાબોમાં કેપિટલાઈઝ કરવામાં આવેલ હશે અને જેનો ઉપયોગ ધંધા અથવા ધંધાના વિકાસમાં કરવામાં આવતો હશે તેને મળવાપાત્ર થશે.
- ધંધા અથવા ધંધાના વિકાસમાં ઉપયોગમાં આવતી મશીનરીમાં સેવા પૂરી પાડવા માટે જે કેપિટલ ગુડ્ઝ વપરાશે તેને વેરાશાખ મળવાપાત્ર થશે.

- કેટલાક સંજોગો અને વ્યવહારોને બાદ કરતા મળવાપાત્ર વેરાશાખનો વ્યાપ ઘણો જ વિશાળ કરવામાં આવ્યો હોઈ કોઈપણ માલ અથવા સેવા અથવા કેપિટલ ગુડ્ઝની વેરાશાખ મળવાપાત્ર થશે.

**કયાં માલ અને કયાં સંજોગોમાં વેરાશાખ મળવાપાત્ર થતી નથી ? :-**

કેટલાક વ્યવહારોમાં માલ અથવા સેવા અથવા બંનેની સપ્લાયમાં તેના સપ્લાયના બદલે રિસીવ કરનારે રિવર્સ ચાર્જ ધોરણે વેરો ભરવાનો થાય છે.

કલમ-2(62)માં આપવામાં આવેલ ઈનપુટ ટેક્ષની વ્યાખ્યા પ્રમાણે માલ અથવા સેવા અથવા બંનેની આયાત તબક્કે આઈ.જી.એસ.ટી. કાયદાની કલમ-7(2) અને 7(4) અન્વયે ભરેલ સી.જી.એસ.ટી કાયદાની કલમ-9(3) અને 9(4) અન્વયે ભરેલ, આઈ.જી.એસ.ટી. કાયદાની કલમ 5(3) અને 5(4) અન્વયે ભરેલ તથા એસ.જી.એસ.ટી. કાયદાની કલમ-9(3) અને 9(4) અન્વયે અને યુ.જી.એસ.ટી. કાયદાની કલમ 7(3) અને 7(4) અન્વયે રિવર્સ ચાર્જ ધોરણો ભરેલ વેરાની રકમની વેરાશાખ પણ મળવાપાત્ર થશે.

**વેરાશાખ ક્યારે મળવાપાત્ર થશે :-**

વેરાશાખનો દાવો ત્યારે જ મળવાપાત્ર થશે કે જ્યારે માલ અથવા સેવા અથવા બંનેની ખરીદીનો ઉપયોગ ધંધા અથવા ધંધાના વિકાસમાં ઉપયોગમાં લેવાનો ઈરાદો ધરાવતા હશે અથવા ઉપયોગમાં લેવામાં આવેલ હશે.

જે ધંધો વ્યાપાર અને રોજગાર કાયમી ધોરણે ચલાવવામાં આવતો હોય તે ઉપરાંત કલમ-2(17)માં આપેલ ધંધાના અર્થને ધ્યાનમાં લેતા જે માલ અથવા સેવા અથવા બંને ધંધા અથવા ધંધાના વિકાસ માટે હોય અથવા જરૂરી હોય તેવા દરેક માલ અથવા સેવા અથવા બંનેની વેરાશાખ મળવાપાત્ર થાય.

મેડિકલ સ્ટોરના ધંધામાં કેટલીક દવાઓ, ઈન્જેક્શન ને અમુક તાપમાનમાં સંગ્રહ કરવા જરૂરી હોય તેના માટે ફ્રીઝની ખરીદી કરવામાં આવેલ હોય તો તેની વેરાશાખ પણ મળવાપાત્ર થાય.

આઈસ્ક્રીમના ધંધામાં રોકાયેલ વ્યક્તિઓ આઈસ્ક્રીમને જાળવવા માટે ફ્રીઝરની ખરીદી કરેલ હોય તો તેવી ખરીદી ધંધા અથવા, ધંધાના વિકાસ માટેની ખરીદી ગણાય તેમજ વેરાશાખ પણ મળવાપાત્ર થાય.

આર્કિટેક એન્જિનીયર અને ઈન્ટિરિયર ડેકોરેટરની સેવા પૂરી પાડનાર વ્યક્તિ દ્વારા ડ્રોઈંગ તથા ડિઝાઈન માટે કમ્પ્યુટર અને સોફ્ટવેરની ખરીદી કરવામાં આવે તો તેવી ખરીદી ધંધા અથવા ધંધાના વિકાસ માટેની ગણાય અને વેરાશાખ મળવાપાત્ર થાય.

આમ, કોઈપણ માલ અથવા સેવા અથવા સપ્લાયની વેરાશાખના દાવા માટે તેનો ઉપયોગ ધંધા અથવા ધંધાના વિકાસ માટે થતો હોવો જોઈશે. તે પ્રાથમિક શરતને ધ્યાનમાં લઈ વેરાશાખ મળવાપાત્ર છે કે કેમ કે નક્કી કરવાનું રહેશે. વેરાશાખ ઈલેક્ટ્રોનિક ક્રેડિટ લેજરમાં આપવામાં આવશે.

જી.એસ.ટી. એન. પોર્ટલ ઉપર દરેક રજીસ્ટર્ડ વ્યક્તિના બે અલગ-અલગ લેજર નિભાવવામાં આવશે. ઈલેક્ટ્રોનિક ક્રેડિટ લેજર અને ઈલેક્ટ્રોનિક કેશ લેજર.

રજીસ્ટર્ડ વ્યક્તિને મળવાપાત્ર વેરાશાખની રકમ તેના ઈલેક્ટ્રોનિક ક્રેડિટ લેજરમાં જમાં આપવામાં આવશે. જ્યારે રજિસ્ટર્ડ વ્યક્તિ દ્વારા RTGS-NEFT અથવા અન્ય કોઈપણ માધ્યમથી ભરેલ વેરા – વ્યાજ – દંડ, ફી અથવા અનય કોઈપણ રકમ તેના કલમ-49(1) પ્રમાણે નિભાવવામાં આવતા ઈલેક્ટ્રોનિક કેશ લેજરમાં આવવામાં આવશે.

આમ રજિસ્ટર્ડ વ્યક્તિને મળવાપાત્ર વેરાશાખની રકમ તેના ઈલેક્ટ્રોનિક ક્રેડિટ લેજરમાં જમાં આપવામાં આવશે.

**વેરાશાખ ક્યારે મળવાપાત્ર થશે નહીં : કલમ-16(2) :-**

(1) જ્યારે રજિસ્ટર્ડ વ્યક્તિ જે માલ અથવા સેવા અથવા બંનેની સપ્લાયની વેરાશાખનો દાવો કર્યો હશે તેવા માલ અથવા સેવા અથવા સપ્લાયનું બીલ-ડેબિટનોટ અથવા ટેક્ષ ભર્યાના દસ્તાવેજી પુરાવા ધરાવતા હશે નહીં ત્યારે વેરાશાખ મળવાપાત્ર થશે નહીં. માલ આયાત ખરીદમાં ભરેલ ઈન્ટિગ્રેટેડ ટેક્ષની વેરાશાખ માટે બિલ ઓફ એન્ટ્રી ધરાવતા હોવા જોઈએ. માલ અથવા સેવા અથવા બંનેની ખરીદી બિન નોંધાયેલ વ્યક્તિ પાસેથી કરેલ હશે ત્યારે રજિસ્ટર્ડ વ્યક્તિએ તેવા માલની સપ્લાય માટે કલમ-31(3) એફમાં ઠરાવ્યા પ્રમાણે સપ્લાયનું બિલ બનાવવાનું રહેશે.

(2) ઈનપુટ ટેક્ષ ક્રેડિટ માંગનાર ને માલ કે સેવા મળેલ હોવા જોઈએ. જો માલ કે સેવા સપ્લાયરે માલ કે સેવા પ્રાપ્ત કરનાર અથવા તેની સૂચનાથી અન્ય કોઈ વ્યક્તિને માલ કે સેવા પૂરી પાડી હશે પછી સપ્લાયરે એજન્ટ તરીકે કામ કરેલ હોય કે ન હોય, આવી તબદીલી હેરફેર શરૂ થાય તે પહેલા કે દરમ્યાન માલની માલિકીના દસ્તાવેજ તબદીલ કરીને કે અન્ય રીતે કરેલ હશે તો પણ ઈનપુટ ટેક્ષ ક્રેડિટ માંગનાર તે માલ કે સેવા મળ્યાનું માનવામાં આવશે.

જ્યારે માલ અથવા સેવાની સપ્લાય એક કરતા વધારે હપ્તાથી ટુકડે ટુકડે કરવામાં આવતી હશે ત્યારે તેવા સંજોગોમાં માલ અથવા સેવાનાં છેલ્લો હપ્તો મળ્યા બાદ તેવી સપ્લાયની વેરાશાખ મળવાપાત્ર થશે.

દા.ત. એક ભરતિયા હેઠળ 100 ટન લોખંડની ખરીદી કરેલ હોય અને માલની ડિલીવરી 10 ટ્રકમાં અલગ-અલગ દિવસે કરવામાં આવે ત્યારે છેલ્લી ટ્રકનો માલ મળે ત્યારે વેરાશાખ મળવાપાત્ર થશે.

(3) માલ અથવા સેવા અથવા બંનેની સપ્લાયમાં ચાર્જ કરવામાં આવેલ વેરાની રકમ સપ્લાયર દ્વારા સરકારમાં જમા થયેલી હોવી જોઈએ. આવી રજિસ્ટર્ડ વ્યક્તિએ એટલે કે સપ્લાયર દ્વારા પોતે સરકારમાં જમાં કરાવેલ હશે અથવા તેને મળવાપાત્ર વેરાશાખ સામે એડજસ્ટ કરેલ હશે તો પણ સરકારમાં ભરાયેલ હોવાનું ગણાશે અને વેરાશાખ મળવાપાત્ર થશે.

(4) રજિસ્ટર્ડ વ્યક્તિ તે કલમ-39 અન્વયે રીટર્ન ભરવાના થાય છે. આમ રજિસ્ટર્ડ વ્યક્તિએ કલમ-39 પ્રમાણેના રીટર્ન ભરેલ હોવા જોઈશે. જો રીટર્ન ભરેલ હશે નહીં તો પણ વેરાશાખ મળવાપાત્ર થશે નહીં.

(5) જ્યારે રજિસ્ટર્ડ વ્યક્તિ દ્વારા માલ અથવા સેવા અથવા બંનેની સપ્લાયને બીલની તારીખથી 180 દિવસમાં વેરાની રકમ સહિતની રકમનું પેમેન્ટ કરવામાં આવેલ હશે નહીં ત્યારે પણ વેરાશાખ મળવાપાત્ર થશે નહીં.

- માલ અથવા સેવાની સપ્લાયનું પેમેન્ટ 180 દિવસમાં કરેલ ન હોવાની માહિતી કરાવેલ નમૂનામાં જી.એસ.ટી. એન પૉર્ટલ ઉપર મોકલવાની થશે.
- જ્યારે 180 દિવસમાં પેમેન્ટ ન કરવાના કારણે વેરાશાખ નામંજુર કરવાની થતી હશે ત્યારે વેરાશાખનો દાવો કરનાર રજિસ્ટર્ડ પર્સનની આઉટપુટ ટેક્ષની જવાબદારી વ્યાજ સાથે ઉમેરવામાં આવશે.
- ભવિષ્યમાં સપ્લાયરને વેરા સાથેની માલ અથવા સેવાનું પેમેન્ટ કરવામાં આવશે ત્યારે અગાઉ નામંજુર કરવામાં આવેલ વેરાશાખનો દાવો ગ્રાહ્ય રાખવામાં આવશે પરંતુ, વેરાશાખ નામંજુર કરતા સમયે ભરવાની ઠરાવેલ વ્યાજની રકમ બાદ મળવાપાત્ર થશે નહીં.

(6) જ્યારે કેપિટલ ગુડ્ઝ યાને કે પ્લાન્ટ એન્ડ મશિનરીની કિંમત ઉપર લાગેલા જી.એસ.ટી.ની રકમની ઉપર આવકવેરા ધારાની જોગવાઈ પ્રમાણે ઘસારાનો દાવો કરવામાં આવેલ હશે ત્યારે તેવી કેપિટલ ગુડ્ઝ અથવા પ્લાન્ટ એન્ડ મશિનરીના ખરીદ બીલમાં લાગેલ વેરાના જેટલી રકમની વેરાશાખ મળવાપાત્ર થશે નહીં.

(7) માલ અથવા સેવાની સપ્લાય ઉપરની વેરાશાખનો દાવો જે વર્ષનો હશે તે વર્ષ પછીના સપ્ટેમ્બર માસનું રિર્ટન રજૂ કરવાની અંતિમ તારીખ પછી અથવા જે તે વર્ષનું વાર્ષિક રિર્ટન રજૂ કર્યાની તારીખ પૈકી જે વહેલી તારીખ હોય ત્યારબાદ મળવાપાત્ર થશે નહીં.

દા.ત. 1-7-17 થી જી.એસ.ટી. નો દાયદો અમલમાં આવે ત્યારે માર્ચ-2018 માં સપ્લાય થયેલ માલ અથવા સેવા અથવા બંનેના બિલની વેરાશાખનો દાવો સપ્ટેમ્બર-2018નું રિટર્ન રજૂ કરવાની અંતિમ તા.20-10-2018 અથવા 2017-18 ના વર્ષનું વાર્ષિક રિટર્ન રજૂ કર્યાની તારીખ બાદ મળવાપાત્ર થશે નહીં. 2017-18 નું વાર્ષિક રિટર્ન રજૂ કરવાની અંતિમ તારીખ 31-12-2018 હોવા છતાં જો કોઈ રજિસ્ટર્ડ વ્યક્તિ દ્વારા તેવું વાર્ષિક રિટર્ન તા.15-09-2018 પહેલા રજૂ કરેલ હશે તો વેરાશાખનો દાવો 15-09-2018 પછી મળવાપાત્ર થશે નહીં ભલે સપ્ટેમ્બર-2018 નું રીટર્ન રજૂ કરવાની તારીખ બાકી હોય તો પણ 15-09-2018 પછી માર્ચ-2018 ના ખરીદ બિલની વેરાશાખ બાદ મળવાપાત્ર થશે નહીં. રિટર્ન ભરવાની સમયમર્યાદા વધારવામાં આવે ત્યારે તે તારીખ ધ્યાનમાં લેવાશે.

વેરાશાખમાં ઘટાડો અથવા પ્રમાણસર વેરાશાખ બાદ આપવામાં આવશે :- કલમ-17

(1) રજિસ્ટર્ડ વ્યક્તિ દ્વારા જે માલ અથવા સેવા અથવા બંનેની સપ્લાયની વેરાશાખ બાદ લેવામાં આવેલ હશે અને તેનો અંશતઃ ઉપયોગ ધંધા માટે અને અંશતઃ ધંધા સિવાયના હેતુ માટે કરવામાં આવેલ હશે ત્યારે તેવા માલ અથવા સેવા અથવા બંનેનો ધંધાના હેતુ માટે થયેલ ઉપયોગ પૂરતી વેરાશાખ મળવાપાત્ર થશે. એટલે કે ધંધા સિવાયના હેતુ માટે થયેલ ઉપયોગની વેરાશાખ મળવાપાત્ર થશે નહીં.

(2) જ્યારે માલ અથવા સેવા અથવા બંનેની વેરાશાખ મેળવવામાં આવેલ હશે અને તેનો અંશતઃ ઉપયોગ વેરાપાત્ર સપ્લાયમાં અને અંશતઃ ઉપયોગ વેરામુક્ત સપ્લાયમાં થયેલ હશે ત્યારે જેટલા પ્રમાણમાં વેરાપાત્ર સપ્લાય થયેલ હશે તેટલી વેરાશાખ મળવાપાત્ર થશે.

ઝીરોરેટેડ સપ્લાયની પણ વેરાશાખ મળવાપાત્ર થશે.

કલમ 2(47)માં વેરામુક્ત સપ્લાયની અને કલમ-2(108)માં ટેક્ષેબલ સપ્લાયની વ્યાખ્યા આપવામાં આવેલ છે.

આઈ.જી.એસ.ટી. કાયદાની કલમ-16માં જણાવ્યા પ્રમાણે ઝીરો રેટેડ સપ્લાય એટલે એવા સપ્લાયના વ્યવહાર કે જેમાં માલ અથવા સેવા અથવા બંનેની નિકાસ થતી હોય તેમજ સેઝ ડેવલપર અથવા સેઝ યુનિટને કરવામાં આવતા માલ અથવા સેવા અથવા બંનેની સપ્લાયના વ્યવહાર આવા સેઝ ડેવલપર અને સેઝ યુનિટને કરવામાં આવતા વ્યવહારો ઝીરોરેટેડ એટલે કે વેરાને પાત્ર થતા ન હોવા છતાં તેને લગતી ખરીદી પરના જી.એસ.ટી.ની વેરાશાખ મળવાપાત્ર થશે.

(3) બૅંક અને નોન બેન્કિગ કંપની સહિતની નાણાંકીય સંસ્થાઓ કે જે ડિપોઝીટ સ્વીકારવાની, લૉન અથવા એડવાન્સ ધિરાણ કરવાની સેવા પૂરી પાડે છે. અને તેમને ઈનપુટ, કેપિટલ દાવા માટે બે વિકલ્પ કરવામાં આવેલ છે.

A. પૂરી પાડેલ વેરાપાત્ર સેવાના પ્રમાણસર વેરાશાખનો દાવો કરી શકે અથવા

B. તેમણે રિસીવ કરેલ ઈનપુટ કેપિટલ ગુડ્ઝ અને ઈનપુટ સર્વિસમાં મળવાપાત્ર થતી વેરાશાખમાંથી 50% વેરાશાખ દર માહિતી બાદ મેળવી બાકીની 50% વેરાશાખ જતી કરવાની રહે.

## 8.15 વેરાભરતિયું (ટેક્ષ ઈનવોઈસ)

સામાન્ય સમજમાં ઈનવોઈસ એ એક એવુ ડોક્યુમેન્ટ છે જેમાં સપ્લાયર/વેચનાર કોઈ માલ કે સેવા સ્વીકારનાર ને તેવા માલ/સેવા પૂરી પાડયાની વિગત, તેનું મૂલ્ય કે જે તેણે મેળવવાનું છે અને આવો સપ્લાય તે કેવી રીતે મોકલશે વગેરેની માહિતી આપે છે.

**ટેક્ષ ઈનબોક્સ ક્યારે બનાવવું :-**

જ્યારે વેરાપાત્ર "માલ" સપ્લાય થતો હોય ત્યારે માલના રેસિપિએન્ટે માલ લેનારને ડિલવરી માટે કે સ્વીકારવા માટે માલ ખસેડવામાં આવે તેની હેરફેર કરવામાં આવે તે પહેલા કે તે સમયે ટેક્ષ ઈનવોઈસ બનાવવાનું રહેશે.

**એપ્રુવલ માટે મોકલેલ માલનું ઈનવોઈસઃ-**

જો કોઈ માલ સપ્લાય પહેલા એપ્રુવલ માટે મોકલેલ હોય ત્યારે તેવા કેસમાં સપ્લાય થાય ત્યારે અથવા માલ એપ્રુવલ માટે મોકલવાની તારીખથી 6 માસમાં જે વહેલું હોય તે તારીખે ઈનવોઈસ બનાવવાનું રહેશે. જ્યારે વેરાપાત્ર "સર્વિસ" સપ્લાય હોય ત્યારે તે સર્વિસ પૂરી પાડતા પહેલાં કે તે પછી પણ નિર્ધારિત સમયની અંદર ટેક્ષ ઈનવોઈસ બતાવવાનું રહશે. નિયમો મુજબ સેવા આપ્યાની તારીખથી 30 દિવસમાં ઇનવોઈસ બનાવવાનું ફરજીયાત છે.

**ટેક્ષ ઈનવોઈસ કેટલી નકલમાં બનાવશો :-**

**વેરાપાત્ર માલના સપ્લાયના કિસ્સામાં :-**

ટેક્ષ ઈનવોઈસની ટ્રીપ્લિકેટ નકલો - ત્રણ નકલ બનાવવી અને જે તે ઉપર ઓરિજનલ, ડુપ્લિકટ તથા ટ્રીપ્લિકેટ લખેલ હોવું જોઈએ. આ પૈકી 'ઓરિજનલ' લખેલ નકલ રેસિપિઅન્ટ માલ-લેનાર(ખરીદનારને) અને 'ડુપ્લિકેટ' લખેલ નકલ માલ વહન કરનાર/ટ્રાન્સપોર્ટરને આપવાની રહેશે ટ્રીપ્લિકેટ લખેલ નકલ સપ્લાયરે(વેચનારે) પોતાની પાસે રાખવાની રહેશે.

**વેરાપાત્ર સેવા પૂરી પાડતા સપ્લાયના કિસ્સામાં :-**

(સપ્લાય ઓફ ટેક્ષેબલ સર્વિસ) ઈનવોઈસની બે(2) નકલો 'ઓરિજનલ' તથા 'ડુપ્લિકેટ' લખેલ બનાવી 'ઓરિજનલ' સેવા સ્વીકારનારને આપવાની અને 'ડુપ્લિકેટ' લખેલ સપ્લાય/સર્વિસ પૂરી પાડનારે પોતે રાખવાની રહેશે.

**ટેક્ષ ઈનવોઈસ બનાવવા બાબતે અપવાદ :-**

કાઉન્સિલ ભલામણ થી સરકાર શરતોને આધિન ઠરાવી શકશે કે તેવા જણાવેલ સેવા માટે દસ્તાવેજ ટેક્ષ ઈનવોઈસ ગણાશે અથવા ઠરાવેલ સેવાઓ માટે ટેક્ષ ઈનવોઈસ આપવું જરૂરી નહીં રહે. આમ છતાં, આવા બંને કિસ્સામાં બતાવેલ ડોક્યુમેન્ટ ટેક્ષ ઈનવોઈસ સમાન જ ગણાશે.

કયા માલ અથવા સેવા અથવા બંનેની વેરાશાખ મળવાપાત્ર થશે નહીં : કલમ-17(5)

(1) એવા મોટર વાહન કે જ્યારે રજિસ્ટર્ડ વ્યક્તિ દ્વારા મોટર વાહન સપ્લાયનો ધંધો કરવામાં આવતો હોય, મોટર વાહનનો ઉપયોગ માલ અથવા પેસેન્જરની હેરફેર માટે કરવામાં આવતો હોય અથવા ડ્રાઈવિંગ સ્કૂલ ચલાવવામાં કરવામાં આવતો હોય, તે સિવાયના મોટર વાહનની વેરાશાખ મળવાપાત્ર થશે નહીં.

મોટર વાહન કોને કહેવાય તેની વ્યાખ્યા કલમ-2(76)માં આપવામાં આવ્યા પ્રમાણે મોટરવાહન એટલે મોટર વાહન એક્ટ, 1988 ની કલમ-2(28)માં જે મોટરવાહન આપવામાં આવેલ છે તેવા મોટરવાહન કરવાતો રહેશે.

આમ, અંગત વપરાશ માટેના મોટર વાહનની વેરાશાખ મળવાપાત્ર થશે નહીં.

કોઈ કંપની દ્વારા ઉત્પાદિત માલની ડિલીવરી માટે રાખવામાં આવેલ ડિલીવરી વાનની – ટ્રાવેલ કંપની દ્વારા પેસેન્જરની હેરફેર માટે ખરીદ કરવામાં આવેલ ટેક્સી અથવા મોટર બસની વેરાશાખ મળવાપાત્ર થાય.

ડ્રાઈવિંગ સ્કૂલનો ધંધો ચલાવતી વ્યક્તિ દ્વારા ખરીદ કરવામાં આવેલ મોટરકારની પણ વેરાશાખ મળવાપાત્ર થાય.

(2) ખાદ્ય ખોરાક અને ઠંડાપીણા, આઉટ ડોર કેટરિંગ, બ્યુટી ટ્રીટમેન્ટ, આરોગ્ય વિષયક સર્વિસ, કોસ્મેટિક અને પ્લાસ્ટિક સર્જરીની સેવાની વેરાશાખ મળવાપાત્ર થશે નહીં. પરંતુ જ્યારે તેનો ઉપયોગ રજિસ્ટર્ડ વ્યક્તિ દ્વારા આવી જ વેરાપાત્ર આઉટવર્ડ સેવા પૂરી પાડવા કરવામાં આવે તો વેરાશાખ મળવાપાત્ર થશે.

(3) ક્લબની મેમ્બરશીપ અથવા હેલ્પ અથવા ફિટનેસ સેન્ટરની સર્વિસ વેરાશાખ મળવાપાત્ર નથી.

(4) નોકરીદાતા દ્વારા કર્મચારીને વેકેશનમાં રજા અથવા હોમ ટ્રાવેલ કન્સેશન તરીકે આપવામાં આવતા ટ્રાવેલ બેનિફીટની સેવાની વેરાશાખ મળવાપાત્ર થશે નહીં.

(5) રેન્ટ એ ક્રેબ, જીવનવીમો અને આરોગ્ય વિષયક વીમાની સર્વિસની વેરાશાખ મળવાપાત્ર નથી. આમ, છતાં તેવી સેવા પૂરી પાડવા કાયદાથી જરૂરી થતું હોય તો તે સરકાર દ્વારા જાહેરનામું બહાર પાડી તેવી સેવાની ક્રેડિટ આપવામાં ઠરાવવામાં આવે તેવા સંજોગોમાં મળવાપાત્ર થશે.

આવી સેવા રજિસ્ટર્ડ વ્યક્તિ દ્વારા થતી હશે તો વેરાશાખ મળવાપાત્ર થશે.

(6) વર્કસ કોન્ટ્રાક્ટરના કામમાં પૂરી પાડવામાં આવતી હોય તે સિવાયની સ્થાવર મિલકતના બાંધકામમાં પૂરી પાડવામાં આવતી વર્કસ કોન્ટ્રાક્ટ સર્વિસની વેરાશાખ મળવાપાત્ર થશે નહીં એટલે કે જ્યારે કોઈ રજિસ્ટર્ડ વ્યક્તિ દ્વારા પોતાની ફેક્ટરીના અથવા રહેઠાણના બંગલાના બાંધકામ માટે સબકોન્ટ્રાક્ટ અથવા લેબર કોન્ટ્રાક્ટની સેવા મેળવવામાં આવતી હોય ત્યારે આવી સેવા સ્થાવર મિલકતના બાંધકામ માટે મેળવવામાં આવેલ હોવાનું ગણાય અને તેની વેરાશાખ મળવાપાત્ર થશે નહીં.

પરંતુ જ્યારે કોઈ કોમર્શિયલ સેન્ટર અથવા ફ્લેટના બાંધકામ માટે રોકવામાં આવેલ કોન્ટ્રાક્ટર દ્વારા સબ કોન્ટ્રાક્ટર અથવા લેબર કોન્ટ્રાક્ટરની સેવા મેળવવામાં આવેલ હશે ત્યારે તેવી સેવા For Further Supply of Service ગણવામાં આવશે અને તેવી મેળવેલ સેવા માટે વેરાશાખ મળવાપાત્ર થશે. વેરાશાખ ન મળવાની આ જોગવાઈ પ્લાન એન્ડ મશિનરીને લાગુ પડશે નહીં.

(7) કલમ-10 અન્વયે કમ્પોઝિશન લેવી ભરેલ હોય તેવા માલ અથવા સેવા અથવા બંનેની સપ્લાયની વેરાશાખ મળવાપાત્ર થશે નહીં.

(8) કોઈ રજિસ્ટર્ડ વ્યક્તિ દ્વારા ખરીદવામાં આવેલ એટલે કે મેળવેલ માલ અથવા સેવા અથવા બંનેની સપ્લાય કે જેનો ઉપયોગ પોતાના માટે બાંધકામ કરવામાં આવતી સ્થાવર મિલકતના બાંધકામમાં અથવા ધંધા અથવા ધંધાના વિકાસ માટેની સ્થાવર મિલકતના બાંધકામમાં થતો હશે ત્યારે તેવા માલ અથવા સેવા અથવા બંનેની સપ્લાયની વેરાશાખ મળવાપાત્ર થશે નહીં.

દા.ત. કોઈ ડોક્ટર દ્વારા પોતાની હૉસ્પિટલના બાંધકામ માટે, ઉદ્યોગપતિ દ્વારા તેમની ફેક્ટરીના બાંધકામ માટે, હોટલ દ્વારા હોટલના બિલ્ડિંગના બાંધકામ માટે ખરીદવામાં મેળવવામાં આવેલ માલ અથવા સેવા અથવા બંનેની સપ્લાય For Construction of Immovable Property ગણાય. તેવી સ્થાવર મિલકતનાં બાંધકામ માટે વેરાશાખ મળવાપાત્ર થશે નહીં.

(9) કલમ-2(77)માં સમાવેશ થતા નોન રેસિડેન્ટ ટેક્ષેબલ પર્સન દ્વારા આયાત કરેલ માલ સિવાય મેળવેલ માલ અથવા સેવા અથવા બંનેની સપ્લાયની વેરાશાખ મળવાપાત્ર થશે નહીં.

(10) રજિસ્ટર્ડ વ્યક્તિ દ્વારા ખરીદ કરેલ માલ અથવા સેવા અથવા બંનેનો અંગત વપરાશ થતો હશે ત્યારે તેવા અંગત વપરાશ થયેલ માલ અથવા સેવા અથવા બંનેની વેરાશાખ મળવાપાત્ર થશે નહીં.

(11) જ્યારે માલ નાશ પામે, ચોરાઈ જાય, હિસાબોમાં માંડવાળ કરવામાં આવે અથવા ગિફ્ટ અથવા ફ્રી સેમ્પલ તરીકે આપવામાં આવે ત્યારે તેવા માલની વેરાશાખ મળવાપાત્ર થશે નહીં.

(12) કલમ-73, 129 અને 130 અન્વયે ભરવામાં આવેલ વેરાની રકમની વેરાશાખ મળવાપાત્ર થશે નહીં.

(13) જમીન મકાન અને અન્ય સિવિલ સ્ટ્રક્ચરની વેરાશાખ મળવાપાત્ર થશે નહીં.

(14) ટેલિકોમ્યુનિકેશન ટાવર

(15) ફેક્ટરીની જગ્યાની બહાર લગાવવામાં આવેલ પાઈપ લાઈનની વેરાશાખ મળવાપાત્ર થશે નહીં.

આમ, ઉપર મુજબ વેરાશાખ મળવાપાત્ર થતી નથી અથવા પ્રમાણસર મળવાપાત્ર થાય છે.

## 8.16 જમા અને ઉધાર નોંધ

જ્યારે પૂરા પાડવામાં આવેલ માલ પરત કરવામાં આવે છે અથવા જ્યારે પૂરા પાડવામાં આવેલ વસ્તુઓ (અથવા સેવાઓ) ગુણવત્તામાં ન હોવાથી ઈન્વોઇસ મૂલ્યમાં પુનરાવર્તન થાય અથવા વધારાનો માલ પૂરો પાડવામાં આવે છે ત્યારે જમા નોંધ કે ઉધાર નોંધ સપ્લાયર દ્વારા જારી કરવામાં આવે છે.

જમા નોંધ કે ઉધાર નોંધ 2 પરિસ્થિતિઓમાં જારી કરી શકાય છે.

1. જ્યારે ખરીદનાર દ્વારા વેચનારને ચૂકવવાપાત્ર રકમ ઘટશે.

2. જ્યારે ખરીદનાર દ્વારા વેચનાર ચૂકવવાપાત્ર રકમ વધશે.

જમા નોંધ કે ઉધાર નોંધમાં નીચેની વિગતો શામેલ હશે;

1. સપ્લાયરનું નામ, સરનામું અને જી.એસ.ટી. આઇ.એન.
2. દસ્તાવેજની પ્રકૃતિ,
3. એક સતત સિરિયલ નંબર જેમાં ફક્ત મૂળાક્ષરો અને અથવા આંકડાઓ હોય છે, જે નાણાંકીય વર્ષ માટે અનન્ય છે.
4. દસ્તાવેજની તારીખ,
5. નામ, સરનામું અને પ્રાપ્તિ કર્તાના જીએસટીઆઇએન/યુનિક આઇડી નંબર, જો નોંધાયેલ હોય,
6. પ્રાપ્ત કર્તાનું નામ અને સરનામું અને ડિલીવરીનું સરનામું, રાજ્ય અને તેના કોડના નામ સાથે, જો આવા પ્રાપ્તકર્તાને નોંધણી ન હોય,
7. સિરીયલ નંબર અને સંબંધિત કર ઈન્વોઇસની તારીખ અથવા સપ્લાયનો બિલ,
8. માલ અથવા સેવાઓના કરપાત્ર મૂલ્ય, કરનો દર અને કરની રકમ,
9. સપ્લાયર અથવા તેના અધિકૃત પ્રતિનિધિની સહી અથવા ડિજીટલ હસ્તાક્ષર.

## 8.17 માલ અને સેવા કર અંતર્ગત વિવિધ રિટર્ન

| નમૂનો | કોણ ભરશે | દર્શાવવાની વિગત | પત્રક ભરવાની તારીખ |
|---|---|---|---|
| GSTR-1 | નોંધાયેલ સપ્લાયર | માસ દરમ્યાન કરેલ આઉટવર્ડ સપ્લાય(માલ કે સેવા કે બંને)ની માહિતી | માસ પૂરો થયા પછીના 10 દિવસમાં |
| GSTR-2 | નોંધાયેલ રેસીપીયન્ટ | માસ દરમ્યાન માલ કે સેવા કે બંને સ્વરૂપે મેળવેલ સપ્લાયની માહિતી | માસ પૂરો થયા પછીના 15 દિવસમાં |
| GSTR-2A | Auto Populated | માસ પૂરો થયા પછીના દિવસ 10માં ભરેલ GSTR-1 ને આધારે રીસીપીયન્ટ ને જોવા મળશે. | - |
| GSTR-1A | Auto Populated | GSTR-2 માં જે વ્યવહાર સપ્લાયરે દર્શાવ્યા ન હોય અને રીસીપીયન્ટે દર્શાવ્યા હોય તેવા વ્યવહાર | - |
| GSTR-3 | નોંધાયેલ સપ્લાયર | GSTR-1 અને GSTR-2 ના આધારે બનતું પત્રક | માસ પુરો થયા પછીના 20 દિવસમાં |
| GSTR-4 | ઉચ્ચક વેરો ભરનાર નોંધાયેલ વ્યક્તિ | ઉચ્ચક વેરા અંગેની વિગતો | ત્રિમાસ પૂરો થયાના 18 દિવસ |
| GSTR-4A | Auto Populated | ઉચ્ચક વેરો ભરવાની પરવાનગી ધરાવતા વ્યક્તિએ મેળવેલ ઈનવર્ડ સપ્લાયની વિગત | - |
| GSTR-5 | નોન-રેસીડન્ટ ટેક્ષેબલ પર્સન | નોન રેસીડન્ટ ટેક્ષેબલ પર્સને ભરવાની વિગત | માસ પૂરો થયા પછીના 20 દિવસમાં |
| GSTR-6 | ઈનપુટ સર્વિસ ડીસ્ટ્રીબ્યુટર | જે નોંધાયેલ વ્યક્તિઓ સેવા મેળવી મેળવેલ સેવા પર ચૂકવેલ વેરાની વહેંચણી ISD તરીકે કરે ત્યારે | માસ પૂરો થયા પછીના 13 દિવસમાં |
| GSTR-6A | Auto Populated | ISD એ મેળવેલ ઈનવર્ડ સપ્લાયની વિગત | - |
| GSTR-7 | TDS કાપનારે ભરવાનું પત્રક | મૂળ સ્થળે વેરાની કપાત કરેલ વિગત | માસ પૂરો થયા પછીના 10 દિવસમાં |
| GSTR-7A | - | TDS કાપનારે આપવાનું સર્ટીફીકેટ | - |
| GSTR-8 | ઈ-કોમર્સ ઓપરેટર તથા ટેક્ષ કલેક્ટર | ઈ-કોમર્સ ઓપરેટરે તથા TCS કાપનારે આપવાની માહિતી | માસ પૂરો થયા પછીના 10 દિવસમાં |
| GSTR-9 | નોંધાયેલ વ્યક્તિઓ | વાર્ષિક પત્રક | ફાયનાન્સીયલ વર્ષ પુરુ થયા પછી 31મી ડિસે. સુધીમાં |
| GSTR-9 A | ઉચ્ચક વેરો ભરનારે | વાર્ષિક પત્રક | ફાયનાન્સીયલ વર્ષ પુરુ થયા પછી 31મી ડિસે. સુધીમાં |
| GSTR-10 | જે નોંધાયેલ વ્યક્તિનો નંબર રદ્દ કરેલ હોય કરે કરાવેલ હોય | ફાયનલ પત્રક | ત્રણ માસની અંદર રદ્દ કર્યાની તારીખથી કે ઓર્ડરની તારીખથી. |
| GSTR-10 | UIN ધરાવનાર રિફંડ માંગે ત્યારે | ઈનવર્ડ સપ્લાયની આપવાની થતી માહિતી (UIN ધરાવતા નોંધાયેલ વ્યક્તિ દ્વારા) | માલ પૂરો થયા પછીના 28 દિવસમાં |

## 8.18 ઇ-વે બિલ

**નિયમો :-**

ગુજરાત મૂલ્યવર્ધિત કાયદામાં જેમ માલનું વહન થતી વેળા ફોર્મ 402/403 માર્ગસ્થ માલના વહન સાથે રાખવાની જોગવાઈ હતી, એવા જ પ્રકારની જોગવાઈ જી.એસ.ટી. કાયદામાં પણ રાખવામાં આવી છે જે નિયમોથી સમજાવવા પ્રયત્ન કરેલ છે.

(1) માલના વહન થતા અગાઉ આપવાની માહિતી અને ઈ-વે બીલ જનરેટ કરવા અંગે.

જ્યારે નોંધાયેલ વ્યક્તિ રુ.50,000 થી વધુ માલનું વહન કરે ત્યારે,

- માલના સપ્લાય અંગે
- સપ્લાય સિવાયના અન્ય કારણસર અને
- બિન નોંધાયેલ વ્યક્તિ પાસેથી આવક સપ્લાય થાય ત્યારે માલની હેરાફેરી શરૂ થયા અગાઉ નોંધાયેલ વ્યક્તિએ કોમન પોર્ટલ ઉપર માલ મોકલનાર અથવા મેળવનારે પોતાના વાહનમાં અથવા ભાડાના વાહનમાં માલ અંગે ઈ-વે બિલ જનરેટ કરવાનું રહેશે.

(2) ઈ-વે બિલ કોમન પોર્ટલ ઉપર જનરેટ થયા બાદ માલ મોકલનારને, મેળવનારને યુનિક ઈ-વે બિલ નંબર આપવામાં આવશે.

કોઈપણ ટ્રાન્સપોર્ટર એક વાહનમાંથી બીજા વાહનમાં વહન દરમ્યાન માલ તબદીલ કરી તેને આગળ વહન માટે લઈ જાય તો કોમન પોર્ટલ ઉપર જરૂરી વિગતો દર્શાવી ઈ-વે બિલ જનરેટ કરવાનું રહેશે.

(3) જ્યારે એક કરતા વધુ કન્સાઈનમેન્ટ એક જ વાહનમાં લઈ જવાનો આશય હોય તો ટ્રાન્સપોર્ટરે દરેક કન્સાઈનમેન્ટ માટે અલગ ઈ-વે બિલ દર્શાવી કોમન પોર્ટલ ઉપરથી ઈ-વે બીલ અગાઉથી કાઢવાનું રહશે.

(4) ઇ-વે બિલ ફોર્મ GST-EWB-01 માં હોય છે.

(5) આ નિયમ મુજબ ઈ વે-બીલ જનરેટ થાય પરંતુ માલ વહન ન થઈ શકે તો કોમન પોર્ટલ ઉપર અથવા ફેસિલીટેશન સેન્ટર દ્વારા 24 કલાકમાં રદ કરવાનું રહેશે.

જો વહન દરમ્યાન ઈ-વે બિલની ચકાસણી થયેલ હશે તો ઈ વે-બિલ કેન્સલ નહીં થઈ શકે

(6) કોઈપણ ઈ-વે બિલ અથવા સંયુક્ત ઈ-વે બિલ જનરેટ કર્યાની રીલેવન્ટ તારીખથી નીચે દર્શાવેલ ટેબલ મુજબના સમય માટે માન્ય રહેશે.

| **અંતર** | **સમય** |
|---|---|
| 100 કી.મી સુધી | એક દિવસ |
| વધારાના દર 100 કિ.મી. અથવા તેના ભાગ માટે | એક વધારાનો દિવસ |

ઉક્ત સમય મર્યાદાની વેલિડીટી તારીખ નોટિફિકેશનથી કોઈ ખાસ વર્ગ માટે લંબાવી શકાશે. વળી આ વેલિડીટી મર્યાદા ફોર્મ જનરેટ કર્યાની તારીખથી ગણતરીમાં લેવાશે.

(7) નોંધાયેલ માલ મેળવનાર વ્યક્તિ કોમન પોર્ટલ ઉપર ઈ વે-બીલની માહિતી મેળવી શકશે અને તેની સ્વીકાર અથવા અસ્વીકારની જાણ કરી શકશે.

આવી જાણ 72 કલાકમાં નહીં થાય તો ઈ વે-બીલની માહિતી સ્વીકારેલ ગણાશે.

(8) આ ઈ વે-બિલ જે જનરેટ થાય તેને સી.જી.એસ.ટીના નિયમ અથવા જી.એસ.ટી.ના જે તે રાજ્યના નિયમ માટે અમલમાં રહશે.

ઈ વે-બિલ જનરેટ થયાની અને કેન્સલેશનની માહિતી એસ.એમ.એસ. દ્વારા પણ મેળવી શકાશે.

વાહનના પર્સન-ઈન-ચાર્જ રાખવાના ડોક્યુમેન્ટસ તથા ડિવાઈસ :-

(અ) ઈનવોઈસ અથવા સપ્લાયનું બિલ અથવા ડીલીવરી ચલણ

(બ) ઈ વે-બિલની કોપી અથવા ઈ વે-બિલ નંબર ફિઝીકલી અથવા નકશાકીય રેડિઓ ફ્રિકવન્સી આઈડેન્ટિફિકેશન ડિવાઈસ વાહન પર ચોંટાડેલ અથવા કમિશનર નોટિફાઈ કરે તે પ્રકારે

**વાહન અને ડોક્યુમેન્ટસ ચકાસણી :-**

(1) કમિશનર અથવા અધિકૃત યોગ્ય ઑફિસર અધવેચથી રોકીને કોઈપણ વાહનની ઈ વે-બીલ અથવા ઈ વે-બિલ નંબર સ્વરૂપે દરેક આંતરરાજ્ય અને રાજ્યમાં માલની હેરફેર માટે ચકાસણી કરી શકાશે.

(2) જ્યાં ઈ વે-બિલ ઈલેક્ટ્રોનીક માધ્યમથી વેરિફાય કરવાનું છે તેવા સ્થળે માલનું વહન જ્યારે રેડીયો ફ્રિકવન્સી આઈડેન્ટિટી ડિવાઈસ લગાવેલ વાહન પસાર થાય ત્યાં આવાના રિડર્સ ઈ વે-બિલના વેરિફિકેશન માટે લગાવશે.

(3) વાહનની ફીઝીકલ ચકાસણી કમિશનર દ્વારા સત્તા ધરાવતા અધિકારી કરી શકશે.

વેરો છુપાવ્યા અંગેની ચોક્કસ માહિતી મેળવેલ હોય તો કમિશનર દ્વારા ધરાવતા અધિકારી વાહનની ચકાસણી કરી શકશે.

**માલનું નિરીક્ષણ અને ચકાસણી :-**

(1) વહન દરમ્યાન માલની ચકાસણી કર્યાનો સમટી રિપોર્ટ યોગ્ય ઓફિસર દ્વારા તપાસ ઈન્સપેક્શન કર્યાના ચોવીસ કલાકમાં ઓનલાઈન મુકશે અને તેનો ફાઈનલ રિપોર્ટ ત્રણ દિવસમાં કરશે.

(2) જ્યારે માર્ગસ્થ માલનું વહન ફિઝિકલ વેરીફીકેશન રાજ્યમાં કરવામાં આવે કે અન્ય રાજ્યમાં કરવામાં આવે તો ફરીથી આવી ફિઝિકલ વેરિફિકેશન કરવામાં નહીં આવે, સિવાય કે કોઈ ખાસ વેરો છુપાવ્યાની માહિતી પછીથી આવી હોય.

(3) રોકેલ માલની માહિતી અપલોડ કરવાની સગવડ જ્યારે વાહનને ત્રીસ મિનિટ વધુ રોકવામાં આવે ત્યારે ટ્રાન્સપોર્ટરે કોમન પોર્ટલ ઉપર તેની માહિતી અપલોડ કરવાની રહેશે.

## 8.19 માલ અને સેવા કરનું ઓડિટ માળખું

જીએસટી હેઠળ ઓડિટ દ્વારા રજિસ્ટર્ડ ડિલર દ્વારા સંચાલિત રેકોર્ડની ચકાસણી કરવામાં આવે છે. તેનો હેતુ જાહેર કરવામાં આવેલી માહિતીની ચોકસાઇ, ચૂકવેલા કર અને જીએસટી કાયદાના પાલનનું મૂલ્યાંકન કરવાનું છે.

તેમાં બે પ્રકારે ઓડિટ થઇ શકે છે.

(1) રજિસ્ટર્ડ ડિલર દ્વારા ઓડિટ

(2) ટેક્સ ઓથોરિટી દ્વારા ઓડિટ

**(1) રજિસ્ટર્ડ ડિલર દ્વારા ઓડિટ :**

દરેક રજિસ્ટર્ડ ડિલર જેનું વેચાણ એક નાણાંકીય વર્ષમાં રૂ. 2 કરોડથી વધારે હોય, તેને કોઇ C.A કે C.M.A. પાસે ઓડિટ કરાવવું ફરજિયાત છે.

**(2) ટેક્સ ઓથોરિટી દ્વારા ઓડિટ :**

**(A) જનરલ ઓડિટ : (કમિશ્નરના ઓર્ડરથી)**

કમિશ્નર અથવા તેના ઓર્ડર પર અધિકારી કોઇપણ રજિસ્ટર્ડ ડિલરનું ઓડિટ કરી શકે છે.

**(B) સ્પેશિયલ ઓડિટ (ડેપ્યુટી/આસિસ્ટન્ટ કમિશ્નરના ઓર્ડરથી અથવા તેનાથી ઉપરના અધિકારીના ઓર્ડરથી)**

જીએસટી શાખા કેસની જટિલતા અને આવકના હિતને ધ્યાનમાં લઇને સ્પેશિયલ ઓડિટ કરી શકે છે જેની માટે C.A અથવા C.M.A. ની નિમણૂંક કરવામાં આવે છે.

## 8.20 આકારણી (ગુનો, દંડ, લેઇટ ફી)

**દંડ અને ગુનાઓ (કલમ-122 થી કલમ-138)**

દરેક વેરાકીય સરકારી કાયદાઓમાં વેરો કર ભરવાને પાત્ર કરદાતાઓ પર કાયદાની વિવિધ જોગવાઈનું પાલન કરવાની જવાબદારી હોય છે. આવી જવાબદારી નોંધણી નંબર લેવાની જવાબદારીથી શરૂ થઈ વેરો ઉઘરાવવાની, ઉઘરાવીને ભરવાની, રિટર્ન ભરવાની, વેરાશાખ (આઈ.ટી.સી.) મેળવવાની, હિસાબો સાચા યોગ્ય રાખી, જાળવવા કે સાચવવા વગેરે જેવી જવાબદારી પણ નિશ્ચિત કરી તેનું ઠરાવેલ સમયમાં પાલન કરવાની છે.

કાયદાની આ જોગવાઈઓનું પાલન ન થાય તો તે ગુનો ગણાશે અને ગુના અનુસાર તેની શિક્ષા એટલે કે દંડની જોગવાઈ વેરાકીય સરકારી કાયદામાં કરવામાં આવેલ હોય છે, તેમ જી.એસ.ટી કાયદામાં પણ આવી ગુનાઓ દંડ ઉપરાંત માલ-મિલકતની જપ્તી વગેરે અંગેની જોગવાઈ કરદાતા ઉપરાંત કોઈ મદદગાર વ્યક્તિ ને જવાબદાર ઠરાવી તેના ઉપર લાદી શકાય તે રીતે કરવામાં આવેલ છે.

દંડ લાદવા અંગેના સિદ્ધાંતો સુપ્રીમ કોર્ટ સુધીની કોર્ટના ચૂકાદા દ્વારા નક્કી કરેલ છે, જે ધ્યાનમાં લેવાતા રહે છે. આવા જી.એસ.ટી. કાયદો નવો અને વિશિષ્ટ પ્રકારે ઘણાં બધા કાયદાઓને સમાવીને બનાવેલ હોવા છતાં આવા કાયદાઓની કોર્ટોઓ આપેલ ચૂકાદાઓથી પ્રતિપાદિત થયેલ સિદ્ધાંતો, દંડ કે તેની શિક્ષા માટેની માત્ર, ઈરાદા વગેરે નક્કી કરવા માટે પણ પ્રસ્તુત જ ગણાશે.

**કેટલા પ્રકારના ગુના અને તેના દંડ (કલમ-122) :-**

જી.એસ.ટી. કાયદામાં જુદા જુદા 21 પ્રકારના સંજોગો દર્શાવી તેને ગુના ગણેલ છે અને તે માટે દંડની જોગવાઈ ઠરાવેલ છે.

આ કાયદા નીચે વેરો ભરવા જવાબદાર છે તે વ્યક્તિ જુદા જુદા પ્રકારની જોગવાઈનો ભંગ કરે ત્યારે દંડ લગાવવાની જોગવાઈ છે.

**ઈનવોઈસ અંગે ગુના :-**

ઈનવોઈસ ન બનાવે, અથવા ખોટું ઈનવોઈસ બનાવે.

છળકપટ કે વેરો ટાળવા માટે જાણી જોઈને ખોટી રજૂઆત કે હકીકત છુપાવવા જેવા કારણે સિવાયના હોય ત્યારે રુ. 10,000/- નોં દંડ અથવા આવી વ્યક્તિ એ ચૂકવવા પાત્ર વેરાના 10% રકમ બે માંથી જે વધુ હોય તેટલી રકમના દંડને પાત્ર રહેશે.

(બ) ગુનાનું કૃત્ય છળપકપટવાળું કે જાણી જોઈને ખોટી રજૂઆત કે હકીકત છૂપાવી વેરો ટાળવા માટેનું હોય ત્યારે રુ. 10,000/- નો દંડ અથવા વ્યક્તિ એ ચૂકવવાપાત્ર વેરો-બેમાંથી જે વધુ હશે તેટલી રકમના દંડને પાત્ર થશે.

ગુનામાં મદદગારી કરનાર વ્યક્તિ પણ દંડપાત્ર : (કલમ-122(3))

- જો વ્યક્તિ અગાઉ વર્ણવેલ વિવિધ ગુનાઓ પૈકી કોઈપણ ગુનો કરવામાં સહાય કે મદદગારી કરશે,
- તે જાણતો હોય તે તેની માન્યતા હોય કે, કાયદેસર રીતે કોઈ માલ જપ્તી પાત્ર હોય છતાં તેનો કબજો લે, અથવા કોઈ માલની હેરફેર કરવામાં તેને દૂર કરવામાં અનામત કરવામાં રાખી લેવામાં, છૂપાવવામાં, પૂરો પાડવામાં કે ખરીદવામાં પોતે સંડોવાય કે બીજી રીતે તેની તજવીજ કરે,

- કાયદેસર નથી કે કાયદાનું ઉલ્લંઘન થવાનું છે તેની જાણમાં હોય કે તેવુ માનતો હોય છતાં તેવી કોઈ સેવાનો સપ્લાય કરે કે પ્રાપ્ત કરે,
- વેરા અધિકારી સમક્ષ હાજર થવા સમાન હોય અને હાજર ન રહી તપાસમાં કે પુરાવા આપવામાં નિષ્ફળ જાય.
- કાયદા અનુસારના ઈનવોઈસ ન કાઢી અથવા તેનો હિસાબી ચોપડી નોંધ ન રાખે, ત્યારે આવા Mb µ k(i kf kE..ý ÔþrõŒÁ. 25,000/- સુધીના દંડને પાત્ર બનશે.

**માહિતી પત્રક પૂરુ ન પડે તો ગુનો (કલમ-123):-**

કાયદા મુજબ જેને માહિતી પત્રક પૂરી પાડવા નોટિસ આપી બોલાવેલ હોય તેવી વ્યક્તિ નોટિસમાં આપેલ સમયમાં માહિતી પત્રક માંગેલ માહિતીની વિગત આપવામાં નિષ્ફળ જાય તો તે માહિતી પૂરી ન પાડવાના સમયગાળાના દરેક દિવસ માટે રુ. 100/-નો પરંતુ રુ. 5000/- થી વધુ નહીં તેટલો દંડ ભરવાપાત્ર થશે.

**વેરા અંગે ગુના :-**

કોઈ સપ્લાય કર્યા વગર માત્ર ઈનવોઈસ જ બનાવે એટલે કે બોગસ બિલીગ કરે, ઈનવોઈસમાં પોતાના નોંધણી નંબર ને બદલે અન્યનો નોંધણી નંબર દર્શાવે, ટર્ન ઓવર છુપાવી વેરો ભરવાનું ટાળે.

- વેરાની કોઈ રકમ ઉઘરાવીને કે કાયદાનું ઉલ્લંઘન કરીને વેરો ઉઘરાવી તેને ઠરાવેલ મર્યાદા દરમ્યાન ન ભરે,
- મૂળ સ્થાને વસુલવાનો વેરો(ટી.ડી.એસ.)ની કપાત કરવાનું ચૂકે કે કપાત ઓછી કરે કે કરેલ કપાતનો વેરો ન ભરે.
- ઈલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટર પણ વેરો ઉઘરાવવાનો છે તે પણ જો વેરો ઓછો ઉઘરાવશે કે ઉઘરાવેલ વેરો ન ભરે.

**આઈ.ટી.સી. અંગે ગુના :-**

- માલ, સેવા કે બંને ખરેખર સ્વીકાર્ય વગર જ કાયદાનું ઉલ્લંઘન કરી પૂર્ણ કે અંશતઃ ઈનપુટ ટેક્ષ ક્રેડિટનો દાવો કરે.
- જેણે ઈનપુટ ટેક્ષ ક્રેડિટનું વિતરણ કરવાનું છે તેવા આઈ.એસ.ડી. ઠરાવેલ રીતનો ભંગ કરી ઈનપુટ ટેક્ષ ક્રેડિટ મેળવે કે વિતરણ કરે.

**રિફંડ અંગે ગુના :-**

વેરાનું છળકપટથી રીફંડ મેળવે.

**હિસાબી સાહિત્ય દસ્તાવેજ ને લગતા ગુના :-**

- ભરવાપાત્ર વેરાની ચૂકવણી ટાળવાના હેતુથી હિસાબી રેકોર્ડમાં છેડછાડ કરે, બદલે, ખોટાં હિસાબો દસ્તાવેજો રજૂ કરે અથવા ખોટી માહિતી અથવા પત્રકો રજૂ કરે.
- કાયદા કે નિયમો અન્વયે રાખવા જરૂરી હોય તેવા હિસાબી ચોપડા કે દસ્તાવેજો રાખવા, નિભાવવા કે પોતાની પાસે રાખવામાંથી નિષ્ફળ થાય.
- કાયદા કે નિયમો અનુસાર કે તે અન્વયેની કાર્યવાહી સારુ સત્તાધીશે માંગેલ માહિતી, દસ્તાવેજ પુરા ન પાડે ખોટા પૂરા પાડે કે તે માટે નિષ્ફળ જાય કે,
- કોઈ મહત્ત્વના પુરાવા કે દસ્તાવેજ સાથે છેડછાડ કરવો કે તેનો નાશ કરવો.

**નોંધણી રજિસ્ટ્રેશન સાથે સંકળાયેલ ગુના :-**

- નોંધણી નંબર મેળવવો જરૂરી હોય છતાં ન મેળવે.

- નોંધણી નંબર માટેની અરજી કરીને કે તે પછી તેમાં નોંધણી બાબતેથી વિગત ખોટી જણાવે.

**માલની હેરફેર અંગેના ગુના :-**

- કોઈ વેરાપાત્ર અંગે કરાવવામાં આવેલ હોય તેવા દસ્તાવેજ સામેલ રાખ્યા વગર તેની હેરફેર કરે.
- આ કાયદા નીચે જપ્તીને પાત્ર છે તેવું તે માનતો હોય તેવા માલનો સપ્લાય હેરફેર કે સંગ્રહ કરે.
- આ કાયદા અન્વયે જે માલ અટકાવ્યો હોય જપ્ત કરેલ હોય કે ટાંચમાં લીધેલ હોય તેવા માલનો નિકાલ કે છેડછાડ કરે.

**સત્તા સામે અવરોધનો ગુના :-**

આ કાયદા નીચે ફરજ બનાવતા અધિકારી ને તેમની ફરજ બજાવતા રોકવા કે અટકાવવામાં આવે.

આ ઉપરોક્ત ગુનાઓની જોગવાઈ વેરો ભરવાની જવાબદાર તમામ વ્યક્તિને ભલે તે નોંધાયેલ હોય કે બિન નોંધાયેલ, લાગુ પડે છે.

આ ગુના માટે કાયદામાં રુ. 10,000/- નો અથવા છુપાવેલ વેરો કે ટી.ડી.એસ. નહીં કરેલ કે ઓછો કરેલ કે ટી.ડી.એસ. કરીને નહીં ભરેલ વેરો વગેરે જેવા ઉપરના સંજોગોના વેરા અંગેની જવાબદારી અથવા આઈ.ટી.સી અંગેની ખોટી રકમ કે ખોટા દંડની રકમ જે ગુનામાં સંડોવાયેલ રકમ જેટલો દંડ પરંતુ રુ. 10,000 થી વધુ હોય તેટલો દંડ લાગશે.

કલમ-122(2) પ્રમાણે માલ, સેવા કે બંને પૂરી પાડતી નોંધાયેલ વ્યક્તિએ ઉપરોક્ત દર્શાવેલ ગુનાઓ ઉપરાંત જ્યારે તેણે વેરો ન ભર્યો હોય, ઓછો ભર્યો હોય, ભૂલથી પરત (રિફંડ) કર્યો હોય, વેરાશાખ (આઈ.ટી.સી.)નો ખોટો દાવો કર્યો હોય કે આઈ.ટી.સી. ખોટી રીતે વાપરી હોય તો તે વ્યક્તિ, રુ. 10,000 અથવા આવા વ્યક્તિ પાસેથી ઉઘરાવવાના થતા કરના 10%, બન્ને પૈકી જે વધારે હશે તેટલા દંડને પાત્ર થશે.

**આવી માહિતી પૂરી ન પાડનાર વ્યક્તિને ફાઈન પણ થઈ શકે : (કલમ-124)**

આગળ જોયું તેમ જે વ્યક્તિઓને કલમ-150માં જણાવી છે તેણે માહિતી કે પત્રકો પૂરા પાડવાના રહેશે અને તેમ ન કરતા ગુનો બનશે અને દંડ થશે.

આ ઉપરાંત કલમ-151 થી એવું પણ ઠરાવ્યુ છે કે આ કાયદા નીચે જ તજબીજ કરેલી કે સંકળાયેલી બાબત આંકડા એકઠા કરવા તે બાબતે જાહેરનામું બહાર પાડી શકશે અને તેના નમૂના કે તેની રીત મુજબ માહિતી અથવા પત્રકો રજૂ કરવા.

આ માહિતી કે તેનું પત્રક કોઈ વ્યક્તિ : કોઈ કારણ વગર રજૂ કરવામાં નિષ્ફળ જાય અથવા જાણી બુઝીને તે ખોટી આપે તો રુ. 10000 દંડે પાત્ર થશે જો ગુનો ચાલુ રહેવાના દરેક દિવસ માટે આ દંડ રુ. 100 જે વધીને રુ. 25000 સુધી હોઈ શકે.

કાયદામાં કોઈ ગુના નીચે દંડ ઠરાવેલ ન હોય ત્યારે સામાન્ય દંડ (જનરલ પેનલ્ટી) (કલમ-125):-

વ્યક્તિ કાયદાનો ભંગ કરે જે માટે કોઈ અલગ દંડની જોગવાઈ કાયદામાં ન હોય ત્યાં રુ. 25000 સુધીના દંડ લગાવી શકશે.

**દંડ અંગે નિયમ બદ્ધતા – આચાર સંહિતા : (કલમ-126)**

આ કાયદાની કાર્યરીતિ અને પાલન નિયમની આવશ્યકતા પાળવા જતાં નાના એવા ભંગ બદલ જે ખાસ કરીને સુધારી શકાય તેમ હોય અને કપટના ઉદ્દેશ વગર કે વિના બેદરકારીથી થયેલ હોય, કોઈ લખાણ કરવામાં શરતચૂક- ભૂલ થઈ હોય તેવા સંજોગોમાં દંડ નાખવો નહીં તેવો અભિગમ આ કાયદામાં સમાવેલ છે.

નાના ગુના કોને ગણવા તે બાબત પણ સ્પષ્ટીકરણથી જોગવાઈ કરી છે. આ જોગવાઈના હેતુ સારુ,

- જ્યારે વેરાની રકમ રુ. 5000 થી ઓછી હોય,
- લખાણમાં ભૂલ-ચૂક રેકોર્ડ ઉપરથી દેખતી જ હોય જે સહેલાઈથી સુધારી શકાય તેવી હોય તેને નાના ગુના ગણાશે.
- ગુના અંગે દંડ લાદવા માટે કેસની હકીકતો સંજોગો, ભંગની માત્રા અને ગંભીરતા આધારિત પ્રમાણસર હોવાનું જોવાશે.
- ગુના માટે દંડ નાખતા પહેલા સુનાવણીની વાજબી તક આપવામાં આવશે.
- કાયદા નિયમ પ્રોસિજર અને તેના પાલનની આવશ્યકતાના ચોક્કસ ભંગ, તેનો પ્રકાર, લાગુ પડતી જોગવાઈ નિર્દિષ્ટ કરવાની રહેશે.
- નિયમ-કાયદાની જોગવાઈનો ભંગ સ્વેચ્છાએ ધ્યાને લાવે તો દંડ-શિક્ષાની માત્રાને હળવી કરવા સારુ ધ્યાને લેવાશે.
- આવા સંજોગોમાં કાયદાએ નિર્દિષ્ટ કરેલ ફંડની જ રકમ કે ટકાવારી લાગુ નહીં કરવામાં આવે.

**કેટલાંક કિસ્સામાં દંડ લેવાની જોગવાઈ : (કલમ-127)**

જો કે જુદા-જુદા ગુના માટે દંડની જોગવાઈ કરવામાં આવી છે છતાં કોઈ વ્યક્તિ દંડને પાત્ર છે છતાં તે કલમ-62 કે કલમ-63 કે કલમ-64 કે કલમ-73 કે કલમ-74 કે કલમ-129 કે કલમ-130 અન્વયેની કાર્યવાહીમાં સમાવિષ્ટ નથી તો તેવી વ્યક્તિને સાંભળવાની તક આપીને દંડ નાખી શકાશે.

આ અંગે આ કલમોની જોગવાઈ ટૂંકમાં જોતા :-

**કલમ-62 :** પત્રકો ન ભર્યા હોય ત્યારે બેસ્ટ જજમેન્ટ ધોરણો આકારણીની કાર્યવાહી બાબત છે.

**કલમ-63 :** બીન નોંધાયેલ વેપારીની આકારણીની કાર્યવાહી બાબતે છે.

**કલમ-64 :** સંક્ષિપ્ત આકારણી કરવા અંગેની કાર્યવાહી બાબતે છે.

**કલમ-129 :** અન્વયે માર્ગસ્થ માલની ઝડતી કે જપ્તી કરવા અંગેની કાર્યવાહી કરવા બાબતે છે/

**કલમ-130 :** માલ કે વાહનની જપ્તી તેના દંડ અંગેની કાર્યવાહી બાબતે છે.

આવી ઉપરની કાર્યવાહી દરમ્યાન પણ દંડ લગાવવું જરૂરી જણાય ત્યારે દંડ લગાવી શકાશે.

**લેઈટ ફી : (કલમ-47)**

ઈનપુટ સર્વિસ ડિસ્ટ્રિબ્યુટર્સ ઉચ્ચક વેરો ભરવાનો વિકલ્પ સ્વીકારનાર, નોન-રેસિડેન્ટ વેરાપાત્ર વ્યક્તિ, કેન્દ્ર કે રાજ્ય સરકાર કે લોકલ ઓથોરીટી, સરકારી એજન્ટસ વગેરે જેવા ડિરેક્ટર, ઈ-કૉમર્સ ઓપરેટરને બાદ કરતા નોંધાયેલ વ્યક્તિ જ્યારે તેણે કરેલ માલ કે સેવા કે બંનેની આવક-જાવક સપ્લાયની વિગતો 10 દિવસમાં ઈલેક્ટ્રોનિકલ પૂરી પાડી તેની જાણ ચોક્કસ ઠરાવેલ સમયમાં સપ્લાય સ્વીકારનાર તે પણ આપવાની છે. વધુમાં આવી જ માહિતી ઉપરાંત ઈનપુટ ટેક્ષ ક્રેડિટ જે મેળવેલ છે તેની ભરવાપાત્ર ભરેલ વેરા વગેરેની તેણે રિટર્ન દ્વારા ઈલેક્ટ્રોનિકલ દર માસ માટે 20 દિવસમાં પૂરી પાડવાની છે.

આ જ રીતે જેનો નોંધણી નંબર રદ્દ થયેલ છે તેણે નંબર રદ્દ થયાના તારીખથી છ માસમાં ફાઈનલ રિટર્ન ભરવાનું છે તેઓ તેમ કરવામાં ચૂકે તો ગુનો ચાલુ હોય તે સમય દરમ્યાન રોજના રુ. 100/- અથવા વધુમાં વધુ રુ. 5000 સુધીની રકમની લેટ ફીનો પાત્ર થશે.

જે નોંધાયેલ વેપારીઓ વાર્ષિક રિટર્ન ભરવાનું છે તેણે દરેક નાણાંકીય વર્ષનું રિટર્ન વર્ષ પૂરુ થયા પછીના વર્ષની 31 ડિસેમ્બર પહેલા ભરવાનું છે જેમાં ચૂક થયેલ વિલંબના દરેક દિવસ માટે ગુનો ચાલુ રહે તે માટે રુ. 100 અથવા તેણે રાજ્યમાં કરેલ ટર્ન ઓવરના 0.25 ટકા બે માંથી જે વધુ હોય તેટલી લેટ ફી ભરવાપાત્ર થશે.

**દંડ કે લેટ ફી જતી કરવાની સત્તા : (કલમ-128)**

ઉપર જણાવેલ બધા જ પ્રકારના દંડ કે લેટ ફી, સરકાર કોઈ એવા પ્રકારના કરદાતા વર્ગને કે જેને કાઉન્સિલની ભલામણોને આધારે જાહેરનામામાંથી નિર્દિષ્ટ કરેલ હોય તેમણે અંશતઃ કે પૂર્ણતઃ માફ/જતા કરી રહેશે.

## 8.21 સ્વયં આકારણી (કલમ-59)

કલમ-59 મુજબ દરેક રજિસ્ટર્ડ વ્યક્તિ GST કાયદા હેઠળ ચૂકવવાપાત્ર કરનું સ્વમૂલ્યાંકન કરી રિટર્ન ભરી શકે છે. દરેક કરપાત્ર વ્યક્તિ એ સ્વયં આકારણીના આધારે કર ચૂકવવાનો હોય છે તેથી તમામ GST રિટર્ન કરદાતા દ્વારા સ્વમૂલ્યાંકન પર આધારિત હોય છે.

## 8.22 ઈ-કોમર્સ વ્યવહારોની કરપાત્રતા

કલમ 2 (44) 'ઇલેક્ટ્રોનિક કોમર્સ' નો અર્થ ડિજિટલ અથવા ઇલેક્ટ્રોનિક નેટવર્ક પર ડિજિટલ ઉત્પાદનો સહિત માલ અથવા સેવાઓ અથવા બંનેની સપ્લાય

કલમ 2 (45) 'ઇલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટર' (ECO) નો અર્થ એ છે કે કોઇપણ વ્યક્તિ જે ઇલેક્ટ્રોનિક વાણિજ્ય માટે ડિજિટલ અથવા ઇલેક્ટ્રોનિક સુવિધા અથવા પ્લેટફોર્મનું સંચાલન કરે છે -

ઈ-કોમર્સ ટ્રાન્ઝેક્શનમાં ત્રણ પક્ષો શામેલ છે :

1. વિક્રેતા (Seller)
2. ખરીદનાર (Buyer)
3. ECO (E-Commerce Operator)

ઈ-કોમર્સ ટ્રાન્ઝેક્શનમાં બે પ્રકારના વ્યવહારો શામેલ છે.

1. વિક્રેતા અને ખરીદનાર વચ્ચે
2. વિક્રેતા અને ECO વચ્ચે

GST બંને વ્યવહારો પર લાદવામાં આવશે :

**1. વિક્રેતા અને ખરીદનાર વચ્ચે :** પૂરી પાડવામાં આવેલ માલ/સેવાઓના સંપૂર્ણ મૂલ્ય પર GST (GST સપ્લાયર દ્વારા ચૂકવવામાં આવશે સિવાય કે કલમ 9(5) ઉલ્લેખિત સેવાઓના કિસ્સામાં)

**2. વિક્રેતા અને ECO :** વેચનારને માર્કેટ પ્લેટફોર્મ પૂરું પાડવા માટે ECO દ્વારા કમાણી મૂલ્ય/અન્ય શુલ્ક પર GST. (GST ECO દ્વારા ચૂકવવામાં આવશે.)

જ્યાં ECO પાસે ટેક્સપાત્ર પ્રદેશમાં કોઇ શારીરિક હાજરી હોતી નથી. તો પ્રતિનિધિ વ્યક્તિ ટેક્સ ચૂકવવા માટે જવાબદાર રહેશે અને જો તેની પાસે પણ કહેવાતા પ્રદેશમાં અથવા ટેક્સપાત્ર પ્રદેશમાં ભૌતિક હાજરી હોતી નથી. આવા સંજોગોમાં ECO ટેક્સ ચૂકવવાના હેતુસર કરપાત્ર પ્રદેશમાં પ્રતિનિધિની નિમણૂંક કરશે અને આવા વ્યક્તિ કર ચૂકવવા માટે જવાબદાર રહેશે.

દરેક ECO અન્ય સપ્લાયર્સ દ્વારા કરાયેલી કરપાત્ર પૂરવઠાના ચોખ્ખા મૂલ્યના 1% (1% CGST + 1% SGST) કરતાં વધુ ન હોય તેવા TCS એકત્રિત કરશે.

## 8.23 શૂન્યદરનો પુરવઠો (ઝીરો-રેટેડ સપ્લાય)

રજિસ્ટર્ડ ડીલર દ્વારા નિકાસ (માલ અથવા સેવાઓ બંને) અથવા સેઝ (SEZ)ને સપ્લાય કરવામાં આવતો કોઇ પણ પૂરવઠો GSTમાં શૂન્ય દરનો પૂરવઠો માટે લાયક ઠરે છે. આ પૂરવઠો પર કરનો દર 'ઝીરો' છે. અથવા આપણે કહી શકીએ કે પૂરવઠો કરમુક્ત છે. GSTમાં શૂન્ય દરનો પૂરવઠો હેઠળ SEZ ના વિકાસકર્તાને પૂરવઠો પણ આવરી લેવાયો છે કારણ કે આ પૂરવઠો પર કોઇ ટેક્સ લાગુ પડતો નથી.

શૂન્ય દરનો પૂરવઠો સપ્લાયર્સ રિફંડનો દાવો કરવા માટે હકદાર છે. રિફંડ એવા માલ અને

સેવાઓ પર ચૂકવેલ ઇનપુટ ટેક્સ માટે છે જેનો ઉપયોગ શૂન્ય દરનો કરેલ પૂરવઠા માટે કરવામાં આવે છે. (નોન ટેક્સપાત્ર અને મુક્તિની સામગ્રી સહિત).

ઉદાહરણ તરીકે, એક નિકાસકાર દુબઇને જુતા પૂરા પાડે છે. નિકાસકાર પાસે જૂના સંબંધિત સામગ્રી ખરીદી પર ચૂકવેલ GSTના ઇનપુટ ટેક્સ ક્રેડિટનો રિફંડ દાવો કરવાનો વિકલ્પ છે.

રિફંડનો દાવો કરવા માટે ડીલર સાથે બે વિકલ્પો ઉપલબ્ધ છે :

1. ડીલર બોન્ડ અથવા એલ્યુટી (LUT) (અંડરટેકિંગનો પત્ર) હેઠળ નિકાસ કરી શકે છે અને કરની સંચિત ઇનપુટ ક્રેડિટની રિફંડનો દાવો કરી શકે છે ; અથવા

2. સપ્લાય કરતી વખતે ડીલર આઇજીએસટી ચૂકવી શકે છે અને તેની રિફંડનો દાવો કરી શખે છે. તેથી ડીલરોને તેમની અનુકૂળતા મુજબ કોઇપણ બે વિકલ્પો પૈકી એક વિકલ્પ આપવામાં આવે છે.

## સ્વાધ્યાય

**નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો.**

(1) ઈનપુટ વેરાશાખ વિશે ખ્યાલ આપો.

(2) વેરા ભરતિયાં વિશે સમજાવો.

(3) માલ અને સેવા કરનું ઓડિટ માળખું સમજાવો.

**નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો.**

(1) માલ અને સેવાકર (GST) હેઠળ 'માલ' અને 'સેવા' નો અર્થ સમજાવો.

(2) શૂન્ય દરના પૂરવઠા વિશે સમજ આપો.

(3) માલ અને સેવાકર (GST) હેઠળ ઇલેક્ટ્રોનિક કોમર્સ (E-Commerce) વ્યવહારનો અર્થ અને તેની કરપાત્રતા સમજાવો.

**નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો.**

(1) એકંદર વેચાણનો અર્થ આપો.

(2) કરપાત્ર શખસ એટલે શું ?

(3) GSTR-3 પત્રક ભરવાની તારીખ કઇ હોય છે ?

(4) ઈ-કોમર્સમાં કયા પક્ષકારોનો સમાવેશ થાય છે ?

**ટૂંકનોંધ લખો :**

(1) પૂરવઠો

(2) વિપરીત ચાર્જ

(3) ઇ-વે બિલ

(4) જમા નોંધ અને ઉધાર નોંધ

(5) ઉચ્ચક વેરો

**નીચેના પ્રશ્નોનો સાચો વિકલ્પ જણાવો :**

(1) નીચેના વિકલ્પોમાંથી શેનો સમાવેશ 'માલ'માં થતો નથી ?

(a) કમ્પ્યૂટર (b) સિક્યુરિટિઝ

(c) મોબાઇલ ફોન (d) કેલ્ક્યુલેટર

(2) ઈ-કોમર્સ ટ્રાન્ઝેક્શનમાં નીચેનામાંથી સામાન્ય રીતે કયા પક્ષનો સમાવેશ થતો નથી ?

(a) વિક્રેતા (b) ખરીદનાર

(c) ઇ-કોમર્સ ઓપરેટર (d) સરકાર

(3) રજિસ્ટર્ડ ડીલર દ્વારા SEZ માં કરવામાં આવતા પુરવઠાને કયો પૂરવઠો કહેવામાં આવે છે ?

(a) શૂન્યદરનો પૂરવઠો (b) 5%

(c) 18% (d) 28%

(4) કરપાત્ર શખસનું વાર્ષિક વેચાણ રૂ. ........ સુધીનું હોય, તેને ઉચ્ચક વેરાનો વિકલ્પ આપવામાં આવે છે.

(a) 30 લાખ (b) 50 લાખ

(c) 1 કરોડ (d) 2 કરોડ

(5) નીચેનામાંથી કઇ પ્રોડક્ટને GST માંથી કરમુક્તિ આપવામાં આવે છે ?

(a) દૂધ (b) મોબાઇલ

(c) બેટરી (d) કમ્પ્યૂટર

(6) GST હેઠળ ઓડિટ કરાવવાની લિમિટ કેટલી છે ?

(a) વાર્ષિક રૂ. 50 લાખથી વધારે વેચાણ

(b) વાર્ષિક રૂ. 1 કરોડથી વધારે વેચાણ

(c) વાર્ષિક રૂ. 1.50 કરોડથી વધારે વેચાણ

(d) વાર્ષિક રૂ. 2 કરોડથી વધારે વેચાણ

(7) સ્પેશિયલ ઓડિટ કોના ઓર્ડરથી કરવામાં આવે છે ?

(a) રાજ્યમંત્રી (b) નાણાંમંત્રી

(c) આસિસ્ટન્ટ કમિશ્નર અથવા તેનાથી ઉપરના અધિકારી (d) વડાપ્રધાન

(8) ઉચ્ચક વેરાનો લઘુત્તમ દર કેટલો છે ?

(a) 1% (b) 1.5%

(c) 2% (d) 2.5%

(9) રૂ. ....... થી ઉપરની સપ્લાય પર ઇ-વે બિલની આવશ્યકતા રહે છે ?

(a) 25,000 (b) 50,000

(c) 20,000 (d) 10,000

(10) સેવાના પૂરવઠા માટેના વેરા ભરતિયાંની કેટલી નકલો બનાવવામાં આવે છે ?

(a) 1 (b) 2

(c) 3 (d) 4

(11) GSTR-1 પત્રક ભરવાની તારીખ માસ પૂરો થયા પછીના ....... દિવસમાં છે.

(a) 10 (b) 25

(c) 19 (d) 30

(12) ઈનપુટ સર્વિસ ડિસ્ટ્રિબ્યુટર એ કયું માસિક રિટર્ન ભરવાનું હોય છે ?

(a) GSTR-1 (b) GSTR-2

(c) GSTR-4 (d) GSTR-6

(13) ઉચ્ચક વેરો ભરનારે કયું ત્રિમાસિક રિટર્ન ભરવાનું હોય છે ?

(a) GSTR-1 (b) GSTR-2

(c) GSTR-4 (d) GSTR-6

(14) TDS કાપનાર વ્યક્તિએ માસિક કયું રિટર્ન ભરવાનું હોય છે ?

(a) GSTR-5 (b) GSTR-6

(c) GSTR-7 (d) GSTR-8

(15) નોંધાયેલ વ્યક્તિઓએ કયું વાર્ષિક રિટર્ન ભરવાનું હોય છે ?

(a) GSTR-1 (b) GSTR-9

(c) GSTR-5 (d) GSTR-2

**MCQ ના જવાબો**

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | (b) | 2. | (d) | 3. | (a) | 4. | (c) | 5. | (a) | 6. | (d) | 7. | (c) |
| 8. | (a) | 9. | (b) | 10. | (c) | 11. | (a) | 12. | (d) | 13. | (c) | 14. | (c) |
| 15. | (b) | | | | | | | | | | | | |

BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**